# VIVEKANAND ACADEMY

SECTOR-22 GANDHINAGAR

DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-05-2020

૧.દિન વિશેષ: ગુજરાતનો 60મો સ્થાપના /ગૌરવ દિવસ :હીરક જયંતિની ઉજવણી

સ્થાપના : તા. 1લી મે-1960

- ✓ કોરોના મહામારીના કારણે ગુજરાત સ્થાપના દિવસની રાજયકક્ષાની સાબરકાંઠાના હિંમતનગર ખાતે યોજાનારી ઉજવણી રદ્દ કરાઈ

૨. ગુજરાત હાઈકોર્ટનો 60મો સ્થાપના દિવસ : તા. 1લી મે - 1960 સ્થળ-અમદાવાદ

- ✓ હાઈકોર્ટની હીરક જયંતિની ઉજવણી
- ✓ વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ – શ્રી વિક્રમનાથ (25માં મુખ્ય ન્યાયમૂર્તિ)

ગુજરાત હાઇકોર્ટનો ઇતિહાસ

- ✓ પહેલી મે, ૧૯૬૦ના રોજ મુંબઇ રાજ્યમાંથી વિભાજીત થયા બાદ તે જ દિવસે ગુજરાત હાઇકોર્ટ અસ્તિત્વમાં આવી.
- ✓ આશ્રમ રોડ પર આકાશવાણીની ઓફિસ નજીક આવેલી ચિલ્ડ્રન હોસ્પિટલનું બિલ્ડીંગ હાઇકોર્ટ સંકુલ તરીકે ઉપયોગમાં લેવાયું હતું.
- ✓ જસ્ટિસ એસ. ટી. દેસાઇ આ કોર્ટના સૌથી પહેલાં ચીફ જસ્ટિસ બન્યા હતા.
- ✓ હાઇકોર્ટના ચીફ જસ્ટિસ રહી ચૂકેલા જસ્ટિસ પી. એન. ભગવતી બાદમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા અને તેમને ભારતીય ન્યાયતંત્રના ઉત્કૃષ્ટ જજો પૈકીના એક માનવામાં આવે છે.
- ✓ અત્યાર સુધીમાં મૂળ ગુજરાત હાઇકોર્ટના દસ જજ સુપ્રીમ કોર્ટમાં ફરજ બજાવી ચૂક્યા છે અને હાઇકોર્ટના ૧૩ જજ અન્ય હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા છે.

છ દાયકામાં હાઇકોર્ટના ઐતિહાસિક ચુકાદાઓ

- ✓ જેમાં નદીના પટમાં રેતીના ખનન પર પ્રતિબંધ સામેના ચુકાદા,
- ✓ જળસ્ત્રોતોમાં મૂર્તિઓના વિસર્જન પરના પ્રતિબંધ
- ✓ આરોપીઓની પબ્લિક પરેડ પરનો પ્રતિબંધ
- ✓ મેરિટલ રેપની ટીકા અને તેને ગુનો ગણવાની ભલામણ
- ✓ ઇ-મેઇલથી સમન્સ પાઠવવાનો નિર્ણય વગેરેનો સમાવેશ થાય છે.

૩. લૉકડાઉન 3.0 : કેન્દ્ર સરકાર દ્વારા લૉકડાઉન તા. 17 મે 2020 સુધી લંબાવાયુ (મહામારી)

4 તબક્કામાં કોરોના સામે જંગ તવારીખ

રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનના માપદંડ

**રેડ ઝોન** : જે જિલ્લામાં કોરોના વાઇરસના પ્રસારનો દર અને મોતનો આંકડો ઊંચો છે

**ઓરેન્જ ઝોન** : શ્વસનતંત્રના ઓછા કેસ સામે આવ્યા હોય તેવા જિલ્લા

**ગ્રીન ઝોન** : છેલ્લા ૨૧ દિવસમાં કોરોનાનો એક પણ કેસ સામે નથી આવ્યો તેવા જિલ્લા

૪.ભારતમાં પ્રથમવાર કોરોના ટેબ્લટની ટ્રાયલ માટે મંજૂરી (આરોગ્ય)

- ✓ કંપની - ગ્લેનમાર્ક ફાર્મા - મુંબઈ
- ✓ મુંબઈ સ્થિત દવા કંપની ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલને કોરોના માટે ટેબલેટની હ્યુમન ટ્રાયલ કરવાની મંજૂરી મળી.
- ✓ ડ્રગ કન્ટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) દ્વારા આ મંજૂરી આપવામાં આવી અને ક્લિનિકિલ ટ્રાયલની મંજૂરી મેળવનારી એ દેશની પ્રથમ કંપની છે.
- ✓ આ કંપનીને રસી નહીં પણ ફાવાપિરિવિરા નામેની ટેબલેટની મંજૂરી મળી છે, કેમ કે તેણે એ પ્રકારે દવા તૈયાર કરી છે.
- ✓ રેમડેસિવિઅર દવા કોરોનાના ટ્રીટમેન્ટ માટે ઉપયોગી હોવાનો અમેરિકાનો દાવો
- ✓ બીજી તરફ અમેરિકા કેટલાક સમયથી રેમડેસિવિઅર નામની દવાનો કોરોના પર પ્રયોગ કરી રહ્યું હતું. આ દવાના હકારાત્મક પરિણામો આવ્યા છે.
- ✓ કેલિફોર્નિયા સ્થિત કંપની ગ્લિએડ સાયન્સે જણાવ્યુ હતુ કે જેટલા દરદી પર પ્રયોગ કર્યો તેમાંથી અડધાને સાજા

કરવામાં સફળતા મળી છે. અમુક દરદી તો પાંચ જ દિવસમાં સાજા થઈને ઘરે ગયા છે.

- ✓ એટલે એક વાત નક્કી છે કે દવા ઉપયોગી તો છે જ. ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે પણ સ્વિકાર કર્યો હતો કે આ દવા ઉપયોગી છે. ભારતમાં તેનો કઈ રીતે વપરાશ કરવો તેની વિચારણા થઈ રહી છે.
- ✓ મુંબઈમાં જે દવાને મંજૂરી મળી એ ફાવાપિરિવિર ટેબલેટ અગાઉ જાપાનમાં ઈન્ફલુએન્ઝાની દવા તરીકે ઉપયોગી સાબિત થઈ ચૂકી છે.
- ✓ દવાની અસરકારકતા જોતા સરકારે કંપનીને મંજૂરી આપી છે, માટે કંપની નિયમ પ્રમાણે ૧૫૦ ક્લિનિકલ ટ્રાયલ કરશે.

## ૫. અવસાન : ગુજરાતના રણજી ટીમના પૂર્વ કેપ્ટન પંકજ ઝવેરીનું 75 વર્ષે નિધન

**કારકિર્દી :**

- ✓ તેમણે ૫૮ રણજી ટ્રોફી મેચ રમી ફાસ્ટ બોલિંગ કરતા ૧૪૦ વિકેટ ઝડપી હતી અને ૯૭૨ રન નોંધાવ્યા હતા. ૭૫ રન તેમનો સર્વોચ્ચ સ્કોર હતો.
- ✓ તેમની કેપ્ટન્સી હેઠળ ગુજરાતે તાલીમ શિલ્ડ ટુર્નામેન્ટ જીતી હતી.
- ✓ નિવૃત્તિ પછી તેઓ ક્રિકેટ પ્રતિભાઓ અને પીચ બનાવવામાં તેમનો બહોળા અનુભવનો લાભ જુદા જુદા સેન્ટરોને આપતા હતા.

## ૬. ચીન : માઉન્ટ એવરેસ્ટ પર 5G નેટવર્કનો પ્રારંભ (સંચાર)

- ✓ રોકાણ : અંદાજે રૂ. 10 કરોડ
- ✓ માઉન્ટ એવરેસ્ટ પર પણ હવે 5G નેટવર્કની સુવિધા શરૂ થઈ ગઈ છે.
- ✓ ચીને ૨૧,000 ફૂટની ઊંચાઈએ 5G નેટવર્કનો ટાવર લગાવી દીધો હોવાથી હવે એવરેસ્ટની ઊંચાઈએ પણ 5Gનું સિગ્નલ મેળવી શકાશે.
- ✓ ચીન તરફથી પર્વતારોહણ માટે જતા સાહસિકોને આ લાભ મળશે.

## ૭. રામાયણ : TV શ્રેણી (મનોરંજન)

**દૂરદર્શન પર રામાયણના પુનઃપ્રસારણનો નવો વિક્રમ સ્થપાયો**

- ✓ રેકોર્ડ: રામાયણ દુનિયાની સૌથી વધુ જોવાયેલી શ્રેણી
- ✓ તા.16મી એપ્રિલ-2020ના રોજ 7.7 કરોડ દર્શકો નોંધાયા
- ✓ રામાનંદ સાગરની લોકપ્રિય ધારાવાહિક રામાયણનું પુનઃપ્રસારણ શરૂ કરવામાં આવ્યા બાદ ઘણા રેકોર્ડ સર્જાયા છે,આ ધારાવાહિકને અપ્રતિમ લોકચાહના મળી રહી છે.
- ✓ રામાયણને ૨૮મી માર્ચથી ૪ એપ્રિલ દરમિયાન ૫૦ કરોડ દર્શકો મળ્યા હતા. રામાયણનું પુનઃ પ્રસારણ શરૂ થયું તેના ચાર દિવસ પછી ૧૭ કરોડ દર્શકો નોંધાયા હતા. દર્શકોનો એ આંકડો ઉત્તરોત્તર વધ્યો
- ✓ દુરદર્શને ટ્વીટ કરીને માહિતી આપી હતી કે રામાયણનો ૧૬મી એપ્રિલે પ્રસિદ્ધ થયેલો એપિસોડે દુનિયાનો સૌથી વધુ જોવાયેલો ટેલિવિઝન પ્રોગ્રામ બન્યો
- ✓ ઉલ્લેખનીય છે કે અગાઉનો વિક્રમ પણ રામાયણના નામે જ હતો. ૧૯૮૭થી ૧૯૮૮ દરમિયાન રામાયણ દુનિયામાં સૌથી વધુ જોવાયેલી ટીવી સીરિયલ હતી , જે રેકર્ડ છેક ૨003 સુધી અતૂટ રહ્યો હતો.
- ✓ જ્યારથી રામાયણ રી ટેલિકાસ્ટ થયું છે, ત્યારથી ટીઆરપીનાં લિસ્ટમાં તે નંબર 1 છે. થોડા દિવસ પહેલા પ્રસાર ભારતીનાં સીઇઓ શશી શેખરએ જણાવ્યું હતું.
- ✓ જે પ્રમાણે 2015થી લઇને અત્યાર સુધી જનરલ એન્ટટેઇનમેન્ટ કેટેગરી (સિરિયલ્સ)નાં મામલે આ શો ટોપ પર છે, વર્ષ 2015થી અત્યાર સુધી સૌથી વધુ ટીઆરપી જનરેટ કરનારો હિંદી જનરલ એન્ટરટેઇનમેન્ટ શો રામાયણ છે.

## ૮. ગુજરાત સરકાર : પાણી માટે હેલ્પલાઈન (જળ વ્યવસ્થા)

- ✓ ગુજરાતના ગામડાઓમાં પાણીની સમસ્યા માટે 1916 હેલ્પલાઈન કાર્યરત કરાઈ
- ✓ રાજ્યમાં ઉનાળાના સમય દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા 1916 હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી.
- ✓ હેન્ડપંપ રીપેરીંગ, મીની પાઇપ યોજનાનું રીપેરીંગ અને વ્યક્તિગત કે જુથ પાણી પુરવઠા યોજના દ્વારા અપાતા પાણી અંગેની કોઇપણ ફરિયાદ આ નંબર ઉપર નોંધાવી શકાશે.
- ✓ 18002333944 ઉપર પણ ફરિયાદ નોંધાવી શકાશે.

## ૯. દિન વિશેષ : 1લી મે વિશ્વ શ્રમ દિવસ

- ✓ પ્રથમ પ્રારંભ : 1889

**થીમ 2020 : 'Maintaining Safety And Security At The Work Place'**

✓ વિશ્વ શ્રમ સંગઠન દ્વારા ઉજવણી

**૧૦. જન્મ દિન વિશેષ : ૧ મે સંગીત સાધના : મન્ના ડે**

**જન્મ – ૧લી મે-૧૯૧૯**

**અવસાન– ૨૪ ઓક્ટોબર-૨૦૧૩**

- ✓ આજે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની સાથોસાથ મહાન સંગીતકાર મન્ના ડે, અભિનેતા બલરાજ સહાનીનો જન્મદિવસ અને રચનાત્મક કાર્યકરો મોતીભાઈ ચૌધરી અને નિર્મલા દેશપાંડેની પુણ્યતિથિ.
- ✓ મન્નાડેનું મૂળ નામ - પ્રબોધચંદ્ર ડે
- ✓ જન્મ કોલકાતામાં થયો હતો.
- ✓ બાબુર પાઠશાળા અને સ્કોટિશ ચર્ચ કોલેજમાં અભ્યાસ કર્યો. પિતાની ઈચ્છા તેમને વકીલ બનાવવાની હતી પોતે પણ ઘણો સમય વકીલાત કે સંગીતકાર એવા અસમંજસમાં રહ્યા.
- ✓ એક વાર ગાતી વખતે ઉસ્તાદ બાદલખાને તેમને સાંભળ્યા અને પ્રતિભા પારખી.
- ✓ મન્ના ડેની સંગીતકાર તરીકેની કારકિર્દી સાત દાયકાથી વધુ રહી હતી.
- ✓ તે દરમિયાન તમન્ના, ઉપકાર, દીવાર, અમર અકબર એન્થની, વક્ત, આવારા, બોબી, સત્યમ શિવમ સુન્દરમ્, મેં તુલસી તેરે આંગન કી, સીતા ઔર ગીતા, મેરા નામ જોકર, પડોસન, શ્રી 420, નીલ કમલ જેવી સફળ ફિલ્મોમાં ગીત ગાયા હતા.
- ✓ હું સંગીત સાથે ક્યારેય મજાક નહીં કરું તેવા મંત્ર સાથે સંગીતની સાધના કરનારા મન્ના ડેનું 24 ઓક્ટોબર 2013ના રોજ અવસાન થયું.

**એવોર્ડ**

- ✓ પદ્મશ્રી – 1971 પદ્મભૂષણ-2005
- ✓ દાદા સાહેબ ફાળકે – 2007

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૫-૨૦૨૦)

1. તા. 1લી મે-2020ના રોજ ગુજરાત રાજયનો કેટલામો સ્થાપના /ગૌરવ દિવસ ઉજવવામાં આવ્યો – **60**
2. હિરક જયંતિની ઉજવણી કેટલા વર્ષે કરવામાં આવે છે - **60**
3. ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ જણાવો - **તા. 1લી મે-1960**
4. ગુજરાત હાઈકોર્ટનો સ્થાપના દિવસ જણાવો - **તા. 1લી મે -1960**
5. ગુજરાત હાઈકોર્ટ કઈ સ્થળે આવેલી છે - **અમદાવાદ**
6. ગુજરાત હાઈકોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો – **શ્રી વિક્રમનાથ**
7. ગુજરાત હાઈકોર્ટના સૌથી પહેલાં ચીફ જસ્ટિસ કોણ બન્યા હતા - **જસ્ટિસ એસ. ટી. દેસાઇ**
8. હાઇકોર્ટના ચીફ જસ્ટિસ રહી ચૂકેલા કયા જસ્ટિસ બાદમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બન્યા હતા - **જસ્ટિસ પી. એન. ભગવતી**
9. ભારતમાં લૉકડાઉન 3.0નો સમયગાળો જણાવો - **તા. 4 મે થી 17 મે 2020**
10. ભારતમાં લૉકડાઉનના પ્રથમ ફેઝનો સમયગાળો જણાવો – **25 માર્ચથી 14 એપ્રિલ**
11. ભારતમાં લૉકડાઉનના બીજા ફેઝનો સમયગાળો જણાવો – **15 એપ્રિલથી 3 મે**
12. ભારતમાં કોરોના સામે લડવા કયા દિવસે જનતા કર્ફ્યૂ કરવામાં આવ્યો હતો – **22 માર્ચ**
13. જે જિલ્લામાં કોરોના વાઇરસના પ્રસારનો દર અને મોતનો આંકડો ઊંચો હોય તેને કયા ઝોનમાં રાખવામાં આવ્યા છે- **રેડ ઝોન**
14. શ્વસનતંત્રના ઓછા કેસ સામે આવ્યા હોય તેવા જિલ્લાને કયા ઝોનમાં રાખવામાં આવ્યા છે – **ઓરેન્જ ઝોન**
15. છેલ્લા ૨૧ દિવસમાં કોરોનાનો એક પણ કેસ સામે નથી આવ્યો તેવા જિલ્લાને કયા ઝોનમાં રાખવામાં આવ્યા છે - **ગ્રીન ઝોન** ભારતમાં પ્રથમવાર કોરોના ટેબ્લટની હ્યુમન ટ્રાયલ માટે કઈ કંપનીને મંજૂરી અપાઈ - **ગ્લેન માર્ક ફાર્મા - મુંબઈ**
16. DCGIનું વિસ્તૃત નામ જણાવો - **ડ્રગ કન્ટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા**
17. મુંબઈની ગ્લેન માર્ક ફાર્મા કંપનીને કઈ ટેબ્લટની હ્યુમન ટ્રાયલ માટે મંજૂરી અપાઈ - **ફાવાપિરિવિરા ટેબલેટ**
18. મે-૨૦૨૦માં ગુજરાતના રણજી ટીમના કયા પૂર્વ કેપ્ટનનું 75 વર્ષે નિધન થયુ - **પંકજ ઝવેરી**
19. ચીન દ્વારા કયા પર્વત ઉપર 5G નેટવર્કનો પ્રારંભ કર્યો - **માઉન્ટ એવરેસ્ટ**
20. ચીન દ્વારા માઉન્ટ એવરેસ્ટ ઉપર 5G નેટવર્ક સ્થાપવા માટે કેટલું રોકાણ કર્યું - **અંદાજે રૂ. 10 કરોડ**
21. તાજેતરમાં દૂરદર્શન ઉપર કઈ શ્રેણીઓ પુનઃ પ્રસારણનો નવો રેકોર્ડ સર્જ્યો- **રામાયણ**

22. તાજેતરમાં દૂરદર્શન ઉપર તારીખ ૧૬મી એપ્રિલ 2020ના રોજ વિશ્વમાં સૌથી વધુ જોવાયેલી શ્રેણી અને તેના અંદાજે દર્શકો જણાવો- **રામાયણ અને 7.7 કરોડ**
23. ધાર્મિક ટીવી શ્રેણી રામાયણના સર્જકનું નામ જણાવો- **શ્રી રામાનંદ સાગર**
24. "વિશ્વ શ્રમ દિવસ" ક્યારે ઉજવાય છે - 1 મે
25. વિશ્વ શ્રમ દિવસ-2020ની થીમ જણાવો - "MAINTAINING SAFETY AND SECURITY AT THE WORK PLACE"
26. સંગીત સાધના એવા ભારતના મહાન સંગીતજ્ઞ મન્ના ડેનો જન્મદિવસ જણાવો - 1 મે 1919
27. મન્ના ડેનનું મૂળ નામ જણાવો- **પ્રબોધ ચંદ્ર ડે**
28. ગુજરાતના ગામડામાં પાણીની સમસ્યાના હલ માટે તાજેતરમાં ગુજરાત સરકારે કઈ હેલ્પલાઇન કાર્યરત કરી છે - 1916
29. સંગીત સાધના એવા ભારતના મહાન સંગીતજ્ઞ મન્ના ડેને પદ્મશ્રી, પદ્મભૂષણ અને દાદા સાહેબ ફાળકે એવોર્ડ અનુક્રમે કયા વર્ષે અપાયા - 1971, 2005 અને 2007

DATE : 02-05-2020

૧. નિયમ : AICTE (શિક્ષણ)

**છેલ્લાં પાંચ વર્ષમાં ૩૦ ટકા જ બેઠકો ભરનારી કોલેજોની ૫૦ ટકા બેઠકો રદ કરાશે**

✓ અમલ : વર્ષ-૨૦૨૦-૨૧થી

✓ છેલ્લી ગણતરી: વર્ષ ૨૦૧૯-૨૦

**કોને લાગૂ પડશે**

✓ ઈજનેરી, ફાર્મસી, MBA, MCA

✓ AICTE: ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન

૨. કોરોના મહામારી સામે આર્થિક સહાય : કેન્દ્ર સરકાર

**મહિલા જન ધન બેંક ખાતામાં રૂ. ૫૦૦નો બીજો હપ્તો જમા**

✓ નિર્ણય : કોરોના મહામારીના પગલે કેન્દ્ર સરકાર એપ્રિલ, મે અને જૂન-૨૦૨૦ સુધી આ ખાતામાં રૂ. ૫૦૦-૫૦૦ જમા કરાવશે.

3. USA : કોરોના મહામારી સામે લડવા વિવિધ દેશોને આર્થિક સહાય (વિદેશ નીતિ)

✓ USA પ્રમુખ – ડોનાલ્ડ ટ્રમ્પ

✓ ભારત સહિત વિશ્વના ૧૨૦ દેશોને USA દ્વારા કુલ ૭૭.૫ કરોડ ડોલરની મદદ

✓ જેમાં ભારતને ૫૯ લાખ ડોલરની મદદ મળશે

૪. જન્મ દિન વિશેષ : ૨ મે ફિલ્મ સર્જક : સત્યજિત રે જન્મશતાબ્દિ વર્ષનો પ્રારંભ

જન્મ – ૨ મે-૧૯૨૧ અવસાન – ૨૩ એપ્રિલ-૧૯૯૨

✓ કોલકાતામાં કળાપ્રેમી પરિવારમાં જન્મેલા સત્યજિત રેએ પ્રેસિડેન્સી કોલેજ, કોલકાતા યુનિ. અને વિશ્વ ભારતીમાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

✓ સત્યજિત રેની કારકિર્દી ચિત્રકાર તરીકે શરૂ થઈ હતી.

✓ લંડન પ્રવાસ દરમિયાન ઇટાલિયન નિર્માતાની ફિલ્મથી પ્રભાવિત થઈ ફિલ્મોના નિર્માણના ક્ષેત્રે આવ્યા હતા.

✓ તેઓએ ફિલ્મ નિર્માણના ક્ષેત્રે નિર્માતા, પટકથા લેખન, ગીતકાર જેવી અનેક જવાબદારીઓ વહન કરી હતી.

✓ પોતાની ફિલ્મ સર્જન કારકિર્દી દરમિયાન માનવીય અભિગમ દર્શાવતી ફીચર, દસ્તાવેજી અને શોર્ટ ફિલ્મો જેવી અનેક ફિલ્મો બનાવી હતી.

✓ જેમાં પાથર પાંચાલી, જતરે અપરાજિતો, અપૂર સંસાર, સોનાર કેલ્લા, ચારુલતા વગેરેનો સમાવેશ થાય છે.

✓ ફિલ્મ સર્જનના ક્ષેત્રે અત્યંત ઝીણું કાંતનારા સત્યજિત રે ફિલ્મ સર્જનમાં સફળતાના પર્યાય બન્યા.

✓ 23 એપ્રિલ 1992ના રોજ તેમનું અવસાન થયું.

✓ આ ઉપરાંત આજે ગુજરાતી સાહિત્યકાર ચુનીલાલ વર્ધમાન શાહ અને રશિયાની મહાન સમ્રાજ્ઞી કેથેરિન દિ ગ્રેટનો જન્મદિવસ.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૫-૨૦૨૦)

1. AICTE એ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા ટકા બેઠકો ભરનારી કોલેજોની કેટલા ટકા બેઠકો રદ કરવાનો નિર્ણય કર્યો - **૩૦ અને ૫૦**
2. AICTE એ છેલ્લાં પાંચ વર્ષમાં ૩૦ ટકા બેઠકો ભરનારી કોલેજોની ૫૦ ટકા બેઠકો રદ કરવાનો નિર્ણય કર્યો તેનો અમલ કયા વર્ષથી થશે - **વર્ષ-૨૦૨૦-૨૧થી**
3. AICTE એ છેલ્લાં પાંચ વર્ષમાં ૩૦ ટકા બેઠકો ભરનારી કોલેજોની ૫૦ ટકા બેઠકો રદ કરવાનો નિર્ણય કર્યો તે કોને લાગૂ પડશે - **ઈજનેરી, ફાર્મસી, MBA, MCA**
4. AICTEનું વિસ્તૃત નામ જણાવો - **ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન**

5. કોરોના મહામારી સામે કેન્દ્ર સરકાર મહિલાઓના કયા ખાતામાં રૂપિયા જમા કરાવશે - **જન ધન બેંક ખાતા**
6. કોરોના મહામારી સામે કેન્દ્ર સરકાર મહિલાઓના જન ધન ખાતામાં કેટલા રૂપિયાનો બીજો હપ્તો જમા કરાવ્યો - **રૂ. ૫૦૦**
7. કોરોના મહામારીના પગલે કેન્દ્ર સરકાર કયાં સુધી મહિલાઓના જન ધન બેંક ખાતામાં રૂ. ૫૦૦-૫૦૦ જમા કરાવશે - **એપ્રિલ, મે અને જૂન-૨૦૨૦**
8. USA દ્વારા કોરોના મહામારી સામે લડવા વિવિધ કેટલા દેશોને આર્થિક સહાય કરી – **૧૨૦ દેશ**
9. USA દ્વારા કોરોના મહામારી સામે લડવા વિવિધ ૧૨૦ દેશોને કેટલી આર્થિક સહાય કરી - **કુલ ૭૭.૫ કરોડ ડોલર**
10. USA દ્વારા કોરોના મહામારી સામે લડવા વિવિધ ૧૨૦ દેશોને કુલ ૭૭.૫ કરોડ ડોલરની આર્થિક સહાય કરી જેમાં ભારતને કેટલી મદદ મળશે - **૫૯ લાખ ડોલર**
11. વર્તમાન USA પ્રમુખનું નામ જણાવો – **ડોનાલ્ડ ટ્રમ્પ**
12. કયા જાણીતા ભારતીય ફિલ્મ સર્જકનો બીજી મે ૨૦૨૦થી જન્મ શતાબ્દિ વર્ષનો પ્રારંભ થયો - **સત્યજિત રે**
13. ભારતીય ફિલ્મ સર્જક સત્યજિત રેનો જન્મ કયાં થયો હતો – **કોલકત્તા (પશ્ચિમ બંગાળ)**
14. સત્યજિત રે ની કારકિર્દીનો પ્રારંભ શેનાથી શરૂ થઈ હતી - **ચિત્રકાર**
15. સત્યજીત રે એ ફિલ્મ નિર્માણના ક્ષેત્રે કઈ કઈ જવાબદારીઓ વહન કરી હતી - **નિર્માતા, પટકથા લેખન, ગીતકાર**
16. પાથર પાંચાલી, જતરે અપરાજિતો, અપૂર સંસાર, સોનાર કેલ્લા, ચારુલતા જેવી જાણીતી ફિલ્મોનું સર્જકનું નામ જણાવો -**સત્યજીત રે**
17. ૨જી મે એ કયા જાણીતા ગુજરાતી સાહિત્યકારનો જન્મદિવસ છે - **ચુનીલાલ વર્ધમાન શાહ**

**DATE : 03-05-2020**

## ૧. ભારતીય સેના (સંરક્ષણ)

**ભારતીય સેનાની ત્રણેય પાંખની દેશભરમાં કોરોના વોરીયર્સને અદભુત આકાશી સલામ : વાયુદળની ફ્લાય પાસ્ટ**




- ✓ કોરોના વોરીયર્સનું અભિવાદન અને તેમનામાં જુસ્સો વધુ બુલંદ કરવા
- ✓ દેશભરના 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલી કોવિડ-19 હોસ્પિટલનું એક સાથે અભિવાદન
- ✓ ગુજરાત : સિવિલ હોસ્પિટલ અમદાવાદ અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં આવેલી કોવિડ-19 હોસ્પિટલનો સમાવેશ
- ✓ આ ઉપરાંત ગુજરાત વિધાનસભા ઉપર ફ્લાય પાસ્ટ.

**સલામીમાં કોણ કોણ જોડાયું :**

- ✓ MI-17 V5 હેલિકોપ્ટર
- ✓ વાયુસેનાના મિગ-૨૯,
- ✓ સુખોઇ-30
- ✓ જગુઆર યુદ્ધવિમાનો
- ✓ સારંગ, ચિનુક, ચેતક હેલિકોપ્ટરો
- ✓ આર્મી, એરફોર્સ અને નેવીના બેન્ડ
- ✓ ઇસ્ટર્ન અને વેસ્ટર્ન નેવલ કમાન્ડ અને કોસ્ટગાર્ડના સંખ્યાબંધ યુદ્ધજહાજો

**ક્યાં પુષ્પવર્ષા કરાઈ :**

- ✓ દેશની તમામ એઇમ્સ અને સિવિલ હોસ્પિટલો, તમામ કોવિડ-૧૯ હોસ્પિટલો પર, વિધાનસભાઓ પર.

## ૨. નવતર સ્વદેશી પહેલ : વેપારી સંઘ દેશભરમાં 'ભારત માર્કેટ' લોન્ચ કરશે (વેપાર)

- ✓ અખિલ ભારતીય વેપારી સંઘ નેશનલ ઈ-કોમર્સ માર્કેટ પ્લેસ તરીકે હવે દેશભરમાં 'ભારત માર્કેટ' લોન્ચ કરવા જઈ રહ્યું છે.
- ✓ અગાઉ વારાણસી, લખનઉ, બેંગલુરૂ સહિત 90 શહેરમાં તેનો પ્રયોગ સફળ રહ્યો છે.

**હેતુ**

- ✓ દેશના રિટેઈલ વેપારીઓ માટે બનાવેલા આ ડિજિટલ પ્લેટફોર્મ પર ઉત્પાદકોને સીધા ગ્રાહકો સુધી પ્રોડક્ટની હોમ ડિલિવરી કરવાની સુવિધા મળશે.

## 3. કોરોના સામે જંગ : સામાજિક અંતર સાથે વેપારનો ગુજરાતમાં પ્રથમ પ્રયોગ (વેપાર)

**અમરેલીમાં ઓડ-ઈવન પદ્ધતિથી દુકાનો ખૂલશે**

**કેવી રીતે અમલ :**

- ✓ ગુજરાતમાં પ્રથમ પ્રયોગ અમરેલીમાં ઓડ-ઈવન પદ્ધતિથી દુકાનો ખૂલશે
- ✓ ગુજરાત સરકારે ૪થી મે-૨૦૨૦થી મોટાભાગના વેપારી એકમોને દુકાનો ખોલવાની છૂટ આપી છે, પરંતુ અમરેલી વેપારી મહામંડળે વેપારની સાથે કોરોના સામે લડવાના હેતુથી એક ઉદાહરણીય પગલું લીધું છે.
- ✓ વેપારીઓએ કોરોના મહામારી છે ત્યાં સુધી ઓડ-ઈવન પદ્ધતિથી એમ વારાફરથી દુકાનો ખોલવાનો નિર્ણય લીધો છે.
- ✓ આ માટે શહેરની દરેક દુકાનને નંબર આપી દેવાશે. ત્યાર પછી એક દિવસ એકી અને બીજા દિવસે બેકી નંબરની દુકાનો ખુલશે.

**(૪) ભારતની સર્વપ્રથમ ફિલ્મ – રાજા હરિશ્ચંદ્ર – 3જી મે**

- ✓ ભારતની સર્વપ્રથમ ફિલ્મ દાદાસાહેબ ફાળકેની 'રાજા હરિશ્ચંદ્ર'! 3જી મે, 1913ના રોજ રીલીઝ થઇ હતી.
- ✓ દાદાસાહેબ ફાળકેને હિન્દી સિનેમાના પિતામહ કહેવામાં આવે છે.
- ✓ ભારતની સૌપ્રથમ મૂંગી ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્રમાં હીરોઈન તારામતીનો રોલ પુરુષ અભિનેતા અન્ના સાળુંકે ભજવ્યું હતુ.

**૪. દિન વિશેષ : 3 મે (1) વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ**

**થીમ-2020: Journalism Without Fear or favour**

- ✓ સંયુક્ત રાષ્ટ્રની સહ સંસ્થા યુનેસ્કો 3 મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ ઊજવવાની જાહેરાત કરી હતી.
- ✓ ભારત : રાષ્ટ્રીય પ્રેસ દિવસ - 16 નવેમ્બર
- ✓ પત્રકારત્વ ક્ષેત્રનો વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર : પુલિત્ઝર પુરસ્કાર

**(2) વિશ્વ હાસ્ય દિવસ**

- ✓ મે મહિનાના પ્રથમ રવિવાર ઉજવણી
- ✓ **શરૂઆત:** પ્રથમ ઉજવણી ૧૦ મે ૧૯૯૮નાં રોજ મુંબઇમાં કરવામાં આવી હતી.
- ✓ વિશ્વ હાસ્ય દિવસ વિશ્વ હાસ્ય યોગ ચળવળનાં સ્થાપક ડૉક્ટર મદન કટારીયા દ્વારા કરવામાં આવી હતી. તેઓ આપણાં ભારતમાં ફેમિલી ડૉક્ટર છે.

**હેતુ :**

- ✓ વિશ્વ હાસ્ય દિવસ એ હાસ્ય અને તેનાં ઘણાં ઉપચાર લાભો વિશે જાગરૂકતા વધારવા માટે ઉજવવામાં આવે છે.

**ફાયદો :**

- ✓ હાસ્ય એ આખા શરીરને આરામ આપે છે.
- ✓ આપણાં શરીરના સ્નાયુઓને ૪૫ મિનીટ સુધી રાહત આપે છે.
- ✓ હાસ્ય એ રોગપ્રતિકારક શક્તિને પ્રોત્સાહન આપે છે.
- ✓ રોગપ્રતિકારક કોષો અને ચેપ સામે લડતી એન્ટીબોડીઝ વધારે છે. હૃદયને સુરક્ષિત કરે છે.
- ✓ લાંબી જિંદગીમાં મદદ કરી શકે છે. આપણે રોજ હસતાં રહીએ તો આપણને આટલાં બધાં ફાયદા થાય છે માટે રોજ હસતાં રહો, અને લોકોને પણ હસાવતાં રહો.
- ✓ વર્લ્ડ વાઇલ્ડ લાફ્ટર યોગાના સ્થાપક : ડૉ. મદન કટારિયા

**(3) આંતરરાષ્ટ્રીય સુર્ય દિવસ**

- ✓ શરૂઆત : 3 મે 1978, તત્કાલીન અમેરિકાના રાષ્ટ્રપતિ : જિમી કાર્ટર દ્વારા
- ✓ ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ - નવી દિલ્હી
- ✓ ગુજરાત બજેટ 2020-21માં સરકારી અને એકલવ્ય શાળાઓની હોસ્ટેલો, યાત્રાધામો સૌર ઊર્જા આધારિત હોટ વૉટર સીસ્ટમ નાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૫-૨૦૨૦)**

1. તા. 3 મે-૨૦૨૦ના રોજ ભારતીય સેનાની ત્રણેય પાંખ દ્વારા દેશભરમાં કોના માટે આકાશી સલામ તેમજ વાયુદળની ફ્લાય પાસ્ટ કરવામાં આવી- **કોરોના વોરીયર્સ**
2. તા. 3 મે-૨૦૨૦ના રોજ ભારતીય સેનાની ત્રણેય પાંખ દ્વારા દેશભરમાં કોરોના વોરીયર્સ માટે આકાશી સલામ તેમજ વાયુદળની ફ્લાય પાસ્ટ કરવામાં આવી તેનો હેતુ જણાવો - **કોરોના વોરીયર્સનું અભિવાદન કરવા અને તેમનામાં જુસ્સો વધુ બુલંદ કરવા**
3. તા. 3 મે-૨૦૨૦ના રોજ ભારતીય સેનાની ત્રણેય પાંખ દ્વારા દેશના કેટલા રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોરોના વોરીયર્સ માટે આકાશી સલામ તેમજ વાયુદળની ફ્લાય પાસ્ટ કરવામાં આવી - **દેશભરના 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ**
4. તા. 3 મે-૨૦૨૦ના રોજ ભારતીય સેનાની ત્રણેય પાંખ દ્વારા દેશભરમાં કોરોના વોરીયર્સ માટે આકાશી સલામી અપાઈ તેમાં કોણ જોડાયું હતુ - **વાયુસેનાના મિગ-૨૯, સુખોઇ-30 જગુઆર યુદ્ધવિમાનો અને સારંગ, ચિનુક,**

**ચેતક હેલિકોપ્ટરો આર્મી, એરફોર્સ અને નેવીના બેન્ડ ઇસ્ટર્ન અને વેસ્ટર્ન નેવલ કમાન્ડ અને કોસ્ટગાર્ડના સંખ્યાબંધ યુદ્ધજહાજો**

5. તા. ૩ મે-૨૦૨૦ના રોજ ભારતીય સેનાની ત્રણેય પાંખ દ્વારા દેશભરમાં કોરોના વોરીયર્સ માટે આકાશી સલામી આપીને ક્યાં સ્થળે પુષ્પવર્ષા કરાઈ - **દેશની તમામ એઇમ્સ અને સિવિલ હોસ્પિટલો, તમામ કોવિડ-૧૯ હોસ્પિટલો પર, વિધાનસભાઓ પર**
6. કોના દ્વારા નેશનલ ઈ-કોમર્સ માર્કેટ પ્લેસ તરીકે હવે દેશભરમાં 'ભારત માર્કેટ' લોન્ચ કરાશે - **અખિલ ભારતીય વેપારી સંઘ**
7. અત્યારસુધી ભારતના ક્યા શહેરોમાં 'ભારત માર્કેટ'નો પ્રયોગ સફળ રહ્યો છે- **વારાણસી, લખનઉ, બેંગલુરૂ સહિત 90 શહેર**
8. અખિલ ભારતીય વેપારી સંઘ દ્વારા કોના માટે નેશનલ ઈ-કોમર્સ માર્કેટ પ્લેસ તરીકે દેશભરમાં 'ભારત માર્કેટ' લોન્ચ કરશે - **દેશના રિટેઈલ વેપારીઓ માટે**
9. નેશનલ ઈ-કોમર્સ માર્કેટ પ્લેસ તરીકે દેશભરમાં 'ભારત માર્કેટ' લોન્ચ કરવાથી શો ફાયદો થશે - **ઉત્પાદકોને સીધા ગ્રાહકો સુધી પ્રોડક્ટની હોમ ડિલિવરી કરવાની સુવિધા મળશે**
10. સામાજિક અંતર સાથે વેપારનો ગુજરાતમાં કયા જિલ્લામાં ઓડ ઈવન પદ્ધતિથી દુકાનો ખોલવાનો પ્રથમ પ્રયોગ કરાયો - **અમરેલી**
11. વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ કયારે ઉજવવામાં આવે છે - **3 એપ્રિલ**
12. વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ-2020ની થીમ જણાવો - **Journalism Without Fear or favour**
13. તા. ૩ મેના રોજ કોના દ્વારા વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ ઊજવવાની જાહેરાત કરી હતી - **સંયુક્ત રાષ્ટ્રની સહ સંસ્થા યુનેસ્કો**
14. રાષ્ટ્રીય પ્રેસ દિવસ કયારે ઉજવવામાં આવે છે - **16 નવેમ્બર**
15. પત્રકારત્વ ક્ષેત્રનો વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર કયો છે - **પુલિત્ઝર પુરસ્કાર**
16. વિશ્વ હાસ્ય દિવસ કયારે ઉજવવામાં આવે છે - **મે મહિનાના પ્રથમ રવિવારે**
17. વિશ્વ હાસ્ય દિવસની પ્રથમ ઉજવણી કયારે-ક્યાં કરવામાં આવી હતી - **૧૦ મે ૧૯૯૮નાં રોજ મુંબઇમાં**
18. વિશ્વ હાસ્ય યોગ ચળવળનાં સ્થાપક કોણ છે જે ભારતમાં ફેમિલી ડૉક્ટર છે - **ડૉક્ટર મદન કટારીયા**
19. આંતરરાષ્ટ્રીય સુર્ય દિવસ કયારે ઉજવવામાં આવે છે - **3 મે**
20. આંતરરાષ્ટ્રીય સુર્ય દિવસ ઉજવવાની શરૂઆત ક્યારે કરવામાં આવી - **3 મે 1978**
21. ગુજરાત બજેટ 2020-21માં સરકારી અને એકલવ્ય શાળાઓની હોસ્ટેલો, યાત્રાધામો કઈ ઊર્જા આધારિત હોટ વૉટર સીસ્ટમ નાખવાની જોગવાઈ કરવામાં આવી છે – **સૌર ઊર્જા**
22. ભારતની સર્વપ્રથમ ફિલ્મ દાદાસાહેબ ફાળકેની 'રાજા હરિશ્ચંદ્ર'! કયારે રીલીઝ થઇ હતી - **3જી મે, 1913**

**DATE : 04-05-2020**

૧. વિદેશ નીતિ : ભારત સરકાર

**ગિલગિટ અને બાલ્ટિસ્તાન ભારતના અભિન્ન અંગ : પાકિસ્તાન આ પ્રદેશ ખાલી કરે**

**વિવાદ અને ભારતનો વિરોધ**

✓ ગિલગિટ અને બાલ્ટિસ્તાનમાં ચૂંટણી યોજવા પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે કરેલા આદેશ સામે ભારતે સંગીન વિરોધ નોંધાવ્યો.

✓ ભારતીય વિદેશ મંત્રાલયે ડિમાર્શ (લેખિત નોંધ) જારી કરીને જણાવ્યું છે કે સમગ્ર કેન્દ્ર શાસિત પ્રદેશો જમ્મુ કાશ્મીર અને લદાખ ઉપરાંત ગિલગિટ બાલ્ટિસ્તાન પણ ભારતનો અભિન્ન ભાગ છે.

✓ પાક.ની સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૧૮ના ગવર્નમેન્ટ ઓફ ગિલગિટ બાલ્ટિસ્તાન ઓર્ડરમાં સુધારા કરવા કરેલા આદેશ સામે વિરોધ નોંધાવતાં ભારતે આ પ્રતિક્રિયા આપી.

**ભારતના વિદેશ મંત્રાલયનો જવાબ**

✓ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, "જમ્મુ-કાશ્મીર તથા લદાખ જેવા કેન્દ્ર શાસિત પ્રદેશો કે જેમાં ગિલગિટ અને બાલ્ટિસ્તાન જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે તેઓ ભારતના અભિન્ન અંગ છે.

✓ તેના તમામ કાયદાકીય અને વ્યવહારિક અધિકારો ભારતને આધિન છે.

- ✓ પાકિસ્તાનની સરકાર કે ત્યાંના ન્યાયતંત્રને ગેરકાયદે કબજો કરાયેલા આવા વિસ્તારો ઉપર આદેશ આપવાનો કોઈ અધિકાર નથી.
- ✓ ભારત પોતાના પ્રદેશો કે જેના ઉપર પાકિસ્તાન દ્વારા ગેરકાયદે કબજો કરાયો છે. ત્યાં કોઈપણ પ્રકારની આવી કામગીરી સાંખી લેશે નહીં.
- ✓ પાકિસ્તાને તાકીદે તેના ગેરકાયદે કબજામાં રહેલા ભારતના વિસ્તારોને ખાલી કરવા જોઈએ. ૧૯૯૪માં સંસદે પસાર કરેલો ઠરાવ આ બાબતના ભારતના સત્તાવાર વલણને દર્શાવે છે.

## ૨. આફ્રિકી સ્વાઇન ફ્લૂ : સૂવરમાં ફેલાતો ફ્લૂ (આરોગ્ય)

ભારતમાં આફ્રિકી સ્વાઈન ફ્લૂનો પ્રથમ કિસ્સો આસામ રાજયમાં

- ✓ **ખાસ:** આ વાઇરસની માનવ પર કોઈ અસર થતી નથી.

**અન્ય વિગત**

- ✓ કોરોના વાઇરસ સંકટ વચ્ચે દેશમાં આફ્રિકી સ્વાઇન ફ્લૂનો પ્રથમ કિસ્સો ૩જી મે-૨૦૨૦ના રોજ આસામમાં સામે આવ્યો.
- ✓ રાજય સરકારે જણાવ્યું છે કે ત્યાંના સાત જિલ્લાના ૩૦૬ ગામમાં ૨૫૦૦ સુવરનો આફ્રિકી સ્વાઇન ફ્લૂએ ભોગ લીધો છે.
- ✓ આસામના પશુપાલન પ્રધાન અતુલ વોરાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની મંજૂરી હોવા છતાં સૂવરોને ખતમ કરવાનું પગલું હાલમાં લેવાશે નહીં. આ સંક્રમણ બીમારીને રોકવા બીજા વિકલ્પો અજમાવાશે.
- ✓ આફ્રિકન સ્વાઇન ફ્લૂને કોરોના સાથે કોઈ સંબંધ નથી, માનવી પર તેની કોઇ અસર નથી થતી.
- ✓ રાષ્ટ્રીય ઉચ્ચ સુરક્ષા પશુરોગ સંસ્થાન, ભોપાલે પણ આ આફ્રિકી સ્વાઇન ફ્લૂ હોવાની બાબતને સમર્થન આપ્યું છે.

સૂવરના માંસ, લાળ, લોહીથી ફેલાય છે સંક્રમણ

- ✓ પશુપાલન પ્રધાને જણાવ્યું હતું કે ગુવાહાટીની ત્રણ લેબમાં ટેસ્ટિંગ થશે. અધિકારીઓ આ હેતુસર આરોગ્ય વિભાગના સંપર્કમાં છે.
- ✓ વાઇરસ સંક્રમણ સુવરના માંસ, લાળ, લોહીથી ફેલાય છે. તેથી એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં સૂવરનું પરિવહન નહીં થવા દેવાય
- ✓ પાડોશી રાજ્યોને પણ સૂવરના ટ્રાન્સપોર્ટેશનને અટકાવવા અપીલ થઇ છે.

આસામમાં ૩૦ લાખથી વધુ સૂવર

- ✓ ૨૦૧૯ના આંકડા મુજબ રાજ્યમાં સૂવરની સંખ્યા ૨૧ લાખ હતી, હાલમાં વધીને ૩૦ લાખ પર પહોંચી છે. તેના પગલે પણ રાજ્યમાં ફફડાટ છે.

## 3. NAM : વર્ચ્યુઅલ સંમેલન-૨૦૨૦ (વૈશ્વિક બાબતો)

**મુખ્ય વિષય:** કોરોના વાઈરસથી ઉભા થયેલાં વૈશ્વિક જોખમ અંગે ચર્ચા-ઉકેલ

- ✓ કુલ-૧૨૦ દેશના વડાઓએ સંમેલનમાં ભાગ લીધો

**ભારતની ભૂમિકા:**

- ✓ ભારત વિશ્વના ૧૨૩ દેશમાં મેડિકલ સપ્લાય સુનિશ્ચિત કરાવ્યો છે, જેમાં 59 'નામ' દેશો પણ સામેલ છે.
- ✓ લોકો સામાન્ય આયુર્વેદિક ઘરેલુ નુસ્ના અપનાવે તો તેમની રોગપ્રતિકારક શક્તિ વધી શકે છે.
- ✓ નામ દેશોએ વૈશ્વિક સમુદાય તથા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનને અપીલ કરવી જોઇએ કે વિકાસશીલ દેશોમાં સ્વાસ્થ્ય ક્ષમતા વધારવામાં આવે.
- ✓ વર્તમાન સમયની માંગ છે કે આપણે ભેગા મળીને એકબીજાને સહકાર આપીને કામ કરીએ.
- ✓ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા NAMને સંબોધન

**NAM વિશે :**

- ✓ સ્થાપના વર્ષ : ૧૯૬૧
- ✓ સ્થાપના : બેલ ગ્રેડ (સર્બિયા)
- ✓ સ્થાપક સભ્ય: પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરું
- ✓ NAM- નોન એલાઈન મૂવમેન્ટ
- ✓ કુલ સભ્ય દેશ - ૧૨૦
- ✓ મુખ્યમથક– સેન્ટ્રલ જાકાર્તા(ઈન્ડોનેશિયા)

## ૪. કોવિડ કિરણ હેલ્પલાઈન : શિક્ષણ વિભાગ-ગુજરાત સરકાર (શિક્ષણ)

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કોવિડ કિરણ હેલ્પલાઈન ખુલ્લી મુકાઈ વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક પ્રશ્નોના ઉકેલ માટે શિક્ષણ વિભાગનો સુંદર પ્રયાસ

**હેતુ**

- ✓ કોવીડ-૧૯ના કારણે શિક્ષણ વિભાગ સમગ્ર રાજયના લોકો-યુવાનો સામાજીક, માનસિક સમસ્યાનો સામનો કરતાં હોય તો તજજ્ઞો પાસેથી તે અંગેની મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન મેળવીને તેના ઉકેલના ઉમદા હેતુથી કોવિડ કિરણ હેલ્પલાઈન શરૂ.

- ✓ આ હેલ્પલાઈન દ્વારા તબીબ ડૉ. પાર્થિવ મહેતા અને ડૉ. હંસલ ભચેચ વાલીઓ કે વિદ્યાર્થીઓને શારિરીક કે માનસિક સમસ્યાઓનું સમાધાન કરશે.
- ✓ શિક્ષણમંત્રી - શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## ૫. નવતર પ્રયોગ : કોરોના વાયરસ સારવાર

**ગુજરાતના દરદીઓ ઉપર કોરોનાની સારવાર માટે કુલ ચાર દવાઓના 'સોલીડારિટી ટ્રાયલ' માટે કેન્દ્રની મંજૂરી**

**વિગત**

- ✓ WHO અને તેના સહયોગીઓ દ્વારા ૧૦૦થી વધુ દેશોમાં ઇન્ટરનેશનલ કલીનીકલ ટ્રાયલ-સોલિડારિટી ટ્રાયલ અમલી બનાવવામાં આવી રહી છે
- ✓ ભારતમાં WHOની સહભાગીતાથી ICMR ટ્રાયલ હાથ ધરશે

**ગુજરાતમાં બી.જે. મેડિકલ કોલેજ ટ્રાયલ માટે મંજૂરી**

**આ સિવાય અન્ય હોસ્પિટલોને મંજૂરીની કાર્યવાહી પ્રગતિમાં**

1. **એસ.વી.પી. અમદાવાદ**
2. **જી.એમ.ઇ.આર.એસ મેડીકલ કોલેજ ગોત્રી**
3. **વડોદરા-ગવર્મેન્ટ મેડીકલ કોલેજ**
4. **ન્યૂ સિવીલ હોસ્પિટલ સુરત**
5. **પી.ડી.યુ. મેડીકલ કોલેજ રાજકોટ**

- ✓ આ સપ્તાહમાં કોવિડ-19 પેશન્ટસ રજીસ્ટ્રેશન કરીને ૪ જેટલી દવાઓના ટ્રાયલ ફોર ટ્રિટમેન્ટ શરૂ કરાશે
- ✓ કોરોના કોવિડ-19 રોગ સામે ઝડપથી અસરકર્તા યોગ્ય દવા મેળવવાની દિશામાં મહત્વપૂર્ણ કદમ
- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ગુજરાતમાં આવી સોલીડારિટી ટ્રાયલ માટે અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજને અનૂમતિ આપી છે અને વધુ ૪ હોસ્પિટલોની આવી મંજૂરી-અનૂમતિની પ્રક્રિયા-કાર્યવાહી પ્રગતિમાં છે.
- ✓ બી.જે.મેડિકલ કોલેજને ભારત સરકારે અનુમતિ આપતા ત્યાં કોવિડ-19 પેશન્ટસના રજીસ્ટ્રેશન આવા ટ્રાયલ ટેસ્ટ માટે શરૂ થઇ ગયા છે.

**આ ૪ દવાઓના પરિક્ષણો-ટ્રાયલ થશે**

1. **Remdesivir,**
2. **Lopinavir,**
3. **Interferon (beta 1 a) અને**
4. **hydroxychloroquineઅથવા Chloroquine**

- ✓ ભારતમાં પણ આવી સોલીડારિટી ટ્રાયલ ઇન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ રિસર્ચ WHO ની સહભાગીતાથી હાથ ધરવાનું છે.

**ફાયદો:** આ પ્રયોગો-ટ્રાયલને પરિણામે કોરોના કોવિડ-19 રોગ સામે ઝડપથી અસરકર્તા યોગ્ય દવા મળી રહેશે.

- ✓ એટલું જ નહિ, સંક્રમિતોના ત્વરિત સાજા થવાની સંભાવનાઓ પણ વધી જશે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૫-૨૦૨૦)

1. તાજેતરમાં ભારત સરકારે પાકિસ્તાનને ભારતની મૂળ કયો વિસ્તાર ખાલી કરવાનો કડક સંદેશો આપ્યો છે- **ગિલગિટ અને બાલ્ટિસ્તાન**
2. ગિલગિટ અને બાલ્ટિસ્તાનમાં ચૂંટણી યોજવાના કોના નિર્ણય સામે ભારત સંગીન વિરોધ નોંધાવ્યો છે - **પાકિસ્તાન સુપ્રીમ કોર્ટ**
3. પાકિસ્તાને તાકીદે તેના ગેરકાયદેસર કબજામાં રહેલા ભારતના વિસ્તારોને ખાલી કરવા ભારતીય સંસદે કયા વર્ષે ઠરાવ પસાર કર્યો હતો- **1994**
4. તા.3 મે 2020માં ભારતના કયા રાજ્યમાં આફ્રિકી સ્વાઇન ફ્લૂનો પ્રથમ કિસ્સો જોવા મળ્યો છે- **આસામ**
5. તાજેતરમાં ભારતમાં આફ્રિકી સ્વાઇન ફ્લૂ કયા પ્રાણીઓ જોવા મળ્યો છે - **સૂવર**
6. આફ્રિકી સ્વાઇન ફ્લૂ માનવી ઉપર કોઇ અસર કરતો નથી તે બાબતે ભારત સરકારની કઇ સંસ્થાએ સમર્થન આપ્યું છે - **રાષ્ટ્રીય ઉચ્ચ સુરક્ષા પશુ રોગ સંસ્થાન**
7. રાષ્ટ્રીય ઉચ્ચ સુરક્ષા પશુ રોગ સંસ્થાન ક્યાં શહેરમાં આવેલી છે - **ભોપાલ**
8. આફ્રિકી સ્વાઇન ફ્લૂ સૂવરમાંથી કયા માધ્યમથી ફેલાય છે - **માંસ,લાળ અને લોહી**
9. વર્ષે 2019ના રાષ્ટ્રીય આંકડા મુજબ આસામમાં હાલની સ્થિતિએ સૂવરની અંદાજે સંખ્યા કેટલી છે - **30 લાખ**
10. તાજેતરમાં "NAM વર્ચ્યુઅલ સંમેલન-2020" કઈ તારીખે યોજાયું- **04.05.2020**
11. "NAM વર્ચ્યુઅલ સંમેલન -2020"નો મુખ્ય વિષય જણાવો - **કોરોના વાયરસથી ઊભા થયેલા વૈશ્વિક જોખમ અંગે ચર્ચા અને ઉકેલ**
12. "NAM વર્ચ્યુઅલ સંમેલન-2020"માં કેટલા દેશોના વડાઓએ ભાગ લીધો- **120**

13. "NAM વર્ચ્યુઅલ સંમેલન-2020"માં ભારત તરફથી કોને ભાગ લઈને સંબોધન કર્યું-**<u>વડાપ્રધાન નરેન્દ્ર મોદી</u>**
14. કોરોના મહામારી સામે લડવા NAM સહિત ભારતે વિશ્વના કેટલાક દેશોને દવાઓ સહિતની મદદ કરી- **<u>123</u>**
15. "NAM"નું વિસ્તૃત અર્થે જણાવો- **<u>નોન એલાઈન મૂવમેન્ટ</u>**
16. "NAM"નું વડુમથક ક્યાં આવેલું છે- **<u>સેન્ટ્રલ જાકાર્તા (ઈન્ડોનેશિયા)</u>**
17. "NAM"માં ભારત સહિત કુલ કેટલા સભ્ય દેશો છે તે જણાવો- **<u>120</u>**
18. "NAM"ના સ્થાપક સભ્યોમાં ભારતના કયા પૂર્વ વડાપ્રધાનનો સમાવેશ થાય છે - **<u>પંડિત જવાહરલાલ નહેરૂ</u>**
19. "NAM"ની સ્થાપના કયા વર્ષે થઈ હતી- **<u>1961</u>**
20. કોવિડ-19 મહામારીના સમયમાં વાલીઓ અને વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક પ્રશ્નોના ઉકેલ માટે ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા કઈ હેલ્પલાઇન શરૂ કરાઈ- **<u>કોવિડ કિરણ</u>**
21. દર્દીઓ ઉપર કોરોનાની સારવાર માટે ચાર દવાઓના કયા ક્લિનિકલ ટ્રાયલની કેન્દ્ર સરકારે ગુજરાતને મંજૂરી આપી - **<u>'સોલીડારિટી ટ્રાયલ'</u>**
22. 'સોલીડારિટી ટ્રાયલ'માં કઈ ચાર દવાઓ દ્વારા કોરોનાના દર્દીઓ પર પરિક્ષણ કરાશે- **<u>1. REMDESIVIR 2.LOPINAVIR 3.INTERFERON (BETA 1 a) 4.Hydroxychloroquine/Chloroquine</u>**
23. 'સોલીડારિટી ટ્રાયલ' માટે કેન્દ્રના ICMR દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ કઈ હોસ્પિટલને મંજૂરી અપાઈ- **<u>બી.જે મેડીકલ કોલેજ, અમદાવાદ</u>**
24. ભારતમાં 'સોલીડારિટી ટ્રાયલ' માટે ICMR વિશ્વની કઈ સંસ્થા સાથે મળી આ પરીક્ષણ હાથ ધરશે- **<u>WHO</u>**

## DATE : 05-05-2020

<u>૧. પુલિત્ઝર પુરસ્કાર-૨૦૨૦ (USA) (પત્રકારત્વ)</u>

**<u>ભારતના ત્રણ વરિષ્ઠ ફોટો જર્નાલિસ્ટને દુનિયામાં પત્રકારત્વનો પ્રતિષ્ઠિત એવોર્ડ.</u>**

<u>શ્રેણી – ફિચર ફોટોગ્રાફી</u>

પત્રકારત્વ ક્ષેત્રે અપાતો વિશ્વનો શ્રેષ્ઠ એવોર્ડ – પુલિત્ઝર એવોર્ડ

- ✓ જેમને આ સન્માન મળ્યું તેમાં <u>ચન્ની નામે પ્રસિદ્ધ કંવલ આનંદ, તેમના સાથીદાર મુખ્તાર ખાન અને ડાર યાસીન સામેલ</u> છે
- ✓ આ ત્રણેય જમ્મુ-કાશ્મીરના વતની છે જે એસોસિએટેડ પ્રેસ સાથે સંકળાયેલા છે. જમ્મુ કાશ્મિરમાં કલમ-૩૭૦ રદ કર્યા બાદ ઉત્તમ કામગીરી માટે APના ત્રણ ભારતીય પત્રકારોને પુલિત્ઝર
- ✓ <u>પુલિત્ઝર બોર્ડના મેનેજર ડાના કેનેડીએ</u> ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં સમારંભને બદલે યુ-ટ્યુબ પર લાઈવ સ્ટ્રીમના માધ્યમથી વિજેતાઓની જાહેરાત કરી હતી.
- ✓ **<u>ક્ષેત્ર:</u>** આ એવોર્ડ એ સમાચાર સંગઠનોને અપાયો જેમણે ભ્રષ્ટાચાર, કાયદાનો અમલ અને અમેરિકામાં જાતિવાદ જેવા મુદ્દાને ઉઘાડા પાડ્યા હતા.
- ✓ ન્યૂયોર્ક ટાઈમ્સે 15માંથી ૩ પુરસ્કાર જીત્યા.

<u>ત્રણ સન્માન રોસેન્થલે ન્યૂયોર્કની ટેક્સી ઈન્ડસ્ટ્રીની ગેરરીતિને ઉઘાડી પાડી હતી</u>

- ✓ ન્યૂયોર્ક ટાઈમ્સ (એનવાયટી)ને મળેલા ૩ એવોર્ડમાં બ્રાયન એમ રોસેન્ટલનો ન્યૂયોર્કના શહેરના ટેક્સી ઉદ્યોગ અંગેનો ઈન્વેસ્ટિગેશન રિપોર્ટ પણ સામેલ છે. જેમાં ખુલાસો કરાયો હતો કે કેવી રીતે નબળાં ડ્રાઈવરોનો લાભ લઈ લોનનો બજાર વધી રહ્યો છે.
- ✓ એનવાયટી સ્ટાફને આંતરરાષ્ટ્રીય રિપોર્ટિંગ સન્માન પણ મળ્યું છે. તેણે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના શાસનની ઘટનાઓની શ્રેણી રજૂ કરી હતી.
- ✓ એનવાયટીને કમેન્ટ્રી સન્માન પણ મળ્યું છે. આ સન્માન તેની સાપ્તાહિક મેગેઝિનમાં એક નિબંધ માટે અપાયું છે.

**<u>અન્ય વિજેતા : કોને કોને સન્માન મળ્યાં</u>**

- ✓ ધ ન્યૂયોર્કરને બે અને પ્રો પબ્લિકાને એક એવોર્ડ મળ્યો છે.
- ✓ એન્કરેજ ડેઈલી ન્યૂઝ અને પ્રો પબ્લિકાને સંયુક્ત રૂપે સૌથી પ્રતિષ્ઠિત પબ્લિક સર્વિસ એવોર્ડથી સન્માનિત કરાયા છે.
- ✓ આ ઉપરાંત વૉશિંગ્ટન પોસ્ટ, એસોસિએટેડ પ્રેસ, લોસ એન્જલસ ટાઈમ્સ, ધ બાલ્ટીમોર સન, ધ પેલેસ્ટાઈન

હેરાલ્ડ પ્રેસને પણ અલગ અલગ સમાચારો માટે પુલિત્ઝર એવોર્ડથી સન્માનિત કરાયા છે.

- ✓ એવોર્ડનો પ્રારંભ : વર્ષ-૧૯૧૭થી
- ✓ સ્થાપક : જોસેફ પુલિત્ઝર – USA
- ✓ સ્થળ : કોલમ્બિયા યુનિવર્સિટી

## ૨. ફ્યૂઅલ સરચાર્જ : રાહત (ઉર્જા)

**ગુજરાતમાં સરકારી વીજ ગ્રાહકોને ત્રણ મહિનામાં ફ્યૂઅલ સરચાર્જમાં ૧૬ પૈસાની રાહત**

- ✓ **રાહત:** ફ્યૂઅલ સરચાર્જ યુનિટ દીઠ રૂ. ૨.૦૬થી ઘટાડીને રૂ. ૧.૯૦ કરાયો
- ✓ **સમયગાળો:** એપ્રિલ થી જૂન-૨૦૨૦

**કઈ કંપનીના ગ્રાહકોને લાભ:**

- ✓ ગુજરાત સરકારની ચાર વીજ કંપની (૧) UGVCL (૨) PGVCL (૩) MGVCL (૪) DGVCLના ગ્રાહકો માટે
- ✓ ગુજરાત સરકારે તેની વીજ કંપનીઓના ગ્રાહકોને લોકડાઉનના સમયમાં રાહત આપવાનો નિર્ણય કર્યો છે.
- ✓ સરકારી વીજકંપનીઓ તેના ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ પેટે યુનિટદીઠ ૧૬ પૈસા જૂન સુધી ઓછા વસૂલશે.
- ✓ સરકારી વીજકંપનીઓના આશરે ૧.૩૦ કરોડથી વધુ ગ્રાહકોને રૂ. ૩૧૦ કરોડની રાહત મળશે એમ રાજયના ઊર્જામંત્રી સૌરભ પટેલે જાહેર કર્યું છે.

**ફ્યૂઅલ સરચાર્જ એટલે શું**

- ✓ ફ્યુઅલ સરચાર્જ, એટલે કે ફ્યૂઅલ એન્ડ પાવર પરચેઝ પ્રાઇસ એડ્જસ્ટમેન્ટ-FPPPAની વસૂલાત ગુજરાત વીજનિયમન પંચ દ્વારા નક્કી થયેલી ફોર્મ્યુલા પ્રમાણે વસૂલાય છે.
- ✓ ઉર્જા મંત્રી - શ્રી સૌરભભાઈ પટેલ

## ૩. વર્લ્ડ મેડિસિન મેકર પાવર લિસ્ટ-૨૦૨૦ : (બિઝનેસ)

**બાયોકોનના સ્થાપક અને અધ્યક્ષ શ્રી કિરણ મઝુમદાર શોનો સમાવેશ**

- ✓ વિશ્વ મેડિસિન મેકર પાવર લીસ્ટમાં કિરણ મઝુમદાર બાયોકોનના સ્થાપક અને અધ્યક્ષ કિરણ મઝુમદાર-શોને તાજેતરમાં મેડિસિન મેકર પાવર લિસ્ટ ૨૦૨૦"માં સમાવેશ કરાયો.
- ✓ સૂચિમાં વિશ્વભરના ૬૦ નેતાઓ શામેલ છે જેમણે બાયોફર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન અને નવીનતાઓ આપી છે.
- ✓ સતત છ વર્ષથી કિરણ મઝુમદાર-શોને પ્રતિષ્ઠિત સૂચિમાં સ્થાન આપવામાં આવ્યું.

## ૪. BRICS દેશોના વિદેશ મંત્રીઓની વીડિયો કોન્ફરન્સ બેઠક-૨૦૨૦ (વૈશ્વિક સંબંધો)

- ✓ ભારતમાંથી અપેક્ષિત– વિદેશ મંત્રી એસ. જયશંકર
- ✓ <u>વર્ષ ૨૦૨૦ માટે, રશિયા બ્રિક્સ બ્લોકનું અધ્યક્ષ</u> છે.
- ✓ બ્રિક્સના ૫ સભ્યો છે, બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા
- ✓ તાજેતરમાં, રશિયાએ વીડિયો કોન્સિંગ દ્વારા કોરોના વાઇરસ પર બ્રિક્સ વિદેશ પ્રધાનોની બેઠકની અધ્યક્ષતા આપી હતી.
- ✓ કેન્દ્રીય વિદેશ પ્રધાન એસ.કે. જયશંકરે આ મિટિંગમાં ભાગ લીધો હતો. બ્રિક્સમાં સંયુક્ત રસી ઉત્પાદનના મહત્વ અને વ્યૂહાત્મક ભાગીદારીની ચર્ચા કરી હતી.

## ૫. કિસાન સભા એપ લોન્ચ (કૃષિ)

- ✓ ૧ મે, ૨૦૨૦ના રોજ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ-કેન્દ્રીય માર્ગ સંશોધન સંસ્થા (સીએસઆઈઆર-સીઆરઆઈ)એ કિસાનસભા એપ્લિકેશનનો પ્રારંભ કર્યો.

**હેતુ :**

- ✓ આ એપ્લિકેશન ખેડૂતોને નૂર અને સપ્લાય ચેઇનથી જોડવા માટે શરૂ કરવામાં આવી.
- ✓ આ એપ્લિકેશન ખેડૂતોને સમયસર સહાયતા અને તેમના નફામાં વધારો કરવામાં સહાય કરે છે.

## ૬. YASH : કોરોના સામે લોકજાગૃતિ

- ✓ નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કમ્યુનિકેશન દ્વારા કોરોના સામે લોકજાગૃતિ સર્જાય એ માટે YASH એટલે કે year of awareness on science and health લૉન્ચ કરવામાં આવ્યો.

## ૭. એક રાષ્ટ્ર એક રેશનકાર્ડ (વિતરણ વ્યવસ્થા)

**વધુ પાંચ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોને એકીકરણને મંજૂરી**

- ✓ ૧ મે, ૨૦૨૦ના રોજ ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે એક રાષ્ટ્ર એક રેશનકાર્ડ' હેઠળ પાંચ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના એકીકરણને મંજૂરી આપી.

✓ આ રાજ્યોમાં પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ અને હિમાચલ પ્રદેશનો સમાવેશ થાય છે.

✓ આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સાથે મળીને, આશરે ૬૦ કરોડ લાભાર્થીઓને રાષ્ટ્રીય ખાદ્યસુરક્ષા અધિનિયમ હેઠળ ઉમેરવામાં આવશે. ક્લસ્ટરમાં પહેલાંથી જ ૧૨ વધુ રાજ્ય છે.

૮. મનરેગા:સૌથી વધુ રોજગારી આપતુ રાજ્ય છતિસગઢ (રોજગારી)

✓ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (એમજીએનઆરઇજીએસ) હેઠળ અકુશળ કામદારોને રોજગારી અપાવવા માટેનાં રાજ્યોની યાદીમાં છત્તીસગઢ સૌથી આગળ

✓ દેશભરમાં મનરેગા હેઠળ કાર્યરત કુલ ૭૭.૮૫ લાખ મજૂરોમાંથી, ૧૮.૫૧ લાખ મજૂરો છત્તીસગઢના છે. જે કુલ કામદારોના ૨૪% છે

✓ કુલ કર્મચારીઓના ૧૪% સાથે રાજસ્થાન બીજા ક્રમે.

✓ ઉત્તર પ્રદેશ કુલ કર્મચારીના ૧૨% સાથે ત્રીજા ક્રમે છે.

૯. અવસાન : સ્વાતંત્ર્ય સેનાની અને ગાંધીવાદી સિદ્ધાંતોનાં અનુયાયી હેમા ભારાલીનું ૧૦૧ વર્ષની વયે અવસાન

✓ તેમણે મહિલાઓની સ્થિતિને ઉત્થાન આપવા અને સમાજના પછાતવર્ગને સશક્ત બનાવવા માટે સખત મહેનત કરી.

✓ તેમણે ૨૦૦૫માં પદ્મશ્રી, ૨૦૦૬માં ગૃહ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય કોમવાદી સંવાદિતા એવોર્ડ અને આસામ સરકાર તરફથી રાષ્ટ્રીય એકીકરણ માટે ફખરૂદ્દીન અલી અહમદ મેમોરિયલ એવોર્ડ સહિતના ઘણા પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યા છે.

૧૦. ઓપરેશન 'સમુદ્ર સેતુ' (મદદ)

કોરોના મહામારીમાં વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા ભારતીય નેવીનું ઓપરેશન

✓ પ્રથમ તબક્કાનો પ્રારંભ તા. ૮ મેથી માલદિવ્સ ખાતેથી પ્રારંભ

✓ નૌસેનાના બે જહાજ – INS જલસ્વ અને INS મગર રવાના

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૫-૨૦૨૦)

1. કોરોના મહામારી સામે સરકારી વીજ ગ્રાહકોને રાહત માટે ગુજરાત સરકારે ફ્યૂઅલ સરચાર્જમાં એપ્રિલથી જૂન 2020 સુધી કેટલાથી ઘટાડીને કેટલા પૈસા કરાયો છે - **રૂ. 2.06 થી ઘટાડીને રૂ. 1.90**
2. ગુજરાત સરકારની વીજ કંપનીઓના નામ જણાવો- **1. UGVCL 2. MGVCL 3. PGVCL 4. DGVCL**
3. ગુજરાતના વર્તમાન ઊર્જા મંત્રીનું નામ જણાવો- **શ્રી સૌરભભાઈ પટેલ**
4. વર્લ્ડ "મેડિસિન મેકર પાવર લિસ્ટ-2020"માં કયા ભારતીય મહિલાનો સમાવેશ કરાયો છે - **કિરણ મજુમદાર શો**
5. ભારતની દવા બનાવતી કંપની "બાયોકોન"ના સ્થાપક અને અધ્યક્ષનું નામ જણાવો - **કિરણ મજુમદાર શો**
6. તાજેતરમાં BRICSના દેશોના વિદેશ મંત્રીઓની વીડિયો કોન્ફરન્સમાં ભારત તરફથી કોને ભાગ લીધો હતો- **વિદેશ મંત્રી એસ. જયશંકર**
7. BRICSમાં કયા દેશોનો સમાવેશ થાય છે - **બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના અને સાઉથ આફ્રિકા**
8. તાજેતરમાં "પુલિત્ઝર પુરસ્કાર-2020" ભારતમાં કોને કોને અપાયો- **1. કેવલ આનંદ(ચન્ની) 2. મુખ્તાર ખાન 3. ડાર યાસીન**
9. "પુલિત્ઝર પુરસ્કાર-2020" વિજેતા ભારતીયોની શ્રેણી અને રાજ્ય જણાવો-**ફીચર ફોટોગ્રાફી અને જમ્મુ-કાશ્મીર**
10. "પુલિત્ઝર પુરસ્કાર-2020" વિજેતા ભારતીયો કઈ સંસ્થા સાથે જોડાયેલા છે- **AP**
11. APનું વિસ્તૃત નામ જણાવો - **એસોસિએટેડ પ્રેસ**
12. પુલિત્ઝર પુરસ્કારનો પ્રારંભ કયા વષમાં કયા દેશમાં થયો હતો- **1917 અને અમેરિકા**
13. શ્રેષ્ઠ પત્રકારત્વ માટે અપાતો વિશ્વનો સર્વોચ્ચ પુરસ્કાર જણાવો - **પુલિત્ઝર પુરસ્કાર**
14. "પુલિત્ઝર પુરસ્કાર"ના સ્થાપકનું નામ જણાવો- **જોસેફ પુલિત્ઝર**
15. ભારત સરકાર દ્વારા ખેડૂતોને ભાડા અને સપ્લાય ચેનથી જોડવા માટે તાજેતરમાં કઈ એપ લોન્ચ કરવામાં આવી- **"કિસાનસભા"**
16. "કિસાનસભા" એપ કોના દ્વારા તૈયાર કરવામાં આવી છે - **વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ- કેન્દ્રીય માર્ગ સંશોધન સંસ્થા**
17. તાજેતરમાં "એક રાષ્ટ્ર એક રેશનકાર્ડ" હેઠળ કેટલા કયા કયા રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને કેન્દ્ર સરકાર દ્વારા

એકીકરણની મંજૂરી આપી છે - **પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, દાદરા અને નગર હવેલી, દીવ અને દમણ અને હિમાચલ પ્રદેશ**

18. કેન્દ્ર સરકાર દ્વારા "એક રાષ્ટ્ર એક રેશનકાર્ડ" અંતર્ગત એકીકરણ માટે અગાઉ કેટલા રાજ્યોને મંજૂરી આપી છે - 12
19. મનરેગા અંતર્ગત મે-2020ની સ્થિતિએ રોજગારી આપવામાં કયું રાજ્ય અગ્રેસર છે - **છત્તીસગઢ**
20. મનરેગા અંતર્ગત મે-2020ની સ્થિતિએ રોજગારી આપવામાં બીજા અને ત્રીજા ક્રમે કયા રાજ્યો છે- **રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ**
21. દેશભરમાં મનરેગા અંતર્ગત મે-2020ની સ્થિતિએ અંદાજે કેટલા કામદારો નોંધાયા છે- 77.85 લાખ
22. મહિલાઓના ઉત્થાન માટે કામ કરનાર સ્વતંત્ર સેનાની અને ગાંધીવાદી સિદ્ધાંતો અનુયાયી કયા મહિલાનું 101 વર્ષે નિધન થયું - **પદ્મશ્રી હેમા ભારાલી**
23. કોરોના મહામારીમાં વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા ભારતીય નૌસેનાએ મે-2020માં કયું ઓપરેશન લોન્ચ કર્યું- **ઓપરેશન "સમુદ્રસેતુ"**
24. ભારતીય નૌસેનાએ "ઓપરેશન સમુદ્રસેતુ" હેઠળ સૌપ્રથમ કયા બે યુદ્ધ જહાજો માલદીવ મોકલ્યા - **INS જલસ્વ અને INS મગર**

## DATE : 06-05-2020

### ૧. ભારત સરકાર : નિર્ણય (એક્સાઈઝ ડ્યૂટી)

**કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ-ડિઝલ પરની એક્સાઈઝ ડ્યૂટીમાં વધારો : કુલ-૬૯ ટકા ટેક્સ**

**પેટ્રોલમાં કર વધારો (પ્રતિલિટર)**

- ✓ 2 રૂપિયા વધારાની એક્સાઇઝ ડ્યૂટી
- ✓ 8 રૂપિયા રોડ સેસમાં વધારો
- ✓ બંને મળી ટેક્સમાં કુલ રૂ. 10નો વધારો
- ✓ કુલ ટેક્સ – રૂ. 32.98

**ડીઝલમાં કર વધારો (પ્રતિ લિટર)**

- ✓ 5 રૂપિયા વધારાની એક્સાઇઝ ડ્યૂટી
- ✓ 8 રૂપિયા રોડ સેસમાં વધારો
- ✓ બંને ટેક્સ મળી કુલ રૂ. 13નો વધારો
- ✓ કુલ ટેક્સ – રૂ. 31.83

**અંદાજે આવક વધારો**

- ✓ કેન્દ્ર સરકારને ચાલુ નાણાંકીય વર્ષમાં અંદાજે રૂ. ૧.૬ લાખ કરોડનો વધારો થશે

### ૨. 'ઓપરેશન જૈકબૂટ' (આતંકવાદ)

**દક્ષિણ કાશ્મિરમાં આતંકવાદના સફાયા માટે 'ઓપરેશન જેકબૂટ'**

- ✓ **સફળતા:** કાશ્મિરમાં આતંકી સંગઠન હિઝબુલ મુઝાહિદ્દીનનો મોસ્ટ વોન્ટેડ કમાન્ડર રિયાઝ નાયકુ ઠાર

**ડોભાલનું ઓપરેશન જૈકબૂટ સફળ**

- ✓ ભારતના NSA અજિત ડોભાલ દ્વારા દક્ષિણ કાશ્મીરમાં આતંકવાદીઓનો સફાયો કરવા માટે ઓપરેશન જૈકબૂટ શરૂ કરાવવામાં આવ્યું હતું.
- ✓ બુરહાન વાની સહિતના આતંકવાદીઓ દ્વારા કાશ્મીરની શાંતિ ભંગ કરવા માટે કરાતા કાવતરાનો કાયમી અંત લાવવા માટે ડોભાલ દ્વારા આ ઓપરેશન શરૂ કરાયું હતું.
- ✓ નાયકુને ઠાર કરવામાં આવ્યો તે આ ઓપરેશનની સફળતાનો જ એક કિસ્સો છે

### ૩. નિમણૂક : PAC અધ્યક્ષ

- ✓ લોકસભામાં કોંગ્રેસના સાંસદ અને સંસદીય પક્ષના નેતા અધિર રંજન ચૌધરીએ સંસદની પબ્લિક એકાઉન્ટ કમિટીના અધ્યક્ષ તરીકે હોદ્દો સંભાળ્યો
- ✓ મુદ્દત: તા. ૧લી મે-૨૦૨૦થી ૩૦ એપ્રિલ-૨૦૨૧

PAC : પબ્લિક એકાઉન્ટ કમિટી (લોક લેખા સમિતિ)

- ✓ આ સમિતિમાં તેઓ કોંગ્રેસમાંથી એકમાત્ર સભ્ય
- ✓ લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા દ્વારા નિમણૂક

### ૪. જન્મ દિન : વૈશાખ વદ એકમ : બ્રહ્માજીના માનસ પુત્ર – દેવર્ષિ નારદનો જન્મ દિવસ

- ✓ આદ્ય પત્રકાર તરીકે જાણીતા
- ✓ દેવર્ષિ નારદમુનિ બ્રહ્માજીના સાત માનસ પુત્રો મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, કેતુ, ભૃગુ, વશિષ્ઠ, દક્ષમાંના એક છે

### ૫. જન્મ દિન વિશેષ : ૬ મે

નારી શક્તિ : મૃદુલાબેન સારાભાઈ

જન્મ – ૬ મે - ૧૯૧૧ અવસાન – ૨૭ ઓક્ટોબર-૧૯૭૪

- ✓ અમદાવાદ, ગુજરાત અને ભારતના જાહેર જીવનમાં સારાભાઈ પરિવારનું યોગદાન સુવિદિત છે. આજે સારાભાઈ પરિવારનાં મૃદુલાબેન સારાભાઈનો જન્મદિન.

## મૃદુલા સારાભાઈ

**ક્ષેત્રઃ ગાંધીવાદી, સમાજસેવા**
**સમયઃ 1911 - 1974**



**કોંગ્રેસ સાથે મતભેદો સર્જાયા બાદ જ્યોતિસંઘ તેમજ વિકાસગૃહ સંસ્થાઓને સદ્ધર બનાવવામાં યોગદાન આપ્યું**

- ✓ અમીર ઘરમાં ભારતીય અને યુરોપિયન શિક્ષકોને રોકી ઘરમાં જ મૃદુલાબેનને શિક્ષણ અપાતું.
- ✓ ગાંધીજીના પ્રભાવમાં આવ્યા અને કોલેજ શિક્ષણ માટે ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયાં.
- ✓ 1930માં મીઠા સત્યાગ્રહ શરૂ થતા મૃદુલાબેને ભણતર છોડી તેમાં ઝુકાવ્યું, બાળ સત્યાગ્રહીઓના સભ્ય અને નેતા બન્યાં. તે પછી તો સ્વદેશી, બહિષ્કાર, ખાદી જેવી ગાંધીવાદી પ્રવૃત્તિમાં યોગદાન આપ્યું.
- ✓ હિન્દી રાષ્ટ્રીય મહાસભાના મહિલા મોરચામાં નેતૃત્વ કર્યું. સવિનય કાનૂન ભંગ અને હિન્દ છોડો જેવી લડતોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ આઝાદી પહેલા તેમની નિમણૂક કોંગ્રેસના મહામંત્રી તરીકે થઈ હતી, પરંતુ દેશમાં કોમી દાવાનળ ફાટી નીકળતા મૃદુલાબેન ત્યાંથી રાજીનામું આપી ગાંધીના પગલે કોમી એખલાસ માટે નીકળી પડ્યાં.
- ✓ 27 ઓક્ટોબર 1974ના રોજ તેમનું અવસાન થયું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૫-૨૦૨૦)</u>

1. ભારત સરકારે તાજેતરમાં મે 2020માં પેટ્રોલ ઉપર કેટલા રૂપિયા એક્સાઇઝ ડ્યુટી વધારી છે- <u>રૂ. 2</u>
2. ભારત સરકારે તાજેતરમાં મે 2020માં પેટ્રોલ ઉપર કેટલા રૂપિયા રોડ સેસ વધાર્યો છે - <u>રૂ. 8</u>
3. ભારત સરકારે મે 2020માં પેટ્રોલ ઉપર કુલ કેટલા રૂપિયા એક્સાઇઝ ડ્યુટી વધારી- <u>રૂ. 10</u>
4. ભારત સરકાર મે -2020ની સ્થિતિએ પેટ્રોલ ઉપર કુલ કેટલા રૂપિયા એક્સાઇઝ ડ્યુટી ઉઘરાવે છે - <u>રૂ. 32.98</u>
5. ભારત સરકારે તાજેતરમાં મે 2020માં ડીઝલ ઉપર કેટલા રૂપિયા એક્સાઇઝ ડ્યુટી વધારી છે- <u>રૂ. 5</u>
6. ભારત સરકારે તાજેતરમાં મે 2020માં ડીઝલ ઉપર કેટલા રૂપિયા રોડ સેસ વધાર્યો છે - <u>રૂ. 8</u>
7. ભારત સરકારે મે 2020માં ડીઝલ ઉપર કુલ કેટલા રૂપિયા એક્સાઇઝ ડ્યુટી વધારી- <u>રૂ. 13</u>
8. ભારત સરકાર મે -2020ની સ્થિતિએ ડીઝલ ઉપર કુલ કેટલા રૂપિયા એક્સાઇઝ ડ્યુટી ઉઘરાવે છે - <u>રૂ. 31.83</u>
9. તાજેતરમાં ભારતીય સેના દ્વારા દક્ષિણ કાશ્મીરમાં આતંકવાદીઓના સફાયા માટે કયું ઓપરેશન શરૂ કરાયું છે- **<u>"ઓપરેશન જૈકબૂટ"</u>**
10. ભારત સરકાર દ્વારા તાજેતરમાં પેટ્રોલ અને ડીઝલ ઉપર એકસાઇઝ ડયૂટી વધારવાથી ચાલુ નાણાકીય વર્ષમાં આવકમાં અંદાજે કેટલા કરોડનો વધારો થશે- **<u>રૂ. 1.06 લાખ કરોડ</u>**
11. ભારતીય સેના દ્વારા મે 2020માં "ઓપરેશન જૈકબૂટ" હેઠળ ઠાર કરાયેલ મોસ્ટ વોન્ટેડ કમાન્ડર રિયાઝ નાયકુ કયા આતંકવાદી સંગઠન સાથે જોડાયેલો હતો- **<u>હિઝબુલ મુઝાહિદીન</u>**
12. તાજેતર મે 2020માં PACના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઈ-**<u>કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરી</u>**
13. હાલમાં લોકસભામાં કોંગ્રેસના સંસદીય પક્ષના નેતા કોણ છે - **<u>અધીર રંજન ચૌધરી</u>**
14. સંસદીય ભાષામાં PACનો અર્થ જણાવો - **<u>પબ્લિક એકાઉન્ટ કમિટી</u>**
15. તાજેતરમાં નિમાયેલા PACના નવા અધ્યક્ષ અધીર રંજન ચૌધરીની મુદત જણાવો - **<u>01 મે 2020થી 30 એપ્રિલ 2021</u>**
16. સંસદમાં PACના નવા અધ્યક્ષની નિમણૂક કોણ કરે છે - **<u>લોકસભાના અધ્યક્ષ</u>**
17. ભારતીય લોકસભાના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - **<u>ઓમ બિરલા</u>**
18. આદ્ય પત્રકાર એવા દેવર્ષિ નારદની જન્મતિથિ જણાવો - **<u>વૈશાખ વદ એકમ</u>**
19. બ્રહ્માજીના "માનસ પુત્ર" તરીકે કોને ઓળખવામાં આવે છે - **<u>દેવર્ષિ નારદ</u>**
20. ગાંધીવાદી, સમાજ સેવક અને નારી શક્તિ માટે જીવન આપનાર મૃદુલાબેન સારાભાઈનો જન્મ દિવસ જણાવો - <u>06.05.1911</u>
21. ગાંધીવાદી, સમાજ સેવક અને નારી શક્તિ માટે જીવન આપનાર મૃદુલાબેન સારાભાઈનો જન્મ કયા શહેરમાં થયો હતો- **<u>અમદાવાદ</u>**
22. અમદાવાદમાં આવેલી જ્યોતિસંઘ અને વિકાસ ગૃહને વધુ મજબૂત બનાવવામાં સૌથી મહત્વનું પ્રદાન કોને આપ્યું હતું - **<u>મૃદુલાબેન સારાભાઈ</u>**

### ૧. ઝેરી સ્ટિરિન ગેસ લિકેજ : ગેસ દુર્ઘટના – વિશાખાપટ્ટનમ

- ✓ **કંપની:** એલજી પોલિમર્સ કેમિકલ પ્લાન્ટ્સ (રેફ્રિજરેશનશન યુનિટ)
- ✓ મૂળ દેશ : દક્ષિણ કોરિયા
- ✓ **સ્થાન:** આર.આર. વેંકેટપુરમ, વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ)
- ✓ સવારે ૨.૩૦ કલાકે ગેસ લિકેજની ઘટનામાં ૧૧થી વધુના કરુણ મૃત્યુ : સેંકડો પશુ-પંખીના મોત
- ✓ **ખાસ:** આ ગેસને ન્યુટ્રલાઈઝ કરવા ગુજરાતના વાપીથી PTBC નામનું ખાસ કેમિકલ મોકલાયું
- ✓ PTBC : પેરા-ટરટિયારી બ્યુટાઈલ કેટચોલ

**સ્ટિરિન ગેસ વિશે :**

- ✓ સ્ટિરિન ગેસને એથનીલબેન્ઝિન તરીકે પણ ઓળખાવાય છે. આ કેમિકલ અત્યંત જ્વલનશીલ છે. તેમાંથી અત્યંત ઝેરી ગેસ પેદા થાય છે.

**ઉપયોગ :**

- ✓ તેનો મુખ્ય ઉપયોગ પોલિસ્ટિરિન પ્લાસ્ટિક બનાવવામાં થાય છે.

**આરોગ્ય પર અસર :**

- ✓ તેના સંપર્કમાં આવનાર વ્યક્તિની સેન્ટ્રલ નર્વ સિસ્ટમ પર ગંભીર અસર થાય છે. શ્રવણ ક્ષમતા જતી રહે છે અને માનસિક સંતુલન જતું રહે છે.
- ✓ આ ગેસ ઓકિસજન સાથે સરળતાથી ભળી જતો હોવાથી હવામાં કાર્બન મોનોક્સાઇડનું પ્રમાણ વધે છે. જેના કારણે શ્વાસ રૂંધાવા લાગે છે.

### ૨. સુપર મૂન : (ખગોળ વિજ્ઞાન)

- ✓ બુદ્ધ પૂર્ણિમાએ વર્ષ-૨૦૨૦નો અંતિમ સુપરમૂન (તા. ૦૭-૦૫-૨૦૨૦)
- ✓ વર્ષ ૨૦૨૦ની સુપરમુનની છેલ્લી ખગોળિય ઘટના તા.૭મી મે-૨૦૨૦ના રોજ જોવા મળી.
- ✓ બુદ્ધપૂર્ણિમાના દિવસે સમગ્ર વિશ્વમાં સુપરમૂનની ઘટના જોવા મળી.
- ✓ અમેરિકા, યુરોપ, યુકે અને ભારતમાં વિશાળ અને થોડો ગુલાબી રંગનો ચંદ્રમા જોવા મળ્યો હતો.

**ચંદ્રનું કદ :**

- ✓ આ ઘટનામાં પૃથ્વીથી ચોક્કસ અંતર કરતા ઓછા અંતરે ચંદ્ર નજીક આવ્યો હોવાથી તે પોતાના રોજિંદા આકાર કરતા છ ટકા વધારે મોટા આકારનો જોવા મળ્યો

### ૩. વંદે ભારત મિશન : (મદદ)

- ✓ કોરોના મહામારી દરમિયાન વિદેશના ૧૨ દેશોમાં ફસાયેલા ૧૫,000થી વધુ ભારતીયોને પરત લાવવા ભારત સરકારનું મિશન
- ✓ તા. ૧૩ મે-૨૦૨૦ સુધી

**આ સિવાય ભારતીય નેવી - સમુદ્ર સેતુ અભિયાન**

- ✓ ભારતીય નેવીના INS મગર અને INS જલસ્વ માલદિવ્સના માલે બંદરે પહોંચ્યા

### ૪. નવીન પહેલ : ભારતીય હવામાન ખાતુ

**હવામાન ખાતાના બુલેટિનમાં હવે POK ગિલગિટ અને બાલ્ટિસ્તાન સામેલ**

**આ પગલું કેમ મહત્વનું**

- ✓ IMDના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે હવામાન ખાતું આખા જમ્મુ-કાશ્મીર અને લદાખ વિસ્તારનું બુલેટિન બહાર પાડે છે. આપણે તેમાં ગિલગિટ-બાલ્ટિસ્તાન, અને લદાખનું બુલેટિન જાહેર કરીએ છીએ. કારણ કે તે ભારતનો હિસ્સો છે.
- ✓ ભારતનાં હવામાન ખાતા (IMD)એ વેધર બુલેટિનમાં POK સામેલ કર્યું છે.
- ✓ જમ્મુ-કાશ્મીર સબ ડિવિઝનમાં હવે જમ્મુ-કાશ્મીર, લદાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદનો સમાવેશ કર્યો છે.
- ✓ POK, ગિલગિટ, બાલ્ટિસ્તાન, અને મુઝફ્ફરાબાદ પર પાક દ્વારા ગેરકાયદે કબજો જમાવી લેવામાં આવ્યો છે.
- ✓ તા.૫મી મે-૨૦૨૦ના રોજ હવામાન ખાતાની આગાહીમાં આ તમામ વિસ્તારોના હવામાનનો સમાવેશ કરાયો છે.
- ✓ ઉલ્લેખનીય છે કે, ભારતે જમ્મુ-કાશ્મીર અને લદાખને અલગ કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કર્યા પછી નવા નકશામાં ૩ જિલ્લા મુઝફ્ફરાવ, પુંચ અને મીરપુરને સામેલ કરાયા છે.

### ૫. અવસાન : મહાત્મા ગાંધીજીના પૌત્રવધૂ શિવાલક્ષ્મીનું ૯૪ વર્ષે નિધન

- ✓ નિવાસસ્થાન : શ્રી ભારતી મૈયા આનંદધામ વૃદ્ધાશ્રમ, સુરત

## પરિચય અને વિગત

- ✓ સુરતના ભીમરાડમાં છેલ્લા બે વર્ષથી રહેતા ગાંધીજીના પૌત્રવધુ શિવાલક્ષ્મીનું 94 વર્ષની વયે ગ્લોબલ હોસ્પિટલમાં મોત.
- ✓ ગાંધીજીના ત્રીજા નંબરના દીકરા રામદાસને બે દીકરીઓ સુમિત્રાબેન અને ઉષાબેન ઉપરાંત એક દીકરો કનુભાઈ હતા.
- ✓ કનુભાઈના લગ્ન શિવાલક્ષ્મી સાથે થયા હતા. 2013માં કનુભાઈ શિવાલક્ષ્મી સાથે ભારત આવ્યા હતા. તેમને કોઈ સંતાન નથી.
- ✓ શરૂમાં દિલ્હી, બેંગલોર અને મરોલી આશ્રમમાં રહ્યા બાદ 2014માં કનુભાઈ પત્ની સાથે સુરતના શ્રી ભારતી મૈયા આનંદધામ વૃદ્ધાશ્રમમાં આવી ગયા હતા.

## ૬. રોગચાળો : ગુજરાતમાં ધારી-ગીર પૂર્વ વિસ્તારમાં સિંહોમાં 'બેબસિયા' નામનો રોગ

સિંહોના મૃત્યુ બાદ વન વિભાગ દ્વારા જાહેરાત

## ૭. જન્મ દિન વિશેષ : ૭ મે

**તળપદા સર્જક : પન્નાલાલ પટેલ**

**જન્મ – ૭ મે - ૧૯૧૨ અવસાન – ૭ ઓગષ્ટ - ૧૯૮૯**

- ✓ આજે સાહિત્યકારો રવીન્દ્રનાથ ટાગોર, ડેવિડ હ્યુમ અને આપણી ભાષાના સૌથી વધુ વંચાતા લેખકો પૈકીના એક પન્નાલાલ પટેલનો જન્મદિવસ.
- ✓ અંગ્રેજી ચોથું ધોરણ જ ભણેલા પન્નાલાલના સર્જનો લેખક થવાનો ઈજારો માત્ર પદવીધારીઓનો જ નથી તેનો જવાબ પન્નાલાલ આપે છે.
- ✓ પન્નાલાલનો જન્મ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના માંડલી ગામે.
- ✓ ઈડરની શાળામાં ઉમાશંકરના સહપાઠી રહેલા ચોથા સુધીનો અભ્યાસ કરી દારૂના ભઠ્ઠા પર અને અમદાવાદ ઇલેક્ટ્રિકસિટી બોર્ડમાં મીટર રીડર તરીકે પણ કામ કર્યું હતું
- ✓ સર્જક તરીકે પન્નાલાલની પ્રતિષ્ઠા 'મળેલા જીવ' થી બંધાણી.પછી તો ભાંગ્યાના ભેરુ, માનવીની ભવાઈ, વળામણાં, પાનેતરના રંગ, વાત્રકના કાંઠે, ના છૂટકે જેવા અનેક સર્જનો આપ્યા.
- ✓ કવિતા સિવાયના નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, ચરિત્રો વગેરેમાં ખેડાણ કર્યું.
- ✓ કાનજી અને જીવી, કાળું અને રાજુ જેવા તેમના પાત્રો તો આજે પણ ગુજરાતીઓને હૃદયસ્થ છે.
- ✓ વર્ષ-૧૯૮૫માં માનવીની ભવાઈ નવલકથા માટે જ્ઞાનપીઠ એવોર્ડથી તેમનું સન્માન થયું હતું. ઉપરાંત રણજિતરામ સુવર્ણચંદ્રક પણ મળ્યો હતો
- ✓ 7 ઓગસ્ટ 1989ના રોજ તેમનું અવસાન.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૫-૨૦૨૦)

1. તાજેતરમાં વર્ષ 2020ની સુપરમૂનની અંતિમ ખગોળીય ઘટના ભારતમાં ક્યારે જોવા મળી - **7 મે 2020 (બુદ્ધ પૂર્ણિમા)**
2. સુપરમૂન જેવી ઘટના સમયે ચંદ્ર પોતાના રોજિંદા આકાર કરતા કેટલા ટકા વધુ મોટો હોય છે - **06%**
3. "સુપરમૂન" એટલે શું - **પૃથ્વીથી સૌથી નજીકના અંતરે ચંદ્ર હોવાની ઘટના**
4. વિશાખાપટ્ટનમમાં આવેલી એલજી પોલીમર્સ ઈન્ડિયા કેમિકલ પ્લાન્ટમાં તાજેતરમાં કયો ઝેરી ગેસ લિકેજ થવાથી દુર્ઘટના સર્જાઇ હતી - **સ્ટિરિન**
5. સ્ટિરિન ગેસને અન્ય કયા નામે ઓળખાય છે - **એથનીલબેન્ઝિન**
6. એલજી પોલીમર્સ ઈન્ડિયા કેમિકલ પ્લાન્ટ મૂળ કયા દેશની કંપની છે - **દક્ષિણ કોરિયા**
7. સ્ટિરિન ગેસને ન્યુટ્રલાઈઝ કરવા વાપી-ગુજરાતમાંથી કયું ખાસ કેમિકલ મોકલાયું હતું- **PTBC**
8. PTBC એટલે શું - **પેરા-ટરટિયારી બ્યુટાઈલ કેટચોલ**
9. સ્ટિરિન ઝેરી ગેસ માનવના કયા અંગ ઉપર ગંભીર અસર કરે છે - **સેન્ટ્રલ નર્વ સિસ્ટમ, શ્રવણ ક્ષમતા અને માનસિક સંતુલન ઉપર અસર**
10. કોરોના મહામારીમાં વિવિધ દેશોમાં ફસાયેલા 15,000થી વધુ ભારતીયોને પરત લાવવા કેન્દ્ર સરકારે કયું મિશન લોન્ચ કર્યું - **"વંદે ભારત મિશન"**
11. ભારતીય હવામાન વિભાગે હવામાન ખાતાના બુલેટિનમાં તાજેતરમાં ભારતના હિસ્સા વાળા કયા નવા પ્રદેશો સમાવ્યા છે - **POK હેઠળના ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદ**
12. ભારતે જમ્મુ કાશ્મીર અને લદાખને અલગ કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કર્યા પછી તેના નવા નકશામાં ક્યાં ત્રણ જિલ્લા સામેલ કર્યા છે -**મુઝફ્ફરાવ, પુંચ અને મીરપુર**

13. મે 2020માં મહાત્મા ગાંધીજીના કયા પૌત્રવધૂનું 94 વર્ષે સુરત ખાતે નિધન થયું - **શિવાલક્ષ્મી**
14. શ્રી શિવાલક્ષ્મી એ મહાત્મા ગાંધીજીના કયા દીકરાના દીકરાના પૌત્રવધુ હતા - **ગાંધીજીના ત્રીજા નંબરના દીકરા રામદાસના પુત્ર શ્રી કનુભાઈના પત્ની**
15. મે 2020માં ગુજરાતમાં ધારી-ગીરના પૂર્વ વિસ્તારોમાં એશિયાઈ સિંહોમાં કયો જીવલેણ રોગચાળો જોવા મળ્યો છે - **બેબસીયા**
16. ગુજરાતી તળપદા સર્જક શ્રી પન્નાલાલ પટેલનો જન્મદિવસ જણાવો - **07 મે 1912**
17. પન્નાલાલ પટેલનો જન્મ ક્યાં થયો હતો - **માંડલી, ડુંગરપુર( રાજસ્થાન)**
18. પન્નાલાલ પટેલની અગત્યની કૃતિઓના નામ જણાવો- **મળેલા જીવ, માનવીની ભવાઈ, પાનેતરના રંગ, વાત્રકના કાંઠે, સુરભિ, ભાગ્યના ભેરુ, બંધાણી.....**
19. ગુજરાતી સાહિત્યકાર પન્નાલાલ પટેલને કયા વર્ષે "જ્ઞાનપીઠ એવોર્ડ"થી સન્માનિત કરાયા – **વર્ષ-1985**
20. ગુજરાતી સાહિત્યકાર પન્નાલાલ પટેલને વર્ષ ૧૯૮૫માં કયા સર્જન માટે "જ્ઞાનપીઠ એવોર્ડ" આપવામાં આવ્યો હતો – **માનવીની ભવાઈ નવલકથા**

**DATE : 08-05-2020**

## ૧. કવચ : સ્વદેશી PPE કિટ (સ્ટાર્ટ અપ)

**ગુજરાતની પ્રથમ પીપીઈ ઇક્વિપમેન્ટ 'કવચ' કિટ બનાવનાર જી.જી. હોસ્પિટલ-જામનગર**

- ✓ માન્યતા: SITRA (સાઉથ ઇન્ડિયન ટેક્સટાઇલ રિસર્ચ એસોસિયેશન)

**અન્ય વિગતો :**

- ✓ જામનગરની ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલના ડોક્ટરોએ પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ (પીપીઈ) કિટની અછત નિવારવા સ્ટાફ માટે 'કવચ' નામક ઈક્વિપમેન્ટસ તૈયાર કર્યા છે.
- ✓ જામનગરની જી.જી હોસ્પીટલ ૭૦૦ બેડની કોવિડ હોસ્પિટલ તરીકે કાર્યરત હોય ડોક્ટર અને અન્ય પેરામેડિકલ સ્ટાફ માટે આશરે ૨૦૦૦ જેટલી પીપીઈ કીટની આવશ્યકતા હોય છે.

**કિટની વિશેષતા :**

- ✓ કવચ સેટમાં મુખ્યત્વે ત્રણ વસ્તુઓ બનાવવામાં આવી છે. જેમાં
  (૧) આખા શરીર માટેનું હુડ સાથેનું સુટ, (૨) ગોઠણ સુધી લાંબા શૂ-કવર અને
  (૩) ચહેરા માટે ફેસ શિલ્ડ.
- ✓ આ સંપૂર્ણ સેટ નોનવોવન સ્પન બાઉન્ડ ૭૦+૨૦ જી.એસ.એમ. મટીરીયલ દ્વારા લેમિનેટેડ થયેલ છે.
- ✓ આ મટીરીયલને SITRA(સાઉથ ઇન્ડિયન ટેક્સટાઇલ રિસર્ચ એસોસિયેશન) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.
- ✓ કવચના બે પ્રકારના સેટનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. (૧) કવચ પ્લસ (૨) કવચ એન એક્સ
- ✓ કવચ પ્લસમાં આખા શરીર માટેનું હુડ સાથેનું સુટ, ગોઠણ સુધીના શૂ-કવર, ફેસશિલ્ડ અને ત્રીપલ લેયર માસ્કનો સમાવેશ થાય છે.
- ✓ જેની કિંમત આશરે રૂ. ૫૫૦થી વધુની છે.
- ✓ જ્યારે કવચ એન એક્સમાં આખા શરીર માટેનું હુડ સાથેનું સુટ, ગોઠણ સુધીના શૂ-કવર, ફેસશિલ્ડ અને એન-૯૫ માસ્ક અને બે જોડી સ્ટરિલાઈઝ થયેલ ગ્લવ્ઝનો સમાવેશ થાય છે,
- ✓ જેની કિંમત આશરે રૂ. ૮૫૦થી વધુની છે.

**ફાયદો :**

- ✓ કવચ કોવિડ બીમારી સામે કાર્યરત ડોક્ટરો માટે બનાવવામાં આવ્યું છે જેમાં સુરક્ષાના તમામ જરૂરી સ્તરોનું ધ્યાન રાખવામાં આવેલ છે.
- ✓ પહેરવા અને કાઢવામાં સરળ સાથે જ આ સંપૂર્ણ શરીર અને આંખને ઢાંકે છે. કવચમાં વાપરવામાં આવેલ મટીરીયલ કૃત્રિમ રક્ત પ્રવેશ માટે ચકાસવામાં આવેલ છે.
- ✓ હોસ્પિટલ દ્વારા આગામી દિવસોમાં એમ્બ્યુલન્સ સ્ટાફ અને પોલીસના સ્ટાફને પણ આ કીટ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

## ૨. વંદે ભારત મિશન (મદદ)

**કોરોના મહામારીમાં વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવાનું એર ઇન્ડિયા અને ભારતીય નૌકાદળનું વિશેષ અભિયાન**

પ્રથમ તબક્કો : તારીખ ૭મી મેથી ૧૩મી મે ૨૦૨૦

બીજો તબક્કો : ૧૫મી મેથી

### ૩. કૈલાસ-માનસરોવર યાત્રા (સુવિધા)

ઉત્તરાખંડમાં ૧૭,૦૦૦ ફુટની ઊંચાઈ પર લિપૂલેખ-ધારોચૂલા નવીન માર્ગનું ઉદ્ઘાટન

- ✓ લંબાઈ : ૮૦ કિલોમિટર
- ✓ **ફાયદો:** હવે ત્રણ સપ્તાહની યાત્રા એક સપ્તાહમાં પુર્ણ થશે
- ✓ સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ દ્વારા વીડિયો કોન્ફરન્સથી ઉદ્ઘાટન

### ૪. નવી નીતિ : નવા ઔદ્યોગિક પ્રોજેક્ટો - ગુજરાત સરકાર (ઉદ્યોગ)

**કુલ: ૧૨૦૦ દિવસમાં ગુજરાતમાં નવો ઉદ્યોગ શરૂ કરનારને શ્રમ કાયદામાં છૂટછાટ**

**અન્ય વિગતો**

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૮મી મે ૨૦૨૦ના રોજ જાહેર કર્યું છે કે, જે કોઈ કંપની તેનો નવો ઔદ્યોગિક પ્રોજેક્ટ ૧,૨૦૦ દિવસમાં કાર્યરત કરશે તેને મોટાભાગના તમામ શ્રમકાયદાઓની જોગવાઈમાંથી મુક્તિ અપાશે
- ✓ લોકડાઉનના કારણે સર્જાયેલી સમસ્યામાં રાજ્યમાં આર્થિક ગતિવિધિ વધે અને નવી રોજગારી સર્જાય તે માટે આ નિર્ણય લેવાયો છે.
- ✓ નવી કંપની અરજી કરે અને એને મંજૂરી મળે ત્યારથી માંડીને તે પ્રોડક્શન શરૂ કરે ત્યાં સુધી ૧,૨૦૦ દિવસ ગણાશે.

આ નવા પ્રોજેક્ટમાં શ્રમ કાયદાઓની ત્રણ છૂટછાટ નહીં અપાય

(૧) લઘુતમ વેતનધારો પાળવો પડશે (૨) ફેક્ટરીમાં સેફ્ટી સુરક્ષાના જે વર્તમાન કાયદા છે તેમાં કોઈ છૂટછાટ, ઢીલ નહીં અપાય અને

(૩) કામદારને ફેક્ટરીમાં અકસ્માત થાય, જેમાં એના કોઈ અંગને ઈજા થાય કે તેનું મૃત્યુ થાય તો જે હાલના કાયદામાં જોગવાઈ છે, તે મુજબ તેને વળતર આપવું પડશે.

- ✓ વર્તમાન જૂની ફેક્ટરીઓ ચાલુ હાલતમાં છે તેમને કોઈ શ્રમ કાયદાઓમાંથી છૂટછાટ મળશે જ નહીં એમણે તો બધા કાયદા પાળવા જ પડશે.

**નવા ઉદ્યોગો માટે ૧૫ દિવસમાં તમામ પરવાના**

- ✓ મુખ્યમંત્રીએ આવા જે નવા ઉદ્યોગો રાજ્યમાં આવે તેમને મંજુરીની બધી જ પ્રક્રિયા ઓનલાઇન કરીને માત્ર ૭ દિવસમાં જમીન ફાળવણી અને અન્ય જરૂરી પરવાનગીઓ ૧૫ દિવસમાં આપી દેવાની પણ સુચનાઓ આપી હતી.

### ૫.દિન વિશેષ : રેડક્રોસ ડે-થેલેસેમીયા ડે

**દર વર્ષે ૮મી મેના રોજ વિશ્વ રેડ ક્રોસ દિવસ મનાવવામાં આવે છે**

- ✓ રેડક્રોસના સ્થાપક હેનરી ડ્યૂનાંટની યાદમાં તેમના જન્મદિને સમગ્ર વિશ્વમાં આ દિવસ ઉજવાય છે.
- ✓ તેઓ શાંતિ માટેના નોબેલ પ્રાઈઝના પ્રથમ પ્રાપ્ત કર્તા હતા.

**પ્રથમ પ્રારંભ :**

- ✓ ૮મી મે ૧૯૪૮ના રોજ આ દિવસ પ્રથમ વખત ઉજવવામાં આવ્યો હતો

**હેતુ:**

- ✓ આ વાર્ષિક દિવસનો મુખ્ય હેતુ "આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ આંદોલન" ઉજવણી કરવાનો છે.
- ✓ આ સાથે આજે થેલેસેમીયાથી પીડાતા દર્દીઓને મદદરૂપ થવાના હેતુથી ઈન્ટરનેશનલ થેલેસેમીયા ડે પણ ઉજવાય છે.
- ✓ થેલેસેમિયા એ લોહીનો વારસાગત અને અસાધ્ય તેમજ અતિ ખર્ચાળ, પીડા દાયક, જાન લેવા રોગ છે.
- ✓ આ રોગો માતા-પિતાની અજાણતા રહી ગયેલી અજ્ઞાનતા તેમજ લગ્ન પહેલા ન કરાવેલા થેલેસેમીયા ટેસ્ટ ના હિસાબે બાળકોમાં જોવા મળે છે, જેથી બાળકો આ રોગ સાથે જ જન્મે છે.
- ✓ થેલેસેમીયા પીડીત બાળકોને જીવનભર (અતિ મર્યાદિત આયુષ્ય) દર મહિને બે થી ચાર વાર લોહી ચડાવવું પડે છે, મોંઘી દવાઓ લેવી પડે છે, ઇન્જેકશનો લેવા પડે છે.
- ✓ દર વર્ષે જરૂરિયાતવાળા લોકોને મદદ કરવાના હેતુથી અભૂતપૂર્વ યોગદાન આપનારા સ્વયંસેવકોને સમર્પિત કરવા માટે ઉજવવામાં આવે છે.
- ✓ રેડક્રોસ સોસાયટીનું મિશન પ્રેરણા, પ્રોત્સાહન આપવાનું છે જેથી બધા સમયે અને બધી રીતે માનવતાવાદી પ્રવૃત્તિઓ

શરૂ કરીને આરંભ કરવાનો ધ્યેય એટલો છે કે માનવીય પીડા ઘટાડી શકાય અને શાંતિપૂર્ણ વાતાવરણ બનાવી શકાય છે.

**રેડક્રોસ સોસાયટીના સાત સિદ્ધાંતો:**

1. માનવતા
2. નિષ્પક્ષતા
3. તટસ્થતા
4. સ્વતંત્રતા
5. સ્વૈચ્છિક સેવા
6. એકતા
7. સાર્વભૌમિકતા

## ૬. જન્મ દિન વિશેષ : ૮ મે

### (૧) ઠુમરીની રાણી : ગિરિજા દેવી

**જન્મ – ૮ મે - ૧૯૨૯ અવસાન – ૨૪ ઓક્ટોબર-૨૦૧૭**

- ✓ આજે ઈતિહાસકાર એડવર્ડ ગિબન અને ગિરિજાશંકર વલ્લભજી આચાર્ય, સ્વતંત્રતા સૈનિક માણેકલાલ ગાંધી તથા 'ઠુમરીના રાણી' તરીકે પ્રસિદ્ધ થયેલાં શાસ્ત્રીય સંગીતકાર ગિરીજાદેવીનો જન્મદિવસ.
- ✓ યુપીના વારાણસીમાં જમીનદાર પરિવારમાં જન્મેલાં ગિરિજાદેવીને સંગીતપ્રેમી કુટુંબે સંગીત સાધના માટે સાનુકૂળ વાતાવરણ આપ્યું હતું.
- ✓ સંગીતની ધૂનમાં એટલા તો મસ્ત બની જતાં કે રાંધતી વખતે હાથ દાઝી જતા.
- ✓ ગુરુ સરજુપ્રસાદ મિશ્ર પાસે સંગીતની તાલીમ લઈ 1949માં પહેલો કાર્યક્રમ અલ્હાબાદ રેડિયો પર આપ્યો. એ વખતે સ્ત્રીઓ જાહેર મંચ પર ગાઈન શકે જેવી જમાનાની રૂઢિચુસ્તતાનો તેમને સામનો કરવો પડ્યો.
- ✓ બનારસ ઘરાનાના આ ગાયિકાએ રાગ ધ્રુપદ, સદરા અને ઠુમરી તથા લોકસંગીતમાં હોરી, ચૈતી, કજરી અને ભજનમાં મહારથ હાંસલ કરી હતી.

**એવોર્ડ :**

પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, સંગીત અકાદમી પુરસ્કાર મહાસંગીત સન્માન એવોર્ડ, રાષ્ટ્રીય તાનસેન પુરસ્કાર વગેરેથી તેમનું સન્માન થયું હતું.

- ✓ 24 ઓક્ટો. 2017ના રોજ તેમનું અવસાન.

### (૨) ગુજરાતી સાહિત્યકાર : ધ્રુવ ભટ્ટ

- ✓ જન્મ તારીખ : ૮, મે- ૧૯૪૭,
- ✓ નિંગાળા, જિ. ભાવનગર

**કુટુમ્બ :**

- ✓ માતા – હરિસૂતા; પિતા – પ્રબોધરાય
- ✓ પત્ની – દિવ્યા ; પુત્ર – દેવવ્રત;
  પુત્રી – શિવાની

**વ્યવસાય :**

- ✓ એન્જિ. ઉદ્યોગમાં સેક્શન મેનેજર ( નિવૃત્ત)
- ✓ હાલમાં વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ, સંશોધન અને સર્જનાત્મક લખાણ

**સાહિત્ય સર્જન :**

- ✓ તેમની નવલકથાઓ 'સમુદ્રાન્તિકે', 'તત્વમસિ' અને 'અત્રપિ'ના વિવિધ ભાષાઓમાં અનુવાદ થયા છે અને તેમને વિવિધ એવોર્ડ મળ્યા છે.

'તત્વમસિ' નવલકથા ઉપરથી તાજેતરમાં ગુજરાતીમાં બનેલી ફિલ્મ રેવાને રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ મળ્યો હતો (રેવા-નર્મદાનું બીજુ નામ)

- ✓ કવિતા સંગ્રહ 'ગાય તેનાં ગીત'ને ગુજરાતી સાહિત્ય પરિષદનો એવોર્ડ મળ્યો છે.
- ✓ લેખન – કવિતા, વાર્તા, નાટક
- ✓ નવલકથા– ખોવાયેલું નગર, અગ્નિકન્યા, સમુદ્રાન્તિકે, તત્વમસિ, તિમીરપંથી, અત્રપિ, કર્મલોક, અકૂપાર, લવલી પાન હાઉસ
- ✓ કવિતા– શ્રુવન્તુ (ઓડિયો કેસેટ પણ ), ગાય તેનાં ગીત,

### (3) ચિન્મયાનંદ સરસ્વતી

- ✓ ભારત સહિત વિશ્વમાં ગીતા-ઉપનિષદનું જ્ઞાન વહેંચવા માટે ચિન્મય મિશનના 300થી વધુ કેન્દ્રની સ્થાપના કરનારા સ્વામી ચિન્મયાનંદજીનો જન્મ ૮મી મે- ૧૯૧૬માં કેરળના એર્નાકુલમ ખાતે થયો.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૫-૨૦૨૦)**

1. ગુજરાતની પ્રથમ સ્વદેશી પીપીઈ ઇક્વિપમેન્ટ કિટ કોણે બનાવી - **જી.જી. હોસ્પિટલ-જામનગરના ડોક્ટર્સ**
2. જી.જી. હોસ્પિટલ-જામનગર દ્વારા બનાવવામાં આવેલી ગુજરાતની પ્રથમ સ્વદેશી પીપીઈ ઇક્વિપમેન્ટ કિટને શું નામ અપાયું – **'કવચ'**
3. જી.જી. હોસ્પિટલ-જામનગર દ્વારા બનાવવામાં આવેલી ગુજરાતની પ્રથમ સ્વદેશી પીપીઈ ઇક્વિપમેન્ટ કિટને કોણે માન્યતા આપી - **SITRA**

4. SITRAનું વિસ્તૃત નામ જણાવો - **<u>સાઉથ ઇન્ડિયન ટેક્સટાઇલ રિસર્ચ એસોસિયેશન</u>**
5. ગુજરાતની પ્રથમ સ્વદેશી પીપીઈ ઇક્વિપમેન્ટ કિટ 'કવચ'ની મુખ્ય ત્રણ વિશેષતા જણાવો - **<u>(૧) આખા શરીર માટેનું હુડ સાથેનું સુટ, (૨) ગોઠણ સુધી લાંબા શૂ-કવર અને (૩) ચહેરા માટે ફેસ શિલ્ડ.</u>**
6. ગુજરાતની પ્રથમ સ્વદેશી પીપીઈ ઇક્વિપમેન્ટ કિટ 'કવચ'નું ક્યા બે પ્રકારના સેટનું ઉત્પાદન કરવામાં આવ્યું છે - **<u>(૧) કવચ પ્લસ (૨) કવચ એન એક્સ</u>**
7. કવચ પ્લસ કિટની અંદાજિત કિંમત જણાવો - **<u>રૂ. ૫૫૦</u>**
8. કવચ એક્સ કિટની અંદાજિત કિંમત જણાવો- **<u>રૂ. ૮૫૦</u>**
9. કોરોના મહામારીમાં વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવાનું એર ઇન્ડિયા અને ભારતીય નૌકાદળનું વિશેષ અભિયાનનું નામ જણાવો - **<u>વંદે ભારત મિશન</u>**
10. કોરોના મહામારીમાં વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા એર ઇન્ડિયા અને ભારતીય નૌકાદળનું વિશેષ વંદે ભારત મિશન અભિયાનનો પ્રથમ તબક્કાનો સમયગાળા જણાવો - **<u>તારીખ ૭મી મેથી ૧૩મી મે ૨૦૨૦</u>**
11. કોરોના મહામારીમાં વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા એર ઇન્ડિયા અને ભારતીય નૌકાદળનું વિશેષ વંદે ભારત મિશન અભિયાનનો બીજો તબક્કાનો સમયગાળા જણાવો - **<u>તારીખ ૧૫મી મેથી</u>**
12. મે-૨૦૨૦માં કૈલાસ-માનસરોવર યાત્રા માટે ઉત્તરાખંડમાં ૧૭,૦૦૦ ફુટની ઊંચાઈ પર કયા નવીન માર્ગનું ઉદ્ઘાટન કરાયું - **<u>લિપૂલેખ-ધારોચૂલા</u>**
13. કૈલાસ-માનસરોવર યાત્રા માટે ઉત્તરાખંડમાં ૧૭,૦૦૦ ફુટની ઊંચાઈ પર લિપૂલેખ-ધારોચૂલા નવીન માર્ગનું ઉદ્ઘાટન કરાયું તેની લંબાઈ જણાવો - **<u>૮૦ કિલોમિટર</u>**
14. કૈલાસ-માનસરોવર યાત્રા માટે ઉત્તરાખંડમાં લિપૂલેખ-ધારોચૂલા નવીન માર્ગનો ફાયદો જણાવો - **<u>ત્રણ સપ્તાહની યાત્રા એક સપ્તાહમાં પુર્ણ થશે</u>**
15. કૈલાસ-માનસરોવર યાત્રા માટે ઉત્તરાખંડમાં ૧૭,૦૦૦ ફુટની ઊંચાઈ પર નવીન લિપૂલેખ-ધારોચૂલા માર્ગનું ઉદ્ઘાટન કોના દ્વારા કરાયું - **<u>સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ દ્વારા વીડિયો કોન્ફરન્સથી</u>**
16. ગુજરાતમાં ૧૨૦૦ દિવસમાં નવો ઉદ્યોગ શરૂ કરનારને કયા કાયદામાં છૂટછાટ અપાઈ - **<u>શ્રમ કાયદા</u>**
17. ગુજરાતમાં ૧૨૦૦ દિવસમાં નવો ઉદ્યોગ શરૂ કરનારને નવા પ્રોજેક્ટમાં શ્રમ કાયદાઓની કઈ ત્રણ છૂટછાટ નહીં અપાય - **<u>(૧) લઘુતમ વેતનધારો પાળવો પડશે (૨) ફેક્ટરીમાં સેફ્ટી સુરક્ષાના જે વર્તમાન કાયદા છે તેમાં કોઈ છૂટછાટ, ઢીલ નહીં અપાય અને (૩) કામદારને ફેક્ટરીમાં અકસ્માત થાય, જેમાં એના કોઈ અંગને ઈજા થાય કે તેનું મૃત્યુ થાય તો જે હાલના કાયદામાં જોગવાઈ છે, તે મુજબ તેને વળતર આપવું પડશે.</u>**
18. ગુજરાતમાં જે નવા ઉદ્યોગો રાજ્યમાં આવે તેમને મંજુરીની બધી જ પ્રક્રિયા ઓનલાઇન કરીને માત્ર કેટલા દિવસમાં જમીન ફાળવણી અને અન્ય જરૂરી પરવાનગીઓ કેટલા દિવસમાં આપી દેવાશે – **<u>૭ અને ૧૫</u>**
19. દર વર્ષે ૮મી મેના રોજ કયો દિવસ મનાવવામાં આવે છે - **<u>રેડક્રોસ ડે-થેલેસેમીયા ડે</u>**
20. દર વર્ષે ૮મી મેના રોજ કોની યાદમાં રેડક્રોસ દિવસ ઉજવાય છે - **<u>રેડક્રોસના સ્થાપક હેનરી ડ્નટના જન્મદિનની યાદમાં</u>**
21. રેડક્રોસ ડેનો પ્રથમ પ્રારંભ જણાવો – **<u>તા. ૮ મે ૧૯૪૮</u>**
22. રેડક્રોસ દિવસ ઉજવવાનો હેતુ જણાવો- **<u>"આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ આંદોલન" ઉજવણી કરવા</u>**
23. 'કયા પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર 'ઠુમરીના રાણી' તરીકે ઓળખાય છે – **<u>ગિરીજા દેવી</u>**
24. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર ગિરીજા દેવીનો જન્મ દિવસ જણાવો - **<u>૮ મે - ૧૯૨૯</u>**
25. પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર ધ્રુવ ભટ્ટનો જન્મ દિવસ જણાવો - **<u>૮, મે- ૧૯૪૭</u>**,
26. ગુજરાતી ભાષાની 'સમુદ્રાન્તિકે', 'તત્વમસિ' અને 'અત્રપિ' નવલકથાના લેખકનું નામ જણાવો–**<u>ધ્રુવ ભટ્ટ</u>**
27. તાજેતરમાં ગુજરાતી ફિલ્મ રેવાને કયો મહત્વનો એવોર્ડ મળ્યો હતો - **<u>રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ</u>**
28. રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ રેવા કઈ નવલકથા પરથી બનાવવામાં આવી છે - **<u>'તત્વમસિ'</u>**
29. રેવાનું બીજુ નામ જણાવો – **<u>નર્મદા</u>**
30. ગુજરાતી કવિ ધ્રુવ ભટ્ટના કયા કવિતા સંગ્રહને ગુજરાતી સાહિત્ય પરિષદનો એવોર્ડ મળ્યો છે - **<u>'ગાય તેનાં ગીત'</u>**
31. ભારત સહિત વિશ્વમાં ગીતા-ઉપનિષદનું જ્ઞાન વહેંચવા માટે ચિન્મય મિશનના ૩૦૦થી વધુ કેન્દ્રની સ્થાપના કોણે કરી હતી - **<u>સ્વામી ચિન્મયાનંદજી</u>**

32. સ્વામી ચિન્મયાનંદજીનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો – **તા. ૮મી મે-૧૯૧૬ અને કેરળના એર્નાકુલમ**

DATE : 09-05-2020

**૧. કોરોના દરદી : કેન્દ્ર દ્વારા નવી ગાઈડલાઈન (આરોગ્ય)**

**અત્યંત ક્રિટીકલ દરદીને જ હોસ્પિટલમાંથી રજા આપતા પહેલાં કોરોના ટેસ્ટ કરાશે**

**ત્રણ પ્રકારના દરદીઓ**

**(૧) અત્યંત ગંભીર સ્થિતિના દરદી**

✓ કોરોના વાઇરસના સંક્રમણના ગંભીર દરદીઓ અને અન્ય ગંભીર બીમારી ધરાવતા કોરોનાના દરદીઓને આરટી - પીસીઆર ટેસ્ટ નેગેટિવ આવ્યા પછી જ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાશે.

**(૨) હળવું અથવા અત્યંત હળવું સંક્રમણ ધરાવતા દરદી**

✓ હળવા લક્ષણ સાથે હોસ્પિટલમાં દાખલ કરાયેલા દરદીનો તાવ અને હ્રદયના ધબકારા નિયમિત રીતે મપાશે.

✓ દરદીમાં 3 દિવસ સતત તાવ ન રહે અને લક્ષણ જોવા ન મળે ૧૦ દિવસ બાદ કોઈપણ પ્રકારના ટેસ્ટિંગ વિના હોસ્પિટલમાંથી રજા આપી દેવાશે.

✓ રજા બાદ દરદીએ ૭ દિવસ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે.

**(3) મધ્યમ કક્ષાનું સંક્રમણ ધરાવતા દરદી**

✓ જે દરદીઓમાં મધ્યમ કક્ષાનું સંક્રમણ હશે તેમના શરીરમાં તાવ અને ઓક્સિજનની કેટલી જરૂર છે તેના આધારે મોનિટર કરાશે.

✓ જો દરદીનો તાવ 3 દિવસમાં ઊતરી જશે અને ચાર દિવસ સુધી તેને કોઈ ઓક્સિજન સપોર્ટની જરૂર નહીં પડે તો તેને કોરોનાના લક્ષણ દૂર થયા પછીના ૧૦ દિવસમાં કોઈપણ પ્રકારના ટેસ્ટ વિના હોસ્પિટલમાંથી રજા આપી દેવાશે.

✓ આ પ્રકારના દરદીને ગાઇડલાઇન પ્રમાણે ૭ દિવસ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે.

✓ જેમનો તાવ 3 દિવસમાં ન ઊતરે અને સતત ઓક્સિજના પર રખાયેલા દરદીઓને પણ મોડરેટ કેટેગરીમાં ગણાશે.

✓ આવા દરદીમાં ક્લિનિકલ લક્ષણો સમાપ્ત થાય અને સતત 3 દિવસ સુધી ઓકિસજનની જરૂર ન પડે ત્યારબાદ જ હોસ્પિટલમાંથી કોઈપણ પ્રકારના ટેસ્ટ વિના રજા આપવામાં આવશે.

**૨. વર્લ્ડ વૉર-2 (ઈતિહાસ)**

**દ્વિતીય વિશ્વ યુદ્ધના ૭૫ વર્ષ પૂર્ણ –પ્લેટિનિયમ જયુબિલી :**

**યુદ્ધનો અંત : ૮મી મે-૧૯૪૫**

✓ નામ- વિક્ટરી ઈન યુરોપ

✓ વિકટરી દિવસની ૭૫મી વરસીએ યુ.કે.ના ક્વિન એલિજાબેથ-૨નો પ્રજાજોગ સંદેશો

**૩. શ્રીરામ જન્મભૂમિ તિર્થ ક્ષેત્ર ટ્રસ્ટ : અયોધ્યા (ધર્મ)**

**ટ્રસ્ટમાં દાન આપનારને 80-G હેઠળ આવકવેરામાં છૂટ**

✓ અયોધ્યામાં શ્રી રામ મંદિર નિર્માણ માટે બનેલા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને દાન આપનારાઓ માટે રાહત મળે એવું પગલું ભરાયું છે.

✓ સરકારે આ ટ્રસ્ટને દાન માટે અપાતા નાણાં પર ૮૦-જી હેઠળ આવક વેરામાં રાહત આપવાનો નિર્ણય કર્યો છે.

✓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટર ટેક્સીસ (સીબીડીટી) તરફ્થી તેની અધિસૂચના બહાર પડી છે.

**૪. કોરોના વાયરસ : ગુજરાત –**

**અમદાવાદની એક દિવસની મુલાકાતે આવેલા AIIMS દિલ્હીના ડાયરેક્ટર– તબીબી ડૉ. રણદિપ ગુલેરિયા**

**અન્ય તબીબ- ડૉ. મનીશ સુનેજા પણ જોડાયા**

✓ હેતુ: અમદાવાદ-ગુજરાતમાં વધી રહેલા કેસ અને મૃત્યુદરની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું

**૫. જન્મ દિન વિશેષ : ૯ મે**

**(૧) ભારત સેવક : ગોપાલ કૃષ્ણ ગોખલે**

**જન્મ – ૯ મે - ૧૮૬૬**

**અવસાન – ૧૯ ફેબ્રુઆરી - ૧૯૧૫**

✓ 'ભારતનો નાયક, મહારાષ્ટ્રનું ઘરેણું, શ્રમિકોનો રાજકુમાર અહીં પરલૌકિક વિશ્રામ ફરમાવી રહ્યો છે. તેઓ તરફ જુઓ અને તેમના જેવું આચરણ કરવાનો પ્રયાસ કરો'' આ વિધાનો વૈચારિક મતભેદો હોવા છતાં લોકમાન્ય તિલકે ગોપાલકૃષ્ણ ગોખલે વિશે કહ્યા હતા.

✓ આજે ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મદિવસ. મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના કોથાપુર ગામે જન્મેલા ગોખલેએ કોથાપુર અને મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

✓ મુંબઈમાં ન્યૂ ઈંગ્લિશ સ્કૂલમાં શિક્ષક થયા, ફર્ગ્યુસન કોલેજમાં પ્રધાનાચાર્ય વગેરે તેઓની વ્યવસાયી કારકિર્દી હતી.

✓ 1905માં કોંગ્રેસના પ્રમુખ પણ થયા હતા પણ તેમણે 1904માં 'ભારત સેવક સમાજ' સંસ્થા સ્થાપી.

✓ આ સંસ્થાના આશ્રયે સેંકડોની સંખ્યામાં ભારત સેવકો તૈયાર કર્યા.

✓ ભારત વિકાસની ચાવી શિક્ષણમાં જોતા ગોખલે ગુણવત્તાવાળા અંગ્રેજી પુસ્તકો પુષ્કળ વાંચતા.

✓ તેમના વિષે કહેવાતું કે ગોખલેએ જે પુસ્તક ન વાંચ્યું હોય તે પુસ્તક વાંચવા જેવું નહિ જ હોય.

✓ 19 ફેબ્રુઆરી 1915ના રોજ તેમનું અવસાન.

(૨) ગુજરાતી સાહિત્યકાર : ઈશ્વર પેટલીકર

✓ જન્મ તારીખ: ૯-૫-૧૯૧૬

✓ વતન : આણંદ

✓ મૃત્યુ: ૨૨-૧૧-૧૯૮૩

✓ નામ - ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ, 'ઈશ્વર પેટલીકર'

✓ નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, નિબંધકાર, પત્રકાર.

✓ જન્મ ચરોતરના પેટલાદ તાલુકાના પેટલી ગામમાં.

✓ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પેટલી, મલાતજ અને સોજિત્રામાં.

✓ ૧૯૩૫માં મેટ્રિક. વડોદરાની પુરુષ અધ્યાપનશાળામાં તાલીમ લઈ, ૧૯૩૮માં ઉત્તમ પદની પદવી મેળવી.

✓ ૧૯૪૪ સુધી નેદરા અને સાણિયાદની શાળામાં શિક્ષણકાર્ય અને સાહિત્યસર્જનનો આરંભ.

✓ આણંદથી પ્રકાશિત થતા 'પાટીદાર' અને 'આર્યપ્રકાશ'નું સંપાદન તથા લગ્નસહાયક કેન્દ્રનું સંચાલન.

✓ 'લોકનાદ', 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'સ્ત્રી', 'નિરીક્ષક' વગેરે પત્રો-સામયિકોમાં સામાજિક અને રાજકીય વિષયો ઉપર નિયમિત કટારલેખન.

✓ ૧૯૬૦થી અમદાવાદમાં સ્થાયી નિવાસ. પત્રકારત્વની સાથે સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધુ સક્રિય.

✓ ૧૯૬૧માં રણજિતરામ સુવર્ણચંદ્રક.

✓ ૧૯૮૩માં હૃદયરોગના હુમલાથી અવસાન.

**સાહિત્ય સર્જન :**

✓ નવલકથા તેમ જ ટૂંકી વાર્તાક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન છે.

✓ ગ્રામીણસમાજને એની પૂરેપૂરી લાક્ષણિકતાઓ સાથે નિરૂપતી નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓમાં જીવનનો વિશાળ અનુભવ, વૈવિધ્યભર્યાં પાત્રો અને પ્રસંગો, પાત્રોનું મનોવિશ્લેષણ, ગામડાની લોકબોલી, કહેવતો અને રૂઢિપ્રયોગોનો ઉચિત ઉપયોગ વગેરેને કારણે એમનું કથાસાહિત્ય હૃદ્ય અને લોકપ્રિય બન્યું છે.

✓ 'જન્મટીપ' નવલકથા અને 'લોહીની સગાઈ' ટૂંકીવાર્તાના લેખક તરીકે જાણીતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૫-૨૦૨૦)

1. કેન્દ્ર સરકારે કોરોના વાયરસના દર્દીઓ માટે તાજેતરમાં જાહેર કરેલ નવી ગાઇડલાઇન પ્રમાણે હોસ્પિટલમાંથી રજા આપતા પહેલા કેવા દર્દીઓનો જ કોરોના ટેસ્ટ કરવામાં આવશે-**અત્યંત ગંભીર (ક્રિટીકલ)**
2. કેન્દ્ર સરકારે કોરોના વાયરસના દર્દીઓ માટે તાજેતરમાં જાહેર કરેલ નવી ગાઇડલાઇન પ્રમાણે આ દર્દીઓને કયા કયા ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવ્યા - **1. અત્યંત ગંભીર 2. અત્યંત હળવું સંક્રમણ અને 3. મધ્યમ કક્ષાનું સંક્રમણ**
3. કેન્દ્રની નવી ગાઇડલાઇન પ્રમાણે અત્યંત હળવું સંક્રમણ ધરાવતા કોરોનાના દર્દીઓને સતત કેટલા દિવસ તાવ ન રહેતો કેટલા દિવસ બાદ ટેસ્ટ વિના રજા આપવામાં આવશે અને તેમને કેટલા દિવસ હોમ આઈસોલેશનમાં રહેવું પડશે- **10 દિવસ અને 7 દિવસ**
4. નવી ગાઇડલાઇન મુજબ કોરોનાના દર્દીઓને ત્રણ દિવસમાં તાવ ન ઉતરે અને સતત ઓક્સિજન પર રાખવા પડે તેને કઇ કેટેગરીમાં સામેલ કરાશે- **મોડરેટ**
5. તાજેતરમાં બીજા વિશ્વયુદ્ધના કેટલા વર્ષ પૂર્ણ થયા- **75 વર્ષ**
6. તાજેતરમાં બીજા વિશ્વયુદ્ધના 75 વર્ષ કઈ તારીખે પૂર્ણ થયા- **08.05.2020**
7. બીજા વિશ્વયુદ્ધના 75 વર્ષ પુર્ણ નિમિતે કોના દ્વારા બ્રિટનની દેશજોગ સંદેશો આપવામાં આવ્યો - **રાણી એલિઝાબેથ-2**
8. 75 વર્ષ પૂર્ણ થવાથી કઈ ઉજવણી કરવામાં આવે છે - **પ્લેટિનમ જ્યુબિલિ**
9. રામ મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટમાં દાન આપનારની રકમને કઈ કલમ હેઠળ આવક વેરામાંથી મુક્તિ અપાવશે- **80 G**
10. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદમાં કોરોના વાયરસના મુત્યુના કેસ વધતા તેની સમીક્ષા માટે કયા તજજ્ઞ ગુજરાત મુલાકાતે આવ્યા હતા – **AIIMS (દિલ્હી) ડાયરેક્ટર ડોક્ટર રણદીપ ગલેરિયા**

11. ભારત સેવક એવા "ગોપાલ કૃષ્ણ ગોખલે"નો જન્મદિવસ જણાવો- **9 મે 1866**
12. ભારતના નાયક એવા ગોપાલ કૃષ્ણ ગોખલેનો જન્મ ક્યાં થયો હતો- **કોથાપુર, મહારાષ્ટ્ર**
13. ગોપાલ કૃષ્ણ ગોખલે "ભારત સેવક સમાજ"ની સ્થાપના કયા વર્ષે કરી હતી- **1904**
14. ગુજરાતી સાહિત્યકાર ઈશ્વર પેટલીકરનો જન્મદિવસ જણાવો- **09.05.1916**
15. ગુજરાતી સાહિત્યકાર ઈશ્વર પેટલીકરનો જન્મ કયાં થયો હતો - **પેટલાદ તાલુકાના પેટલી ગામે**
16. ગુજરાતી સાહિત્યકાર ઇશ્વરભાઇ મોતીભાઈ પટેલનું ઉપનામ જણાવો- **"ઈશ્વર પેટલીકર"**
17. જન્મટીપ- નવલકથા અને લોહીની સગાઈ જેવી ટૂંકી વાર્તાના લેખક જણાવો- **ઈશ્વર પેટલીકર**
18. સાહિત્યકાર ઈશ્વર પેટલીકરને કયા વર્ષે "રણજિતરામ સુવર્ણચંદ્રક" એવોર્ડ અપાયો હતો- **1961**

DATE : 10-05-2020

## ૧. ઉદ્યોગોની સુરક્ષા માટે NDMA દ્વારા નવી ગાઈડલાઈન પ્રસિદ્ધ

ઉદ્યોગોને પ્રથમ સપ્તાહમાં ટ્રાયલ બેઝ પર કામ કરવા આદેશ

**દિશા-નિર્દેશ :**

**કામદારોની સુરક્ષા માટે ઔદ્યોગિક એકમો માટેના નિર્દેશો**

1. ફેક્ટરી પ્રિમાઇસિસમાં ૨૪ કલાક સેનિટાઇઝેશન થવું જોઇએ. ફેક્ટરીઓમાં વિશેષ કરીને લંચ રૂમ અને કોમન ટેબલ સહિતના કોમન એરિયામાં દર બેથી ત્રણ કલાકે સેનિટાઇઝેશન થવું જોઇએ. ટેબલના ઉપયોગ બાદ ડિસઇન્ફેક્ટન્ટથી સફાઇ થવી જોઇએ.
2. કોરોનાનો પ્રસાર અટકાવવા અને કામદારોની સુરક્ષા માટે તેમના રહેવાની વ્યવસ્થાનું સેનિટાઇઝેશન કરવું જોઇએ.
3. જોખમ ઘટાડવા માટે ચોક્કસ સાધનો પર કામ કરતા કર્મચારીઓને સેનિટાઈઝ કરવા જોઇએ.
4. વિચિત્ર અવાજ અથવા ગંધ, ખુલ્લા વાયર, વાઇબ્રેશન, લીક, ધુમાડો, અસામાન્ય વોબલિંગ સહિતના ભયજનક સંકેતો મળે તો તાત્કાલિક મરામત હાથ ધરવી અથવા કંપનીમાં કામ અટકાવી દેવું.
5. કામદારોનું ટેમ્પરેચર દિવસમાં બે વાર માપવું, કોરોનાનાં લક્ષણ દેખાય તેવા કામદારોએ ફરજ પર હાજર થવું નહીં. તમામ કર્મચારીઓને માસ્ક અને હેન્ડ સેનિટાઈઝર પૂરાં પાડવાં.
6. મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફના 33 ટકા કર્મચારી ફરજ પર હાજર રહે, તથા તેમાં કર્મચારીની પસંદગી કરતી વખતે પ્લાન્ટની ટેકનીકલ સેફટી માટે કામ કરતા કર્મચારીને પહેલી પ્રાથમિકતા આપવામાં આવે.

**પ્લાન્ટ શરૂ કરવા માટેની ગાઈડલાઈન**

1. મેન્યુફેક્ચરિંગ પ્રોસેસ માટે તમામ પ્રવૃત્તિઓ શરૂ કરતાં પહેલાં પ્લાન્ટનું સંપૂર્ણ સેફટી ઓડિટ કરવું.
2. કોઇપણ હોનારાત ન સર્જાય તે માટે પ્લાન્ટ શરૂ કરતાં પહેલાં તે જરૂરી તમામ ટાઇટનેસનું પાલન કરવામાં આવે.
3. સિસ્ટમને ઓપરેટિંગ ફ્લુઇડથી પ્રેશરાઈઝ કરીને તમામ લીકેજ ચેક કરવામાં આવે, એરલાઇનના લીકેજ સોપ સોલ્યુશન દ્વારા ચેક કરાય,
4. તમામ વેક્યૂમ સિસ્ટમના લીક ટેસ્ટ ફરજિયાત, જરૂરી વેક્યૂમ માટે સિસ્ટમમાંથી તમામ એર દૂર કરવામાં આવે.
5. તમામ માનવ સ્રોતો સાથે પ્રોડક્શન શરૂ કરતાં પહેલાં ટ્રાયલ ટેસ્ટિંગ કરી લેવામાં આવે.
6. ૨૪ કલાક એમએએચની ઇમર્જન્સી અને પ્રોફેશનલ ટેકનિકલ ટીમોની તહેનાતી સુનિશ્ચિત કરવામાં આવે .

✓ NDMA : નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (નવી દિલ્હી)

## ૨. કોરોના વાયરસ : નિર્ણય

દેશના ૧૦ રાજયના ૭૫ જિલ્લાઓમાં કોમ્યુનિટી ટ્રાન્સફર ચેક કરવા માટે ICMR કોરોના ટેસ્ટ કરશે

✓ આ સર્વે માટે એન્ઝાઈમ લિન્ક્ડ ઈમ્યૂનોસોરબન્ટ એસ્સે (ELISA) ટેસ્ટ કિટનો ઉપયોગ કરાશે

**કયા કયા રાજ્યોમાં ટીમ મોકલાશે**

✓ ગુજરાત, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ અને તેલંગણા.

✓ કોરોના વધુ સ્પેડ થયો છે તેવા ૭૫ જિલ્લાને પ્રાથમિકતા

**હેતુ :**

✓ કોરોનાના હોટસ્પોટ જિલ્લાને અલગ તારવીને ત્યાં કોરોના શા માટે વધુ ફેલાય છે અને તેની પેટર્ન શા માટે બદલાઈ

રહી છે તેનાં કારણો શોધવા અને કોરોનાને ડામવાનાં પગલાં લેવા આયોજન કરાયું.

## ૩. સન્માન : ઈઝરાયલના એક માર્ગને કવિવર ટાગોરનું નામકરણ

- ✓ રવિન્દ્રનાથ ટાગોરની 7 મે-2020ના રોજ 159મી જન્મજયંતિ નિમિત્તે તેલ અવીવ (ઈઝરાયલ)ના એક રસ્તાને ટાગોરનું નામ આપ્યું છે.
- ✓ ઈઝરાયલના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ માહિતી આપતા લખ્યું હતું કે, માનવીય જીવનમાં ટાગોરે આપેલા યોગદાન બદલ તેલ અવીવના એક રસ્તાને તેમનું નામ આપીને સન્માનિત કરાયા છે.

## ૪. દિન વિશેષ : વિશ્વ માતા દિવસ (વર્લ્ડ મધર્સ ડે)

**ખાસ : મે માસનો બીજો રવિવાર 'મા' દિવસ તરીકે**

મધર્સ ડે–માતૃ સ્મૃતિ અને માતૃ વંદનાનો દિવસ

- ✓ આ દિવસે સંતાનો પોતાની પ્રિય માતાને યાદ કરે છે અને અવનવા ગ્રીટિંગ કાર્ડ તેમ જ એને ગમતી કોઈ ભેટ-સોગાદ ખરીદીને આપવાનો રીવાજ છે.
- ✓ અન્ય પ્રકારે પણ આ દિવસે સંતાનો માતા પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે.

**મધર્સ ડે નો ટૂંકો ઇતિહાસ**

- ✓ મધર્સ ડેનો ટૂંકમાં ઇતિહાસ એવો છે કે ૧૯૦૯ની સાલમાં ૯મી મેના દિવસે અમેરિકાની મિસ એના જાર્વીસે જ્યારે એની વ્હાલી માંદી માતા ઘણાં વર્ષ પથારીવશ રહ્યા પછી મૃત્યું પામી ત્યારે મનમાં નક્કી કર્યું કે હું એવું કંઇક કરૂં કે આખું વિશ્વ મારી માતાને યાદ કરે.
- ✓ એના આ વિચારને સમર્થન મેળવવાના એના અથાક પ્રયત્નો પછી ૧૯૧૩માં સૌ પ્રથમ વાર પેન્સીલ્વેનીયા સ્ટેટમાં મધર્સ ડે ઉજવાયો હતો.
- ✓ ૧૯૧૪માં અમેરિકાના એ વખતના પ્રમુખ વુડ્રો વિલ્સને મે મહિનાની ૯મી તારીખે કાયદો પસાર કરી દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે નેશનલ મધર્સ ડે તરીકે ઉજવવા માટે કાયદેસર રીતે જાહેરાત બહાર પાડી હતી.
- ✓ ત્યારથી સમગ્ર અમેરિકામાં આ તારીખે મધર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ ભારતમાં પણ હવે મધર્સ ડે ની ઉજવણી શરુ થઇ ચુકી છે.
- ✓ ગુજરાતી સાહિત્યમાં સૌથી નાનો પણ સૌથી સુંદર શબ્દ જો કોઈ હોય તો એ છે "મા".
- ✓ આ શબ્દમાં કેટલા અર્થ સમાયા છે ! સ્વ.હરીન્દ્ર દવે એ સરસ કહ્યું છે. "મા કદી મરતી નથી. મા નો દેહ ન હોય ત્યારે એનું વ્હાલ હવાના કણમાં વીખરાઈને આલિંગન આપે છે. જેને પત્ર ન લખ્યો હોય છતાં જેની આંખોમાં લખવા ધારેલા પત્રનો જવાબ વંચાય તે મા."
- ✓ મા શોકમાં આશ્વાસન છે, દુઃખ અને દુર્બળતામાં એ આપણી આશા અને શક્તિપુંજ છે. પ્રેમ,કરુણા,સહાનુભૂતિ અને ક્ષમાશીલતાનો ઝરો છે.
- ✓ શિવાજીની માતા જીજીબાઈ અને મોહનદાસ ગાંધીની માતા પુતળીબાઈની જેમ દરેક માતા પોતાના સંતાનના જીવનમાં સંસ્કારોનું સિંચન કરીને અવિસ્મરણીય ભાગ ભજવતી હોય છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૫-૨૦૨૦)

1. ભારતમાં લૉકડાઉન બાદ ઉદ્યોગો અને કામદારોની સુરક્ષા માટે તાજેતરમાં કોના દ્વારા નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવી-**NDMA**
2. ભારતમાં લૉકડાઉન બાદ ઉદ્યોગો અને કામદારોની સુરક્ષા માટે પ્રથમ સપ્તાહમાં ટ્રાયલ બેઝ પર કામ કરવા તાજેતરમાં કોના દ્વારા નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવી-**NDMA**
3. ભારતમાં લૉકડાઉન બાદ ઉદ્યોગો અને કામદારોની સુરક્ષા માટે તાજેતરમાં NDMA દ્વારા નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવી છે જેમાં મેનેજમેન્ટ અને વહીવટી સ્ટાફના કેટલા ટકા કર્મચારીઓ હાજર રહેશે-**33%**
4. NDMAનું વિસ્તૃત નામ જણાવો- **નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી**
5. મે માસના બીજા રવિવારને વિશ્વમાં કયા દિવસ તરીકે ઉજવાય છે- **મધર્સ ડે**
6. ICMR દ્વારા દેશના કેટલા રાજ્યો અને જિલ્લાઓમાં કમ્યુનિટી ટ્રાન્સફર ચેક કરવા કોરોનાના ટેસ્ટ કરવામાં આવશે- **10 અને 75**
7. કમ્યુનિટી ટ્રાન્સફર ચેક કરવા કોરોનાના ટેસ્ટ કરવા માટે ICMR દ્વારા દેશભરમાં કઈ કીટનો ઉપયોગ કરવામાં આવશે- **ELISA**
8. ELISAનું વિસ્તૃત નામ જણાવો - **એન્ઝાઈમ લિન્કડ ઈમ્યૂનોસોરબન્ટ એસ્સે**
9. ICMR દ્વારા દેશના કયા કયા રાજ્યોમાં કમ્યુનિટી ટ્રાન્સફર ચેક કરવા કોરોનાના ટેસ્ટ કરવામાં આવશે- **ગુજરાત,**

**તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણા**

10. ઇઝરાઇલના તેલ અવીવ શહેરના એક માર્ગને તાજેતરમાં ક્યાં એક મહાન ભારતીય કવિવરનું નામ અપાયું - **ટાગોર માર્ગ**

11. તાજેતરમાં તા.7 મે 2020ના રોજ મહાન કવિવર રવિન્દ્રનાથ ટાગોરની કેટલામી જન્મ જયંતી ઉજવાઇ- **159મી**

12. સમગ્ર વિશ્વમાં મે માસના બીજા રવિવારને કયા દિવસ તરીકે ઉજવાય છે - **મધર્સ ડે**

13. "મધર્સ ડે"ની સૌપ્રથમ ઉજવણીનો પ્રારંભ કયા વર્ષે કયા દેશમાં થયો હતો- 1914- **અમેરિકા**

**DATE : 11-05-2020**

## ૧. સંશોધન : દેશનું પ્રથમ 'હોટ એર સીમ સિલીંગ' મશીન રાજકોટ ખાતે વિકસાવ્યું (સ્ટાર્ટઅપ)

- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આવા તબીબો-પેરામેડિકલ સ્ટાફની રક્ષા માટે ઉપયોગમાં લેવાતા પર્સનલ પ્રોટેકટીવ ઇકવીપમેન્ટ PPEને સ્પેશ્યલાઇઝડ ટેપથી સંપૂર્ણ સુરક્ષિત બનાવતા ભારતના સૌ પ્રથમ હોટ એર સીમ સિલીંગ મશીનનું લોચીંગ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંપન્ન કર્યુ હતું.

**કંપની અને વિગત :**

- ✓ રાજકોટની મેક પાવર સી.એન.સી. મશીન્સ લીમીટેડ દ્વારા "મેઇક ઇન ઇન્ડીયા-મેઇક ઇન ગુજરાત"ની નેમ સાથે આ મશીન રાજકોટ ખાતે નિર્માણ કરાયું.

**વિશેષતા :**

- ✓ PPE કિટ તૈયાર થાય ત્યારે તેની સિલાઇની સોય 2 MM એન દોરો લગભગ 0.5 MM સાઇઝનો હોય છે.
- ✓ આના પરિણામે કિટ પર રહી જતાં નાના-ઝીણા છીદ્રોમાંથી સંક્રમિત દર્દીના લોહી કે પ્રવાહીનો પ્રવેશ કીટમાં થાય તો સંક્રમિતની સારવાર કરતા તબીબ-પેરામેડિકલ સ્ટાફને પણ વાયરસના ચેપની અસર થઇ શકે છે.
- ✓ આવાં જે છીદ્રો PPE સુટ-કિટ પર રહી ગયેલા હોય તેને સીલ કરવાની અદ્યતન ટેકનોલોજી આ હોટ એર સીમ સિલીંગ મશીનના ઉપયોગથી સ્પેશ્યલાઇઝડ ટેપના માધ્યમથી રાજકોટની મેક પાવર સી.એન.સી. મશીન્સ લીમીટેડ દ્વારા વિકસાવવામાં આવી છે.
- ✓ PPE કિટમાં સિલાઇ પ્રક્રિયામાં જે છીદ્રો રહી ગયા હોય તેને આ ટેપના ઉપયોગથી સીલ કરીને PPE કિટ વાયરસનો પ્રતિકાર કરવા માટે વોટર એન્ડ એર પ્રુફ બનાવવામાં આવે છે.
- ✓ હાલમાં ચાયના-કોરિયાથી આયાત થતાં આવા મશીનની કિંમત પણ રૂ. ૭ થી ૮ લાખ અને ડિલીવરીનો સમયગાળો પણ ૧૨-૧૩ અઠવાડિયા થઇ જાય છે.
- ✓ આ સ્થિતીના નિવારણ માટે ભારતમાં આવા મશીન્સનું નિર્માણ ૫૦ ટકા ઓછી કિંમતે કરવામાં આવી રહ્યાં છે.
- ✓ માત્ર ૨૦ જ દિવસના ટૂંકાગાળમાં ૧૦૦ વ્યકિતઓ-કામદારોની ટીમે ૮૦ ટકા ઇન હાઉસ પાર્ટસ સાથે ભારતમાં સૌપ્રથમ હોટ એર સીમ સીલીંગ મશીનના ઉત્પાદનનું ગૌરવ રાજકોટને અપાવ્યું છે.
- ✓ ઇન્ડીયન મેડીકલ એસોસિયેશન રાજકોટ બ્રાન્ચના તબીબોના માર્ગદર્શન સાથે ખૂબ જ ટૂંકાગાળામાં તૈયાર થયેલા આવા ૨૦૦ હોટ એર સીમ સીલીંગ મશીન પ્રથમ બેચમાં તૈયાર કરવામાં આવ્યા છે.

## ૨. કોરોના દરદીઓ માટે કેન્દ્રની નવી ગાઈડલાઈન (આરોગ્ય)

- ✓ કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દરદીઓએ ૧૭ દિવસ હોમ આઈસોલેશનમાં રહેવું પડશે

**વિગતવાર માહિતી :**

- ✓ કોરોનાનાં ઘણા હળવા લક્ષણો ધરાવતા કે પ્રી સિમ્ફ્રોમેટિક દર્દીઓ તેમનાં પોતાનાં ઘરમાં જ આઇસોલેશનમાં રહીને કોરોનાની સારવાર લઈ શકશે.
- ✓ કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલય દ્વારા આ અંગે તા.૧૧મી મે-૨૦૨૦ના રોજ નવી ગાઇડલાઇન્સ જાહેર કરવામાં આવી હતી.
- ✓ જે મુજબ કોરોનાનાં હળવા લક્ષણો ધરાવતા દર્દીઓએ ૧૭ દિવસ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે.
- ✓ તેમને છેલ્લા ૧૦ દિવસમાં તાવ ન આવ્યો હોય તો જ ૧૭ દિવસ પછી હોમ આઇ સોલેશનમાંથી મુક્તિ મળશે.

- ✓ હોમ આઇસોલેશન પૂરું થયા પછી દર્દીએ ફરી કોરોનાનો ટેસ્ટ કરાવવાનો રહેશે નહીં.
- ✓ હોમ આઇ સોલેશનનાં નિયમોનું પાલન કરવા દર્દીએ બાંયધરી આપવી પડશે.
- ✓ હોમ આઇસોલેશનવાળા દર્દીને શરૂઆતમાં પ્રાથમિક લક્ષણો દેખાય ત્યારથી ૧૭ દિવસ હોમ આઇસોલેશનમાં રહેવું પડશે.
- ✓ પ્રી સિપ્ટોમેટિક કેસોમાં સેમ્પલ ટેસ્ટથી ૧૭ દિવસ ગણવાનાં રહેશે.
- ✓ આ અગાઉ આરોગ્ય મંત્રાલયે ૨૭ એપ્રિલે બહુ હળવા લક્ષણો ધરાવતા કે પ્રી સિમ્પ્ટોમેટિક દર્દીઓને આઇ સોલેશનમાં રહેવા પરવાનગી આપી હતી.
- ✓ હવે હોમ આઇ સોલેશનવાળા દર્દી અને તેમની દેખભાળ રાખનાર બંનેએ નિયમોનું પાલન કરવું પડશે.
- ✓ દર્દીની દેખભાળ રાખનાર અને સંપર્કમાં આવનાર લોકોએ ડોક્ટરની સલાહ મુજબ હાઇડ્રોક્સિક્લોરોક્વિન લેવાની રહેશે કે બીજી દવાઓ લેવાની રહેશે.
- ✓ મોબાઇલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલૉડ કરવાની રહેશે.
- ✓ વિશ્વમાં કોરોનાનાં અત્યાર સુધીનાં અનુભવ મુજબ કોરોનાનાં ૮૦ ટકા કેસ હળવા લક્ષણોવાળા છે, જ્યારે ૨૦ ટકા કેસમાં જ ગંભીર લક્ષણો જણાયા છે.

**૩. શિયાન H-20 (સંરક્ષણ)**

- ✓ ચીન દ્વારા વિકસાવવામાં આવેલું સ્ટીલ્થ સુપર સોનિક બોમ્બર વિમાન

**વિશેષતા :**

- ✓ પરમાણુ બોમ્બથી સજ્જ મિસાઈલ

**મારક ક્ષમતા – વિસ્તાર**

- ✓ રેન્જ–૮૫૦૦ કિ.મી.
- ✓ હવા, જમીન અને પાણીમાં માર કરવા સક્ષમ
- ✓ રડારમાં નહીં પકડાય

**૪. ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૧૯૬૩ : રાજ્ય સરકાર દ્વારા મહત્વનો ફેરફાર કરતો વટહુકમ (કૃષિ-વેપાર)**

**હેતુ:**ખેડૂતોને સ્પર્ધાત્મક ભાવ મળી રહે તે માટે

**APMC એક્ટમાં મહત્વના ફેરફાર**

- ✓ APMC દ્વારા માર્કેટ યાર્ડની બહાર વેચવા પર કોઈ નિયમન ન હોવાથી તેઓ કોઈ સેસ વસૂલી શકશે નહીં
- ✓ ખાનગી માર્કેટ યાર્ડ સ્થાપી શકાશે.
- ✓ હવે તમામ વેપારીઓના લાઈસન્સ રાજ્યવ્યાપી ગણાશે. હવેથી કોઈ મંડી-બજાર માટે લાઈસન્સ ઈસ્યુ કરાશે નહીં.
- ✓ કોઈપણ ટ્રેડર રાજ્યમાં ગમે ત્યાં ખરીદ અને વેચાણ કરી શકશે.
- ✓ તમામ હયાત લાઈસન્સ ધારકોને ૬ મહિનામાં યુનિફાઈડ લાઈસન્સમાં તબદીલ કરાશે.
- ✓ ખેડૂતોને એક જ દિવસમાં પેમેન્ટ ચૂકવવા જોગવાઈ
- ✓ શાકભાજી-ફળો ઉપર કોઈ જ નિયંત્રણ નહીં

**૫. નિમણૂક : PCIના અધ્યક્ષ તરીકે પેરાલિમ્પિક ખેલાડી શ્રી દીપા મલિકની નિમણૂક (ખેલકૂદ)**

**કારકિર્દી :** રમત : ગોળાફેક

**મળેલા સન્માનો :**

- ✓ પેરાલિમ્પિક રમતોત્સવ-2016માં સિલ્વર મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા
- ✓ અર્જુન એવોર્ડ - 2012 પદ્મશ્રી - 2017
- ✓ ખેલ રત્ન એવોર્ડ-2019 મેળવનાર પ્રથમ મહિલા પેરા એથ્લિટ
- ✓ મોટર સ્પોર્ટ્સ ક્લબ ઓફ ઈન્ડિયા તરફથી ઓફિશિયલ રેલી લાઈસન્સ મેળવનારી દેશની પ્રથમ દિવ્યાંગ હતી.
- ✓ દેશની સૌથી મુશ્કેર કાર રેલી રેડ ડિ હિમાલયા અને ડેઝર્ટ સ્ટ્રોર્મમાં ભાગ લઈ ચૂકી છે.
- ✓ PCI : પેરાઓલિમ્પિક કમિટી ઓફ ઈન્ડિયા

**૬. ગિફ્ટ સિટી : ગાંધીનગર એશિયાના પ્રથમ નેશનલ સ્ટોક ફોરેન એક્સચેન્જ ખાતે ફોરેન કરન્સી એક્સચેન્જ સેન્ટરનો પ્રારંભ (અર્થતંત્ર)**

- ✓ નાણામંત્રી શ્રી નિર્મલા સિતારમણ દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રારંભ

**કામગીરી :**

- ✓ આ એક્સચેન્જમાં ભારતીય નાણાં સહિત યુએસએ પાઉન્ડ, કેનેડિયન ડોલર, ઓસ્ટ્રેલિયન ડોલરમાં ટ્રેડિટ, ડેરિવેટિવ્સ, ફ્યૂચર અને ઓપ્શનનું કામકાજ થઇ શકશે.
- ✓ અત્યાર સુધી આવા વ્યવહારો માટે ભારતીઓએ સિંગાપોર અથવા તો અમેરિકાના એક્સચેન્જની મદદ લેવી પડતી હતી.

**રોજગારી :**

- ✓ ગિફ્ટ સિટીમાં આ એક્સચેન્જ શરૂ થતા 30થી 40 મોટી કંપનીઓ ગાંધીનગરમાં આવશે અને તેના કારણે 8થી 10 હજાર લોકોને નવી રોજગારી મળશે.

## ૭. વૈશ્વિક વિવાદ : ચીન (વિદેશ નીતિ)

- ✓ ભારતથી 684 કિલોમીટરના અંતરે ચીને હિંદ મહાસાગરમાં કૃત્રિમ ટાપુ બનાવવાનું કામ શરૂ કર્યું
- ✓ કારણ: ચીન દ્વારા હિંદ મહાસાગરમાં પોતાની પકડ જમાવવા
- ✓ ભારતથી ૬૮૪ કિલોમીટરના અંતરે માલદિવ્સની જળસીમામાં ચીને કૃત્રિમ ટાપુ બનાવવાનું કામ શરૂ કર્યું છે. ઓપન સોર્સ ઈન્ટેલિજન્સ એનાલિસ્ટ ડીટ્રેસ્ફા સેટેલાઈટ ઈમેજના આધારે આ ખુલાસો થયો હતો. સેટેલાઈટ ઈમેજમાં જણાતું હતું એ પ્રમાણે ચીને માલદિવ્સની નજીક અને ભારતથી ૬૮૪ કિલોમીટર દૂર ટાપુ બનાવવાનું શરૂ કર્યું છે.
- ✓ ચીને ૨૦૧૬માં જ આ વિસ્તારવાદી નીતિનો પાયો નાખી દીધો હતો. માલદિવ્સના ભારત વિરોધી પૂર્વ પ્રમુખ અબ્દુલ્લા યામીન પાસેથી ૨૦૧૬માં ચીની કંપનીઓએ ૧૬ ટાપુ લીઝથી ખરીદ્યા હતા. હવે ચીન આ ટાપુઓની નજીક મોટા પાયે કૃત્રિમ ટાપુ બનાવીને હિંદ મહાસાગરમાં તેની શક્તિ વધારવાની પેરવી કરી રહ્યું છે.
- ✓ નિષ્ણાતોએ એવી શક્યતા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં ચીન આ ટાપુ ઉપર સૈન્યબળ કે હથિયારો તૈનાત કરીને ભારતને ઘેરવાની કોશિશ કરશે. ચીને માલદિવ્સને કરજમાં ડૂબાડી દીધું છે અને હવે તેનો ફાયદો લેવાનું શરૂ કર્યું છે. વૈશ્વિક સ્તરે પક્કડ મજબૂત બનાવવા ચીને નાના દેશોને પોતાની જાળમાં ફસાવ્યા છે. એમાં માલદિવ્સનો પણ સમાવેશ થાય છે. ૯૦ હજાર વર્ગ કિલોમીટરમાં ફેલાયેલા માલદિવ્સને ડ્રેગને ભરડામાં લીધું છે.

## ૮. દિન વિશેષ : ૧૧ મે    રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ

**કોની યાદમાં ?**

- ✓ તત્કાલીન વડાપ્રધાન-શ્રી અટલ બિહારી બાજપેઈના નેતૃત્વમાં ભારતે વર્ષ-૧૯૯૮માં પોખરણમાં કરેલું બીજું અણુ પરીક્ષણ
- ✓ મુખ્ય વૈજ્ઞાનિક - ડૉ. અબ્દુલ કલામ
- ✓ નામ- ઓપરેશન શક્તિ
- ✓ **થીમ-૨૦૨૦ : 'Rebooting the Economy through Science, Technology and Research Translations titled RESTART'.**
- ✓ મંત્રાલય: સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ

## ૯. જન્મ દિન વિશેષ : ૧૧ મે

## તસવીરકળાના કસબી : જગન મહેતા

**જન્મ : ૧૧ મે - ૧૯૦૯   અવસાન : ૧૦ ફેબ્રુઆરી - 2003**

- ✓ આજે પ્રસિદ્ધ દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિ અને તસવીરકળાના કસબી એવા જગન મહેતાનો 111મો જન્મદિવસ.
- ✓ <u>વિરમગામમાં જન્મેલા જગન મહેતાએ કલાગુરૂ રવિશંકર રાવળના સાંનિધ્યમાં તસવીર કળા</u>માં પ્રસ્થાન કર્યું.
- ✓ ફોટોગ્રાફીનું કામ શીખવા જર્મની પણ ગયા હતા પણ નાદુરસ્ત તબિયતને કારણે સ્વદેશ પરત આવ્યા.
- ✓ જર્મનીમાં સુભાષચંદ્ર બોઝને પણ મળ્યા હતા.
- ✓ સ્વદેશ પરત ફરી અહીં જ વિવિધ સંસ્થા અને જાત અનુભવોના આધારે ફોટોગ્રાફીમાં પારંગત થયા હતા.
- ✓ જગનભાઈએ ભારતભરના તીર્થસ્થાનો અને કુદરતી સૌંદર્યવાળા સ્થાનોને પોતાની આગવી સૂઝ અને સમજથી કેમેરામાં કેદ કર્યા હતા.
- ✓ તેઓએ <u>ગાંધીજીની બિહાર શાંતિયાત્રાથી લઈ ગુજરાતના ગ્રામીણ અને આદિવાસી જનજીવનની તસવીરો કચકડે કંડારી હતી</u>.
- ✓ જગન મહેતાએ 1978થી 1986 દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ગુજરાતી સારસ્વતોના ફોટોગ્રાફ્સ તૈયાર કર્યા હતા.
- ✓ વર્ષ 2003માં તેમનું અવસાન થયું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૫-૨૦૨૦)</u>

1. 'મેઈક ઇન ઇન્ડિયા' અંતર્ગત PPE કીટને ખાસ ટેપથી સંપૂર્ણ સુરક્ષિત બનાવતું ભારતનું સૌપ્રથમ "હોટ એર સીમ સિલિંગ મશીન" કયા શહેરમાં વિકસાવવામાં આવ્યું - **રાજકોટ**
2. PPE કીટને ખાસ ટેપથી સંપૂર્ણ સુરક્ષિત બનાવતું ભારતનું સૌપ્રથમ "હોટ એર સીમ સિલિંગ મશીન" કઈ કંપની દ્વારા વિકસાવવામાં આવ્યું - **મેક પાવર સી.એન.સી મશીન્સ લિમિટેડ**
3. "હોટ એર સીમ સિલિંગ મશીન"ની PPE કિટના સંદર્ભમાં વિશેષતા જણાવો- **કિટમાં સિલાઈ પ્રક્રિયામાં જે છીદ્રો રહી ગયા હોય તેને આ ટેપના ઉપયોગથી સીલ કરીને વાયરસ પ્રતિકાર માટે વોટર એન્ડ એર પ્રૂફ બનાવવામાં આવે છે**
4. PPE કિટ તૈયાર કરવા"હોટ એર સીમ સિલિંગ મશીન" અત્યારે કયા દેશ પાસેથી મંગાવવામાં આવે છે- **ચાઇના અને કોરિયા**

5. કેન્દ્રના આરોગ્ય મંત્રાલયની 11 મેની નવી ગાઇડલાઇન મુજબ કોરોનાના હળવા લક્ષણો ધરાવતાં દર્દીઓને કેટલા દિવસ સુધી હોમ આઈસોલેશનમાં રહેવું પડશે - **17 દિવસ**
6. કેન્દ્રના આરોગ્ય મંત્રાલયની 11 મેની નવી ગાઇડલાઇન મુજબ કોરોનાના હળવા લક્ષણો ધરાવતાં દર્દીઓને કેટલા દિવસ સુધી તાવ ન આવ્યો હોય તો 17 દિવસ બાદ હોમ આઈસોલેશનમાંથી મુક્તિ મળશે- **10**
7. વિશ્વમાં કોરોનાના અત્યાર સુધીના અનુભવ મુજબ કેટલા ટકા કેસ હળવા લક્ષણોવાળા છે- **80%**
8. તાજેતરમાં "શિયાન H-20" સ્ટીલ્થ સુપરસોનિક બોમ્બર વિમાન કયા દેશ દ્વારા તૈયાર કરાયું - **ચીન**
9. તાજેતરમાં ચીન દ્વારા તૈયાર કરાયેલ "શિયાન H-20" સ્ટીલ્થ સુપરસોનિક બોમ્બર વિમાનની રેન્જ જણાવો- **8500 કિ.મી.**
10. ગુજરાતના ખેડૂતોને તેમના ઉત્પાદનના સ્પર્ધાત્મક ભાવ મળી રહે તે માટે કયા વર્ષના"ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ"માં સુધારો કરી વટહુકમ બહાર પાડવામાં આવ્યો - **વર્ષ 1963**
11. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા APMC એક્ટમાં કયા મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે - **તમામ વેપારીઓના લાઈસન્સ રાજ્યવ્યાપી ગણાશે, કોઈ મંડી-બજાર માટે લાઈસન્સ ઈસ્યુ કરાશે નહીં, કોઈપણ ટ્રેડર રાજ્યમાં ગમે ત્યાં ખરીદ અને વેચાણ કરી શકશે, તમામ હયાત લાઈસન્સ ધારકોને ૬ મહિનામાં યુનિફાઈડ લાઈસન્સમાં તબદીલ કરાશે.**
12. તાજેતરમાં ખેલકૂદ સંબંધિત PCIના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી – **પૂર્વ પેરાલિમ્પિક ખિલાડી દીપા મલિક**
13. પેરાલિમ્પિક રમતોત્સવ 2016માં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ખિલાડી-**દીપા મલિક**
14. દીપા મલિકને કયા વર્ષે "રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ" એનાયત કરાયો હતો- **2019**
15. PCIનું વિસ્તૃત નામ જણાવો - **પેરાઓલિમ્પિક કમિટી ઓફ ઇન્ડિયા**
16. પેરાલિમ્પિક ખિલાડી દીપા મલિકની રમત જણાવો- **ગોળા ફેંક**
17. પેરાલિમ્પિક ખિલાડી દીપા મલિકને ક્યારે અર્જુન એવોર્ડ અને પદ્મશ્રી અપાયો - **2012 અને 2017**
18. મે 2020માં નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા વીડિયો કોન્ફરન્સથી એશિયાના સૌપ્રથમ ફોરેન કરન્સી એક્સચેન્જ સેન્ટરનો પ્રારંભ ક્યાં કરવામાં આવ્યો- **ગિફ્ટ સિટી, ગાંધીનગર**
19. એશિયાના સૌપ્રથમ ફોરેન કરન્સી એક્સચેન્જ સેન્ટરમાં ભારતીય નાણા સહિત કયા દેશોની કરન્સી એક્સચેન્જનું કામ થઈ શકશે-**યુ.એસ.એ., કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે**
20. તાજેતર મે-૨૦૨૦માં ચીને ભારતથી ૬૮૪ કિલોમીટરના અંતરે કયા દેશની જળસીમામાં કૃત્રિમ ટાપુ બનાવવાનું કામ શરૂ કર્યું – **માલદિવ્સ**
21. તાજેતર મે-૨૦૨૦માં ચીને કયા કારણોસર માલદિવ્સની જળસીમામાં કૃત્રિમ ટાપુ બનાવવાનું કામ શરૂ કર્યું - **હિંદ મહાસાગરમાં પોતાની પકડ જમાવવા**
22. તાજેતરમાં 11 મેના રોજ ભારતમાં કયો દિવસ ઉજવવામાં આવ્યો - **રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ**
23. "રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ" 2020ની થીમ જણાવો- **'Rebooting the Economy through Science, Technology and Research Translations titled RESTART'.**
24. ભારતમાં કઈ ઘટનાની યાદમાં "રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ"ઉજવવામાં આવે છે - **ભારતે વર્ષે 1998માં વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં પોખરણ ખાતે કરેલું બીજું અણુ પરીક્ષણ**
25. ભારતે વડાપ્રધાન અટલ બિહારી બાજપેયી અને વૈજ્ઞાનિક ડોક્ટર અબ્દુલ કલામના નેતૃત્વમાં કરેલા બીજા અણુ પરીક્ષણને કયું નામ આપવામાં આવ્યું હતું - **ઓપરેશન શક્તિ**
26. પ્રસિદ્ધ ગુજરાતી જગન મહેતાનો જન્મદિવસ જણાવો- **11 મે 1909**
27. ગુજરાતી જગન મહેતાનું ક્ષેત્ર જણાવો – **તસવીર કળાના કસબી**

DATE : 12-05-2020

૧. આત્મનિર્ભર ભારત અભિયાન : ભારત સરકાર (આર્થિક)

**જાહેરાત:** કોરોના સામે જંગ જીતવા કેન્દ્ર સરકાર દ્વારા અત્યારસુધીનું સૌથી મોટું રૂ. ૨૦ લાખ કરોડનું આર્થિક પેકેજ જાહેર




**પેકેજની વિશેષતાઓ**

✓ લેન્ડ, લેબર, લિક્વિડિટી અને લોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલું આત્મ નિર્ભરતાનું પેકેજ દેશના GDPના ૧૦ ટકા જેટલું રહેશે

**ભારતની આત્મનિર્ભરતાના પાંચ પિલર્સ**

1. **ઈકોનોમી:** એક એવી ઈકોનોમી જે ઈન્ક્રીમેન્ટલ ચેન્જ નહીં પણ ક્વોન્ટમ જમ્પ લાવે.
2. **ઈન્ફ્રાસ્ટ્રક્ચર:** એક એવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જે આધુનિક ભારતની ઓળખ બને.
3. **સિસ્ટમ:** એક એવી સિસ્ટમ જે વિતેલી સદીના રીતે નહીં પણ ૨૧મી સદીની ટેક્નોલોજી ડ્રિવન વ્યવસ્થા ઉપર આધારિત હોય.
4. **ડેમોગ્રાફી:** દુનિયાની સૌથી લોકશાહીની ડેમોગ્રાફી આત્મનિર્ભર ભારત માટે આપણી ઊર્જાનો સ્રોત હોય.
5. **ડિમાન્ડ:** તેના માંગ-ચક્ર અને તેની તાકાતનો ઉપયોગ કરવાની હવે જરૂર છે.

**કોના માટે આર્થિક પેકેજ**

✓ કરોડો લોકોની રોજગારી એવા કુટિર, ગૃહ, લઘુ ઉદ્યોગ, એમએસએમઇ માટે

✓ દરેક ઋતુમાં દેશવાસીઓ માટે દિવસ રાત મહેનત કરતા ખેડૂત અને શ્રમિક માટે

✓ ઇમાનદારીથી ટેક્સ આપીને દેશના વિકાસમાં યોગદાન આપતા મધ્યમવર્ગ માટે

✓ ભારતને આર્થિક બુલંદી પર લઇ જવા માટે પ્રતિબદ્ધ ઉદ્યોગ જગત માટે

✓ LOCAL માટે VOCAL બનો તેમજ LOCALથી ગ્લોબલ માટે વડાપ્રધાન મોદીનું સ્વદેશી અપનાવવા નાગરિકોને આહ્વાન

✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

૨. સદભાવના એમ્બેસેડર : UNO (પર્યાવરણ)

**સંયુક્ત રાષ્ટ્રના 'બીટ ધ પોલ્યુશન' અભિયાનના ભારતના સદભાવના એમ્બેસેડર તરીકે અભિનેત્રી દિયા મિર્ઝાના કાર્યકાળને વર્ષ-૨૦૨૨ સુધી લંબાવાયો**

✓ દિયા મિર્ઝાએ 'બીટ ધ પોલ્યુશન' અભિયાનમાં સક્રિય ભાગ લીધો હતો. તેમણે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી, પરિપત્ર ફેશન અને યુએનપીના અન્ય અભિયાનમાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

✓ 'બીટ ધ પ્રદૂષણ' અભિયાનના ભાગ રૂપે ૨૦૨૨ સુધીમાં ભારત સિંગલ યુઝ પ્લાસ્ટિકથી સંપૂર્ણપણે મુક્ત થવાનું કામ થઇ રહ્યું છે.

૩. PPE કિટ : ભારતીય નૌકાદળ (આરોગ્ય)

✓ ભારતીય નૌકાદળ દ્વારા તાજેતરમાં ડિઝાઇન અને ઉત્પાદિત વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો (પીપીઇ)ને મોટા પ્રમાણમાં ઉત્પાદન અને ક્લિનિકલ ઉપયોગ માટે પ્રમાણિત કરવામાં આવ્યું છે.

**કોના દ્વારા વિકસાવાયું :**

✓ આ પીપીઇને ઇનોવેશન સેલ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ નેવલ મેડિસિન, મુંબઇ અને નેવલ ડોકયાર્ડ મુંબઇની ટીમે વિકસિત કરી છે.

✓ આઈ.એન.એમ.એસ. (ન્યુક્લિયર મેડિસિન અને સંલગ્ન વિજ્ઞાન સંસ્થા) દિલ્હીએ આ પી.પી.ઇ.નું પરીક્ષણ અને પ્રમાણપત્ર લીધું

૪.વંદે ભારત મિશન-2.0 : બીજો તબક્કો (મદદ)

✓ સમયગાળો : તા. ૧૬મી મેથી ૨૨મી મે-૨૦૨૦ સુધી)

✓ મદદ : ૩૧ દેશોમાં ફસાયેલા ભારતીયો માટે ૧૪૯ ફ્લાઈટ્સ મોકલાશે

૫. ભારતીય ટ્વિટર એકાઉન્ટ (વિદેશ નીતિ)

✓ નામ: ગિલગીટ-બાલ્ટિસ્તાન, લદ્દાખ (UT) ભારત

✓ ટ્વિટર એકાઉન્ટના પ્રોફાઈલ પિકચરમાં 'સત્યમેવ જયતે'ની મુદ્રા અને ત્રિરંગાની ઈમેજ

૬. દિન વિશેષ : ૧૨ મે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ

થીમ-૨૦૨૦ : **Nurses: A Voice to Lead – Nursing the World to Health, demonstrates how nurses are central to addressing a wide range of health challenges.**

- ✓ **પ્રથમ નર્સ-** ફ્લોરેન્સ નાઇટિંગલની જન્મ દિવસની યાદમાં
- ✓ આ વર્ષે તેની ૨૦૦મી જન્મજયંતિ

**ફ્લોરેન્સ નાઇટિંગલ વિશે :**

- ✓ ફ્લોરેન્સ નાઇટિંગલે નર્સિંગને આધુનિક રૂપ આપ્યું, ચેપી રોગનો ડેટા એકઠો કરવો તેમની પહેલ
- ✓ આધુનિક નર્સિંગના ફાઉન્ડર ફ્લોરેન્સ નાઇટિંગલનો જન્મ ઇટાલીના ફ્લોરેન્સમાં થયો.
- ✓ તેઓ ગણિત અને ડેટામાં જીનિયસ હતા. આ ખાસિયતનો ઉપયોગ તેમણે હોસ્પિટલોની સ્થિતિ અને લોકોનું આરોગ્ય સુધારવા માટે કર્યો.
- ✓ તેમણે જ્યારે પહેલી વાર નર્સિંગમાં જવાની ઇચ્છા વ્યક્ત કરી તો તેમના માતા-પિતા તૈયાર ન થયા. પછી તેમની જીદ આગળ ઝૂક્યા અને ટ્રેનિંગ માટે જર્મની મોકલ્યા.
- ✓ 1853માં ક્રીમિયા યુદ્ધ દરમિયાન તેમને તુર્કીની સૈન્ય હોસ્પિટલમાં મોકલાયા.
- ✓ આ પહેલી વાર બ્રિટને મહિલાઓને સૈન્યમાં સામેલ કરી હતી.
- ✓ તેઓ બરાક હોસ્પિટલ પહોંચ્યા તો જોયું કે ફ્લોર પર સખત ગંદકી હતી. તેમણે સૌથી પહેલું કામ આખી હોસ્પિટલ સાફ કરવાનું કર્યું.
- ✓ સૈનિકો માટે સારા ભોજન અને ચોખ્ખા કપડાંની વ્યવસ્થા કરી. પહેલી વાર સૈનિકો તરફ આટલું ધ્યાન અપાયું.
- ✓ તેમની માગ પર બનેલી સમિતિએ નોંધ્યું કે તુર્કીમાં 18 હજાર પૈકી 16 હજાર સૈનિકના મોત ગંદકી અને ચેપી રોગોથી થયા હતા.
- ✓ ફ્લોરેન્સના પ્રયાસો થકી જ બ્રિટિશ સૈન્યમાં મેડિકલ, સેનિટરી સાયન્સ અને સ્ટેટિસ્ટિકલ વિભાગ બન્યા.
- ✓ હોસ્પિટલોમાં સાફસફાઈનું ચલણ તેમની જ દેન છે.
- ✓ આ હોસ્પિટલમાં નાઇટ શિફ્ટમાં તેઓ હાથમાં મશાલ પકડીને દર્દીઓની સેવા કરતા હતા. તેથી 'લૅડી વીથ ધ લેમ્પ' નામથી મશહૂર થયા.
- ✓ આજે પણ તેમના માનમાં નર્સિંગની પ્રતિજ્ઞા હાથમાં લેમ્પ રાખીને લેવાય છે. આને નાઇટિંગલ પ્લેજ કહે છે.
- ✓ 1860માં બ્રિટનમાં તેમના નામથી નસિંગ સ્કૂલની સ્થાપના થઈ .

**૭. જન્મ દિન વિશેષ : ૧૨ મે**

**યુગમૂર્તિ સાહિત્યકાર : ર.વ.દેસાઈ**

**જન્મ – ૧૨ મે-૧૮૯૨ અવસાન – ૨૦ સપ્ટેમ્બર-૧૯૫૪**

- ✓ ગુજરાતી સમાજમાં ર.વ. દેસાઈના ટૂંકા નામે પંકાયેલા રમણલાલ વસંતલાલ દેસાઈનો આજે જન્મદિવસ છે.
- ✓ ર.વ.દેસાઈનું મૂળગામ પંચમહાલ જિલ્લાનું કાલોલ ગામ જ્યાં જન્મ થયો હતો.
- ✓ વડોદરા જિલ્લાના શિનોર ગામે રમણલાલ બી.એ, એમ.એ થયા પછી વડોદરામાં શિક્ષક અને પછી ગાયકવાડીમાં હજૂર કામદાર તરીકે જોડાયા હતા.
- ✓ ર.વ દેસાઈએ નાટક, નવલકથા, વાર્તા, કવિતા, આત્મકથા અને જીવનચરિત્રો ઉપરાંત ઈતિહાસ અને સંસ્કૃતિ જેવા વિષયોને કુશળતાપૂર્વક ખેડ્યા છે. છતાં એકંદરે તેમની છબી નવલકથાકાર તરીકેની રહી છે.
- ✓ 100 ઉપરાંત પુસ્તકોના રચયિતા ર.વ દેસાઈની 32 જેટલી નવલકથાઓ"માં 'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ', શૌર્ય તર્પણ, ઠગ, ક્ષિતિજ, ગ્રામલક્ષ્મી, અપ્સરા, જયંત વગેરે જાણીતી નવલકથાઓ" છે.
- ✓ ગુજરાતમાં ઈતિહાસના વિષયવસ્તુની સજ્જતા સાથે નવલકથાઓ" લખનારા સર્જકોમાં દેસાઈ શીર્ષસ્થ સ્થાને છે.

**આત્મકથા :**

- ✓ 'ગઈકાલ' (1950)
- ✓ 'મધ્યાહ્નના મૃગજળ' (1956)
- ✓ 1932મા તેમને ગુજરાતી સાહિત્યનો માનવંતો રણજીતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.
- ✓ નવલકથાના ક્ષેત્રે મળેલી લોકપ્રિયતાને કારણે તેઓ" 'યુગમૂર્તિ' સ્વભાવને લીધે સૌજન્ય મૂર્તિ અને અંગત વર્તુળોમાં 'ભાઈસાહેબ' તરીકે જાણીતા થયા હતા.
- ✓ ગુજરાતી ભાષાના આ લોકપ્રિય નવલકથાકારનું 20 ઓગસ્ટ 1954ના રોજ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૫-૨૦૨૦)

1. ભારત સરકાર દ્વારા કોરોના સામે જંગ જીતવા મે 2020માં કયા આર્થિક અભિયાનની જાહેરાત કરવામાં આવી - **"આત્મનિર્ભર ભારત અભિયાન"**
2. ભારત સરકારે "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત અત્યાર સુધીના સૌથી મોટા કેટલી રકમની આર્થિક પેકેજની જાહેરાત કરી - **રૂ. 20 લાખ કરોડ**

3. "આત્મનિર્ભર ભારત અભિયાન"ના મુખ્ય પાંચ સ્તંભ જણાવો - **અર્થવ્યવસ્થા, માળખાગત સુવિધા, સિસ્ટમ, ડેમોગ્રાફી અને ડિમાન્ડ**
4. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરેલું આર્થિક પેકેજ દેશના GDPના કેટલા ટકા જેટલું રહેશે- **10 %**
5. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરેલ પેકેજ કોને કેન્દ્ર સ્થાને રાખીને તૈયાર કરાયું છે - **લેન્ડ, લેબર, લિક્વિડિટી અને લૉ**
6. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી નાગરિકોને કયા બે મંત્ર ઉપર ભાર મૂકવા અનુરોધ કર્યો છે - **લોકલ માટે વોકલ બનો અને લોકલથી ગ્લોબલ માટે સ્વદેશી અપનાવો**
7. "આત્મનિર્ભર ભારત અભિયાન"ના મુખ્ય પાંચ સ્તંભનો વિસ્તૃત અર્થે જણાવો- **(૧) ઈકોનોમી: એક એવી ઈકોનોમી જે ઈન્ક્રીમેન્ટલ ચેન્જ નહીં પણ ક્વોન્ટમ જમ્પ લાવે. (૨) ઈન્ફ્રાસ્ટ્રક્ચર: એક એવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જે આધુનિક ભારતની ઓળખ બને. (૩) સિસ્ટમ: એક એવી સિસ્ટમ જે વિતેલી સદીના રીતે નહીં પણ ૨૧મી સદીની ટેક્નોલોજી ડ્રિવન વ્યવસ્થા ઉપર આધારિત હોય. (૪) ડેમોગ્રાફી: દુનિયાની સૌથી લોકશાહીની ડેમોગ્રાફી આત્મનિર્ભર ભારત માટે આપણી ઊર્જાનો સ્રોત હોય. (૫) ડિમાન્ડ: તેના માંગ-ચક્ર અને તેની તાકાતનો ઉપયોગ કરવાની હવે જરૂર છે.**
8. સંયુક્ત રાષ્ટ્રના કયા અભિયાનના સદભાવના એમ્બેસેડર તરીકે ભારતીય અભિનેત્રી દિયા મિર્ઝાનો કાર્યકાળ લંબાવાયો- **બીટ ધ પોલ્યુશન**
9. સંયુક્ત રાષ્ટ્રના 'બીટ ધ પોલ્યુશન' અભિયાનના સદભાવના એમ્બેસેડર તરીકે ભારતીય અભિનેત્રી દિયા મિર્ઝાનો કાર્યકાળ ક્યાં સુધી લંબાવાયો- **વર્ષ 2022**
10. 'બીટ ધ પોલ્યુશન' અભિયાન અંતર્ગત કયા વર્ષ સુધીમાં ભારતને 'સિંગલ યુઝ પ્લાસ્ટિક'થી સંપૂર્ણપણે મુક્ત કરાશે- **વર્ષ 2022**
11. તાજેતરમાં ભારતીય સેનાના કયા દળને PPE કિટ તૈયાર કરવાની માન્યતા આપવામાં આવી છે -**ભારતીય નૌકાદળ**
12. ભારતીય નૌકાદળની કઈ ટીમ દ્વારા PPE કિટ વિકસાવવામાં આવી છે - **ઈન્સ્ટિટ્યૂટ ઑફ નેવલ મેડિસિન, મુંબઈ તેમજ નેવલ ડોકયાર્ડ, મુંબઈ**
13. "વંદે ભારત મિશન-02"નો સમયગાળો દર્શાવો - **તા. 16 થી 22 મે 2020**
14. તાજેતરમાં ગિલગિટ-બાલ્ટિસ્તાનના સમર્થનમાં ભારતે સત્તાવાર કયું નવું ટ્વિટર એકાઉન્ટ લોંચ કર્યું છે - **ગિલગિટ-બાલ્ટિસ્તાન, લદાખ(UT) ભારત**
15. સમગ્ર વિશ્વમાં "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ"તરીકે ક્યારે ઉજવવામાં આવે છે - **12 મે**
16. "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **Nurses: A Voice to Lead – Nursing the World to Health, demonstrates how nurses are central to addressing a wide range of health challenges.**
17. સમગ્ર વિશ્વમાં "આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ" કોના જન્મદિવસની યાદમાં ઉજવવામાં આવે છે - **પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલ**
18. પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલની આ વર્ષે 2020માં કેટલામી જન્મ જયંતી ઉજવાય છે - **200મી**
19. પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલનો જન્મ કયા દેશમાં થયો હતો - **ઇટાલી(ફ્લોરેન્સ શહેર)**
20. પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટિંગલ કયા નામથી કયા નામથી પ્રખ્યાત હતા - **" લેડી વીથ ધ લેમ્પ"**
21. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈનો જન્મદિવસ જણાવો - **12 મે 1892**
22. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈનું આખું નામ જણાવો - **રમણલાલ વસંતલાલ દેસાઈ**
23. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈની આત્મકથાનું નામ જણાવો- **'ગઈકાલ' (1950) અને 'મધ્યાહનના મૃગજળ' (1956)**
24. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈને કયા વર્ષે "રણજિતરામ સુવર્ણચંદ્રક" એવોર્ડ અપાયો હતો- **1932**
25. યુગમૂર્તિ સાહિત્યકાર ર.વ. દેસાઈની જાણીતી નવલકથાઓના નામ જણાવો- **'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ', શૌર્ય તર્પણ, ઠગ, ક્ષિતિજ, ગ્રામલક્ષ્મી, અપ્સરા, જયંત**

## ૧.આત્મનિર્ભર ભારત અભિયાન:પેકેજ-૧

**પેકેજની વિશેષતા**

**રૂ. ૫.૯૪ લાખ કરોડનું પેકેજ : ૭ મોટા નિર્ણય**

**નાણાંની ફાળવણી:૧થી ૭ મહત્વની જોગવાઈ**




1. **રૂ. 3.7 લાખ કરોડ :**
   એમએસએનઈને ગેરંટી વગરની લોન મળશે. 45 લાખ યુનિટમાં કામ શરૂ થઈ શકશે. 3 કરોડ નોકરી બચશે.
2. **રૂ.75 હજાર કરોડ :**
   એનબીએફસી, એચએફસી અને એમએફઆઈમાં રોકડ વધારવાની મદદ માટે જાહેર કરાયા.
3. **રૂ. 6,750 કરોડ :**
   કર્મચારીઓના ઇપીએફ ખાતામાં વેતનના 24 ટકાના બદલે 20 ટકા રકમ જશે આથી પ્રવાહિતા વધશે.
4. **રૂ.50 હજાર કરોડ :**
   બિનપગારદારના ટીડીએસ અને ટીસીએસ 14 મેથી 31 માર્ચ 2021 સુધી 25 ટકા કપાશે.
5. **રૂ. 90 હજાર કરોડ :**
   વીજ કંપનીઓને મૂડી પૂરી પડાશે પરંતુ લોન રાજ્ય સરકારોની ગેરંટી ઉપર જ મળશે.
6. **ITRમાં રાહત :**
   31 ઓક્ટોબર 2020 સુધી ભરાનારા તમામ આઈટી રિટર્ન હવે 30 નવેમ્બર સુધી ભરી શકાશે.
7. **રિયલ એસ્ટેટને છૂટ :**
   જે પ્રોજેક્ટ 25 માર્ચ કે ત્યારપછી પૂરા થનારા હતા તેની અવધિ છ મહિના સુધી વધારાઈ.


**પેકેજ-૧માં સૌથી વધુ ભાર MSME ઉદ્યોગો ઉપર**




- ✓ કોરોના મહામારીના કારણે મૃતપાય બનેલા ભારતીય અર્થતંત્રમાં નવો શ્વાસ ફૂંકવા અને દેશને આત્મનિર્ભર બનાવવાના વડા પ્રધાન મોદીના આહ્વાનને વેગ આપતાં તા.૧૩મી મે-૨૦૨૦ના રોજ કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામને રૂપિયા ૨૦ લાખ કરોડનાં આર્થિક પેકેજ અંતર્ગત એમએસએમઇ, ડિસ્કોમ, રીઅલ એસ્ટેટ સહિતના સેક્ટરો માટે પહેલા બુસ્ટર ડોઝની જાહેરાત કરી હતી.
- ✓ સીતારામને એમએસએમઇ માટે રૂપિયા ૩ લાખ કરોડની કોલેટરલ ફ્રી (બિનજામીન પાત્ર) લોનની ઘોષણા કરી હતી. જેનો લાભ ૪૫ લાખ જેટલી માઇક્રો, સ્મોલ, મિડિયમ ઇન્ડસ્ટ્રીને મળશે.
- ✓ નાણામંત્રીએ સ્ટ્રેસ્ડ એમએસએમઇ માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડની લિક્વિડિટીની જાહેરાત કરી હતી જેનો લાભ સ્ટ્રેસ્ડ અને એનપીએ એમએસએમઇ મેળવી શક્શે.
- ✓ તે ઉપરાંત નાણામંત્રીએ એમએસએમઇના એક્સપાન્સન માટે રૂપિયા ૫૦,૦૦૦ કરોડની મૂડી જારી કરવાનો પણ નિર્ણય લીધો હતો.
- ✓ રોકાણ વધવાના કારણે એમએસએમઇનો દરજ્જો ચાલ્યો જતાં લાભ નહીં મેળવતા ઉદ્યોગોને આ પેકેજનો લાભ મળતો રહે તે માટે એમએસએમઇની વ્યાખ્યામાં પણ બદલાવ કરવામાં આવ્યો છે.
- ✓ સરકારે ગ્લોબલ ટેન્ડરની વ્યાખ્યામાં સુધારો કરી રૂપિયા ૨૦૦ કરોડ સુધીના ટેન્ડરને ગ્લોબલ ટેન્ડર નહીં ગણવા નક્કી કર્યું.

- ✓ સરકાર દ્વારા બિઝનેસ અને તેના કામદારોને રૂપિયા ૨૫૦૦ કરોડનો ઇપીએફ સપોર્ટ વધુ ૩ મહિના માટે મળતો રહેશે.

**<u>કંપનીઓ અને કામદારોને વધુ ૩ મહિના માટે રૂ. ૨૫૦૦ કરોડની ઈપીએફ સહાય</u>**




- ✓ વડા પ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ઇપીએફ અંતર્ગત કર્મચારી અને નોકરીદાતાના ૧૨-૧૨ ટકા હિસ્સાની સરકાર દ્વારા ચુકવણી
- ✓ માર્ચ, એપ્રિલ અને મે ૨૦૨૦ના મહિનાઓ માટે સરકારે આ નાણા જમા કરાવ્યાં હતાં
- ✓ સરકાર હવે જૂન, જુલાઇ અને ઓગસ્ટ ૨૦૨૦ માટે પણ ઇપીએફના નાણા જમા કરાવશે
- ✓ ૩.૬૭ લાખ કંપનીના ૭૨.૨૨ લાખ કર્મચારીને રૂપિયા ૨૫૦૦ કરોડની રાહત મળશે

**<u>કંપનીઓ-કર્મચારીઓને રૂ. ૬,૭૫૦ કરોડનો લિક્વિડિટી સપોર્ટ</u>**

- ✓ આગામી ત્રિમાસિકમાં ઉત્પાદન વધારવા માટે કંપનીઓને આર્થિક સહાયની જરૂર હતી
- ✓ કર્મચારીઓ વધુ પગાર ઘેર લઇ જઇ શકે અને નોકરીદાતાઓને પીએફનો હિસ્સો ચૂકવવામાં રાહતની જરૂર હતી
- ✓ કર્મચારી અને નોકરીદાતાનો ઇપીએફમાં હિસ્સો આગામી ૩ મહિના સુધી ૧૨-૧૨ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરાયો
- ✓ જાહેર ક્ષેત્રનાં એકમો અને કેન્દ્ર સરકારની કંપનીઓમાં કર્મચારીનું ઇપીએફ યોગદાન ૧૨ ટકા જ રહેશે
- ✓ આ યોજનાનો લાભ વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ૨૪ ટકા ઇપીએફનો લાભ નહીં મેળવતા કર્મચારીઓ માટે
- ✓ આગામી ૩ મહિના માટે કર્મચારીઓ અને નોકરીદાતાઓને રૂપિયા ૬૭૫૦ કરોડનો લિક્વિડિટી સપોર્ટ મળી રહેશે.

**<u>લોન માટે કોઇ ગેરંટી ફી કે નવા ગેરંટરની જરૂર નથી</u>**

- ✓ એમએસએમઈ સહિત બિઝનેસ માટે રૂપિયા ૩ લાખ કરોડની કોલેટરલ ફ્રી ઓટોમેટિક લોન
- ✓ બિઝનેસ-એમએસએમઇને રો મટિરિયલ ખરીદવા,રિસ્ટાર્ટ કરવા લોન અપાશે
- ✓ રૂ. ૨૫ કરોડ સુધીની લોન બાકી હોય તેવા અને રૂ. ૧૦૦ કરોડનું ટર્નઓવર ધરાવનારાને લોન અપાશે.
- ✓ લોનની મુદત ચાર વર્ષની રહેશે અને ૧૨ મહિના પ્રિન્સિપલ રિપેમેન્ટમાંથી મુક્તિ. પ્રિન્સિપલ અને ઇન્ટરેસ્ટ પર બેન્કો અને એનબીએફસીને ૧૦૦ ટકા ક્રેડિટ ગેરંટી કવર. આ યોજનાનો ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધી લાભ લઇ શકાશે. લોન માટે કોઇ ગેરંટી ફી કે નવા ગેરંટરની જરૂર નથી.
- ✓ ૪૫ લાખ એકમોને આ યોજનાનો લાભ મળશે

**<u>સબોર્ડિનેટ ડેબ્ટ સ્ટ્રેસ્ડ એમએસએમઈ માટે</u>**

- ✓ સરકાર સ્ટ્રેસ્ડ એમએસએમઇ માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડના સબોર્ડિનેટ ડેબ્ટની જોગવાઇ કરશે
- ✓ એનપીએમાં સામેલ કરાયેલ કાર્યરત એમએસએમઇ આ લોન મેળવવા માટે યોગ્ય
- ✓ સીજીટીએમએસઇને સરકાર દ્વારા રૂપિયા ૪૦૦૦ કરોડની સહાય
- ✓ સીજીટીએમએસઇ બેન્કોને આંશિક ગેરંટી સપોર્ટ પૂરો પાડશે
- ✓ એમએસએમઇના પ્રમોટર્સને બેન્કો દ્વારા ઋણ અપાશે જેને પ્રમોટર તેના એકમમાં રોકી શકશે

**<u>એમએસએમઇને ઇક્વિટી ફંડિંગ કરાશે</u>**

- ✓ MSME : માઇક્રો સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝિસ.
- ✓ રૂપિયા ૧૦,૦૦૦ કરોડના કોર્પસ સાથે ફંડ ઓફ ફંડ્સની રચના કરાશે
- ✓ એમએસએમઇને ઇક્વિટી ફંડિંગ કરાશે
- ✓ ફંડ ઓફ ફંડનું સંચાલન મધર ફંડ અને ડોટર ફંડ દ્વારા કરાશે
- ✓ ડોટર ફંડ લેવલે ફંડને રૂપિયા ૫૦,૦૦૦ કરોડનું ભંડોળ ઉપલબ્ધ થશે

**<u>એમએસએમઈની નવી વ્યાખ્યા કરાઈ</u>**

- ✓ લાંબા સમયથી એમએસએમઇની નવી વ્યાખ્યા કરવાની માગ સરકારે સ્વીકારી
- ✓ નવી વ્યાખ્યા અંતર્ગત મૂડીરોકાણની મર્યાદા વધારાઈ
- ✓ ટર્નઓવરના વધારાના માપદંડ પણ દાખલ કરાયા
- ✓ મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટર વચ્ચેનો તફાવત નાબૂદ
- ✓ વ્યાખ્યામાં બદલાવ માટે કાયદામાં જરૂરી સુધારા કરાશે

**રૂપિયા ૨૦૦ કરોડ સુધીનાં ટેન્ડરને ગ્લોબલ ટેન્ડર નહીં ગણાય**

- ✓ ભારતીય એમએસએમઇ અને અન્ય કંપનીઓને વિદેશી કંપનીઓની સ્પર્ધાથી બચાવવા નિર્ણય
- ✓ રૂ. ૨૦૦ કરોડથી સુધીનાં ટેન્ડર હવે ગ્લોબલ ટેન્ડર નહીં ગણાય
- ✓ જનરલ ફાઇનાન્શિયલ રૂલ્સ અમલી બનાવાશે
- ✓ આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયાની દિશામાં કદમ
- ✓ એમએસએમઇને બિઝનેસ વધારવામાં મદદ મળશે

**એમએસએમઈ માટે અન્ય જાહેરાતો**

- ✓ ટ્રેડ ફેર અને પ્રદર્શનોના સ્થાને એમએસએમઇને પ્રમોટ કરવા ઇ-માર્કેટ લિંક શરૂ કરાશે
- ✓ ઇ-માર્કેટપ્લેસ દ્વારા એકઠા કરાયેલા ડેટાનો ઉપયોગ કરીને ટ્રાન્ઝેક્શન આધારિત ધિરાણને પ્રોત્સાહન અપાશે
- ✓ સરકાર એમએસએમઇ વેન્ડર્સના કેન્દ્ર અને જાહેર ક્ષેત્રનાં એકમો પાસે બાકી નીકળતાં નાણાનું સેટલમેન્ટ કરી રહી છે
- ✓ સરકાર અને જાહેર ક્ષેત્રનાં એકમો પાસેથી એમએસએમઇના બાકી લેણાને ૪૫ દિવસમાં રિલીઝ કરી દેવાશે

**ટીડીએસ/ટીસીએસના દરમાં વર્તમાન દર કરતાં ૨૫ ટકાનો ઘટાડો કરાયો**




- ✓ વધારે ભંડોળ ઊભું કરવાના હેતુસર રેસિડેન્ટ્સને કરવામાં આવતા નોન સેલેરાઈડ સ્પેસિફિક પેમેન્ટ પરના ટેક્સ ડિડક્શન એસ સોર્સ (ટીડીએસ) અને ટેક્સ કલેક્શન સોર્સ (ટીસીએસ)માં વર્તમાન દર કરતા ૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો.
- ✓ કોન્ટ્રાક્ટના પેમેન્ટ, પ્રોફેશનલ ફી, વ્યાજ, ભાડા, ડિવિડન્ડ, કમિશન, બ્રોકરેજ વગેરે ઉપર પણ ટીડીએસના નવા દર લાગુ પડશે.
- ✓ ટીડીએસ અને ટીસીએસ ઘટાડાના નવા દર નાણાકિય વર્ષના બાકીના દિવસો એટલે કે, ૧૪-૦૫-૨૦૨૦થી ૩૧-૦૩-૨૦૨૧ સુધી લાગુ રહેશે.
- ✓ આ પગલાં દ્વારા ૫૦,૦૦૦ કરોડની લિક્વિડિટી ઊભી થશે

**ડાયરેક્ટ ટેક્સનાં અન્ય પગલાં**

- ✓ ચેરિટેબલ ટ્રસ્ટ, નોન કોર્પોરેટ બિઝનેસ અને પ્રોફેશન કે જેમાં પ્રપોરાઈટરશીપ, પાર્ટનરશીપ, એલએલપી અને કો-ઓપરેટિવનો સમાવેશ થાય છે તેના તમામ પેન્ડિંગ રિફન્ડ તાકીદે રિલીઝ કરાશે.
- ✓ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના આઈટી રીટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૦ અને ૨૧ ઓક્ટોબર ૨૦૨૦ હતી તે વધારીને ૩૦ નવેમ્બર ૨૦૨૦ કરવામાં આવી છે અને ટેક્ટ ઓડિટની તારીખ પણ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦થી વધારીને ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ કરવામાં આવી છે.
- ✓ એસેસમેન્ટની તારીખ ૩૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી વધારીને ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ કરાઇ છે. જેમની એસેસમેન્ટ તારીખ ૩૧ માર્ચ ૨૦૨૧ હતી તે વધારીને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ કરવામાં આવી છે.
- ✓ વિવાદ સે વિશ્વાસ સ્કીમની તારીખ પણ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ કરાઇ છે.

**DISCOMs માટે ૯૦,૦૦૦ કરોડનું લિક્વિડિટી ઈન્જેક્શન**

- ✓ પાવર ડિસ્ટ્રિબ્યૂશન કંપનીઓ (DISCOMs)ની રેવન્યૂમાં ઘટાડો થયો છે.
- ✓ માગ ઘટવાના કારણે આ કંપનીઓ અભૂતપૂર્વ કેશ ફ્લોની સમસ્યા સામે ઝઝુમી રહી છે.
- ✓ પાવર જનરેશન અને ટ્રાન્સમિશન કંપનીઓને DISCOMsદ્વારા ૯૪,૦૦૦ કરોડનું દેવું ચુકતે કરવાનું છે.
- ✓ પીએફસી અને આરઈસી દ્વારા DISCOMને ૯૦,૦૦૦ કરોડનું ભંડોળ પૂરું પાડવામાં આવશે.
- ✓ દેવાદોરની રકમ ચૂકતે કરીને DISCOMને મુક્ત કરાવવા માટે જ રાજ્યની ગેરન્ટીના આધારે આ રકમ આપવામાં આવશે.

- ✓ ડિજિટલ પેમેન્ટ સુવિધા, રાજ્ય સરકારોના દેવાની ચુકવણી અને તેના ફાઈનાન્સિયલ ઓપરેશનલ નુકસાનને ઘટાડવાની યોજના સાથે આ રકમ આપવામાં આવશે.
- ✓ આ ઉપરાંત સેન્ટ્રલ પબ્લિક સેક્ટર જનરેશન કંપનીઓ દ્વારા DISCOMને રાહત આપવામાં આવશે અને તે અંતિમ ગ્રાહક (ઉદ્યોગો) સુધી પહોંચાડવામાં આવશે.

**NBFC, HFC અને MFI માટે 30,000 કરોડની સ્પેશિયલ લિક્વિડિટી સ્કીમ**

- ✓ વર્તમાન સમયમાં NBFC, HFC અને MFIને ડેબ્ટ માર્કેટમાં ભંડોળ ભેગુ કરવામાં મુશ્કેલી પડી રહી છે.
- ✓ તેને પગલે જ સરકાર દ્વારા 30,000 કરોડની સ્પેશિયલ લિક્વિડિટી સ્કીમ જાહેર કરવામાં આવી છે.
- ✓ આ સ્કીમ હેઠળ સરકાર દ્વારા NBFC, HFC અને MFIના તમામ પ્રાઈમરી અને સેક્ન્ડરી માર્કેટના ડેબ્ટ પેપર્સ ખરીદવામાં આવશે. તેના થકી આરબીઆઈ અને સરકારી પગલાને લિક્વિડિટડીની અછત નહીં વર્તાય.
- ✓ લિક્વિડિટી વધારવા દરમિયાન તમામ ગેરન્ટી ભારત સરકાર દ્વારા જ આપવામાં આવશે.
- ✓ આ સ્કીમ દ્વારા NBFC, HFC અને MFI અને મ્યુચ્યુઅલ ફંડમાં લિક્વિડિટી સંબંધિત સમર્થન મળશે અને બજારમાં લોકોનો વિશ્વાસ વધશે.

**NBFC માટે ૪૫,000 કરોડની આંશિક ક્રેડિટ ગેરંટી સ્કીમ**

- ✓ NBFC, HFC અને MFIને હાલમાં ઓછા ક્રેડિટ રેટિંગ સાથે લિક્વિડિટીની જરૂર છે જેથી તેઓ એમએસએમઈ અને વૈયક્તિક ઉદ્યોગોને નવેસરથી લોન આપી શકે.
- ✓ વર્તમાન આંશિક ક્રેડિટ ગેરન્ટી સ્કીમને લંબાવવામાં આવશે જેથી દેવાના જોખમોને કવર કરી શકાય.
- ✓ આ સ્કીમમાં પહેલું ૨૦ ટકાનું નુકસાન ભરપાઈ કરવાની જવાબદારી ગેરન્ટર એટલે કે ભારત સરકારની રહેશે. એએ રેટેડ પેપર અને અનરેટેડ પેપર્સને પણ રોકાણ માટે માન્ય ગણવામાં આવશે.
- ✓ આ સ્કીમથી ૪૫,000 કરોડની લિક્વિડિટી ઉભી થશે.

**કોરોનાને રેરા હેઠળ પણ કુદરતી આપત્તી જ માનવામાં આવે**


- ✓ મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો અને રેગ્યુલેટરી ઓથોરિટીને આ સૂચનો કરવામાં આવશે :
- ✓ કોવિડ-૧૯ને રેરા હેઠળ પણ કુદરતી આપત્તી જ માનવામાં આવે
- ✓ ૨૫ માર્ચ ૨૦૨૦ સુધીના કે ત્યાર પછીના રેરા હેઠળ તમામ પ્રોજેક્ટને સૂઓ મોટો લઈને વૈયક્તિક અરજી વગર જ નોંધણી અને પ્રોજેક્ટ પૂરા કરવા માટે છ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવે.
- ✓ જરૂર જણાય તો રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા વધારાનો ત્રણ મહિનાનો સમય આપવામાં આવશે. પ્રોજેક્ટ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પણ નવી ટાઈમલાઈન સાથે ઓટોમેટિકલી નવું બનાવી જ દેવું.
- ✓ રેરા હેઠળ ચાલતા વિવાદોના નિકાલ માટેની ટાઈમલાઈન પણ વધારવામાં આવે.
- ✓ આ પગલાને લીધે ડેવલપર્સ ઉપર પ્રોજેક્ટ પૂરા કરવાના દબાણમાંથી રાહત મળશે અને ઘર ખરીદનારા લોકોને પણ નવી તારીખોના આધારે તેમના ઘરનું પઝેશન મળી જશે.

**કોન્ટ્રાક્ટર્સ**

- ✓ તમામ કોન્ટ્રાક્ટર્સને સેન્ટ્રલ એજન્સીઓ (રેલવે, રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રાલય, સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ) દ્વારા કામ પૂરા કરવા ૬ મહિનાની મુદત આપવામાં આવી છે.
- ✓ આ રાહત હેઠળ બાંધકામ, માલસામાન અને સેવાઓના કરારનો સમાવેશ થશે.
- ✓ સરકારી એજન્સીઓ દ્વારા આંશિક રીતે બેન્ક ગેરંટી રિલીઝ કરવામાં આવશે. કરાર આધારે જેમ જેમ કામ પૂરા થયા હશે તેમ મિનિમમ બેન્ક ગેરંટી રિલીઝ કરવામાં આવશે.
- ✓ ૨૦૦ કરોડથી વધુના માલસામાનની ખરીદી માટે હવે ગ્લોબલ ટેન્ડરની જરૂર નથી.

**૨. અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવવા ઉચ્ચ સ્તરીય સમિતિની રચના : ગુજરાત સરકાર (આર્થિક)**

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના વાયરસની મહામારી અને લૉકડાઉન વચ્ચે ગુજરાતમાં આર્થિક ગતિવિધિઓ-ઉદ્યોગ-વેપાર-ધંધા-રોજગાર સહિતના ક્ષેત્રોના પુનઃનિર્માણ, પુનઃગઠનની ભલામણો સૂચવવા માટે ૧૩મી મે-૨૦૨૦ના રોજ ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે.



- ✓ આ સમિતિના અધ્યક્ષપદે ભારત સરકારના પૂર્વ નાણા સચિવ હસમુખ અઢિયાની નિમણૂક કરાઈ છે, છ સભ્યોની આ સમિતિ છે.

**કામગીરી :**

- ✓ મહામારીના સંકટથી રાજ્યના અર્થતંત્રની ડિમાન્ડ અને સપ્લાય ચેઇનને પણ વિપરીત અસર પડી છે. મુખ્યમંત્રી એ આ બધી જ બાબતોનો સર્વગ્રાહી અભ્યાસ કરીને આર્થિક ગતિવિધિઓની સુધારણા માટેની ભલામણો સુચવવા આ ઉચ્ચસ્તરિય સમિતિ રચવાનો નિર્ણય કર્યો.
- ✓ સમિતિએ તલસ્પર્શી કાર્યયોજના એકશન પ્લાન સાથે પોતાની ભલામણોનો અહેવાલ સરકારને એક માસમાં આપવાનો રહેશે.
- ✓ વચગાળાનો અહેવાલ ઇન્ટરીમ રિપોર્ટ બે સપ્તાહમાં સોંપશે.
- ✓ સમિતિ સેકટરલ - સબ સેકટરલ આર્થિક નુકશાનનો અભ્યાસ કરીને સેકટર સ્પેસીફિક પૂર્વગઠન માટેના ઉપાયો સુઝાવો આપશે.
- ✓ રાજ્યની રાજકોષિય ફિઝિકલ અને અંદાજપત્રીય બજેટ સ્થિતીની સમીક્ષા અને તેના સુધારાત્મક પગલાંઓ સૂચવવાની બાબતનો પણ સમાવેશ કરાયો છે.
- ✓ રાજકોષિય ખાધ ફિઝિકલ ડેફ્લીટ અંદાજો અને વર્તમાન કર માળખાની પણ પૂર્વવિચારણા તેમજ પૂર્નગઠનની બાબતે પણ ભલામણો કરશે.
- ✓ અન્ય રાષ્ટ્રમાંથી પોતાના એકમો બીજા દેશ - રાષ્ટ્રમાં ખસેડવા ઇચ્છતી વિદેશી કંપનીઓને રોકાણો માટે આકર્ષિત કરવા માટેની યોગ્ય નીતિ ઘડતરની ભલામણો પણ કરશે.
- ✓ આર્થિક અને રાજકોષિય સુધારણા માટે ત્વરિત, મીડીયમ ટર્મ ટૂંકાગાળાનો અને લાંબાગાળાનો સર્વગ્રાહી એકશન પ્લાન આ સમિતિ તૈયાર કરશે.
- ✓ અધ્યક્ષ : પૂર્વ કેન્દ્રીય નાણા સચિવ ડૉ. હસમુખ અઢીયા

**કુલ છ સભ્યો :**

1. અધ્યક્ષ: પૂર્વ કેન્દ્રીય નાણા સચિવ ડૉ. હસમુખ અઢીયા
2. IIM અમદાવાદના પૂર્વ પ્રાધ્યાપક પ્રો. રવિન્દ્ર ધોળકીયા
3. જાણીતા ટેક્ષ કન્સલટન્ટ મૂકેશ પટેલ
4. ફાયનાન્સીયલ એકસપર્ટ પ્રદિપ શાહ
5. પૂર્વ આઇ.એ.એસ. અધિકારી કિરીટ શેલત
6. સભ્ય સચિવ તરીકે GIDCના એમ.ડી. એમ. થેન્નારસન

### ૩. ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક :BRICS (આર્થિક)

**જાહેરાત: BRICSની બેંક દ્વારા કોરોના સામે લડવા ભારતને ૧ અબજ ડોલરનું ધિરાણ**

- ✓ બ્રિક્સ દેશોની વિકાસ બેન્ક કોરોના માટે ભારતને એક અબજ ડોલરનું ધિરાણ આપ્યું
- ✓ બ્રિક્સ દેશોની નવી વિકાસ બેન્કે કોરોના સંક્રમણને અટકાવવા લેવાઈ રહેલાં પગલાં અને મહામારીને કારણે થયેલા માનવીય, સામાજિક અને આર્થિક નુકસાન જેવાં સંજોગોમાં મદદ કરવા ભારતને એક અબજ ડોલરના ધિરાણની ફાળવણી કરી.

**હેતુ :**

- ✓ કોવિડ -૧૯ સંક્રમણને ફેલાતું અટકાવવા ભારત દ્વારા થઈ રહેલા પ્રયાસ અને મહામારીને કારણે થયેલા સામાજિક અને આર્થિક નુકસાન જેવા સંજોગોમાં મદદ કરવા આ ધિરાણને કરવામાં આવ્યું છે.
- ✓ કોવિડ-૧૯નો સામનો કરવા તાકીદે નાણાકીય મદદની જરૂરિયાત હોવાથી એનડીબીએ તાકીદના સહાય કાર્યક્રમ હેઠળ ધિરાણ મંજૂર કર્યું છે.

**ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB)વિશે :**

- ✓ બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના બનેલા બ્રિક્સ સંગઠન દ્વારા ૨૦૧૪માં શાંઘાઇ ખાતે ન્યૂ ડેવલપમેન્ટ બેન્કની રચના થઈ હતી.
- ✓ બ્રિક્સ દેશોમાં માળાખાકીય સુવિધા અને ટકાઉ વિકાસ સધાય તેવા પ્રોજેક્ટને સંસાધનોની ફાળવણી માટે આ બેન્કની રચના થઈ હતી.
- ✓ સ્થાપના : વર્ષ-૨૦૧૪
- ✓ મુખ્ય મથક : શાંઘાઈ (ચીન)
- ✓ અધ્યક્ષ : ભારતીય બેન્કર – કે.વી.કામથ

### ૪. MSMEની નવી વ્યાખ્યા :



✓ નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત MSMEs માટે તમામ જાહેરાતો કરી છે. આ ઉપરાંત MSMEsની વ્યાખ્યા પણ બદલી દેવામાં આવી છે.

✓ MSMEનું : માઇક્રો સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝિસ.

**MSMEની પ્રવર્તમાન વ્યાખ્યા**

માપદંડ : પ્લાન્ટ, મશીનરી અથવા ઇક્વિપમેન્ટમાં રોકાણ

| વર્ગીકરણ | માઇક્રો | સ્મોલ | મીડિયમ |
|---|---|---|---|
| મેન્યુફેક્ચરિંગ એકમો | રૂ. ૨૫ લાખથી ઓછું રોકાણ | રૂપિયા પાંચ કરોડથી ઓછું રોકાણ | રૂપિયા ૧૦ કરોડથી ઓછું રોકાણ |
| સર્વિસ એકમો | રૂ. ૧૦ લાખથી ઓછું રોકાણ | રૂપિયા બે કરોડથી ઓછું રોકાણ | રૂપિયા પાંચ કરોડથી ઓછું રોકાણ |

**એમએસએમઇની નવી સુધારેલી વ્યાખ્યા**

માપદંડ : મૂડીરોકાણ અને વાર્ષિક ટર્નઓવર

| વર્ગીકરણ | માઇક્રો | સ્મોલ | મીડિયમ |
|---|---|---|---|
| મેન્યુફેક્ચરિંગ એકમો સર્વિસ એકમો | રૂ. ૧ કરોડથી ઓછું રોકાણ, રૂ. ૫ કરોડથી ઓછું ટર્નઓવર | રૂ. ૧૦ કરોડથી ઓછું રોકાણ, રૂ. ૫૦ કરોડથી ઓછું ટર્નઓવર | રૂ. ૨૦ કરોડથી ઓછું રોકાણ, રૂ.૧૦૦ કરોડથી ઓછું ટર્નઓવર |

<u>માઇક્રો એન્ટરપ્રાઇઝ</u>

✓ નવી વ્યાખ્યામાં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ યૂનિટને એક કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ક્લાસિફિકેશન ઇન્વેસ્ટમેન્ટ અને ટર્નઑવર બંનેનાં આધારે કરવામાં આવ્યું છે. 1 કરોડ સુધી ઇન્વેસ્ટમેન્ટ અને 5 કરોડ સુધી ટર્નઑવરવાળી કંપની માઇક્રો કેટેગરીમાં આવશે. પહેલા મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે ઇન્વેસ્ટમેન્ટની સીમા 25 લાખ અને સર્વિસ એન્ટરપ્રાઇઝ માટે ઇન્વેસ્ટમેન્ટની સીમા 10 લાખ હતી.

**<u>સ્મોલ એન્ટરપ્રાઇઝ</u>**

✓ એક કરોડથી 10 કરોડ સુધી ઇન્વેસ્ટમેન્ટ અને 5 કરોડથી 50 કરોડ સુધીનાં ટર્નઑવરવાળી કંપનીઓ આ કેટેગરીમાં આવશે. જુની પરિભાષામાં મેન્યુફેક્ચરિંગ એન્ટરપ્રાઇઝિસ માટે ઇન્વેસ્ટમેન્ટની સીમા 25 લાખથી 5 કરોડ સુધી હતી. સર્વિસ એન્ટરપ્રાઇઝ માટે આ સીમા 10 લાખથી 2 કરોડ સુધી હતી.

**<u>મીડિયમ એન્ટરપ્રાઇઝ</u>**

✓ 10-20 કરોડ સુધી ઇન્વેસ્ટ્મેન્ટ અને 50-100 કરોડ સુધી ટર્નઑવરવાળી કંપનીઓ આ કેટેગરીમાં આવશે. જૂની વ્યાખ્યા પ્રમાણે મેન્યુફેક્ચરિંગ એન્ટરપ્રાઇઝ માટે ઇન્વેસ્ટમેન્ટ સીમા 5-10 કરોડની વચ્ચે અને સર્વિસ એન્ટરપ્રાઇઝ માટે આ સીમા 2-5 કરોડની વચ્ચે છે.

## <u>૫. આત્મનિર્ભર ભારત અભિયાન</u>

**<u>ભારતની CAPFની કેન્ટિનોમાં આગામી ૧લી જૂન-૨૦૨૦થી સ્વદેશી વસ્તુઓ જ વેચાશે</u>**




<u>વર્ષે કેટલો વેપાર :</u>

✓ એક અંદાજ મુજબ પેરામિલિટરી કેન્ટીનોમાં દર વર્ષે આશરે રૂ.૨૮૦૦ કરોડની ચીજવસ્તુઓનું વેચાણ થાય છે.

**<u>કોનો કોનો સમાવેશ :</u>**

✓ CAPFમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF), બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF), સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF), ઇન્ડો તિબેટન બોર્ડર પોલીસ (ITBP), શસ્ત્ર સીમા બળ (SSB), નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG) તેમજ આસામ રાઇફલ્સનો સમાવેશ થાય છે.

✓ CAPF : સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ

✓ મંત્રાલય : ગૃહ, ભારત સરકાર

## <u>૬. ફોર્બ્સ મેગેઝિન : ગ્લોબલ-૨૦૦૦ - વિશ્વની શક્તિશાળી કંપનીઓની ૧૮મી વાર્ષિક યાદી જાહેર (બિઝનેસ)</u>

✓ પ્રથમ કંપની : ICBS-ચીન

✓ યાદીમાં ભારતની ૫૦ કંપનીનો સમાવેશ

✓ અમેરિકાના 'ફોર્બ્સ' મેગેઝિને તેનું વાર્ષિક 'ગ્લોબલ-૨૦૦૦' કંપની લિસ્ટ જાહેર કર્યું.

✓ ૨૦૦૩થી પ્રગટ થતાં આ લિસ્ટમાં દુનિયાની સૌથી પાવરફૂલ ૨૦૦૦ કંપનીઓનો સમાવેશ કરવામાં આવે છે.

✓ એ લિસ્ટમાં ચીનની 'ઈન્ડસ્ટ્રિઅલ એન્ડ કમર્શિઅલ બેન્ક ઑફ ચાઈના (આઈસીબીસી)' જગતની પ્રથમ ક્રમની કંપની જાહેર થઈ છે.

✓ આ લિસ્ટમાં કંપનીનું વેચાણ, સંપતિ, નફો, માર્કેટ વેલ્યુ.. વગેરે મુદ્દા ધ્યાનમાં લેવામાં આવે છે.

✓ પ્રથમ દસ કંપનીઓમાં જ ચીનની પાંચ કંપની છે, જ્યારે ચાર અમેરિકાની અને એક સાઉદી અરબની છે.

✓ ટોપ-૧૦માં ચીનની ચાર મોટી બેન્કોનો સમાવેશ થઈ ગયો છે. ૨૦૦૦ કંપનીઓના લિસ્ટમાં સૌથી છેલ્લા ક્રમની કંપની પણ ચીનની જ ઝેઈજિંગ સેન્ચુરી ગ્રુપ છે.

- ✓ આ લિસ્ટમાં ભારત પણ છે. ભારતની ૫૦ કંપનીઓને લિસ્ટમાં સ્થાન મળ્યું છે.
- ✓ જેમાં પ્રથમ ક્રમે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ છે. તમામ ૨૦૦૦ કંપનીઓની કુલ સંપતિ ૨૦૧.૪ ટ્રિલિયન ડૉલર, રેવન્યુ ૪૨.૩ ટ્રિલિયન ડૉલર જ્યારે, નફો ૩.૩ ટ્રિલિયન ડૉલર નોંધાયો છે.

**લિસ્ટની હાઈલાઈટ્સ :**

- ✓ ૨૦૦૦ નામોમાં અમેરિકાની ૫૮૮, જ્યારે ચીનની ૩૨૪ કંપનીઓ છે. અમેરિકા માટે નોંધપાત્ર વાત એ છે કે ગેપ સાંકડો થતો જાય છે. જેમ કે ૨૦૦૩માં પહેલું લિસ્ટ જાહેર થયું એમાં અમેરિકાની ૭૭૬ કંપની, ચીનની ૪૩ કંપની હતી. ચીની કંપનીઓની સંખ્યા વધતી જાય છે, અમેરિકાની ઘટતી જાય છે.
- ✓ ૨૦૧૯માં આવેલા આઈપીઓને કારણે સાઉદી ઓઈલ કંપની આર્માકો લિસ્ટમાં સીધી પાંચમા ક્રમે પહોંચી ગઈ હતી. જ્યારે ઓઈલ-ગેસ સેક્ટરની બધી કંપનીઓમાં એ પ્રથમ ક્રમે છે.
- ✓ ઉબેર ટેકનોલોજી પહેલી વાર પ્રથમ હજારના લિસ્ટમાં પ્રવેશી છે. આ વખતે તેનો ક્રમ ૭૧૨મો છે.
- ✓ ગ્રુપ વિડીયો કોલિંગની સગવડ આપતી ચીની કંપની ઝૂમ પ્રથમ વાર લિસ્ટમાં શામેલ થઈ છે. તેનો નંબર ૧૬૦૧મો છે.
- ✓ ૨૦૦૦ કંપનીઓમાં સૌથી વધુ ૪૩૯ બેન્કિંગ સેક્ટરની છે. એ પછી ૧૬૧ ટેકનોલોજી, ૧૩૭ કન્સ્ટ્રક્શન, ૧૧૧ ઈન્સ્યુરન્સ, ૧૦૧ ઓઈલ-ગેસની અને ૧૦૫૧ કંપનીઓ અન્ય ક્ષેત્રની છે.

**ભારતની ટોપ-૧૦ કંપની :**

ભારતની ટોપ-૧૦

| ક્રમ | કંપની |
|---|---|
| ૫૮ | રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ |
| ૧૪૬ | એચડીએફસી બેન્ક |
| ૧૭૧ | એસબીઆઈ |
| ૨૫૫ | આઈસીઆઈસીઆઈ |
| ૨૬૯ | ઓએનજીસી |
| ૨૭૯ | એચડીએફસી |
| ૩૭૫ | તાતા કન્સલટન્સી |
| ૩૮૯ | ઈન્ડિયન ઓઈલ |
| ૪૪૩ | એલ એન્ડ ટી |
| ૪૮૭ | એનટીપીસી |

**વિશ્વની ટોપ-૧૦ કંપની :**

વિશ્વની ટોપ-૧૦ કંપની

| ક્રમ | કંપની | દેશ |
|---|---|---|
| ૧ | આઈસીબીસી | ચીન |
| ૨ | ચાઈના કન્સ્ટ્રક્શન બેન્ક | ચીન |
| ૩ | જે.પી.મોર્ગન | અમેરિકા |
| ૪ | બર્કશાયર હેથવે | અમેરિકા |
| ૫ | એગ્રિ બેન્ક ઑફ ચાઈના | ચીન |
| ૬ | આર્માકો | સાઉદી |
| ૭ | પિંગ એન ઈન્સ્યુરન્સ | ચીન |
| ૮ | બેન્ક ઑફ અમેરિકા | અમેરિકા |
| ૯ | એપલ | અમેરિકા |
| ૧૦ | બેન્ક ઓફ ચાઈના | ચીન |

**૭. જન્મદિન વિશેષ : ૧૩ મે**

**ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ:નીલમ સંજીવ રેડ્ડી**

**જન્મ : ૧૩ મે ૧૯૧૩ અવસાન : ૧ જૂન ૧૯૯૬**

- ✓ આજે ભારતના બે પૂર્વ રાષ્ટ્રપતિઓ, અનુક્રમે ફકરુદીન અલી એહમદ અને નીલમ સંજીવ રેડ્ડીનો જન્મદિવસ છે.
- ✓ નીલમ સંજીવ રેડ્ડીનો જન્મ જુના મદ્રાસ પ્રાંતના અનંતપુરમાં થયો હતો. શરૂનું શિક્ષણ અને કોલેજ અનંતપુરમાં કરી.
- ✓ ૧૯૨૯મા મહાત્મા ગાંધીની અનંતપુરની મુલાકાત પછી ભણતર છોડી સત્યાગ્રહમાં જોડાયા.
- ✓ ૧૯૪૨ના હિન્દ છોડો અન્દોલનમાં ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો.
- ✓ દરમિયાન નીલમ સંજીવ રેડ્ડીની રાજકીય વિકાસયાત્રા પણ ચાલુ હતી.
- ✓ ૧૯૪૬મા મદ્રાસ લેજીસ્લેટીવ એસેમ્બલીના સભ્ય બન્યા.
- ✓ આન્ધ્રપ્રદેશના પહેલા મુખ્યમંત્રી (૧૯૬૨-૬૪), બે વાર લોકસભાના સ્પીકર(૧૯૬૭-૬૯), કેન્દ્ર સરકારમાં મંત્રી, કોંગ્રેસના પ્રમુખ(૧૯૬૦-૬૨) અને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રેડ્ડીનો પોલીટીકલ ગ્રાફ હતો.
- ✓ મોરારજી સરકારમાં સ્પીકર અને ૨૫ જુલાઈ ૧૯૭૭ થી ૨૫ જુલાઈ ૧૯૮૨ દરમિયાન જનતા પક્ષના ઉમેદવાર તરીકે ભારતના છઠા રાષ્ટ્રપતિ બન્યા
- ✓ તેમના રાષ્ટ્રપતિકાળ દરમિયાન મોરારજી દેસાઈ, ચરણસિંહ અને ઇન્દિરા ગાંધી એમ ત્રણ વડાપ્રધાનો આવ્યા હતા. તે સમયે તેઓ ભારતના સૌથી યુવા રાષ્ટ્રપતિ હતા.
- ✓ રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીનું ૧ જુન ૧૯૯૬ના રોજ ૮૩ વર્ષની વયે બેંગ્લોરમાં અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૫-૨૦૨૦)

1. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત પેકેજ-1માં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી- **રૂ.5.94 લાખ કરોડ**
2. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરાયેલ પેકેજ-1 માં સૌથી વધુ ભાર કયા ક્ષેત્ર ઉપર મૂકવામાં આવ્યો છે- **MSME**
3. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત MSME એકમો માટે કેટલી રકમની જામીનગીરી વિનાની લોનની ઘોષણા કરી- **રૂ.3 લાખ કરોડ**

4. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત MSME એકમો માટે કેટલી રકમની લિક્વિડિટીની જાહેરાત કરી છે- **રૂ. 20,000 કરોડ**
5. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત MSME એકમો માટે કેટલી રકમની એક્સપાન્સન મૂડીની જાહેરાત કરી છે - **રૂ.50,000 કરોડ**
6. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરાયેલ પેકેજ-1 માં સૌથી વધુ ભાર MSME ઉપર મૂકવામાં આવ્યો છે જેનાથી અંદાજે કેટલા એકમોને ફાયદો થશે - **45 લાખ**
7. કેન્દ્ર સરકારે ગ્લોબલ ટેન્ડરની વ્યાખ્યામાં સુધારો કરીને હવેથી કેટલી રકમ સુધીના ટેન્ડરને ગ્લોબલ ટેન્ડર નહીં ગણવા જાહેરાત કરી છે- **રૂ.200 કરોડ**
8. કેન્દ્ર સરકાર દ્વારા વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કંપની અને કામદારોનો કેટલા ટકા હિસ્સો આગામી કેટલા મહિના સુધી સરકાર ચૂકવશે- **12-12% અને જૂન, જુલાઈ,ઓગસ્ટ**
9. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત એમએસએમઇ એકમોને કેટલા વર્ષ માટે લોન મળશે અને શરૂઆતના ક્યાં સુધી મૂડી ચૂકવવામાંથી મુક્તિ અપાઇ છે- **4 વર્ષ અને 1 વર્ષ**
10. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત આગામી ત્રણ માસ માટે સરકારી કંપનીઓના કર્મચારીએ PFમાં કેટલા ટકા ફાળો આપવાનો જ્યારે સરકાર કેટલા ટકા ફાળો આપશે- **10% અને 12%**
11. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત કર્મચારી અને નોકરીદાતાઓનો EPF હિસ્સો આગામી ત્રણ માસ સુધી કેટલા ટકા રહેશે - **10-10% (બે ટકાનો ઘટાડો)**
12. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત ટીડીએસ અને ટીસીએસના વર્તમાન દર કરતા કેટલા ટકાનો ઘટાડો કરાયો- **25%**
13. ભારતમાં વર્ષ 2020માં IT રિટર્ન ભરવાની તારીખ વધારીને ક્યાં સુધી લંબાવાઈ- **30 નવેમ્બર 2020**
14. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત NBFC, HFC અને અને MFI માટે કેટલા કરોડની સ્પેશિયલ લિક્વિડિટી સ્કીમ આપવામાં આવી - **રૂ. 30,000 કરોડ**
15. કેન્દ્ર સરકાર દ્વારા કોરોનાને રેરા હેઠળ કઈ આપત્તિ માનવામાં આવશે - **કુદરતી**
16. તમામ કોન્ટ્રાક્ટરને સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા કામ પૂર્ણ કરવા માટેની મુદતમાં કેટલો વધારો કરાયો - **06 માસ**
17. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત પાવર જનરેટર કંપનીઓ માટે કેટલા કરોડ ફાળવવામાં આવ્યા- **રૂ. 90,000 કરોડ**
18. કેન્દ્ર સરકાર દ્વારા "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત જાહેર કરાયેલ રાહત પેકેજ વિશ્વનું કયા ક્રમનું સૌથી મોટું રાહત પેકેજ છે- **5th**
19. કોરોના વાયરસને પગલે મે-૨૦૨૦માં ગુજરાત સરકારે અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવવા શાની રચના કરી – **ઉચ્ચ સ્તરીય સમિતિ**
20. કોરોના વાયરસને પગલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અર્થતંત્રને વધુ વેગવંતુ કરવા ભલામણ આપવા બનાવેલી છ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ પદે કોની નિમણૂક કરી - **પૂર્વ કેન્દ્રીય નાણા સચિવ હસમુખ અઢિયા**
21. કોરોના વાયરસને પગલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અર્થતંત્રને વધુ વેગવંતુ કરવા ભલામણ આપવા બનાવેલી ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ પૂર્વ કેન્દ્રીય નાણા સચિવ હસમુખ અઢિયા સિવાયના અન્ય સભ્યોના નામ જણાવો – **IIM અમદાવાદના પૂર્વ પ્રાધ્યાપક પ્રો. રવિન્દ્ર ધોળકીયા, જાણીતા ટેક્ષ કન્સલટન્ટ મૂકેશ પટેલ, ફાયનાન્સીયલ એકસપર્ટ પ્રદિપ શાહ, પૂર્વ આઇ.એ.એસ. અધિકારી કિરીટ શેલત, સભ્ય સચિવ તરીકે GIDC ના એમ.ડી. એમ. થેન્નારસન**
22. કોરોના વાયરસને પગલે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અર્થતંત્રને વધુ વેગવંતુ કરવા ઉચ્ચ સ્તરીય સમિતિએ તલસ્પર્શી કાર્યયોજના એકશન પ્લાન સાથે તેની ભલામણોનો અહેવાલ સરકારને કેટલા સમયમાં આપવાનો રહેશે - **એક માસમાં**
23. બેંકના સંદર્ભમાં NDBનું વિસ્તૃત નામ જણાવો - **ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક**
24. કઈ બેન્કને બ્રિક્સ દેશોની વિકાસ બેન્ક તરીકે ઓળખવામાં આવે છે - **ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક**
25. બ્રિક્સ દેશોની વિકાસ બેન્ક NDB દ્વારા કોરોના માટે ભારતને કેટલું ધિરાણ આપ્યું - **એક અબજ ડોલર**

26. બ્રિક્સ કયા દેશોનું સંગઠન છે - **બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા**
27. ન્યૂ ડેવલપમેન્ટ બેન્કની રચના કોના દ્વારા કરવામાં આવી હતી - **બ્રિક્સ સંગઠન દ્વારા**
28. બ્રિક્સ સંગઠન દ્વારા ન્યૂ ડેવલપમેન્ટ બેન્કની રચના કયારે કરવામાં આવી હતી – **વર્ષ-૨૦૧૪**
29. ન્યૂ ડેવલપમેન્ટ બેન્કનું મુખ્ય મથક કયાં આવેલું છે - **શાંઘાઇ (ચીન)**
30. ન્યૂ ડેવલપમેન્ટ બેન્કના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો – **ભારતના જાણીતા બેન્કર કે.વી.કામથ**
31. MSMEનું વિસ્તૃત નામ જણાવો - **માઇક્રો સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝિસ**
32. MSMEની નવી વ્યાખ્યા મુજબ કેટલા રૂપિયા સુધી ઇન્વેસ્ટમેન્ટ અને કેટલા રૂપિયા સુધી ટર્નઑવરવાળી કંપની માઇક્રો એન્ટરપ્રાઈઝની કેટેગરીમાં આવશે - **1 કરોડ અને 5 કરોડ**
33. MSMEની નવી વ્યાખ્યા મુજબ કેટલા રૂપિયા સુધી ઇન્વેસ્ટમેન્ટ અને કેટલા રૂપિયા સુધી ટર્નઑવરવાળી કંપની સ્મોલ એન્ટરપ્રાઈઝની કેટેગરીમાં આવશે - **1 કરોડથી 10 કરોડ અને અને 5 કરોડથી 50 કરોડ**
34. MSMEની નવી વ્યાખ્યા મુજબ કેટલા રૂપિયા સુધી ઇન્વેસ્ટમેન્ટ અને કેટલા રૂપિયા સુધી ટર્નઑવરવાળી કંપની મીડિયમ એન્ટરપ્રાઈઝની કેટેગરીમાં આવશે - **10-20 કરોડ અને 50-100 કરોડ**
35. ભારતની કઈ કેન્ટિનોમાં સ્વદેશી વસ્તુઓ જ વેચાશે – **CAPF કેન્ટિન**
36. ભારતની CAPF કેન્ટિનોમાં ક્યારથી સ્વદેશી વસ્તુઓ જ વેચાશે – **૧લી જૂન-૨૦૨૦**
37. દેશભરમાં સીએપીએફના કર્મચારીઓની સંખ્યા જણાવો - **10 લાખ**
38. CAPFનું વિસ્તૃત નામ જણાવો – **સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ**
39. કોના દ્વારા વિશ્વની શક્તિશાળી કંપનીઓની ગ્લોબલ-૨૦૦૦ યાદી બહાર પાડવામાં આવે છે – **ફોર્બ્સ મેગેઝિન-અમેરિકા**
40. ફોર્બ્સ મેગેઝિન દ્વારા વર્ષ-૨૦૨૦માં ગ્લોબલ-૨૦૦૦ની કેટલામી વાર્ષિક યાદી બહાર પાડવામાં આવી - **૧૮મી**
41. ફોર્બ્સ મેગેઝિન દ્વારા વર્ષ-૨૦૨૦માં બહાર પાડવામાં આવેલી ગ્લોબલ-૨૦૦૦ની ૧૮મી વાર્ષિક યાદીમાં પ્રથમ ક્રમે કઈ કંપની હતી- **'ઈન્ડસ્ટ્રિઅલ એન્ડ કમર્શિઅલ બેન્ક ઑફ ચાઈના-ચીન**
42. ફોર્બ્સ મેગેઝિન દ્વારા વર્ષ-૨૦૨૦માં બહાર પાડવામાં આવેલી ગ્લોબલ-૨૦૦૦ની ૧૮મી વાર્ષિક યાદીમાં ભારતની કેટલી કંપનીઓનો સમાવેશ કરાયો છે - **૫૦**
43. ફોર્બ્સ મેગેઝિન દ્વારા ક્યા વર્ષથી ગ્લોબલ-૨૦૦૦ની વાર્ષિક યાદી બહાર પાડવાનો પ્રારંભ થયો હતો – **વર્ષ-૨૦૦૩**
44. ફોર્બ્સ મેગેઝિન દ્વારા પ્રતિ વર્ષ બહાર પાડવામાં આવતા ગ્લોબલ-૨૦૦૦ની યાદીમાં કઈ કંપનીઓનો સમાવેશ કરવામાં આવે છે - **દુનિયાની સૌથી પાવરફૂલ ૨૦૦૦ કંપની**
45. ફોર્બ્સ મેગેઝિન દ્વારા વર્ષ-૨૦૨૦માં બહાર પાડવામાં આવેલી ગ્લોબલ-૨૦૦૦ની ૧૮મી વાર્ષિક યાદીમાં સમાવિષ્ટ ૫૦ ભારતીય કંપનીઓમાં પ્રથમ ક્રમે કોણ છે - **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ**
46. ફોર્બ્સ મેગેઝિન દ્વારા પ્રતિ વર્ષ બહાર પાડવામાં આવતા ગ્લોબલ-૨૦૦૦ કંપનીઓની કુલ સંપતિ, રેવન્યુ અને નફો કેટલો છે – **કુલ સંપત્તિ ૨૦૧.૪ ટ્રિલિયન ડૉલર, રેવન્યુ ૪૨.૩ ટ્રિલિયન ડૉલર જ્યારે, નફો ૩.૩ ટ્રિલિયન ડૉલર**
47. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી નીલમ સંજીવ રેડ્ડીનો જન્મ દિવસ જણાવો - **૧૩ મે ૧૯૧૩**
48. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ફકરુદીન અલી એહમદનો જન્મ દિવસ જણાવો - **૧૩ મે ૧૯૧૩**
49. આન્ધ્રપ્રદેશના પહેલા મુખ્યમંત્રી અને તેનો કાર્યકાળ જણાવો - **શ્રી નીલમ સંજીવ રેડ્ડી (૧૯૬૨-૬૪)**
50. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી નીલમ સંજીવ રેડ્ડી કેટલીવાર લોકસભાના સ્પીકર બન્યા હતા - **બે વાર**

**DATE : 14-05-2020**


૧.આત્મનિર્ભર ભારત અભિયાન: રૂ. ૩.૧૬ લાખ કરોડનું પેકેજ-૨ જાહેર (આર્થિક)

**કોને કોને લાભ :**

- ✓ પ્રવાસી શ્રમિક, ખેડૂત, ફેરિયા અને લારીવાળા સહિતના ગ્રામીણ અને શહેરી ગરીબો તથા મધ્યમવર્ગ માટે રાહતના ૯ પગલાંની જાહેરાત.
- ✓ જેમાંથી ૩ પગલાં પ્રવાસી શ્રમિક માટે, એક મુદ્રા શિશુ લોનધારકો માટે, એક પગલું સ્ટ્રીટ વેન્ડર્સ માટે, એક પગલું હાઉસિંગ માટે, એક પગલું આદિવાસીઓ માટે રોજગાર સર્જન અને બે પગલાં નાના ખેડૂતો માટે હતાં.

<u>પ્રવાસી શ્રમિકો :</u>

- ✓ પ્રવાસી શ્રમિકોની યોજનાના અમલની સંપૂર્ણ જવાબદારી રાજ્યોની રહેશે





- ✓ રાજ્યમાં એનએફએસએ અથવા સ્ટેટ કાર્ડના લાભાર્થી ન હોય તેવા પ્રવાસી શ્રમિકોને બે મહિના માટે વ્યક્તિદીઠ પાંચ કિલો ઘઉં અથવા ચોખા અને પરિવાર દીઠ એક કિલો ચણા અથવા દાળ અપાશે
- ✓ આ યોજનાનો લાભ ૮ કરોડ પ્રવાસી શ્રમિકોને મળશે, સમગ્ર ખર્ચ ભારત સરકાર વહન કરશે
- ✓ પ્રવાસી શ્રમિકોની ઓળખ કરીને યોજનાના અમલની સંપૂર્ણ જવાબદારી રાજ્યોની રહેશે

<u>વન નેશન વન રેશન કાર્ડ સ્કીમ અને સસ્તાં ભાડાંનાં મકાનો</u>




- ✓ વન નેશન વન રેશન કાર્ડ દ્વારા પ્રવાસી શ્રમિક રેશનની ગમે તે દુકાન પરથી અનાજ મેળવી શક્શે
- ✓ ઓગસ્ટ ૨૦૨૦ સુધીમાં ૨૩ રાજ્યોમાં ૬૭ કરોડ એટલે કે ૮૩ ટકા રેશનકાર્ડધારકોને આવરી લેવાશે
- ✓ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માર્ચ ૨૦૨૧ સુધીમાં સિસ્ટમ ઓટોમેશનનું કામ પૂરું કરી લેશે
- ✓ સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પ્રવાસી શ્રમિક અને શહેરી ગરીબો માટે સસ્તાં ભાડાંનાં મકાનોની યોજના શરૂ કરશે. પીપીપી મોડ અંતર્ગત સરકારી સહાય દ્વારા શહેરોમાં તૈયાર થયેલાં મકાનોને એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સમાં તબદીલ કરાશે
- ✓ મેન્યુફેક્ચરિંગ એકમો, ઇન્ડસ્ટ્રીઝ, સંસ્થાનો, અને એસોસિયેશનોને તેમની પોતાની જમીનો પર સસ્તાં ભાડાનાં મકાનો તૈયાર કરવા માટે સરકાર સહાય કરશે

<u>ખેડૂતો માટે :</u>





- ✓ NABARD દ્વારા ભંડોળ: આ યોજનાનો લાભ 3 કરોડ નાના અને સીમાંત ખેડૂતોને મળશે
- ✓ નાના અને સીમાંત ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી નથી, તેમની પાસે આર્થિક સ્રોત અપૂરતા
- ✓ તેમને મુખ્યત્વે આરઆરબી અને ગ્રામીણ સહકારી બેન્કો પાસેથી ધિરાણ મળે છે
- ✓ NABARD આરઆરબી અને ગ્રામીણ સહકારી બેન્કોની કૃષિ લોન જરૂરિયાતો માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડની વધારાની સહાય આપશે
- ✓ ૩૩ રાજ્ય સહકારી બેન્કો, ૩૫૧ જિલ્લા સહકારી બેન્કો અને ૪૩ આરઆરબી આ કામમાં સંકળાયેલી છે
- ✓ આ યોજનાનો લાભ ૩ કરોડ નાના અને સીમાંત ખેડૂતોને મળશે

<u>કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ૨.૫ કરોડ ખેડૂતોને રૂપિયા બે લાખ કરોડની ક્રેડિટ</u>

- ✓ કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા પીએમ કિસાન યોજનાના લાભાર્થીઓને કન્સેશનલ ક્રેડિટ માટેનું વિશેષ અભિયાન, આ અભિયાનમાં માછીમારો અને પશુપાલકોને પણ આવરી લેવાશે

- ✓ આ યોજના દ્વારા ખેડૂતો ઓછા વ્યાજદરે લોન પ્રાપ્ત કરી શકશે
- ✓ કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા પીએમ કિસાન યોજનાના લાભાર્થીઓને અઢી કરોડ ખેડૂતોને રૂપિયા બે લાખ કરોડની ક્રેડિટનો લાભ મળશે

**<u>મુદ્રા શિશુ લોન :</u>**




- ✓ મુદ્રા શિશુ લોનધારકોને વ્યાજમાં રૂપિયા ૧,૫૦૦ કરોડની રાહત
- ✓ મુદ્રા અંતર્ગત લોન લેનારા નાના બિઝનેસને લોકડાઉનનાં કારણે ગંભીર અસર થઇ છે અને તેઓ ઇએમઆઇ ચૂકવી શક્યા નથી, તેમને રિઝર્વ બેન્ક દ્વારા ઇએમઆઇમાં રાહત અપાઇ છે
- ✓ હાલમાં મુદ્રા શિશુ લોન અંતર્ગત રૂપિયા ૧.૬૨ લાખ કરોડની લોન અપાઇ છે, મહત્તમ રૂ. ૫૦,૦૦૦ની લોન અપાય છે.
- ✓ સરકાર ૧૨ મહિના માટે શિશુ લોનધારકોને વ્યાજમાં બે ટકાની રાહત આપશે
- ✓ મુદ્રા શિશુ લોનધારકોને રૂપિયા ૧,૫૦૦ કરોડની રાહત મળશે


**<u>સ્ટ્રીટ વેન્ડર્સ માટે રૂપિયા ૫,૦૦૦ કરોડની સ્પેશિયલ ક્રેડિટ ફેસિલિટી</u>**

- ✓ કોરોના મહામારીનાં કારણે ફેરિયાઓની રોજગારી પર ગંભીર અસર પડી છે
- ✓ તેમને સહાય કરવા સરકાર એક મહિનામાં વિશેષ યોજના શરૂ કરશે
- ✓ શરૂઆતમાં તેના માટે રૂપિયા ૧૦,૦૦૦ સુધીની રકમ ફાળવાશે, ડિજિટલ પેમેન્ટ કરનારાને આર્થિક લાભ આપી પ્રોત્સાહિત કરાશે, ૫૦ લાખ લારીવાળા અને ફેરિયાઓને યોજનાનો લાભ મળશે, આ માટે સરકાર રૂપિયા ૫,૦૦૦ કરોડ ફાળવશે
- ✓ સીધા કામો પર રખાતા પ્રવાસી / આંતરરાષ્ટ્રીય પ્રવાસી શ્રમિકો માટેની વ્યાખ્યામાં સુધારો




**<u>હાઉસિંગ સેક્ટર</u>**

- ✓ રૂપિયા ૬ થી ૧૮ લાખની વાર્ષિક આવક ધરાવતા મધ્યમવર્ગ માટે ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવશે, ૨.૫ લાખ મધ્યમવર્ગીય પરિવારોને લાભ મળશે




- ✓ અત્યાર સુધી યોજનાનો ૩.૩ લાખ મધ્યમવર્ગીય પરિવારોને લાભ મળ્યો છે
- ✓ હાઉસિંગ સેક્ટરમાં રૂપિયા ૭૦,૦૦૦ કરોડનું રોકાણ આવી શકે, નોકરીઓનું સર્જન થશે
- ✓ સ્ટીલ, સિમેન્ટ, ટ્રાન્સપોર્ટ અને કન્સ્ટ્રક્શન મટિરિયલની ડિમાન્ડમાં વધારો થશે.

**<u>સીધા કામ પર રખાતા પ્રવાસી/આંતરરાજ્ય પ્રવાસી શ્રમિકો માટેની વ્યાખ્યામાં સુધારો કરાયો</u>**

**<u>લેબર કોડ અને લાભો -૧</u> :**

- ✓ દેશભરમાં લઘુતમ વેતનનો અધિકાર અને બિનસંગઠિત ક્ષેત્ર સહિતના તમામ કામદારોને સમયસર વેતનની ચુકવણી સુનિશ્ચિત કરાશે, લઘુતમ વેતન નક્કી કરવાની પ્રક્રિયા સરળ બનાવાઈ, કર્મચારીઓ માટે વાર્ષિક આરોગ્ય ચકાસણી
- ✓ તમામ કામદારોને નિયુક્તપત્ર આપવાનું ફરજિયાત, નુકસાનકારક કામ સાથે સંકળાયેલી સંસ્થાઓમાં ૧૦ કરતાં ઓછા કામદાર હશે તો પણ સેફ્ટી એન્ડ હેલ્થ કોડ લાગુ થશે

**<u>લેબર કોડ અને લાભો – ૨ :</u>**

- ✓ પ્રવાસી શ્રમિકો માટે વેલ્ફેર બેનિફિટ્સની પોર્ટેબિલિટી, દેશભરના જિલ્લાઓ અને ૧૦ કે તેથી વધુ કર્મચારીને નોકરી રાખતા સંસ્થાનોમાં ESIC કવરેજનું વિસ્તરણ
- ✓ ૧૦ કરતાં ઓછા કર્મચારી ધરાવતા સંસ્થાનોમાં ESIC કવરેજ સ્વૈચ્છિક રીતે અમલી
- ✓ ૧૦ કરતાં ઓછા કામદાર હોય તો પણ નુકસાનકારક ઉદ્યોગોમાં ESIC કવરેજ ફરજિયાત


**<u>લેબર કોડ અને લાભો – ૩ :</u>**

- ✓ ગિગ અને પ્લેટફોર્મ વર્કર્સ માટે સોશિયલ સિક્યુરિટી યોજના, જૂના કામદારો માટે રિસ્કિલિંગ ફંડ શરૂ કરાયું. તમામ વ્યવસાયોમાં મહિલા કામદારોને કામની પરવાનગી, સુરક્ષાનાં પગલાં સાથે રાત્રે પણ કામ કરવાની પરવાનગી
- ✓ બિનસંગઠિત ક્ષેત્ર માટે સોશિયલ સિક્યુરિટી ફંડની જોગવાઈ
- ✓ રોજગાર માટે ગ્રેજ્યુઇટી- પાંચને બદલે એક વર્ષની સેવા પૂરી થતાં ગ્રેજ્યુઇટીની જોગવાઈ

**<u>વતન પરત આવતા પ્રવાસી શ્રમિકોને મનરેગામાં સમાવાયા</u>**

- ✓ ૧૩ મે ૨૦૨૦ સુધી ૧૪.૬૨ કરોડ વ્યક્તિ પ્રતિ દિવસ કામનું સર્જન
- ✓ અત્યાર સુધી તેની પાછળ કુલ રૂપિયા ૧૦,૦૦૦ કરોડનો ખર્ચ
- ✓ ૧.૮૭ લાખ ગ્રામ પંચાયતમાં ૨.૩૩ કરોડ શ્રમિકોને કામ
- ✓ મે ૨૦૧૯ની સરખામણીમાં મનરેગામાં ૪૦થી ૫૦ ટકા વધુ શ્રમિકો નોંધાયા
- ✓ વતન પરત ફરતા શ્રમિકોની મનરેગામાં નોંધણી કરવામાં આવી રહી છે
- ✓ મનરેગા એક્ટની જોગવાઈઓ પ્રમાણે પ્રવાસી શ્રમિકોને કામ આપવા રાજ્યો-યુટીને સલાહ
- ✓ ચોમાસામાં પણ મનરેગાનાં કામ ચાલુ રાખવાની યોજના, <u>વેતન ૧૮૨થી વધારી રૂ. ૨૦૨ કરાયું</u>

## <u>૨. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના : (યોજના)</u>




- ✓ આત્મનિર્ભર ભારત અભિયાનને સાકાર કરવા નાના માણસો માટે મોટી યોજના
- ✓ રૂ. ૫૫૦૦ કરોડનું પેકેજ જાહેર કરતી રાજ્યની સંવેદનશીલ સરકાર

**<u>લાભાર્થી અને સહાય :</u>**

- ✓ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના લોકડાઉનની પરિસ્થિતિના કારણે આર્થિક મુશ્કેલી અનુભવી રહેલા નાના વેપારીઓ, મધ્યમ વર્ગ, કારીગરો, પરંપરાગત વ્યવસાયિકો, રીક્ષાચાલકો, બાંધકામ શ્રમિકો વગેરેને રૂા.૧ લાખ સુધીનું મળશે ધિરાણ માત્ર ૨ ટકાના વ્યાજે.

**<u>અંદાજે કેટલાને લાભ :</u>**

- ✓ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના હેઠળ અંદાજિત ૧૦ લાખ નાના માણસોને મળશે લાભ

**<u>અન્ય વિગતો :</u>**

- ✓ લાભાર્થીઓએ વાર્ષિક માત્ર ૨ ટકા વ્યાજ ચુકવવાનું રહેશે, જ્યારે બાકીનું વાર્ષિક ૬ ટકા વ્યાજ રાજ્ય સરકાર ભરશે
- ✓ આ યોજનાના ફોર્મ તા.૨૧ મે ૨૦૨૦થી ૩૧ ઓગષ્ટ-૨૦૨૦ સુધી અંદાજે ૯ હજાર જેટલી રાજ્યની સહકારી બેંકો તથા ક્રેડિટ કોઓપરેટીવ સોસાયટીઓમાં ઉપલબ્ધ થશે
- ✓ રાજ્યની સહકારી બેંકો તથા ક્રેડિટ કો. ઓપરેટીવ સોસાયટીઓ મારફત વાર્ષિક ૨ ટકાના દરે એક લાખ સુધીનું તારણ વગર ધિરાણ અપાશે
- ✓ લાભાર્થીએ ત્રણ વર્ષના સમયગાળામાં ધિરાણ પરત કરવાનું રહેશે. જેમાં પ્રથમ ૬ મહિના વ્યાજ અને મુદ્દલ ભરવું નહિ પડે ત્યારબાદ ૩૦ સરખા હપ્તામાં ધિરાણ પરત કરવાનું રહેશે
- ✓ અરજીફોર્મ લાભાર્થીઓને સહકારી બેંકો/ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીઓ પાસેથી વિનામૂલ્ય મળશે.
- ✓ આ ધિરાણ મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા સ્ટેમ્પ ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે
- ✓ હાલમાં જેઓ ધંધા-વ્યવસાયમાં કાર્યરત હોય તેઓને આ યોજના હેઠળ ધિરાણ મળશે. જેમાં તા. ૧/૧/૨૦૨૦ના રોજ હયાત વ્યવસાયમાં કાર્યરત હોવા જોઇએ
- ✓ તા.૩૧/૮/૨૦૨૦ સુધીમાં સંબંધિત નાગરિક સહકારી બેંક /જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક/ગુજરાત રાજ્ય સહકારી બેંકની સંબંધિત શાખાને/સંબંધિત ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીને નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે

- ✓ 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના' નાના માણસને પુનઃ બેઠા કરીને ગુજરાતના વિકાસને ફરીથી વેગવંતો બનાવશે

3. લૉકડાઉન બાદ કેન્દ્ર દ્વારા ખેડૂતોને વિવિધ સહાય :

- ✓ ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્રને અપાયેલી સીધી સહાય
- ✓ રૂપિયા ૪.૨૨ લાખ કરોડની કૃષિ લોન લેનારા ૩ કરોડ ખેડૂતોને ૩ મહિના સુધી લોન મોરેટોરિયમ અપાયું
- ✓ ૧લી માર્ચ ૨૦૨૦થી બાકી વ્યાજ અને કૃષિ લોન પર રિપેમેન્ટ ઇન્સેન્ટિવ ૩૧ મે સુધી લંબાવાયાં
- ✓ રૂપિયા ૨૫,૦૦૦ કરોડની લોન લિમિટ ધરાવતા ૨૫ લાખ નવા કિસાન ક્રેડિટ કાર્ડ મંજૂર કરાયાં
- ✓ ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્રને અપાયેલો લિક્વિડિટી સપોર્ટ
- ✓ ૧ માર્ચથી ૩૦ એપ્રિલ ૨૦૨૦ સુધીમાં રૂપિયા ૮૬,૬૦૦ કરોડની ૬૩ લાખ લોન મંજૂર કરાઈ
- ✓ માર્ચ ૨૦૨૦માં સહકારી અને ગ્રામીણ બેન્કોને નાબાર્ડ દ્વારા રૂપિયા ૨૯,૫૦૦ કરોડની સહાય
- ✓ ગ્રામીણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે માર્ચ ૨૦૨૦ દરમિયાન રાજ્યોને રૂરલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત રૂ. ૪,૨૦૦ કરોડની સહાય
- ✓ માર્ચ ૨૦૨૦થી રાજ્ય સરકાર કૃષિ ઉત્પાદનોની ખરીદી કરી શકે તે માટે રૂ. ૬,૭૦૦ કરોડની વિંકગ કેપિટલ લિમિટ મંજૂર
- ✓ બે મહિનામાં માઇગ્રન્ટ અને શહેરી ગરીબોને અપાયેલી સહાય
- ✓ પ્રવાસી શ્રમિકો માટે શેલ્ટર અને ખોરાક પૂરાં પાડવા માટે સરકારે રાજ્યોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડનો ઉપયોગ કરવાની મંજૂરી આપી
- ✓ કેન્દ્ર સરકારે એસડીઆરએફમાં રાજ્યોનાં ભંડોળમાં વધારો કરવા ૩ એપ્રિલના રોજ એડવાન્સ ૧૧,૦૦૨ કરોડ જારી કરી દીધા
- ✓ લોકડાઉનના સમયગાળામાં શહેરી બેઘરો માટેનાં શેલ્ટરમાં રહેતાં લોકોને દિવસમાં ૩ સમય ભોજનની વ્યવસ્થા કરાઈ
- ✓ ૧૨,૦૦૦ સેલ્ફ હેલ્પ ગ્રૂપ દ્વારા ૩ કરોડ માસ્ક અને ૧.૨૦ લાખ લિટર સેનિટાઇઝર તૈયાર કરાયાં, તેના દ્વારા શહેરી ગરીબોને રોજગારી મળી રહી
- ✓ એસએચજીને એપ્રિલ ૨૦૨૦માં રિવોલ્વિંગ ફંડની ચુકવણી માટે પૈસા પોર્ટલનો ગુજરાતમાં પાયલોટ બેઝિસ પર ઉપયોગ કરાયો, મે ૨૦૨૦ સુધીમાં તમામ રાજ્યોમાં અમલ કરાશે.
- ✓ ૧૫ માર્ચ ૨૦૨૦થી શહેરી ગરીબોના ૭,૨૦૦ નવા સેલ્ફ હેલ્પ ગ્રૂપની રચના કરાઈ છે

**CAMPA ફંડનો ઉપયોગ કરી આદિવાસીઓને રોજગાર**

- ✓ નાગરિકો માટે રોજગારની તકોનાં સર્જનની જરૂર
- ✓ ૨૦૧૬માં કાયદા દ્વારા કમ્પેન્શેટરી એફોરેસ્ટેશન મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી CAMPAની રચના કરાઈ
- ✓ CAMPA માટે ટૂંકસમયમાં રૂપિયા ૬,૦૦૦ કરોડનાં ભંડોળની ફાળવણી કરાશે
- ✓ ફંડનો ઉપયોગ વનીકરણ અને પ્લાન્ટેશન, ફોરેસ્ટ મેનેજમેન્ટ સહિતનાં કામોમાં કરાશે
- ✓ શહેરી, ઉપનગરીય અને ગ્રામીણ વિસ્તારોમાં નોકરીની તકો સર્જાશે
- ✓ આદિવાસીઓ માટે રોજગારની તકોનું સર્જન થશે

3. PM - CARES ફંડ : કોરોના વાયરસની મહામારી સંદર્ભે PM-CARES ફંડમાંથી રૂ. 3,100 કરોડની ફાળવણી

- ✓ 50,000 મેક ઈન ઇન્ડિયા વેન્ટિલેટર માટે રૂ. 2000 કરોડની ફાળવણી
- ✓ પરપ્રાંતીય શ્રમિકો માટે રૂ. 1000 કરોડની ફાળવણી
- ✓ કોવિડ-19ની રસીના સંશોધન માટે રૂ.100 કરોડની ફાળવણી

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૫-૨૦૨૦)

1. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત કેન્દ્રીય નાણામંત્રી દ્વારા કેટલી રકમનું પેકેજ-૨ જાહેર કરાયું - **રૂ. ૩.૧૬ લાખ કરોડ**
2. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૨માં કયા વર્ગને લાભ અપાશે - **પ્રવાસી શ્રમિક, ખેડૂત, ફેરિયા અને લારીવાળા સહિતના ગ્રામીણ અને શહેરી ગરીબો તથા મધ્યમવર્ગ**
3. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત ૮ કરોડ પ્રવાસી શ્રમિકોને કયાં સુધી મફત અનાજ અપાશે – **જૂલાઈ-૨૦૨૦ સુધી**
4. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત રાસનકાર્ડ ન ધરાવતા શ્રમિકોને કેટલું રાશન વિનામૂલ્યે અપાશે - **પાંચ કિલો ઘઉં અથવા ચોખા અને પરિવાર દીઠ એક કિલો ચણા અથવા દાળ**

5. વન નેશન વન રેશન કાર્ડ અંતર્ગત ઓગષ્ટ-૨૦૨૦ સુધીમાં કેટલા રાજ્યોના કેટલા કરોડ રેશનકાર્ડધારકોને લાભ અપાશે - **૨૩ રાજ્યોમાં ૬૭ કરોડ એટલે કે ૮૩ ટકા**
6. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત કેટલા કરોડ નાના ખેડૂતોને પાકની વાવણી માટે નાણાકીય સહાય અપાશે - **૩ કરોડ ખેડૂત**
7. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા કેટલા કરોડ ખેડૂતોને કેટલા કરોડની ક્રેડિટ અપાશે - **૨.૫ કરોડ તથા રૂપિયા ૨ લાખ કરોડ**
8. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત મુદ્રા શિશુ લોનધારકોને આગામી એક વર્ષ સુધી વ્યાજમાં કેટલા ટકા સુધીની રાહત અપાશે – **૨ ટકા**
9. હાલમાં મુદ્રા શિશુ લોન અંતર્ગત રૂપિયા ૧.૬૨ લાખ કરોડની લોન અપાઇ છે, જેમાં મહત્તમ કેટલા રૂપિયાની લોન અપાય છે – **રૂ.૫૦,૦૦૦**
10. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત શેરી ફેરિયાઓ માટે કેટલા કરોડની સ્પેશિયલ ક્રેડિટ ફેસિલિટી અપાઈ – **રૂ. ૫,૦૦૦ કરોડ**
11. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત શેરી ફેરિયાઓને કેટલી રકમ સુધી લોન અપાશે - **રૂ. ૨ હજાર થી રૂ. ૧૦ હજાર સુધી**
12. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત રૂપિયા ૬ થી ૧૮ લાખની વાર્ષિક આવક ધરાવતા મધ્યમવર્ગ માટે ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ કયાં સુધી લંબાવાઈ - **માર્ચ ૨૦૨૧**
13. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત હાઉસિંગ સેક્ટર માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી– **રૂ. ૭૦,૦૦૦ કરોડ**
14. લેબર કોડ અંતર્ગત પ્રવાસી શ્રમિકો માટે વેલ્ફેર બેનિફિટ્સની પોર્ટેબિલિટી, દેશભરના જિલ્લાઓ અને કેટલાથી વધુ કર્મચારીને નોકરી રાખતા સંસ્થાનોમાં ESIC કવરેજનું વિસ્તરણ કરાશે - **૧૦**
15. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત પ્રવાસી શ્રમિકોની સુધારેલી વ્યાખ્યા મુજબ કેટલા કરતાં ઓછા કામદાર હોય તો પણ નુકસાનકારક ઉદ્યોગોમાં ESIC કવરેજ ફરજિયાત - **૧૦**
16. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત રોજગાર માટે ગ્રેજ્યુઇટી-પાંચને બદલે કેટલા વર્ષની સેવા પૂરી થતાં આપવાની જોગવાઈ – **એક વર્ષ**
17. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત વતન પરત આવતા પ્રવાસી શ્રમિકોને કઈ રોજગાર આપતી યોજનામાં સમાવાયા - **મનરેગા**
18. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત મનરેગા શ્રમિકોનું વેતન કેટલાથી વધારી કેટલું કરાયું - **૧૮૨થી વધારીને રૂ. ૨૦૨**
19. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત ગુજરાત સરકારે નાના વેપારીઓ, મધ્યમ વર્ગ, કારીગરો, પરંપરાગત વ્યવસાયિકો, રીક્ષાચાલકો, બાંધકામ શ્રમિકો વગેરેને સસ્તા દરે લોન આપવા કઈ યોજના જાહેર કરી – **આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના**
20. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ અંતર્ગત ગુજરાત સરકારે જાહેર કરેલી આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત ૨ ટકાના વાર્ષિક વ્યાજે કેટલી લોન અપાશે - **રૂ.૧ લાખ સુધી**
21. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત રૂપિયા એક લાખ સુધીની લોનમાં પ્રથમ કેટલા મહિના વ્યાજ અને મુદ્દલ ચૂકવવામાંથી રાહત અપાઈ છે – **પ્રથમ ૬ માસ**
22. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત કોઈ પણ જામીન વિના માત્ર અરજીના આધારે અપાનાર લોનની મુદ્દત જણાવો – **ત્રણ વર્ષ**
23. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેટલા રૂપિયાનું પેકેજ જાહેર કરાયું - **રૂ. ૫૫૦૦ કરોડ**
24. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત લાભાર્થીએ કેટલા સરખા હપ્તામાં બેંકોને ધિરાણ પરત કરવાનું રહેશે - **30**
25. કોરોના વાયરસ મહામારી સંદર્ભે PM-CARES ફંડમાંથી કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - **રૂ. 3,100 કરોડ**
26. કોરોના વાયરસ મહામારી સંદર્ભે PM-CARES ફંડમાંથી 50,000 મેક ઈન ઇન્ડિયા વેન્ટિલેટર માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - **રૂ. 2000 કરોડ**

27. કોરોના વાયરસ મહામારી સંદર્ભે PM-CARES ફંડમાંથી પરપ્રાંતીય શ્રમિકો માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - <u>રૂ. 1000 કરોડ</u>

28. PM-CARES ફંડમાંથી કોવિડ-19ની રસીના સંશોધન માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - <u>રૂ.100 કરોડ</u>

**DATE : 15-05-2020**

## <u>૧. આત્મનિર્ભર ભારત અભિયાન : પેકેજ-૦૩ (આર્થિક)</u>

## <u>કુલ રૂ.૧,૬૨,૮૪૩ કરોડની ફાળવણી</u>

**<u>કોને કોને લાભ :</u>**


- ✓ કૃષિ, પશુપાલન, ડેરી ઉદ્યોગ, મત્સ્યપાલન, મધમાખી ઉછેર વગેરે

**<u>પેકેજની મુખ્ય વિશેષતા :</u>**

- ✓ <u>ખેડૂતો માટે</u> ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ માટે <u>રૂપિયા ૧ લાખ કરોડનું એગ્રિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ</u>
- ✓ નાની ફૂડ પ્રોડક્ટ કંપનીઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજના <u>પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત માછીમારો માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડ</u>ની ફાળવણી
- ✓ <u>૧૫,૦૦૦ કરોડનું પશુપાલન માળખાકીય વિકાસ ભંડોળ</u>
- ✓ <u>હર્બલ ખેતીને પ્રોત્સાહન માટે રૂપિયા ૪,૦૦૦ કરોડની</u> ફાળવણી
- ✓ <u>મધ ઉત્પાદન માટે રૂપિયા ૫૦૦ કરોડ</u>ની જોગવાઈ
- ✓ **<u>તમામ ફળ અને શાકભાજીનો ઓપરેશન ગ્રીનમાં સમાવેશ</u>**
- ✓ <u>ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કૃષિ માર્કેટિંગમાં ત્રણ સુધારા</u>


**<u>પેકેજ-૩ની હાઈલાઈટ્સ :</u>**

- ✓ કોરોના સામે જંગમાં ભારતીય અર્થતંત્રને બળ આપવા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા માટેના રૂપિયા ૨૦ લાખ કરોડના રાહત પેકેજના ત્રીજા તબક્કાની કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને તા.૧૫મી મે-૨૦૨૦ના રોજ જાહેરાત કરી.
- ✓ સીતારામને કૃષિ, મત્સ્યપાલન, ડેરી ઉદ્યોગ, પશુપાલન અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ૧૧ પગલાંની ઘોષણા કરી
- ✓ કેન્દ્ર સરકાર નાના અને સીમાંત ખેડૂતોને ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા રૂપિયા ૧ લાખ કરોડના એગ્રિ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની તાત્કાલિક રચના કરશે.
- ✓ <u>સહકારી ડેરીઓને વર્ષ ૨૦૨૦-૨૧માં વ્યાજમાં વાર્ષિક બે ટકાની રાહત આપતી યોજનાની જાહેરાત, જેના કારણે તેમની પાસે વધારાના રૂપિયા ૫,૦૦૦ કરોડની લિક્વિડિટી ઉપલબ્ધ થશે અને બે કરોડ ખેડૂતોને તેનો લાભ થશે.</u>




- ✓ સરકારે પીએમ મોદીના વોકલ ફોર લોકલના આહ્વાનને પરિપૂર્ણ <u>કરવા માઇક્રો ફૂડ કંપનીઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજનાની જાહેરાત</u> કરી છે.
- ✓ દેશના પશુધનનાં સંરક્ષણ માટે અને તેમને બીમારીઓથી બચાવવા સરકારે <u>નેશનલ એનિમલ ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત રૂપિયા ૧૩,૩૪૩ કરોડ</u>ની ફાળવણી કરી
- ✓ જેમાં <u>દેશના ૧૦૦ ટકા પશુધનનું રસીકરણ કરાશે.</u>
- ✓ આગામી બે વર્ષમાં ૧૦ લાખ હેક્ટર જમીનને હર્બલ ખેતી અંતર્ગત આવરી લેવાશે જેના કારણે ખેડૂતોને રૂપિયા ૫,૦૦૦ કરોડની આવક થશે.
- ✓ <u>ગંગા નદીના કિનારા પર ૮૦૦ હેક્ટર જમીન પર મેડિસિનલ પ્લાન્ટ્સનો કોરિડોર તૈયાર કરાશે.</u>
- ✓ સરકારે મધ ઉત્પાદન કરતા ખેડૂતો માટે રૂપિયા ૫૦૦ કરોડની ફાળવણી કરી છે જે અંતર્ગત બીકિપિંગ ડેવલપમેન્ટ સેન્ટર, માર્કેટિંગ અને સ્ટોરેજ સેન્ટરો વિકસાવાશે.
- ✓ **<u>ઓપરેશન ગ્રીન હવે ટામેટાં, ડુંગળી અને બટાટાથી વિસ્તારિત કરીને હવે તમામ પ્રકારનાં ફળ અને શાકભાજીને પણ લાગુ થશે.</u>** જેમાં સ્ટોરેજ પર ૫૦ ટકા અને સરપ્લસ માર્કેટથી ખાધ ધરાવતા માર્કેટ સુધીના પરિવહનમાં ૫૦ ટકાની સબસિડી અપાશે.

**<u>કૃષિ: ઇન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ અને કેપેસિટી બિલ્ડિંગને મજબૂત બનાવતાં પગલાં</u>**




- ✓ ખેડૂતો માટે ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ માટે રૂપિયા ૧ લાખ કરોડનું એગ્રિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ
- ✓ ખેડૂતોને ઘરઆંગણે લણણી પછીની માળખાકીય સુવિધાઓ અને કોલ્ડ સ્ટોરેજ ચેઇનનો મોટો અભાવ દેશમાં છે
- ✓ ટૂંકાગાળાની કૃષિ લોન અને કૃષિ માળખાકીય સુવિધાઓમાં લાંબાગાળાના રોકાણ પર પૂરતું ધ્યાન અપાયું નથી, <u>ખેડૂતોને ઘરઆંગણે કૃષિ માળખાકીય પ્રોજેક્ટ ઉપલબ્ધ બને તે માટે રૂપિયા એક લાખ કરોડનું ભંડોળ ફાળવાશે</u>
- ✓ લણણી પછીના મેનેજમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ખેડૂતોને નજીકમાં જ તમામ સુવિધાઓ અપાશે
- ✓ રૂપિયા એક લાખ કરોડનાં ભંડોળની તાત્કાલિક રચના

<u>**નાની ફૂડપ્રોડક્ટ કંપનીઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજના**</u>


- ✓ આ યોજના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ગ્લોબલ આઉટરિચ સાથે વોકલ ફોર લોકલના વિઝનને પ્રોત્સાહન આપશે
- ✓ બિનસંગઠિત ફૂડ પ્રોડક્ટ કંપનીઓને એફએસએસએઆઇના ધોરણોને સમકક્ષ બનાવવા ટેક્નિકલ સહાય, બ્રાન્ડ તૈયાર કરવા અને માર્કેટિંગમાં સહાય
- ✓ <u>વોકલ ફોર લોકલના લક્ષ્યાંકો હાંસલ કરવા આ યોજના બે લાખ નાની ફૂડ કંપનીઓને મદદ કરશે</u>
- ✓ <u>યુપીમાં કેરી, કાશ્મીરમાં કેસર, ઉત્તરપૂર્વમાં વાંસ, આંધ્રપ્રદેશમાં મરચાં, તેલંગણામાં હળદર જેવી ક્લસ્ટર આધારિત બ્રાન્ડ વિકસાવાશે</u>
- ✓ આરોગ્ય અને સુરક્ષાનાં ધોરણોમાં સુધારો થશે, ખેડૂતોનું રિટેઇલ માર્કેટ સાથે જોડાણ વધશે, ખેડૂતોની આવક વધશે
- ✓ સુધારેલી આરોગ્ય જાગૃતિના સંદર્ભમાં નવા એક્સ્પોર્ટ માર્કેટ ખુલ્લાં થશે

<u>**હર્બલ ખેતીથી ખેડૂતોની આવકમાં રૂપિયા ૫,૦૦૦ કરોડનો વધારો થશે**</u>




- ✓ નેશનલ મેડિસિનલ પ્લાન્ટ્સ બોર્ડ ૨.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં મેડિસિનલ પ્લાન્ટની ખેતીને સહાય કરી
- ✓ રૂપિયા ૪,૦૦૦ કરોડના ખર્ચે આગામી બે વર્ષમાં ૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં હર્બલ ખેતી કરાશે
- ✓ તેના દ્વારા ખેડૂતોને રૂપિયા ૫,૦૦૦ કરોડની આવક થશે
- ✓ મેડિસિનલ પ્લાન્ટ માટે સ્થાનિક મંડીઓનું નેટવર્ક તૈયાર કરાશે
- ✓ નેશનલ મેડિસિનલ પ્લાન્ટ્સ બોર્ડ ગંગા નદીના કિનારા પર ૮૦૦ હેક્ટરનો મેડિસિનલ પ્લાન્ટ કોરિડોર તૈયાર કરશે

<u>**માછીમારો માટે ૨૦,૦૦૦ કરોડની ફાળવણી**</u>




- ✓ પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાનો પ્રારંભ કરાશે
- ✓ દરિયાઈ, આંતરિક જળાશયો અને એક્વાકલ્ચર પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૧,૦૦૦ કરોડનો ખર્ચ કરાશે
- ✓ ફિશિંગ હાર્બર, કોલ્ડ ચેઇન અને માર્કેટ વગેરે માટે રૂપિયા ૯,૦૦૦ કરોડનો ખર્ચ થશે
- ✓ કેજ કલ્ચર, સીવીડ ફાર્મિંગ, ઓર્નામેન્ટલ ફિશરિઝને પ્રોત્સાહન, નવી બોટ માટે સહાય, લેબોરેટરી નેટવર્ક વિકસાવાશે
- ✓ માછીમારોને વ્યક્તિગત અને હોડીના વીમાની જોગવાઈ
- ✓ પાંચ વર્ષમાં વધારાના ૭૦ લાખ મત્સ્ય ઉત્પાદનનો લક્ષ્યાંક
- ✓ આ યોજના અંતર્ગત ૫૫ લાખથી વધુને રોજગારી.

<u>**પશુ રોગ નિયંત્રણ/ વિકાસ ભંડોળ**</u>



- ✓ રૂપિયા ૧૩,૩૪૩ કરોડની ફાળવણી સાથે ફૂટ એન્ડ માઉથ ડિસિઝ અને બ્રુસેલોસિસ રોગોના નિવારણ માટે રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ યોજના
- ✓ દેશમાં કુલ ૫૩ કરોડ પશુ, ભેંસ, ઘેટાં, બકરાં અને ડુક્કરનું ૧૦૦ ટકા રસીકરણ કરાશે
- ✓ અત્યાર સુધીમાં ૧.૫ કરોડ ગાય અને ભેંસનું રસીકરણ
- ✓ કેટલ ફીડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ડેરી પ્રોસેસિંગમાં ખાનગી મૂડીરોકાણને સમર્થન





- ✓ ૧૫,૦૦૦ કરોડનું પશુપાલન માળખાકીય વિકાસ ભંડોળ
- ✓ ડેરી પ્રોડક્ટની નિકાસ માટે પ્લાન્ટ નાખનારને સહાય કરાશે

**તમામ ફળ અને શાકભાજીનો ઓપરેશન ગ્રીનમાં સમાવેશ**

- ✓ ખેતરમાં બગડી જતાં ફળ અને શાકભાજીની કિંમત અને વેચાણમાં ઘટાડો અટકાવવાની જરૂર
- ✓ ઓપરેશન ગ્રીનમાં હવે ટામેટાં, ડુંગળી અને બટાકાની સાથે તમામ પ્રકારનાં ફળ અને શાકભાજીનો સમાવેશ
- ✓ સરપ્લસ માર્કેટથી ખાધ ધરાવતા માર્કેટ સુધી આ ઊપજોનાં પરિવહન માટે ૫૦ ટકા સબસિડી
- ✓ આ ઊપજોના કોલ્ડ સ્ટોરેજ સહિતનાં સંગ્રહસ્થાનો માટે ૫૦ ટકા સબસિડી
- ✓ ૬ મહિના પાયલોટ પ્રોજેક્ટ, ત્યારબાદ તેનો વિસ્તાર કરાશે જ

**મધમાખી ઉછેરનારા માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઈ**




- ✓ ગ્રામીણ વિસ્તારોમાં મધ ઉત્પાદન આજીવિકામાં મદદરૂપ પ્રવૃત્તિ છે
- ✓ પરાગધાન દ્વારા પાકની ઊપજ અને ગુણવત્તામાં વધારો થાય છે
- ✓ મધમાખીના ઉછેરથી મધ અને મીણ જેવાં ઉત્પાદનોનો લાભ મળે છે
- ✓ સરકાર મધમાખી વિકાસ કેન્દ્રો, મધ કલેક્શન, માર્કેટિંગ, સ્ટોરેજ સેન્ટર, મધની વેલ્યૂ એડિશન ફેસિલિટીમાં સહાય કરશે
- ✓ મધની ગુણવત્તા અને ટ્રેસેબિલિટી સિસ્ટમનો અમલ કરાશે
- ✓ મહિલાઓને પ્રોત્સાહિત કરીને ક્ષમતામાં વધારો થશે
- ✓ મધમાખીનો ઉછેર કરનારા અને ન્યુક્લિયસ સ્ટોકની ગુણવત્તા વિકસાવાશે
- ✓ આ યોજનાથી બે લાખ મધમાખી ઉછેરનારાની આવકમાં વધારો થશે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત મધ મળશે

## ૨. આવશ્યક ચીજવસ્તુ ધારામાં આ ત્રણ મોટા વહિવટી સુધારા કરાશે (કેન્દ્ર સરકાર)

**(૧) શાસન-વહીવટી સુધારા : એસેન્શિયલ કોમોડિટી એક્ટમાં સુધારા કરાશે**

- ✓ ખેડૂતોને ઊપજની સારી કિંમત મળી રહે તે માટે એસેન્શિયલ કોમોડિટી એક્ટમાં સુધારા કરાશે
- ✓ દેશમાં અછતના સમયમાં એસેન્શિયલ કોમોડિટી એક્ટ ૧૯૫૫ લાગુ કરાયો હતો
- ✓ કૃષિ સેક્ટરને સ્પર્ધાત્મક બનાવી અને રોકાણ આકર્ષીને ખેડૂતોને તેમની ઊપજની સારી કિંમત અપાવવાની જરૂર
- ✓ ખાદ્ય તેલ, સિરિઅલ્સ, તેલીબિયાં, દાળો, ડુંગળી અને બટાકા સહિતની કૃષિ ઊપજોને નિયંત્રણ મુક્ત કરાશે
- ✓ કિંમતોમાં વધારો, રાષ્ટ્રીય હોનારતો. દુકાળ જેવી સ્થિતિમાં સ્ટોક લિમિટ લાગુ કરાશે. પ્રોસેસર્સ અને વેલ્યૂ ચેઇન પાર્ટિસિપન્ટ અથવા નિકાસની માગ પ્રમાણે સ્ટોક લિમિટ લાગુ નહીં થાય.

**(૨) કૃષિ ઉત્પાદનની કિંમત અને ગુણવત્તાની ખાતરી**

- ✓ વાવણીના સમયે પોતાની ઊપજની શું કિંમત મળશે તે જાણવા ખેડૂતો પાસે સ્ટાન્ડર્ડ મિકેનિઝમનો અભાવ
- ✓ પ્રોસેસર્સ, એગ્રિગેટર્સ, મોટા રિટેલર અને નિકાસકારો સાથે પારદર્શક રીતે કામ કરી શકાય તે માટે ખેડૂતો માટે કાયદાકીય માળખાની રચના થશે.
- ✓ આ માળખામાં ખેડૂતોનું જોખમ ઘટાડા, તેમના ઉત્પાદનનું પૂરતું વળતર અપાવવા અને ગુણવત્તાનાં ધોરણોનો સમાવેશ કરાશે

**(૩) ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કૃષિ માર્કેટિંગ સુધારા**

✓ અત્યારે ખેડૂતો એપીએમસીના લાઇસન્સધારક વેપારીઓને જ તેમની ઊપજો વેચવા બંધાયેલા છે
✓ બીજા કોઈ ઔદ્યોગિક ઉત્પાદનોનાં વેચાણ માટે આ પ્રકારનાં નિયંત્રણો અમલમાં નથી
✓ તેના પરિણામે કૃષિ ઉત્પાદનોનું મુક્ત રીતે વેચાણ કરવામાં અવરોધો આવે છે. ખેડૂતોને તેમની ઊપજની પૂરતી કિંમત મળતી નથી, તેથી સરકાર ખેડૂતો માટે વિશેષ કાયદો ઘડી કાઢશે
✓ ખેડૂત આકર્ષક કિંમત મળે ત્યાં પોતાની ઊપજનું વેચાણ કરી શકશે
✓ કોઈપણ અવરોધ વિના આંતરરાજ્ય વેપાર કરી શકાશે. કૃષિ ઉત્પાદનનાં ઇ-ટ્રેડિંગ માટે માળખું તૈયાર કરાશે

<u>3. વાવાઝોડુ : અમ્ફાન / એમ્ફાન (કુદરતિ આપત્તિ)</u>

**(૧) બંગાળના અખાતમાં સર્જાઈ રહેલું અમ્ફાન વાવાઝોડુ**

✓ સંભવિત અસર : પૂર્વ કાંઠાના ૮ રાજ્યો
✓ નામ આપનાર દેશ : થાઈલેન્ડ
✓ અમ્ફાનનો અર્થ : આકાશ

**(૨) વોંગફોંગ :**

✓ એશિયાઈ ટાપુ દેશ ફિલિપાઈન્સમાં ત્રાટકેલુ વોંગફોંગ વાવાઝોડુ

<u>૪. IBRD-વર્લ્ડ બેન્ક (આર્થિક સહાય)</u>

✓ કોરોના સામે લડવા વિશ્વ બેન્ક દ્વારા ભારતને ૧ અબજ ડોલરની લોન
✓ અગાઉ પણ ૧ અબજ ડોલરની સહાય

**ઉપયોગ :**

✓ કોરોનાને લગતા સરકારી કાર્યક્રમો માટે અને ખાસ કરીને શહેરી ગરીબો, માઈગ્રન્ટ મજૂરો, આર્થિક રીતે નબળા વર્ગનાં પરિવારોની સામાજિક સુરક્ષા અને સહાય માટે ભારતને મળનારી આ રૂ.૭,૬૦૦ કરોડની સહાયનો ઉપયોગ કરવાનો રહેશે. વર્લ્ડ બેન્ક , આ રીતે કોરોના સામે લડવા 3 ક્ષેત્રોમાં સહયોગ પુરો પાડશે.
✓ IBRD : ઈન્ટરનેશનલ બેન્ક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ

**NDB એ પણ ભારતને ૧ અબજ ડોલરની મદદ કરી**

✓ આ અગાઉ ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (NDB) દ્વારા પણ ભારતને કોરોના સામે લડવા ઇમરજન્સી સહાય પેટે ૧ અબજ ડૉલરની લોન અપાઈ છે.
✓ કોરોનાનો પ્રસાર રોકવા અને કોરોનાથી થનારા માનવીય, સામાજિક, આર્થિક નુકસાનને ઘટાડવા આ રકમનો ઉપયોગ કરાશે.

**ADB દ્વારા ૧.૫ અબજ ડોલરની મદદ**

✓ એશિયન વિકાસ બેન્ક દ્વારા પણ ભારતને કોરોના સામેના જંગ માટે ૧.૫ અબજ ડૉલરનું સહાય પેકેજ આપવામાં આવ્યું છે. જેનો ઉપયોગ આર્થિક અને સામાજિક નુકસાન રોકવા માટે કરવાનો રહેશે.

<u>૫. ભારતીય નૌકાદળ (સંરક્ષણ)</u>




**ભારત સરકારે નૌકાદળ માટે U.S. પાસેથી કુલ 24 MH-60R ચોપર્સ ખરીદવા સોદો કર્યો**

✓ <u>હેલિકોપ્ટરનું નામ:</u> MH-60 R
✓ <u>કંપની:</u> લોકહિડ માર્ટિન કંપની, USA
✓ <u>કુલ રકમ :</u> 90.5 કરોડ ડોલર
✓ <u>કાર્ય:</u> લડાયક ચોપર્સ ભારતના દરિયામાં ચીન અને પાકિસ્તાનની સબમરિન પર નજર રાખશે
✓ સંભવિત આવતા વર્ષે આ ચોપર્સ ભારતને મળશે

<u>૬. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ</u>

**(૧) આત્મનિર્ભર ભારત પેકેજ પાર્ટ વન :**

✓ રૂ.૫,૯૪,૨૫૦ કરોડનો પહેલો બુસ્ટર ડોઝ
✓ રૂપિયા 3 લાખ કરોડની કોલેટરલ ફ્રી ઓટોમેટિક લોન
✓ રૂપિયા ૨૦,૦૦૦ કરોડની સ્ટ્રેસ્ડ એમએસએમઇ માટે ફાળવણી
✓ એમએસએમઇ ફંડ ઓફ ફંડ્સ દ્વારા રૂપિયા ૫૦,૦૦૦ કરોડનું ઇક્વિટી ઇન્ફ્યૂઝન
✓ રૂપિયા ૨૦૦ કરોડ સુધીના ટેન્ડરને ગ્લોબલ ટેન્ડર નહીં ગણાય
✓ બિઝનેસ અને કર્મચારીઓને રૂપિયા ૨,૫૦૦ કરોડની ઇપીએફ સહાય

- ✔ કર્મચારીઓ અને નોકરીદાતાઓને રૂપિયા ૬,૭૫૦ કરોડનો લિક્વિડિટી સપોર્ટ
- ✔ એનબીએફસી, હાઇસિંગ કોર્પોરેશન અને માઇક્રો ફાઇનાન્સ કંપનીઓ માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડની લિક્વિડિટી ફેસિલિટી
- ✔ ડિસ્કોમને રૂપિયા ૯૦,૦૦૦ કરોડની લિક્વિડિટી સહાય
- ✔ ટીડીએસ અને ટીસીએસ રિડક્શન દ્વારા રૂપિયા ૫૦,૦૦૦ કરોડની લિક્વિડિટી

**(૨) આત્મનિર્ભર ભારત પેકેજ પાર્ટ ટુ :**

- ✔ ૮ કરોડ પ્રવાસી શ્રમિકોને રૂપિયા ૩,૫૦૦ કરોડના ખર્ચે બે મહિના સુધી મફત અનાજ
- ✔ વન નેશન વન રેશન કાર્ડ સ્કીમ માર્ચ ૨૦૨૧ સુધીમાં સમગ્ર દેશમાં લાગુ
- ✔ પ્રવાસી શ્રમિકો અને શહેરી ગરીબો માટે સસ્તાં ભાડાંનાં મકાનો
- ✔ મુદ્રા શિશુ લોનધારકોને વ્યાજમાં રૂપિયા ૧,૫૦૦ કરોડની રાહત
- ✔ સ્ટ્રીટ વેન્ડર્સ માટે રૂપિયા ૫,૦૦૦ કરોડની સ્પેશિયલ ક્રેડિટ ફેસિલિટી
- ✔ ક્રેડિટ લિન્ક સબસિડી સ્કીમ લંબાવતા હાઉસિંગ સેક્ટરને રૂપિયા ૭૦,૦૦૦ કરોડનો લાભ મળશે
- ✔ આદિવાસીઓને રોજગાર CAMPA માટે ટૂંકસમયમાં રૂપિયા ૬,૦૦૦ કરોડનાં ભંડોળની ફાળવણી
- ✔ NABARD દ્વારા ખેડૂતો માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડનું વધારાનું તાકીદનું ભંડોળ
- ✔ કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ૨.૫ કરોડ ખેડૂતોને રૂપિયા બે લાખ કરોડની ક્રેડિટ

**(3) આત્મનિર્ભર ભારત પેકેજ પાર્ટ થ્રી :**

- ✔ ખેડૂતો માટે ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ માટે રૂપિયા ૧ લાખ કરોડનું એગ્રિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ
- ✔ નાની ફૂડ પ્રોડક્ટ કંપનીઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજના પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત માછીમારો માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડની ફાળવણી
- ✔ ૧૫,૦૦૦ કરોડનું પશુપાલન માળખાકીય વિકાસ ભંડોળ
- ✔ હર્બલ ખેતીને પ્રોત્સાહન માટે રૂપિયા ૪,૦૦૦ કરોડની ફાળવણી
- ✔ મધ ઉત્પાદન માટે રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઈ
- ✔ તમામ ફળ અને શાકભાજીનો ઓપરેશન ગ્રીનમાં સમાવેશ
- ✔ ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કૃષિ માર્કેટિંગ સુધારા ૩

**૭. કોરોના વાઈરસ : આત્મનિર્ભરતા માટેનું કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ કિટ – 'એલાઈઝા' વિકસાવાઈ**

- ✓ કિટ વિકસાવનાર સંસ્થા : ICMR અને NIV (પૂના)

**અન્ય વિગત :**

- ✓ દેશને કોરોના ટેસ્ટમાં આત્મનિર્ભર બનાવવા માટે ઘરઆંગણે જ સંશોધન શરૂ કરાયું હતું
- ✓ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈંસ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી પૂણેના વૈજ્ઞાનિકોએ સ્વદેશી એન્ટિબોડી, <u>ટેસ્ટ કિટ કોવિડ કવચ એલાઈઝા વિકસાવી</u>
- ✓ ગુજરાતની ફાર્મા કંપની ઝાયડસ કેડિલાને તેનું માસ પ્રોડક્શન શરૂ કરવા કોન્ટ્રાક્ટ અપાયો છે.
- ✓ પ્રથમ બેચમાં કિટનું ટ્રાયલ સફળ રહેતા હવે 24000 લોકો પર સર્વેલન્સ ટ્રાયલ કરવામાં આવશે.
- ✓ આ કિટની સૌથી મોટી ખાસિયત એ છે કે એક વખતમાં 90 ટેસ્ટ માત્ર અઢી કલાકમાં થઈ શકશે.
- ✓ <u>રેપિડ ટેસ્ટ કિટની પોઝિટિવ શોધવાનો રેટ 98.7 ટકા છે જ્યારે કોઈ પણ કેસ ખોટા પોઝિટિવ નહીં આપે.</u>

**૮. ગાર્ડનર પિનાન્સલ- USA**

**વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જ્વાળામુખી (ભૂગોળ)**

- ✔ સ્થાન : હવાઈ ટાપુ USA

**વિશેષતા :**

- ✔ ઊંચાઈ - ૪૫૦૦ મીટર
- ✔ જથ્થો - ૧.૫ ઘન કિલોમીટર
- ✔ તાપમાન-૬.૫ કરોડ વર્ષથી ગરમ રહ્યો છે.

**૯. દિન વિશેષ : ૧૫ મે વિશ્વ પરિવાર દિવસ**

**૧૦. જન્મ દિન વિશેષ : ૧૫ મે અમર શહિદ સુખદેવ થાપર**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૫-૨૦૨૦)**

1. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત કુલ કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી - **રૂ.૧,૬૨,૮૪૩ કરોડ**
2. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત મુખ્ય ક્યા ક્ષેત્રો માટે વિવિધ જાહેરાત કરવામાં આવી - **કૃષિ, પશુપાલન, ડેરી ઉદ્યોગ, મત્સ્યપાલન, મધમાખી ઉછેર વગેરે**
3. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત નાના અને સીમાંત ખેડૂતોને ઘરઆંગણે માળખાકીય સુવિધાઓ

પૂરી પાડવા કેટલા રૂપિયાના એગ્રિ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની તાત્કાલિક રચના કરાશે - **રૂપિયા ૧ લાખ કરોડ**

4. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત નાની ફૂડ પ્રોડક્ટ કંપનીઓ માટે કેટલા રૂપિયાની યોજના જાહેર કરાઈ – **રૂ. ૧૦,૦૦૦ કરોડ**
5. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત કઈ યોજના થકી માછીમારો માટે રૂપિયા ૨૦,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી - **પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના**
6. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત પશુપાલનના માળખાકીય વિકાસ માટે કેટલું ભંડોળ અપાશે - **૧૫,૦૦૦ કરોડ**
7. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત હર્બલ ખેતીને પ્રોત્સાહન માટે કેટલા રૂપિયાની ફાળવણી કરાઈ - **રૂપિયા ૪,૦૦૦ કરોડ**
8. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત મધ ઉત્પાદન માટે કેટલા રૂપિયાની જોગવાઈ કરાઈ - **રૂપિયા ૫૦૦ કરોડ**
9. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત ઓપરેશન ગ્રીનમાં કોનો સમાવેશ કરાયો - **તમામ ફળ અને શાકભાજી**
10. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કયા ક્ષેત્રમાં ત્રણ મહત્વના સુધારા કરાયા - **કૃષિ માર્કેટિંગ**
11. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત કૃષિ, મત્સ્યપાલન, ડેરી ઉદ્યોગ, પશુપાલન અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે કુલ કેટલા પગલાંની ઘોષણા કરી - **૧૧ પગલાં**
12. વડાપ્રધાન મોદીના વોકલ ફોર લોકલના આહ્વાનને પરિપૂર્ણ કરવા કોના માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડની યોજનાની જાહેરાત કરાઈ - **માઇક્રો ફૂડ કંપનીઓ**
13. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત દેશના પશુધનનાં સંરક્ષણ માટે અને તેમને બીમારીઓથી બચાવવા સરકારે કયા પ્રોગ્રામની જાહેરાત કરી-**નેશનલ એનિમલ ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ**
14. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત નેશનલ એનિમલ ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ માટે કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી- રૂ.**૧૩,૩૪૩ કરોડ**
15. નેશનલ એનિમલ ડિસિઝ કન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત દેશના કેટલા ટકા પશુધનનું રસીકરણ કરાશે – **૧૦૦ ટકા**
16. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત આગામી બે વર્ષમાં કેટલી જમીનને હર્બલ ખેતી અંતર્ગત આવરી લેવાશે જેના કારણે ખેડૂતોને રૂપિયા ૫,૦૦૦ કરોડની આવક થશે - **૧૦ લાખ હેક્ટર**
17. ગંગા નદીના કિનારા પર ૮૦૦ હેક્ટર જમીન પર કયો કોરિડોર તૈયાર કરાશે - **મેડિસિનલ પ્લાન્ટ્સ**
18. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત મધ ઉત્પાદન કરતા ખેડૂતો માટે રૂપિયા ૫૦૦ કરોડની ફાળવણી કરી છે જે અંતર્ગત કયા સેન્ટરો વિકસાવાશે - **બીકિપિંગ ડેવલપમેન્ટ સેન્ટર, માર્કેટિંગ અને સ્ટોરેજ સેન્ટરો**
19. ઓપરેશન ગ્રીન અંતર્ગત સ્ટોરેજ પર કેટલા ટકા અને સરપ્લસ માર્કેટથી ખાધ ધરાવતા માર્કેટ સુધીના પરિવહનમાં કેટલા ટકાની સબસિડી અપાશે - **૫૦ ટકા અને ૫૦ ટકા**
20. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-03 અંતર્ગત આવશ્યક ચીજવસ્તુ ધારામાં ક્યા મોટા વહિવટી સુધારા કરાશે - **(૧) શાસન-વહીવટી સુધારા, (૨) કૃષિ ઉત્પાદનની કિંમત અને ગુણવત્તાની ખાતરી, (૩) ખેડૂતોને ઊપજ વેચાણની પસંદગી આપવા માટે કૃષિ માર્કેટિંગ સુધારા**
21. ખેડૂતોને ઊપજની સારી કિંમત મળી રહે તે માટે ક્યા એક્ટમાં સુધારા કરાશે - **એસેન્શિયલ કોમોડિટી એક્ટ**
22. દેશમાં અછતના સમયમાં ક્યો એક્ટ લાગુ કરાયો હતો - **એસેન્શિયલ કોમોડિટી એક્ટ ૧૯૫૫**
23. મે-૨૦૨૦માં બંગાળના અખાતમાં સર્જાયેલા કયા વાવાઝોડાથી દેશના પૂર્વ કાંઠાના ૮ રાજ્યોને અસર થઈ – **અમ્ફાન/ એમ્ફાન વાવાઝોડુ**
24. મે-૨૦૨૦માં બંગાળના અખાતમાં સર્જાયેલા રહેલા વાવાઝોડાને અમ્ફાન/ એમ્ફાન નામ કયા દેશે આપ્યું હતુ - **થાઈલેન્ડ**
25. થાઈ ભાષામાં અમ્ફાનનો અર્થ શો થાય છે - **આકાંઈજી**
26. મે-૨૦૨૦માં એશિયાઈ ટાપુ દેશ ફિલિપાઈન્સમાં ત્રાટકેલુ વાવાઝોડાનું નામ જણાવો - **વોંગફોંગ**
27. મે-૨૦૨૦માં કોરોના સામે લડવા વિશ્વ બેન્ક દ્વારા ભારતને કેટલા ડોલરની સહાય આપવાની જાહેરાત કરી - **૧ અબજ**

28. IBRDનું વિસ્તૃત નામ જણાવો - **<u>ઈન્ટરનેશનલ બેન્ક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ</u>**

29. ભારત સરકારે નૌકાદળ માટે U.S. પાસેથી કુલ કેટલા MH-60R ચોપર્સ ખરીદવા સોદો કર્યો - **<u>24</u>**

30. ભારત સરકારે નૌકાદળ માટે U.S. પાસેથી કુલ 24 MH-60R ચોપર્સ ખરીદવા સોદો કર્યો તે બનાવનાર કંપનીનું નામ જણાવો - **<u>લોકહિડ માર્ટિન કંપની, USA</u>**

31. ભારત સરકારે નૌકાદળ માટે U.S. પાસેથી MH-60R ચોપર્સ ખરીદવા સોદો કર્યો તેનું કાર્ય જણાવો - **<u>ભારતના દરિયામાં ચીન અને પાકિસ્તાનની સબમરિન પર નજર રાખશે</u>**

32. કોરોના વાઈરસ, આત્મનિર્ભરતા માટે કઈ કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ કિટ વિકસાવાઈ - **<u>'એલાઈઝા'</u>**

33. કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ 'એલાઈઝા' કિટ વિકસાવનાર સંસ્થાનું નામ જણાવો - **<u>ICMR અને NIV (પૂના)</u>**

34. મહારાષ્ટ્રના પૂના સ્થિત NIV સંસ્થાનું વિસ્તૃત નામ જણાવો - **<u>નેશનલ ઈંસ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી</u>**

35. ગુજરાતની કઈ કંપનીને કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ 'એલાઈઝા' કિટના ઉત્પાદન કરવાનો કોન્ટ્રાક્ટ અપાયો - **<u>ફાર્મા કંપની ઝાયડસ કેડિલા</u>**

36. કોવિડ કવચ સ્વદેશી રેપિડ ટેસ્ટ 'એલાઈઝા' કિટની સૌથી મોટી ખાસિયત જણાવો - **<u>એક વખતમાં 90 ટેસ્ટ માત્ર અઢી કલાકમાં થઈ શકશે</u>**

37. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખીનું નામ જણાવો - **<u>ગાર્ડનર પિનાન્સલ(USA)</u>**

38. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખી ગાર્ડનર પિનાન્સલ ક્યાં આવેલો છે - **<u>હવાઈ ટાપુ(USA)</u>**

39. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખી ગાર્ડનર પિનાન્સલની ઊંચાઈ જણાવો - **<u>૪૫૦૦ મીટર</u>**

40. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખી ગાર્ડનર પિનાન્સલનો જથ્થો જણાવો - **<u>૧.૫ ઘન કિલોમીટર</u>**


41. વિશ્વનો સૌથી મોટો અને આક્રમક જવાળામુખી ગાર્ડનર પિનાન્સલનું તાપમાન જણાવો - **<u>૬.૫ કરોડ વર્ષથી ગરમ</u>**

42. વિશ્વ પરિવાર દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **<u>૧૫ મે</u>**

43. અમર શહિદ સુખદેવ થાપરનો જન્મ દિવસ જણાવો - **<u>૧૫ મે</u>**

## DATE : 16-05-2020

### <u>૧. આત્મનિર્ભર ભારત અભિયાન : પેકેજ-૦૪ (આર્થિક)</u>





### <u>કયા ક્ષેત્રને લાભ</u>

✓ કોલસા, ખનીજ, સંરક્ષણ, એરસ્પેસ, વીજકંપનીઓ, સ્પેસ અને ઓટોમેટિક એનર્જી સેક્ટરમાં વ્યાપક માળખાકીય સુધારાની ઘોષણા

### <u>હાઈલાઈટ્સ</u>

✓ એમ્પાવર્ડ ગ્રૂપ ઓફ સેક્રેટરીઝ દ્વારા ફાસ્ટ ટ્રેક ઇન્વેસ્ટમેન્ટને ઝડપથી મંજૂરી અપાશે, રોકાણકારો સંકલન સાધવા દરેક મંત્રાલયમાં પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની રચના કરાશે


✓ <u>સંરક્ષણ ઉત્પાદનમાં ઓટોમેટિક રૂટ અઁતર્ગત એફડીઆઇ લિમિટ ૪૯ ટકાથી વધારી ૭૪ ટકા કરાશે</u>, શસ્ત્રોની આયાત પર ઉત્તરોતર પ્રતિબંધ લદાતો રહેશે




✓ <u>૩,૩૭૬ ઔદ્યોગિક પાર્ક, એસ્ટેટ અને સેઝમાં ઉપલબ્ધ પાંચ લાખ હેક્ટર જમીન ઉદ્યોગો સ્થાપવા અપાશે</u>, ૨૦૨૦-૨૧માં તમામ ઇન્ડસ્ટ્રિયલ પાર્કનું રેન્કિંગ

✓ ડિસ્કોમની બિનકાર્યક્ષમતાનો બોજો ગ્રાહકો પર નહીં આવે, કેન્દ્રશાસિત પ્રદેશોમાં વીજળી વિભાગો અને કંપનીઓનું ખાનગીકરણ કરવાનો નિર્ણય

- ✓ સેટેલાઇટ લોન્ચ અને અંતરિક્ષ આધારિત સેવાઓમાં પ્રાઇવેટ કંપનીઓને આમંત્રણ, ઇસરોની સુવિધાઓ અને અન્ય સંબંધિત એકમોનો ઉપયોગ કરવાની પરવાનગી
- ✓ ખનીજ સેક્ટરમાં પ્રાઇવેટ મૂડીરોકાણ વધારાશે, ખાનગી કંપનીઓને પારદર્શક હરાજી પ્રક્રિયા દ્વારા ૫૦૦ ખાણની ઓફર કરાશે, બોક્સાઈટ અને કોલસા ખાણની સંયુક્ત હરાજી થશે
- ✓ ભારતીય એરસ્પેસના ઉપયોગ પરના નિયંત્રણો હળવા બનાવાશે એવિએશન સેક્ટરને રૂપિયા ૧૦૦૦ કરોડનો લાભ થશે, ત્રણ રાઉન્ડમાં ૧૮ એરપોર્ટનું ખાનગીકરણ કરાશે





## કોલસા સેક્ટરમાં પ્રાઇવેટ સેક્ટરની ભાગીદારી શરૂ કરાશે

- ✓ કોલસાની આયાતમાં ઘટાડો કરી કોલસાના ઉત્પાદનમાં સ્વનિર્ભરતા વધારવાની જરૂર
- ✓ સરકાર કોલસા સેક્ટરમાં સ્પર્ધા, પારદર્શકતા અને પ્રાઇવેટ સેક્ટરની ભાગીદારી શરૂ કરશે
- ✓ આ માટે પ્રતિ ટન રૂપિયાના સ્થાને મહેસૂલ વહેંચણીની વ્યવસ્થા ગોઠવાશે, અગાઉ એન્ડ-યૂઝ માલિકી સાથેના કેપ્ટિવ કસ્ટમર જ નિવિદા ભરી શક્તા હતા
- ✓ હવે કોઇ પણ કંપની કોલસાની ખાણ માટે નિવિદા ભરી શકશે, કોલસો ખુલ્લા બજારમાં વેચી શકશે, કોલસાના બિઝનેસમાં એન્ટ્રી નિયમો હળવા કરાશે
- ✓ શરૂઆતમાં ૫૦૦ કોલસાની ખાણો ઓફર કરાશે
- ✓ યોગ્યતાની કોઇ શરતો નહીં, ફક્ત સીલિંગ સાથેની ચુકવણી કરવાની રહેશે

## માળખાકીય વિકાસ માટે રૂ. ૫૦,૦૦૦ કરોડની જોગવાઇ

- ✓ મહેસૂલી હિસ્સેદારીમાં વળતર દ્વારા કોલ ગેસિફિકેશન-લિક્વિફેકિશન માટે લાભ અપાશે
- ✓ પ્રાઇવેટ ખાણોમાંથી કોલસાના ઉત્પાદન અને કોલ ઇન્ડિયાના વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં ૧ અબજ ટન કોલસા ઉત્પાદનના લક્ષ્યાંકને પૂરું કરવા
- ✓ ખાણથી રેલવે સાઇડિંગ સુધી કન્વેયર બેલ્ટ દ્વારા કોલસાને પહોંચાડવા રૂપિયા ૧૮૦૦૦ કરોડનું રોકાણ કરાશે
- ✓ કોલ ઇન્ડિયા લિમિટેડની ખાણોમાંથી કોલ બેડ મિથેન કાઢવાના અધિકારની હરાજી કરાશે




- ✓ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટે માઇનિંગ પ્લાનને ઓનલાઇન અપલોડ કરી શકાય તેવો બનાવાયો છે
- ✓ આંશિક રીતે શોધાયેલી ખાણો માટે સંશોધન અને ઉત્પાદનની વ્યવસ્થા અમલમાં આવશે
- ✓ અગાઉ ફક્ત સંપૂર્ણ રીતે શોધાયેલી કોલસાની ખાણની જ હરાજી થતી હતી, હવે આંશિક શોધાયેલી ખાણની પણ હરાજી થશે
- ✓ કોલસાની ખાણ શોધવામાં પ્રાઇવેટ સેક્ટરની ભાગીદારીને પરવાનગી અપાશે
- ✓ સમયમર્યાદા કરતાં પહેલાં ઉત્પાદન પૂરું કરી લેનારી કંપનીને મહેસૂલ વહેંચણીમાં વળતરનો લાભ અપાશે
- ✓ ઓનલાઈન અપલોડ કરી શકાય તેવો બનાવાયો છે.
- ✓ તેના દ્વારા વાર્ષિક ઉત્પાદનમાં ૪૦ ટકાનો આપોઆપ વધારો થશે
- ✓ કોલ ઇન્ડિયાના ગ્રાહકોને કોમર્શિયલ ટર્મ્સમાં રાહત, રૂપિયા ૫૦૦૦ કરોડની રાહત અપાશે
- ✓ કોલસાના નોન પાવર ગ્રાહકો માટે હરાજીમાં રિવર્સ પ્રાઇસ ઘટાડાઇ, ક્રેડિટની શરતો હળવી બનાવાઇ, લિફ્ટિંગ પિરિયડમાં વધારો કરાયો

## ૨. વૈશ્વિક સંબંધો : US ભારતને ૨૦૦ વેન્ટિલેટર્સ ભેટમાં આપશે

- ✓ કિંમત : 2.6 મિલિયન ડોલર (પ્રતિ નંગ કિંમત 13,000 ડોલર)

✓ કોરોના વેક્સિન બનાવવા ભારત અને અમેરિકા સાથે મળીને કામ કરશે

3. પ્રવાસી શ્રમિકો માટે : કેન્દ્ર સરકાર દ્વારા 'નેશનલ માઈગ્રન્ટ ઈન્ફોસિસ્ટમ' પોર્ટલ લોન્ચ

હેતુ : શ્રમિકોને આવાગમન સરળ બનાવવા અને તેની માહિતી માટે

ડેશબોર્ડમાં શું હશે?

✓ રાજ્ય પોર્ટલ પર શ્રમિકોને મોકલનારા અને બોલાવનારા રાજ્ય એકબીજાને માહિતી આપી શકશે.

✓ પોર્ટલ પર શ્રમિકોના નામ, વય, મોબાઈલ નંબર, તેમની જવાની તારીખ અને પ્રવાસની તારીખ પણ હશે જેથી ખ્યાલ આવશે કે કયા રાજ્યમાંથી કેટલા શ્રમિકો ગયા અને આવ્યા.

✓ મોબાઈલ નંબરથી શ્રમિક પર નજર રાખી શકાશે.

✓ સંસ્થા : NDMA-નવી દિલ્હી

૪. આત્મનિર્ભર ભારત (આર્થિક) :

આઝાદી બાદ અત્યારસુધીના સૌથી મોટા આત્મનિર્ભર પગલાં

(૧) હરિયાળી ક્રાંતિ (ગ્રીન) :

✓ હરિયાળી ક્રાંતિ મુખ્યત્વે દેશમાં કૃષિ ઉત્પાદન વધારવા માટે લાગુ કરાયેલી આર્થિક નીતિ હતી. તે અંતર્ગત કૃષિ પાક માટે ગુણવત્તાયુક્ત બીજોના પ્રયોગને મહત્ત્વ અપાયું હતું.

તેની જરૂર કેમ પડી ?

✓ વર્ષ 1947માં દેશની વસતી આશરે 30 કરોડ હતી, પરંતુ ખાદ્યાન્ન ઉત્પાદન ઓછું થવાના કારણે માંગ સંતોષવી અશક્ય હતી. એટલે ખાદ્યાન્ન ઉત્પાદનને પ્રોત્સાહન આપવા કૃષિ જિલ્લા યોજના શરૂ કરાઈ. 1966-67માં તેને હરિયાળી ક્રાંતિના રૂપમાં સત્તાવાર રીતે અપનાવાઈ.

તેનો પ્રભાવ

✓ વર્ષ 1968માં ઘઉંનું ઉત્પાદન 170 લાખ ટન થઈ ગયું, જે એ સમયનો રેકોર્ડ હતું. 2019માં દેશમાં 102.19 મિલિયન ટન ઘઉંનું ઉત્પાદન થયું. 2026 સુધી ભારત ઘઉં ઉત્પાદનમાં નં. 1 બની શકે છે.

(૨) શ્વેત ક્રાંતિ (વ્હાઈટ) :

✓ વર્ષ 1965માં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડની સ્થાપના કરાઈ. તેમાં વિશ્વ ખાદ્ય કાર્યક્રમ હેઠળ દૂધ પાઉડર અને બટર ઓઈલના વેચાણ સાથે ઓપરેશન ફ્લડની શરૂઆત કરાઈ.

તેની જરૂર કેમ પડી ?

✓ તેનો હેતુ ગ્રામીણ આવકમાં સુધારો કરવાનો, દૂધ ઉત્પાદનમાં આગળ વધવાનો અને ગ્રાહકો ઉત્પાદકો માટે સંતુલિત મૂલ્ય વ્યવસ્થા રચવાનો હતો. 1951-52થી 1971-72 સુધી બે દસકામાં જ દેશમાં દૂધ ઉત્પાદન 1.7 કરોડ ટનથી વધીને 2.2 કરોડ ટન થઈ ગયું. આ ક્રાંતિ લક્ષ્ય પૂરા કરવામાં સફળ રહી.

તેનો પ્રભાવ :

✓ કેન્દ્ર સરકારના પશુપાલન , ડેરી અને મત્સ્ય પાલન દ્વારા 2019 માં એક પ્રશ્નના જવાબમાં આપેલી માહિતી પ્રમાણે , ભારત દૂધ ઉત્પાદનમાં દુનિયામાં અગ્રણી દેશ બની ગયો છે .

3. વાદળી ક્રાંતિ (બ્લ્યૂ) :

✓ એક પેકેજ પ્રોગ્રામ દ્વારા માછલી અને સમુદ્ર ઉત્પાદનોમાં કરાતો વિકાસ વાદળી ક્રાંતિ તરીકે ઓળખાતો. ભારતમાં તેની શરૂઆત સાતમી પંચવર્ષીય યોજનાથી થઈ હતી.

તેની જરૂર કેમ પડી ?

✓ તેનો મુખ્ય હેતુ રોજગારી વધારવાનો હતો. તે અંતર્ગત આઠમી પંચવર્ષીય યોજના (1992-97) દરમિયાન મરીન ફિશરીઝ પ્રોગ્રામ શરૂ કરાયો. તેમાં બહુરાષ્ટ્રીય કંપનીઓના સહકારને પણ પ્રોત્સાહન અપાયું. ઉત્પાદન વધારવાની સાથે પ્રજાતિમાં સુધારા માટે મોટી સંખ્યામાં સંશોધન કેન્દ્રો પણ સ્થાપવામાં આવ્યા.

તેનો પ્રભાવ :

✓ માછલી અને તેને લગતા ઉત્પાદનોમાં છેલ્લા દસકામાં ભારતે સરેરાશ 14.8 ટકાનો વિકાસદર હાંસલ કર્યો છે, જ્યારે એ ગાળામાં આ ક્ષેત્રનો વૈશ્વિક વિકાસદર સરેરાશ ફક્ત 7.5 ટકા હતો.

4. 1991ના આર્થિક સુધારા :

✓ 21 જૂન 1991ના રોજ નરસિમ્હારાવ સરકારે ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીની નવી નીતિ જાહેર કરી, જેમાં આયાત માટે લાયસન્સની જટિલ પ્રક્રિયાને સરળ બનાવી દેવાઈ હતી

1991 પહેલા :

✓ લાયસન્સ રાજના કારણે વિદેશી રોકાણકારો નહીવત હતા. ભારતનું અર્થતંત્ર બંધ હતું.

✓ આર્થિક સુધારા પહેલા દેશમાં ગરીબી 0.44 ટકાના દરે ઘટતી હતી.

- ✓ 1991માં ભારતનો કુલ જીડીપી 266 બિલિયન ડૉલર હતો.

**2020માં અત્યાર સુધી :**

- ✓ વિદેશી રોકાણના મામલામાં ભારત ટોપ 10 દેશમાં સામેલ થઈ ચૂક્યું છે.
- ✓ વર્લ્ડ બેંકના 2019ના રિપોર્ટ પ્રમાણે, ગરીબી દર ભારતમાં અડધો થઈ ગયો છે.
- ✓ છેલ્લા નાણાકીય વર્ષમાં દેશનો જીડીપી 2.59 ટ્રિલિયન ડૉલર હતો.

આત્મનિર્ભરતા માટે કેન્દ્રની વર્તમાન સરકાર દ્વારા ૨૦૧૪થી અત્યાર સુધી લીધેલા મહત્ત્વના પગલાં

**5. સ્ટાર્ટઅપ ઈન્ડિયા 16 જાન્યુઆરી, 2016 :**

- ✓ **બજેટ:** રૂ.10 હજાર કરોડના કોષ સાથે ફંડ ઓફ ફંડ્સની સ્થાપના કરાઈ છે. કેન્દ્રનો ડીપીઆઈઆઈટી વિભાગ આ યોજનાની દેખરેખ રાખતી સંસ્થા તરીકે કામ કરે છે.
- ✓ **ફાયદો:** 28,979 સ્ટાર્ટઅપ્સને 1 માર્ચ, 2020 સુધી માન્યતા

**6. મેક ઈન ઈન્ડિયા -25 સપ્ટેમ્બર 2014 :**

- ✓ **બજેટ :** મેક ઈન ઈન્ડિયાનો હેતુ ભારતને વૈશ્વિક ઉત્પાદન હબ બનાવવાનો છે. 2020-21ના બજેટમાં આ યોજના માટે રૂ.1,281.91 કરોડનું બજેટ અપાયું હતું.
- ✓ **ફાયદો:** 49 બિલિયન ડોલર 2019-20 સુધી એફડીઆઈપહોંચી ગઈ


**7. મુદ્રા યોજના -8 એપ્રિલ 2015 :**

- ✓ યુવાનોને સ્વરોજગાર માટે સહાયતા આપવા માટે આ યોજના શરૂ કરાઈ હતી. તેના માટે 2018ના બજેટમાં તત્કાલીન નાણામંત્રીએ રૂ.3 લાખ કરોડની જોગવાઈ કરી હતી.
- ✓ **ફાયદો:** 3.23 લાખ કરોડ રૂપિયાની લોન અત્યાર સુધી સ્વીકૃત થઈચૂકી છે.

૫. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૪ મહત્વના અંશો :

**આત્મનિર્ભર ભારત અધ્યાય-૪:મહત્વના અંશો**

**સંરક્ષણ :**




- ✓ ડિફેન્સ મેન્યુફેકચરિંગ સેક્ટરમાં એફડીઆઇની મર્યાદા ૪૯ ટકાથી વધારી ૭૪ ટકા
- ✓ સરકારે કેટલાક હથિયારોની યાદી બનાવી જેની આયાત કરી શકાશે નહીં
- ✓ સંરક્ષણ ખરીદીને લગતા નિર્ણયો ઝડપથી લેવામાં આવશે
- ✓ સરકાર ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડનું કોર્પોરાઇટેઝેશન કરવામાં આવશે.

**નાગરિક ઉડ્ડયન :**

- ✓ વધુ છ એરપોર્ટનું ખાનગીકરણ કરવામાં આવશે
- ✓ ભારતને એરક્રાફ્ટ મેઇન્ટેનન્સ, રિપેર અને ઓવરહોલ (એમઆરઓ) માટેનું વૈશ્વિક હબ બનાવવામાં આવશે
- ✓ નાગરિક ઉડ્ડયન સેક્ટર માટે વધારે એર સ્પેસ ખુલ્લી મૂકવામાં આવશે. જેના કારણે ભારતીય ઍરલાઈન્સને ૧૦૦૦ કરોડ રૂપિયાની બચત થશે.

**કોલ અને માઈનિંગ :**

- ✓ કોલ સેક્ટરમાં કોમર્શિયલ માઇનિંગને મંજૂરી
- ✓ કોલ સેક્ટરના માળખાના વિકાસ માટે ૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરાશે
- ✓ ખાનગી કંપનીઓના પ્રવેશને સરળ બનાવાશે, ૫૦ બ્લોક તાત્કાલિક ફાળવાશે
- ✓ બોક્સાઇટ અને કોલમિનરલ બ્લોકની સંયુક્ત હરાજી શરૂ કરાશે


**વીજળી વિતરણ :**

- ✓ કેન્દ્ર શાસિત પ્રદેશમાં કાર્યરત વીજળી વિતરણ કંપનીઓનું ખાનગીકરણ કરવામાં આવશે.
- ✓ વીજ કંપનીઓ માટે નવી ટેરિફ નીતિનું ઘડતર કરવામાં આવશે જેથી ગ્રાહકોના હિતોનું રક્ષણ થાય.

**સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રકચર :**

- ✓ સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં ખાનગી સેક્ટરનું રોકાણ વધારવા માટે ૮૧૦૦ કરોડ રૂપિયાની રેવમ્પડ

વાયાબિલિટી ગેપ ફંડિગ સ્કીમ શરૂ કરવામાં આવશે. જેમાં હોસ્પિટલને પણ આવરી લેવામાં આવશે.




- ✓ આ સ્કીમમાં સરકારના ફંડની રકમ ૨૦ ટકાથી વધારી ૩૦ ટકા કરવામાં આવશે.


**અવકાશ સેકટર :**

- ✓ ખાનગી કંપનીઓ પણ સેટેલાઇટ લોન્ચ કરી શકશે
- ✓ ખાનગી કંપનીઓ ઇસરોની સુવિધાઓનો ઉપયોગ કરી શકશે.

**એટોમિક એનર્જી :**

- ✓ મેડિકલ આઇસોટોપ્સના ઉત્પાદન માટે પીપીપી મોડ હેઠળ રિસર્ચ રિએક્ટરની રચના કરાશે જેના કારણે કેન્સર સહિતના રોગોની સસ્તા દરે સારવાર ઉપલબ્ધ બનશે
- ✓ ફૂડ પ્રિઝરવેશન માટે ઇરરેડિએશન ટેકનોલોજીનો ઉપયોગ કરવા પીપીપી મોડ હેઠળ એકમોની રચના કરાશે

## ૬. દિન વિશેષ : ૧૬ મે રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ




- ✓ **प्रભावित દેશો :** ૧૨૯
- ✓ **રોગનો વાહક:**એડિસ ઈજીપ્તી માદા મચ્છર
- ✓ ડેન્ગ્યુ રોગ વિશે જાગૃતતા લાવવા તથા ટ્રાન્સમિશન સીઝન શરૂ થાય તે પહેલાં દેશમાં રોગના નિયંત્રણ માટે નિવારક પગલાંને વેગ આપવા ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની ભલામણ સાથે ૧૬ મી મેના રોજ 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'ની ઉજવણી કરવામાં આવે.
- ✓ ડેન્ગ્યુ ફિવર (ડીએફ) એ વિષાણું (વાયરસ) થી થતો અને મચ્છર દ્વારા ફેલાતો રોગ છે.
- ✓ ડેન્ગ્યુ ફિવરના ગંભીર પ્રકારને ડેન્ગ્યુ હેમરેજીક ડિવર (ડી.એચ.એફ.) અને ડેન્ગ્યુ શોક સીન્ડ્રોમ (ડીએસએસ) તરીકે ઓળખાય છે.
- ✓ ડેન્ગ્યુ તાવના વાયરસ ફલેવી વાયરસ પ્રકારના છે અને તે સીરોટાઇપ ૧, ૨, ૩ અને ૪ (ડેન્ગ્યુ ૧, ૨ ૩ અને ૪ ) તરીકે ઓળખાય છે.
- ✓ ડેન્ગ્યુનો મચ્છર (એડિસ) ચોખ્ખા પાણીમાં ઘરની અંદર રહેલ નાના-નાના પાત્રોમાં ઈંડા મુકે છે. તેના પોરા પાણીમાં ખુણો બનાવીને, જાણે ઊંધે માથે લટકતી સ્થિતિમાં તરે છે. તેને નરી આંખે સહેલાઈથી જોઈ શકાય છે.
- ✓ આ મચ્છર ટાઈગર મચ્છર તરીકે જાણીતો છે. રંગે કાળો અને શરીરના પૃષ્ઠ ભાગ પર સફેદ રંગના ટપકા ધરાવે છે, અને આ મચ્છર ચેપી હોય તો ડેન્ગ્યુનો રોગ ફેલાવે છે. જયાં ઉત્પન્ન થાય છે. ત્યાં જ રોગ ફેલાવે છે.
- ✓ તેની ઉડ્ડયન ક્ષમતા ઓછી, આશરે ૧૦૦ મીટર હોવાથી, આ મચ્છર ઘર કે કાર્યસ્થળે પાણીના સંગ્રહસ્થાનોમાં ઇંડા મુકતા જોવા મળે છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૫-૨૦૨૦)

1. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા પેકેજ -04માં કેટલી રકમ ફાળવવામાં આવી છે - **અંદાજે રૂ.1.63 લાખ કરોડ**
2. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા પેકેજ-04 માં મુખ્યત્વે કયા ક્ષેત્રોને લાભ આપવામાં આવ્યો છે - **કોલસા, ખનીજ, સંરક્ષણ, એર સ્પેસ , વીજ કંપનીઓ, સ્પેસ અને એટોમિક એનર્જી.**
3. "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા પેકેજ-04 સંરક્ષણ ઉત્પાદનમાં ઓટોમેટિક રૂટ દ્વારા એફડીઆઈની મર્યાદા વધારીને કેટલા ટકા કરાઈ- **49% થી વધારી 74%**
4. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત દેશમાં આગામી સમયમાં કેટલા હેક્ટર જમીનમાં ઉદ્યોગો સ્થાપવા માટે ફાળવવામાં આવશે- **5 લાખ હેક્ટર**
5. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત દેશમાં કુલ ત્રણ રાઉન્ડમાં કેટલા એરપોર્ટનું ખાનગીકરણ કરાશે- **18**

6. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ખાનગી કંપનીઓને પારદર્શક હરાજી પ્રક્રિયા દ્વારા કેટલી બોકસાઈટ અને કોલસાની ખાણની ઓફર કરાશે- 500
7. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત કોલ સેક્ટરના વિકાસ માટે કેટલી રકમની ફાળવણી કરાઈ- રૂ.50,000
8. કોલ ઇન્ડિયાના વર્ષે 2023-24 સુધીમાં કોલસા ઉત્પાદન કેટલું લક્ષાંક નક્કી કરાયું છે- 1 અબજ ટન
9. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ભારતને એરોસ્પેસ ક્ષેત્રે કોનુ વૈશ્વિક હબ બનાવવામાં આવશે- એર ક્રાફ્ટ મેઈન્ટેનન્સ, રીપેર અને ઓવરહોલ
10. આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ભારતમાં સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કેટલા કરોડની ફાળવણી કરાઈ- રૂ. 8100 કરોડ
11. . આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૪ અંતર્ગત ભારતીય એરસ્પેસના ઉપયોગ પરના નિયંત્રણો હળવા બનાવાશે જેને લીધે એવિએશન સેક્ટરને કેટલા રૂપિયાનો લાભ થશે - રૂપિયા ૧૦૦૦ કરોડ
12. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૦૪ અંતર્ગત કયા પ્રદેશોમાં વીજ કંપનીઓનું ખાનગીકરણ કરાશે – કેન્દ્રશાસિત પ્રદેશ
13. ખાણથી રેલવે સાઇડિંગ સુધી કન્વેયર બેલ્ટ દ્વારા કોલસાને પહોંચાડવા કેટલા રૂપિયાનું રોકાણ કરાશે - રૂપિયા ૧૮૦૦૦ કરોડ
14. .અમેરિકા દ્વારા ભારતને કેટલા નંગ વેન્ટિલેટર્સ ભેટમાં આપવામાં આવશે- 200
15. તાજેતરમાં કોરોના મહામારી સામે લડવા કયા દેશ દ્વારા ભારત સાથે મળીને વેક્સિન બનાવવાની જાહેરાત કરી છે- અમેરિકા
16. US ભારતને ૨૦૦ વેન્ટિલેટર્સ ભેટમાં આપશે તેની અંદાજિત કિંમત જણાવો - 2.6 મિલિયન ડોલર (પ્રતિ નંગ કિંમત 13,000 ડોલર)
17. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પ્રવાસી શ્રમિકોના આવાગમનની માહિતી માટે કયું નવું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે - "નેશનલ માઈગ્રન્ટ ઇન્ફોસિસ્ટમ પોર્ટલ"
18. "નેશનલ માઈગ્રન્ટ ઇન્ફોસિસ્ટમ પોર્ટલ" કોના દ્વારા લોન્ચ કરાયું- NDMA
19. કેન્દ્ર સરકાર દ્વારા પ્રવાસી શ્રમિકો માટે લોન્ચ કરવામાં આવેલ 'નેશનલ માઈગ્રન્ટ ઈન્ફોસિસ્ટમ'નો હેતુ જણાવો - શ્રમિકોને આવાગમન સરળ બનાવવા અને તેની માહિતી માટે
20. ભારતમાં હરિયાળી ક્રાંતિનો પ્રારંભ કયા વર્ષે થયો હતો- 1966-67
21. દેશમાં કૃષિ ઉત્પાદન વધારવા માટે કઈ આર્થિક નીતિ લાગૂ કરાઈ હતી - હરિયાળી (ગ્રીન) ક્રાંતિ
22. ભારતને આત્મનિર્ભર બનાવવા "સ્ટાર્ટ અપ ઇન્ડિયા"નો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો હતો - 16 જાન્યુઆરી 2016
23. ભારતને વધુ આત્મનિર્ભર બનાવવા "મેઈક ઇન ઇન્ડિયા"નો શુભારંભ ક્યારે કરવામાં આવ્યો હતો - 25 સપ્ટેમ્બર 2014
24. યુવાનોને સ્વરોજગાર આપવાના હેતુથી મુદ્રા યોજનાનો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો હતો - 8 એપ્રિલ 2015
25. ભારતમાં "રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ" ક્યારે મનાવવામાં આવે છે- 16 મે
26. ડેન્ગ્યૂ રોગનો વાહક જણાવો - એડીસ ઇજિપ્ત માદા મચ્છર
27. એડીસ ઇજિપ્ત માદા મચ્છર અન્ય કયા નામથી ઓળખાય છે- ટાઈગર

DATE : 17-05-2020

## ૧. આત્મનિર્ભર ભારત અભિયાન : પેકેજ - ૦૫ અંતિમ (આર્થિક)

**કોને કોને લાભ :**

- **માઈગ્રેન્ટ પ્રવાસીઓને, રોજગાર, આરોગ્ય, શિક્ષણ, બિઝનેસ, કંપની એક્ટ, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ, જાહેરક્ષેત્રની કંપનીઓને વિવિધ રાહતો અને સુધારાના પગલાંઓ**

**પેકેજ-૫ની હાઈલાઈટ્સ :**


1. મનરેગા, આરોગ્ય, શિક્ષણ, બિઝનેસ, કંપની એક્ટ, ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ, રાજ્ય સરકારો અને તેમને સંલગ્ન

સ્રોત અને જાહેર ક્ષોત્રની કંપનીઓની સેગમેન્ટમાં વિવિધ રાહત અને સુધારાનાં પગલાંની નાણામંત્રી દ્વારા ઘોષણા

2. દેશનાં તમામ સેક્ટર પ્રાઇવેટ કંપનીઓ માટે ખુલ્લાં કરાશે, વ્યૂહાત્મક સેક્ટરોમાં પણ ખાનગી કંપનીઓને પ્રવેશ, અન્ય સેકટરોમાં કામ કરતી સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરી દેવાશે
3. ઓનલાઇન શિક્ષણ માટે વડા પ્રધાન ઇ- વિદ્યા યોજના, દીક્ષા યોજના અંતર્ગત ઇ-કન્ટેન્ટ અને ક્યૂઆર કોડ સાથેના પાઠયપુસ્તકો, ધોરણ ૧ થી ૧૨ માટે દરેક ધોરણ માટે એક ટીવી ચેનલ, ટોચની ૧૦૦ યુનિ.ને ૩૦ મે ૨૦૨૦થી ઓનલાઇન અભ્યાસક્રમોની મંજૂરી
4. ઇનસોલ્વન્સીની પ્રક્રિયા શરૂ કરવા માટેની મર્યાદા ૧ લાખથી વધારીને રૂપિયા ૧ કરોડ, કોરોના મહામારી સ્થિતિને આધારે નવી ઇનસોલ્વન્સી પ્રક્રિયાઓ એક વર્ષ સુધી શરૂ નહીં કરાય
5. ટેક્નિકલ અને પ્રક્રિયાના કારણે થયેલી નાની ભૂલોને સાંકળતા કંપની એક્ટના ઉલ્લંઘનોને અપરાધની શ્રેણીમાંથી હટાવાયાં, ૭ સમાધાન થઈ શકે તેવા અપરાધોનો પડતા મુકાયા, પાંચ અપરાધો માટે વૈકલ્પિક માળખા અંતર્ગત પગલાં લેવાશે
6. ભારતીય કંપનીઓને વિદેશમાં સિક્યુરિટીઝ ડાયરેક્ટ લિસ્ટિંગની પરવાનગી, શેરબજારોમાં NCD લિસ્ટ કરાવતી ખાનગી કંપનીઓને લિસ્ટેડ કંપની ગણાશે નહીં
7. કેન્દ્ર સરકારે ૨૦૨૦-૨૧ માટે રાજયોની નેટ બોરોઇંગ લિમિટ GDPના ૩ થી વધારી પાંચ ટકા કરી, રાજ્ય સરકારો વધારાના રૂ. ૪.૨૮ લાખ ઊભા કરી શકશે


**<u>વિવિધ ક્ષેત્રો મુજબ કરેલી જાહેરાત :</u>**

**(૧) રોજગારને વેગ આપવા મનરેગામાં વધુ રૂ. ૪૦,૦૦૦ કરોડની ફાળવણી :**




- ✓ સરકાર મનરેગા અંતર્ગત વધારાના રૂપિયા ૪૦,૦૦૦ કરોડની ફાળવણી કરશે
- ✓ જેના કારણે ૩૦૦ કરોડ વ્યક્તિ દિવસની રોજગારીનું સર્જન થશે
- ✓ ચોમાસાની સિઝનમાં મોટી સંખ્યામાં શ્રમિકો પરત ફરી રહ્યાં હોવાથી વધુ રોજગાર સર્જનની જરૂર
- ✓ જળસંચય સંસાધનો સહિત ગુજરાનના વધુ સ્રોત મોટી સંખ્યામાં ઊભા કરાશે
- ✓ ઉચ્ચ ઉત્પાદન દ્વારા ગ્રામીણ અર્થતંત્રને મદદ મળશે

**(૨) આરોગ્ય સુધારા અને પગલાં :**




- ✓ આરોગ્ય ક્ષેત્રમાં સરકાર દ્વારા કરાતા ખર્ચમાં વધારો કરાશે
- ✓ ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોમાં આરોગ્ય અને વેલનેસ સેન્ટરોની સંખ્યામાં મોટો વધારો કરાશે
- ✓ કોઈપણ મહામારીને પહોંચી વળવા તમામ જિલ્લામાં ચેપી રોગની હોસ્પિટલો બનાવાશે
- ✓ જિલ્લા અને તાલુકા સ્તરે સરકારી પ્રયોગશાળાઓ અને જાહેર આરોગ્ય એકમો સ્થપાશે
- ✓ આઇસીએમઆર દ્વારા આરોગ્ય ક્ષેત્રે સંશોધનોને પ્રોત્સાહન અપાશે
- ✓ નેશનલ ડિજિટલ હેલ્થ મિશનની યોજના ઘડી કાઢશે.

**(3) ઇનસોલ્વન્સી અને બેન્કરપ્સી સંબંધિત પગલાં દ્વારા ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસને પ્રોત્સાહન**


- ✓ મોટી સંખ્યામાં એમએસએમઇને સુરક્ષિત કરવા નાદારીની પ્રક્રિયા શરૂ કરવા માટેની મર્યાદા રૂપિયા ૧ લાખથી વધારીને રૂપિયા ૧ કરોડ કરાઈ
- ✓ ઇનસોલ્વન્સી, બેન્કરપ્સી કોડની કલમ ૨૪૦એ અંતર્ગત એમએસએમઇ માટે ઇનસોલ્વન્સીના સમાધાન માટે વિશેષ વ્યવસ્થાની જાહેરાત કરાશે
- ✓ કોરોના મહામારીની સ્થિતિને આધારે નવી ઇનસોલ્વન્સી પ્રક્રિયાઓ એક વર્ષ સુધી શરૂ નહીં કરાય
- ✓ ઇનસોલ્વન્સીની પ્રક્રિયા શરૂ કરવાના હેતુ માટે આઇબીસી અંતર્ગત ડિફોલ્ટની વ્યાખ્યામાંથી કોવિડ-૧૯ સંલગ્ન દેવાની બાદબાકી માટે કેન્દ્ર સરકારને સશક્ત કરાશે

**(૪) સ્વનિર્ભર ભારત : જાહેર ક્ષેત્રની કંપનીઓ માટે પોલિસી**

- ✓ પ્રાઇવેટ કંપનીઓ માટે તમામ સેક્ટર ખુલ્લાં કરવા, ચોક્કસ કાર્યક્ષેત્રોમાં જાહેર ક્ષેત્રની કંપનીઓ મહત્વની ભૂમિકા ભજવે તેવી નવી નીતિની જરૂર
- ✓ જાહેર હિતમાં સરકારી કંપનીઓની હાજરી જરૂરી છે તેવા વ્યૂહાત્મક સેક્ટરોની યાદી જાહેર કરાશે
- ✓ વ્યૂહાત્મક સેક્ટરોમાં ઓછામાં ઓછી એક સરકારી કંપની રહેશે પરંતુ પ્રાઇવેટ કંપનીઓને પણ પરવાનગી અપાશે
- ✓ અન્ય સેક્ટરોમાં કામ કરતી સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરાશે
- ✓ નિરર્થક વહીવટી ખર્ચ ઘટાડવા વ્યૂહાત્મક સેક્ટરોમાં ફક્ત એકથી ચાર સરકારી કંપનીઓ જ રખાશે, અન્ય સરકારી કંપનીઓનું ખાનગીકરણ, મર્જર અથવા તો હોલ્ડિંગ કંપનીઓમાં વિલીનીકરણ કરાશે

**(૫) કોવિડ-૧૯ પછી ટેક્નોલોજીની સહાયથી શિક્ષણ**

- ✓ ડિજિટલ,ઓનલાઇન શિક્ષણ માટે તાત્કાલિક વડા પ્રધાન ઇ-વિદ્યા યોજનાનો પ્રારંભ કરાશે
- ✓ રાજ્યોમાં શાળા શિક્ષણ માટે દીક્ષા યોજના અંતર્ગત તમામ ધોરણો માટે ઇ-કન્ટેન્ટ અને ક્યૂઆર કોડ સાથેનાં પાઠયપુસ્તકો
- ✓ ધોરણ ૧થી ૧૨ માટે દરેક ધોરણ માટે એક ટીવી ચેનલ શરૂ કરાશે




- ✓ શિક્ષણ આપવા માટે રેડિયો, કોમ્યુનિટી રેડિયો, પોડકાસ્ટનો વ્યાપક ઉપયોગ કરાશે
- ✓ પ્રજ્ઞાચક્ષુ અને બધિર દિવ્યાંગો માટે વિશેષ ઇ-કન્ટેન્ટ
- ✓ ટોચની ૧૦૦ યુનિ.ને ૩૦ મે ૨૦૨૦થી ઓન- લાઇન અભ્યાસક્રમો શરૂ કરવાની પરવાનગી
- ✓ વિદ્યાર્થી, શિક્ષક અને પરિવારોને માનસિક તંદુરસ્તી માટે સાઇકોલોજિકલ સપોર્ટ કરવા મનોદર્પણ યોજનાનો પ્રારંભ કરાશે
- ✓ વૈશ્વિક અને ૨૧મી સદીની કુશળતાને ધ્યાનમાં રાખીને નવો રાષ્ટ્રીય અભ્યાસક્રમ, શાળાઓ માટે શિક્ષણ પદ્ધતિઓનું માળખું શરૂ કરાશે
- ✓ રાષ્ટ્રીય પાયાગત સાક્ષરતા અને ગણના મિશન અંતર્ગત ૨૦૨૫ સુધીમાં ધોરણ પાંચ સુધી દરેક બાળક અભ્યાસમાં સક્ષમ બને તે માટે ડિસેમ્બર ૨૦૨૦માં પ્રારંભ કરાશે

**(૬) કોર્પોરેટ માટે ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ :**

- ✓ વિદેશી ન્યાયઅધિકાર ક્ષેત્રોમાં ભારતીય કંપનીઓને સિક્યુરિટીઝના ડાયરેક્ટ લિસ્ટિંગની પરવાનગી
- ✓ શેરબજારોમાં નોન કર્ન્વિટબલ ડિબેન્ચર લિસ્ટ કરાવતી ખાનગી કંપનીઓને લિસ્ટેડ કંપની ગણાશે નહીં
- ✓ કંપની એક્ટ ૧૯૫૬ની કલમ ૯એનો કંપની એક્ટ ૨૦૧૩માં સમાવેશ
- ✓ એનસીએલએટીની વધારાની, વિશેષ બેન્ચ રચવાનો અધિકાર
- ✓ નાની કંપનીઓ, વન પર્સન કંપની, પ્રોડયુસર કંપની અને સ્ટાર્ટ અપને તમામ ભૂલો માટે નજીવી પેનલ્ટી કરાશે

**(૭) કંપની એક્ટમાં રહેલી કેટલીક અપરાધિક જોગવાઈઓની બાદબાકી :**

- ✓ નાની ટેકનિકલ અને પ્રક્રિયાના કારણે થયેલી ભૂલોને સાંકળતા કંપની એક્ટના ઉલ્લંઘનોને અપરાધની શ્રેણીમાંથી હટાવાયાં
- ✓ સીએસઆર રિપોર્ટિંગમાં ખામી, બોર્ડ રિપોર્ટમાં અપૂરતી માહિતી, ફાઇલિંગમાં રહેલી ખામી, એજીએમના આયોજનમાં વિલંબ હવે ગુનો નહીં
- ✓ સમાધાન થઇ શકે તેવા મોટાભાગના અપરાધોને ઇન્ટરનલ એજ્યુડિકેશન મિકેનિઝમમાં સમાવાશે
- ✓ આ સુધારાના કારણે ક્રિમિનલ કોર્ટ અને એનસીએલટીમાં અવરોધો ઘટશે
- ✓ ૭ સમાધાન થઇ શકે તેવા અપરાધોને પડતા મુકાયા, પાંચ અપરાધો માટે વૈકલ્પિક માળખા અંતર્ગત પગલાં લેવાશે

## આત્મનિર્ભર ભારત પેકેજ

| જાહેરાત | ખર્ચ (કરોડ માં) |
|---|---|
| RBI દ્વારા આપવામાં આવેલી રાહતો | ₹ 8,01,603 |
| માર્ચ, 2020 થી કરમાં છૂટ | ₹ 7,800 |
| પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ | ₹ 1,70,000 |
| આરોગ્ય ક્ષેત્ર માટે પ્રધાનમંત્રીની જાહેરાત | ₹ 15,000 |
| MSME સહિતના વ્યવસાયો માટે ઇમરજન્સી W/C સુવિધા | ₹ 3,00,000 |
| સંકટમાં ફસાયેલ MSME માટે ગૌણ લોન | ₹ 20,000 |
| MSME ફિટે ફંડ ઓફ ફંડ્સ | ₹ 50,000 |
| વેપાર અને શ્રમિકો માટે EPF સમર્થન | ₹ 2,800 |
| EPF દરોમાં ઘટાડો | ₹ 6,750 |
| NBFC/HFC/MFI માટે વિશેષ લીકવીડિટી યોજના | ₹ 30,000 |
| NBFC/HFC/MFIની જવાબદારીઓ માટે આંશિક ક્રેડિટ ગેરંટી યોજના 2.0 | ₹ 45,000 |
| DISCOMs માટે લીકવીડિટી | ₹ 90,000 |
| TDS/TCS દરોમાં ઘટાડો | ₹ 50,000 |
| બે મહિનાથી ફસાયેલા પરપ્રાંતિય શ્રમિકોને મફત અનાજ સહાયતા | ₹ 3,500 |
| મુદ્રા શિશુ લોન માટે વ્યાજમાં રાહત | ₹ 1,500 |
| શેરી વિક્રેતાઓને ખાસ ક્રેડિટ સુવિધા | ₹ 5,000 |
| આવાસ CLSS-MIG | ₹ 70,000 |
| નાબાર્ડ દ્વારા વધારાની ઇમરજન્સી વર્કિંગ કેપિટલ | ₹ 30,000 |
| KCC દ્વારા વધારાની ક્રેડિટ | ₹ 2,00,000 |
| માઇક્રો ફૂડ એન્ટરપ્રાઇઝ | ₹ 10,000 |
| પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના | ₹ 20,000 |
| ટોપ થી ટોટલ સુધી ઓપરેશન ગ્રીન | ₹ 500 |
| એગ્રી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ | ₹ 1,00,000 |
| પશુપાલન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ | ₹ 15,000 |
| હર્બલ ખેતીને પ્રોત્સાહન | ₹ 4,000 |
| મધમાખી ઉછેરની પહેલ | ₹ 500 |
| વાયબિલીટી ગેપ ફંડિંગ | ₹ 8,100 |
| મનરેગામાં વધારાની ફાળવણી | ₹ 40,000 |
| કુલ | ₹ 20,97,053 |

<u>૨. લૉકડાઉન ૪.૦ : તા. ૧૮ થી ૩૧ મે-૨૦૨૦ સુધી લંબાવાયુ ( કેન્દ્રીય ગૃહ મંત્રાલય)</u>

**<u>લૉકડાઉન-૪.૦ માટે નવી ગાઈડલાઈન :</u>**

- ✓ કેન્દ્ર સરકારે રેડ, ઓરેન્જ, ગ્રીન અને કન્ટેનમેન્ટ ઝોનની સીમાઓ નક્કી કરવાનો અધિકાર રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આપી દીધો છે.
- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ગાઇડલાઇન પ્રમાણે જિલ્લા સત્તાવાળાઓ દ્વારા રેડ અને ઓરેન્જ ઝોન, કન્ટેનમેન્ટ અને બફર ઝોન નક્કી કરવામાં આવશે.
- ✓ પ્રતિબંધિત સિવાયની તમામ પ્રવૃત્તિઓને લોકડાઉન ૪.૦માં પરવાનગી અપાઇ છે.
- ✓ જોકે કન્ટેનમેન્ટ ઝોનમાં જીવનજરૂરી અને આવશ્યક સેવાઓ જ જારી રહેશે.
- ✓ તે ઉપરાંત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સ્થિતિની સમીક્ષાના આધારે વિવિધ પ્રકારના ઝોનમાં ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લઇ શકે છે.
- ✓ સાંજના ૭થી સવારના ૭ કલાક સુધીના નાઇટ કરફ્યૂમાં જીવનજરૂરી સેવાઓ સિવાયની કોઇપણ પ્રવૃત્તિને પરવાનગી નહીં અપાય અને કોઇપણ વ્યક્તિ બહાર નીકળી શકશે નહીં.
- ✓ સ્થાનિક સત્તાવાળાઓ કાયદાકીય જોગવાઇઓ અંતર્ગત તેમના અધિકાર ક્ષેત્રમાંના સમગ્ર વિસ્તારમાં આદેશો જારી કરી શકશે.

**<u>કોવિડ-૧૯ અટકાવવા માટેની રાષ્ટ્રીય માર્ગદર્શિકા :</u>**

- ✓ જાહેર સ્થળો અને કામનાં સ્થળોએ ચહેરા પર માસ્ક પહેરવો ફરજિયાત
- ✓ જાહેર સ્થળો અને કામનાં સ્થળોએ થૂંકનારને દંડ ફટકારાશે
- ✓ જાહેર સ્થળો અને પરિવહનમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવામાં આવે
- ✓ લગ્નમાં સોશિયલ ડિસ્ટન્સિંગ, ૫૦થી વધુ વ્યક્તિને પરવાનગી નહીં
- ✓ અંતિમ ક્રિયામાં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ૨૦થી વધુ વ્યક્તિને પરવાનગી નહીં

- ✓ જાહેર સ્થળો શરાબ, પાન, ગુટખા, તમાકુના ઉપયોગ પર પ્રતિબંધ
- ✓ દુકાનદારોએ બે ગ્રાહકો વચ્ચે ૬ ફૂટનું અંતર ફરજિયાત જાળવવું પડશે
- ✓ બને ત્યાં સુધી વર્ક ફ્રોમ હોમની પ્રેક્ટિસ જારી રાખવી

**કોરોના મહામારી સામે લડવા ભારતમાં લૉકડાઉનના વિવિધ તબક્કા :**

| | | |
|---|---|---|
| જનતા કર્ફ્યૂ | તા. ૨૩ માર્ચ-૨૦૨૦ | ૧૪ કલાક |
| લૉકડાઉન-૧.૦ | તા. ૨૫ માર્ચથી તા. ૧૪ એપ્રિલ-૨૦૨૦ | દિવસ-૨૧ |
| લૉકડાઉન-૨.૦ | તા. ૧૫ એપ્રિલ થી ૩ મે-૨૦૨૦ | દિવસ-૧૯ |
| લૉકડાઉન-૩.૦ | તા. ૪ મે થી ૧૭ મે-૨૦૨૦ | દિવસ-૧૪ |
| લૉકડાઉન-૪.૦ | તા. ૧૮ મેથી ૩૧ મે-૨૦૨૦ | દિવસ-૧૪ |

**3. નિર્ણય : ગુજરાત સરકાર (આરોગ્ય)**

- ✓ રાજ્યમાં જાહેર જગ્યાએ થૂંકવા બદલ એક સરખો રૂ. ૨૦૦ દંડ વસૂલાશે
- ✓ રાજ્યમાં માસ્ક ન પહેરનાર પાસેથી રૂ. ૨૦૦નો દંડ વસૂલાશે


**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૫-૨૦૨૦)**

1. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત કયા ક્ષેત્રોને લાભ અપાશે - **માઈગ્રેન્ટ પ્રવાસીઓને, રોજગાર, આરોગ્ય, શિક્ષણ, બિઝનેસ, કંપની એક્ટ, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ, જાહેરક્ષેત્રની કંપનીઓ**
2. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત દેશનાં કયા સેક્ટર પ્રાઇવેટ કંપનીઓ માટે ખુલ્લાં કરાશે – **તમામ સેકટર**
3. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત દેશની ટોચની કેટલી યુનિ.ને 30 મે ૨૦૨૦થી ઓનલાઇન અભ્યાસક્રમોની મંજૂરી આપી - **૧૦૦**
4. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત ઇનસોલ્વન્સીની પ્રક્રિયા શરૂ કરવા માટેની મર્યાદા કેટલાથી વધારીને કેટલી કરાઈ - **રૂપિયા ૧ લાખ તથા રૂપિયા ૧ કરોડ**
5. કોરોના મહામારી સ્થિતિને આધારે નવી ઇનસોલ્વન્સી પ્રક્રિયાઓ કેટલા સમય સુધી શરૂ નહીં કરાય- **એક વર્ષ**
6. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત ટેક્નિકલ અને પ્રક્રિયાના કારણે થયેલી નાની ભૂલોને સાંકળતા કંપની એક્ટના ઉલ્લંઘનોને કઈ શ્રેણીમાંથી હટાવાયાં - **અપરાધ**
7. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત ભારતીય કંપનીઓને વિદેશમાં શાની પરવાનગી અપાઈ - **સિક્યુરિટીઝ ડાયરેક્ટ લિસ્ટિંગ**
8. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત શેરબજારોમાં કયું લિસ્ટ કરાવતી ખાનગી કંપનીઓને લિસ્ટેડ કંપની ગણાશે નહીં - **NCD**
9. કેન્દ્ર સરકારે ૨૦૨૦-૨૧ માટે રાજ્યોની નેટ બોરોઇંગ લિમિટ GDPના કેટલા ટકાથી વધારી કેટલા ટકા કરી - **3 થી વધારી ૫ ટકા**
10. કેન્દ્ર સરકારે ૨૦૨૦-૨૧ માટે રાજ્યોની નેટ બોરોઇંગ લિમિટ GDPના ૩ થી વધારી ૫ ટકા કરી તેના કારણે રાજ્ય સરકારો વધારાના કેટલા રૂપિયા ઊભા કરી શકશે - **રૂ. ૪.૨૮ લાખ**
11. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત સરકાર મનરેગા અંતર્ગત વધારાના કેટલા રૂપિયાની ફાળવણી કરશે – રૂ. **40,000 કરોડ**
12. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત સરકાર દ્વારા મનરેગા અંતર્ગત વધારાના રૂ. ૪૦,૦૦૦ કરોડની ફાળવણી કરવાથી કેટલા વ્યક્તિ દિવસની રોજગારીનું સર્જન થશે - **300 કરોડ**
13. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત કોઈપણ મહામારીને પહોંચી વળવા દેશના તમામ જિલ્લાઓમાં કઈ હોસ્પિટલો બનાવાશે- **ચેપી રોગની હોસ્પિટલો**
14. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત આરોગ્ય સંદર્ભે કઈ મહત્વની યોજના ઘડવામાં આવશે - **નેશનલ ડિજિટલ હેલ્થ મિશન**
15. આત્મનિર્ભર ભારત અભિયાન પેકેજ-૫ અંતર્ગત મોટી સંખ્યામાં એમએસએમઇને સુરક્ષિત કરવા નાદારીની પ્રક્રિયા શરૂ કરવા માટેની મર્યાદા કેટલાથી વધારી કેટલા રૂપિયા કરાઈ- **રૂ.૧ લાખથી વધારીને રૂ. ૧ કરોડ**
16. કોવિડ-૧૯ પછી ટેક્નોલોજીની સહાયથી ડિજિટલ, ઓનલાઇન શિક્ષણ માટે તાત્કાલિક કઈ યોજનાનો પ્રારંભ કરાશે - **વડા પ્રધાન ઇ-વિદ્યા યોજના**

17. રાજ્યોમાં શાળા શિક્ષણ માટે કઈ યોજના અંતર્ગત તમામ ધોરણો માટે ઇ-કન્ટેન્ટ અને ક્યૂઆર કોડ સાથેનાં પાઠયપુસ્તકો તૈયાર કરાશે - **દીક્ષા યોજના**
18. કયા ધોરણ માટે ટીવી ચેનલ શરૂ કરાશે - **ધોરણ ૧થી ૧૨ દરેક માટે ચેનલ**
19. ભારતમાં લૉકડાઉન ૪.૦નો સમયગાળો જણાવો - તા. ૧૮ થી ૩૧ મે-૨૦૨૦
20. કોવિડ-૧૯ના પગલે રાજ્ય સરકારે જાહેર જગ્યાએ થૂંકવા બદલ એક સરખો કેટલા રૂપિયાનો દંડ વસૂલાશે - રૂ. ૨૦૦
21. કોવિડ-૧૯ના પગલે રાજ્ય સરકારે માસ્ક ન પહેરનાર પાસેથી એક સરખો કેટલા રૂપિયાનો દંડ વસૂલાશે - રૂ. ૨૦૦

DATE : 18-05-2020

૧. ગુજરાત સરકાર : તા. ૧૯-૦૫-૨૦૨૦થી ૯૨ ટકા ગુજરાત હવે લૉકડાઉન મુક્ત (વહીવટ)




- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તા.૧૮મી મે-૨૦૨૦ના રોજ જાહેર કર્યું હતું કે તા.૧૯મી મે-૨૦૨૦થી કન્ટેનમેન્ટ ઝોન બહાર સાબરમતી નદીની પૂર્વ તરફનું અમદાવાદ શહેર અને સુરત શહેર બાદ કરતા સમગ્ર રાજ્યમાં તમામ આર્થિક પ્રવૃત્તિઓ લોકડાઉન-૪ દરમિયાન સવારના ૮ થી બપોરના ૪ વાગ્યા સુધી કરી શકાશે.
- ✓ આમ, અમદાવાદના પૂર્વ વિસ્તાર અને રાજ્યના અન્ય કન્ટેનમેન્ટ ઝોનની આશરે ૫૦ લાખની વસતિ જ લોકડાઉન હેઠળ રહે છે. બાકીના ૯૨ ટકાથી વધુ લોકોને લોકડાઉનમાંથી મુક્તિ મળી છે.

**એટ એ ગ્લાન્સ :**

- ✓ નોન કન્ટેનમેન્ટ વિસ્તારમાં તમામ વેપાર, ધંધા, સવારે ૮થી સાંજે ૪ સુધી ખોલી શકાશે
- ✓ અમદાવાદ અને સુરત શહેર વિસ્તારો મહદ્ અંશે નિયંત્રણ હેઠળ
- ✓ કોમ્પ્લેક્સમાંની દુકાનો-ઓફિસો ODD-EVEN સ્કીમ મુજબ ખોલવાના રહેશે
- ✓ ડ્રાઈવર સહિત બે પ્રવાસી સાથે રિક્ષા, ટેક્સી અને ખાનગી વાહનોને મુક્તિ
- ✓ મોટરસાઈકલ પર માત્ર એક સવારીની જ છૂટ
- ✓ ઓટો રિપેરિંગ, સર્વિસિંગના એકમો ખોલી શકાશે
- ✓ ઓફિસીઝ અને રોડસાઈડ ધાબા ૩૩ ટકા ક્ષમતા સાથે ખુલી શકશે
- ✓ કન્ટેનમેન્ટ ઝોનમાં આવશ્યક સેવા ચાલુ પણ ત્યાં રહેતા શ્રમિકો, વેપારી બહાર જઈ નહીં શકે
- ✓ રેસ્ટોરેન્ટ, હોટેલ્સ ખોલી શકાશે પણ માત્ર કેરી-આઉટ, હોમ ડિલિવરી માટે જ
- ✓ લિકર શોપને રાજ્યભરમાં ક્યાંય છૂટ નહીં

**અમૂલ પાર્લર પર માસ્કનું વેચાણ :**

- ✓ રાજ્યભરમાં અમૂલ પાર્લરો ઉપર માસ્કના વેચાણની વ્યવસ્થા થશે.
- ✓ થ્રી-લેયર માસ્ક રૂ. ૫માં અને એન-૯૫ માસ્ક રૂ. ૬૫માં મળશે.
- ✓ સરકાર આ વ્યવસ્થા ગોઠવશે. અમદાવાદમાં તા.૧૮મી મેથી અને રાજ્યભરમાં ૧૯મી મેથી આ વ્યવસ્થા શરૂ થઇ જશે.

**માસ્ક વિના નીકળનારા અને થૂંકનારા રૂ. ૨૦૦નો દંડ**

- ✓ રાજ્યમાં જાહેરમાં નિકળનારી દરેક વ્યક્તિ માટે માસ્ક પહેરવો ફરજિયાત છે જો તે નહીં હોય તો રૂ. ૨૦૦નો દંડ થશે.
- ✓ આ જ રીતે જાહેરમાં થૂંકનારાને પણ રૂ. ૨૦૦નો દંડ થશે.

**આ દરમિયાન સમગ્ર રાજ્યમાં સાંજે ૭થી સવારે ૭ સુધી કર્ફ્યુ**

૨. ICMR : કોરોનાના પરીક્ષણ માટે માર્ગદર્શિકામાં સુધારો કરાયો (આરોગ્ય)

અગાઉ તા. ૯-૪-૨૦૨૦ના રોજ કરાયેલા સુધારા બાદ પુન: ફેરફાર

**કયો ફેરફાર કરાયો :**

- ✓ આઇસીએમઆર દ્વારા જે નવી વ્યુહરચના બહાર પાડવામાં આવી છે, લક્ષણ દેખાતા હોય એવા હોટસ્પોટસ કે કલસ્ટરમાંના કેસોમાં સાત દિવસમાં પરિક્ષણ આરઆરટી -પીસીઆર પદ્ધતિથી અને સાત દિવસ પછી એન્ટિબોડી ટેસ્ટ કરવાનો રહેશે.
- ✓ આઇસીએમઆરએ અગાઉ ફક્ત ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા, સંપર્કમાં આવનારા, એસએઆરઆઈ દર્દીઓ અને ઉચ્ચ જોખમ ધરાવતા સંપર્કોવાળા લક્ષણો નહીં ધરાવનારા તમામ લોકોના પરીક્ષણની મંજૂરી આપી હતી.

**કોના થશે પરીક્ષણ ? :**

- ✓ જેનામાં કોરોનાના લક્ષણ દેખાય અને જે છેલ્લા ૧૪ દિવસમાં વિદેશથી આવ્યા હોય
- ✓ જે કોરોનાના દર્દીની સંપર્કમાં આવ્યાનું ચોક્કસ હોય.
- ✓ તમામ સ્વાસ્થ્ય કર્મીઓ જેમનામાં લક્ષણ દેખાય કે લક્ષણ દેખાતા હોય એવા ફ્રન્ટલાઇન વર્કર્સ જે કોરોનાના કન્ટેનમેન્ટ ઝોનમાં કામગીરીમાં સામેલ હોય.
- ✓ ખૂબ જ ગંભીર શ્વસન સબંધી દર્દી.
- ✓ કોરોનાના દર્દીના સંપર્કમાં સીધા આવ્યા વિના લક્ષણવાળા કોન્ટેક્ટ જે હાઇ રિસ્ક પર હોય તેમના પથી ૧૦ દિવસમાં ટેસ્ટ થશે. મતલબ કે પહેલાં ૫ થી ૧૪ દિવસ દરમિયાન કરવાના હતા, હવે દિવસ ૧૪ થી ઘટાડીને ૧૦ કરવામાં આવ્યા છે.
- ✓ કન્ટેનમેન્ટ ઝોન કે હોટસ્પોટના ઇન્ફલુએન્ઝાના જેવી બીમારીવાળા દર્દીઓ.
- ✓ તમામ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓમાં જેમને ઇન્ફલૂએઝ જેવી બિમારીના લક્ષણ હોય.

**૩. અમ્ફાન : ભારત દેશમાં ૨૧ વર્ષ બાદ બંગાળની ખાડીમાં સુપર સાઈક્લોન (કુદરતી આપત્તિ)**

- ✓ ઓડિશામાં ૧૮૫ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે
- ✓ અગાઉ વર્ષ-૧૯૯૯માં ઓડિશા અને કંડલા બંદર સહિતના વિસ્તારોમાં સુપર સાઈક્લોન ફૂંકાયું હતું.

**સુપર સાઈક્લોન શું છે ?**

- ✓ 150 થી 200 કિમીની ઝડપે જ્યારે પવન સાથે વાવાઝોડું ફૂંકાય ત્યારે તેને સુપર સાઈકલોન તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ આ વાવાઝોડામાં રસ્તા ફાટી જાય છે, બહુમાળી ઇમારતો ધારાશાયી થઈ જાય છે

**૪. UGC : નવી ગાઈડલાઈન મુજબ UG અને PGના અભ્યાસક્રમમાં કોરોનાનું પ્રકરણ ઉમેરાશે**

- ✓ **વિષય:** કોરોના સાથે કઈ રીતે જીવવું તેનો સમાવેશ કરાશે.

**૫. WHO : તા.૧૮ અને તા.૧૯ મે, બે દિવસીય WHOની વર્ચ્યૂઅલ બેઠકનો પ્રારંભ**

- ✓ વિષય : કોરોના ક્યાંથી પેદા થયો તેની સ્વતંત્ર તપાસ કરવા ભારત સહિત ૧૨૦થી વધુ દેશોની માગ

**વાઈરસની માહિતી આપનારા તાઈવાનને બેઠકમાંથી બાકાત રખાતા વિવાદ**

- ✓ તાઈવાન વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશનનું સ્વતંત્ર ઑબ્ઝર્વર રાષ્ટ્ર છે. આ બેઠકમાં તેને બકાત રખાયું છે.
- ✓ માત્ર આ બેઠકમાં નહીં ૨૦૧૬ પછીની બધી બેઠકોમાંથી તાઈવાની બાદબાકી કરી દેવાઈ છે. કેમ કે તાઈવાનને ચીન સ્વતંત્ર રાષ્ટ્ર નથી માનતું પોતાનો હિસ્સો ગણે છે.
- ✓ ચીનના દબાણથી જ તાઈવાનને બાકાત રખાયાનું મનાય છે.
- ✓ તાઈવાને જ વાઈરસ અંગે કેટલીક ઉપયોગી માહિતી શરૂઆતી ગાળામાં ડબલ્યુએચઓને આપી હતી.
- ✓ પરંતુ ડબલ્યુએચઓએ એ માહિતી નજરઅંદાજ કરી હતી.
- ✓ સ્થાન – જીનીવા (સ્વિસ)  સ્થાપના – વર્ષ-૧૯૪૮
- ✓ પ્રમુખ – ટેડરોસ (WHO)

**૭. જન્મદિન વિશેષ : ૧૮ મે**

**ભગત સાહેબ : નિરંજન ભગત**

**જન્મ : ૧૮ મે ૧૯૨૬**

**અવસાન : ૧ ફેબ્રુઆરી ૨૦૧૮**

- ✓ વિદ્યાર્થીપ્રિય, કવિ-વિવેચક નિરંજન નરહરિલાલ ભગતનો આજે જન્મદિવસ છે.
- ✓ અમદાવાદમાં જન્મેલા નિરંજન ભગતે અમદાવાદ અને મુંબઈથી શિક્ષણ લીધું હતું.
- ✓ 1942ના હિન્દ છોડો આંદોલનના જુવાળમાં અભ્યાસ છોડ્યો, 1944માં મેટ્રિક, 1949માં વિનયન સ્નાતક અને 1950માં અમદાવાદથી અનુસ્નાતક થયા.
- ✓ 1950થી 1986 સુધી અમદાવાદની કોલેજોમાં અધ્યાપન કાર્ય કર્યું. સાહિત્ય સર્જન ક્ષેત્રે છંદોલય, કિન્નરી, અલ્પવિરામ, આધુનિક કવિતાઃ કેટલાક પ્રશ્નો, સ્વાધ્યાયલોક, યંત્ર વિજ્ઞાન અને મંત્ર કવિતા, ન્હાનાલાલની ઊર્મિ કવિતા, મીરાંબાઈ, સુન્દરમ્ કેટલાક

કાવ્યો, ચિત્રાંગદા, ઓડેનનાં કાવ્યો વગેરે તેમના કવિતા, વિવેચન, સંપાદન અને અનુવાદ ક્ષેત્રે પ્રદાનો છે.

- ✓ નિરંજન ભગતના યોગદાનનું કુમાર ચંદ્રક, નર્મદ ચંદ્રક, પ્રેમાનંદ સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, નરસિંહ મહેતા પુરસ્કાર, સાહિત્ય અકાદમી પુરસ્કાર, સાહિત્ય અકાદમી દિલ્હીના સલાહકાર સમિતિના સભ્ય અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ એમ સન્માન થયું.
- ✓ પ્રસિદ્ધિની ઝાકમઝોળથી જોજનો દૂર રહી માત્ર સાહિત્ય પદાર્થની ખેવનામાં મસ્ત રહેલા આપણી ભાષાના શ્રેષ્ઠતમ સાહિત્યકાર ભગત સાહેબનું 1 ફેબ્રુઆરી 2018ના 91 વર્ષની વયે અવસાન થયું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૫-૨૦૨૦)

1. ગુજરાતમાં લૉકડાઉનમાં તા.19 મેની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં કયા સમયગાળા દરમિયાન કર્ફ્યુનો કડક અમલ કરવામાં આવ્યો હતો-**સાંજે 7.00થી સવારે 7.00**
2. લૉકડાઉન 4.0માં ગુજરાતમાં કોરોના મહામારી સામે જંગ જીતવા કોમ્પલેક્ષમાંની દુકાનો કઈ પદ્ધતિથી ચાલુ રાખવાની યોજના બનાવી છે- **ODD - EVEN**
3. લૉકડાઉન 4.0માં ગુજરાતમાં ખાનગી કાર અને મોટરસાયકલ ઉપર કેટલા પેસેન્જરની મંજૂરી અપાઈ - **2 અને 1**
4. ગુજરાતમાં કોરોના સામે જંગ જીતવા રાજ્યભરના અમૂલ પાર્લર ઉપરથી કેટલા સસ્તા દરે થ્રી લેયર અને N-95 માસ્ક ઉપલબ્ધ કરવામાં આવે છે - **રૂ.05 અને રૂ.65**
5. ભારતમાં કોરોના પરીક્ષણ માટે કઈ સંસ્થા દ્વારા પુનઃ માર્ગદર્શિકામાં સુધારો કરાયો - **ICMR**
6. ICMR દ્વારા કોરોનાના લક્ષણ દેખાય અને છેલ્લા કેટલાક દિવસમાં વિદેશમાંથી આવ્યા હોય તેનું પરિક્ષણ કરાશે - **14 દિવસ**
7. એમ્ફાન જેવું સુપર સાયક્લોન સંભવિત કેટલા વર્ષ બાદ ભારતમાં તોફાન મચાવશે- **21વર્ષે**
8. અંદાજે કેટલા કી.મી કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાય તેને સુપર સાયક્લોન કહે છે - **150-200**
9. UGCની ગાઈડલાઈન મુજબ હવે કયા અભ્યાસક્રમમાં કોરોના સાથે કઈ રીતે જીવવું તેનું પ્રકરણ સામેલ થશે - **UG અને PG**
10. વૈશ્વિક સ્તરે સૌપ્રથમવાર WHOની બે દિવસીય વર્ચ્યુઅલ બેઠક ક્યારે યોજાઈ- **તા. 18/19 મે 2020**
11. WHOનું સ્થાપના વર્ષ જણાવો - **1948**
12. WHOનું વડુ મથક જણાવો - **જિનીવા**
13. કવિ-વિવેચક નિરંજન ભગતનો જન્મદિવસ જણાવો - **18 મે 1926**
14. કવિ-વિવેચક નિરંજન ભગતનુ ઉપનામ જણાવો - **ભગત સાહેબ**

DATE : 19-05-2020

## ૧. સરહદી વિવાદ : ભારત – નેપાળ

- ✓ **વિવાદ:** ભારતના કાલાપાની, લિંપિયાધુરા, અને લિપુલેખ નેપાળે તેના નવા રાજકીય નકશામાં સામેલ કરી પોતાનો હોવાનો દાવો કર્યો

**નકશા અંગે :**

- ✓ નેપાળે નવો રાજકીય નકશો જારી કર્યો હતો. આ દરમિયાન તિબેટ, ચીન અને નેપાળની સરહદે આવેલા ભારતીય વિસ્તારો કાલાપાની, લિપુલેખ અને લિંપિયાધુરાને નેપાળે પોતાનો ભાગ ગણાવ્યા હતા.
- ✓ મહત્વની વાત એ છે કે, નેપાળ દ્વારા એકાએક જારી કરવામાં આવેલા પોતાના નવા નકશામાં તેની ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમે આવેલી આંતરરાષ્ટ્રીય સરહદોની પણ છણાવટ કરવામાં આવી છે.
- ✓ હવે તેણે આ સરહદોને અડીને આવેલા તમામ વિસ્તારોને પોતાના રાજકીય અને પ્રશાસનિક વ્યવસ્થાઓ હેઠળના ગણાવ્યા.

**એટ એ ગ્લાન્સ :**


- ✓ **સવાલ:** લિપુલેખ ક્યાં આવ્યું અને તેનું મહત્ત્વ શું છે ?
- ✓ **જવાબ:** લિપુલેખ ભારત, નેપાળ અને ચીનની સરહદ સાથે જોડાયેલો વચ્ચેનો વિસ્તાર છે. ૧૭,૦૬૦ ફૂટની ઉંચાઈએ આવેલો આ વિસ્તાર કૂટનીતિક રીતે મહત્વનો છે. દર વર્ષે ભારત અને ચીન વચ્ચે અહીંયા રસ્તા માર્ગે વેપાર થાય છે અને નેપાળ તેનો વિરોધ કરે છે.

- ✓ **<u>સવાલ:</u>** હાલમાં કેમ વિવાદ સર્જાયો ?
- ✓ **<u>જવાબ:</u>** ભારતે યાત્રીઓ અને સ્થાનિક વેપારીઓની સવલત માટે અહીંયા ૮૦ કિ.મીનો રસ્તો બનાવ્યો. તેનાથી માનસરોવર યાત્રાનો માર્ગ ટૂંકો થઈ ગયો અને ૮૦ ટકા યાત્રા ભારતના વિસ્તારોમાંથી જ શક્ય બની. નેપાળમાંથી બે માર્ગે માનસરોવર યાત્રા થતી હતી જે હવે ઓછી થઈ જવાની તેથી વિવાદ સર્જાયો છે.
- ✓ **<u>સવાલ:</u>** નેપાળને અત્યારે જ વિરોધ કેમ યાદ આવ્યો?
- ✓ **<u>જવાબ:</u>** નેપાળ સમગ્ર લિપુલેખને પોતાનો વિસ્તાર માને છે. ભારત તરફથી અહીંયા રસ્તો બનાવવાનું શરૂ કરાતા તેણે વિરોધ નોંધાવ્યો. તે આ પહેલાં પણ અનેક વખત ભારત વિરુદ્ધ આ મુદ્દે ફરિયાદ કરતો આવ્યો છે.
- ✓ **<u>સવાલ :</u>** આ વિસ્તારના ભાગ પડેલા છે ?
- ✓ **<u>જવાબ :</u>** ભારત અને નેપાળ વચ્ચે ૧૮૧૬ માં સુગૌલી સંધિ થઈ હતી. આ સંધિ હેઠળ આ પ્રદેશની સરહદ નક્કી કરવામાં આવી હતી. મહાકાલી નદીના પશ્ચિમ વિસ્તાર ઉપર ભારતનો અને પૂર્વ વિસ્તાર ઉપર નેપાળનો કબજો છે.

**<u>વિવાદ કેમ ? :</u>**

- ✓ મહાકાલી નદી બે ધારાના જોડાણથી બને છે. એક શાખા લિપુલેખના ઉત્તર-પશ્ચિમી લિમ્પિયાધૂરાથી નીકળે છે અને બીજી શાખા દક્ષિણ લિપુલેખથી નીકળે છે. નેપાળ ઉત્તર-પશ્ચિમી શાખાને મુખ્ય માને છે અને કાલાપાની, લિમ્પિયાધૂરા તથા લિપુલેખને પોતાના વિસ્તારો માને છે, જ્યારે ભારત દક્ષિણની શાખાને મુખ્ય માને છે. તેના પગલે આ તમામ વિસ્તારો ભારતમાં હોવાનું જણાવાય છે. ભારત પાસે તેના નક્કર પુરાવા પણ છે. બીજી તરફ સમયાંતરે નેપાળ આ મુદ્દે વિવાદ ચગાવતો રહ્યો છે.

**<u>નકશો :</u>**




**<u>ભારતીય વિદેશ મંત્રાલયનો જવાબ :</u>**

- ✓ ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, લિપુલેખા માર્ગ પહેલેથી ભારતની સરહદમાં આવે છે. આ રસ્તે પહેલાં પણ માનસરોવર યાત્રા થતી હતી.
- ✓ તાજેતરમાં ભારતે અહીંયા માત્ર રસ્તો બનાવવાનું કામ કર્યું છે જેથી યાત્રીઓ, વ્યાપારીઓ અને સ્થાનિકોને આવન જાવનમાં સરળતા રહે.
- ✓ ભારત દ્વારા ૮ મેના રોજ લિપુલેખ- ધારામૂલા માર્ગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

<u>૨.WEF:એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ (ઊર્જા)</u>

- ✓ WEFના ઈન્ડેક્સમાં ભારતનો વૈશ્વિક સ્તરે ૭૪મો ક્રમ
- ✓ WEF : વર્લ્ડ ઈકોનોમી ફોરમ

<u>3. SCO : વિદેશમંત્રીઓની વીડિયો વીડિયો કોન્ફરન્સ (વેપાર)</u>

- ✓ SCOનું શિખર સંમેલન આગામી જૂલાઈ-૨૦૨૦માં યોજાશે
- ✓ **<u>સ્થાન :</u>** સેન્ટ પિટર્સબર્ગ (રશિયા)

**<u>સભ્ય દેશો :</u>**

- ✓ શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનમાં ભારત, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, ચીન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ.

**<u>SCO: શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન</u>**

<u>૪. સ્વચ્છ ભારત અભિયાન (સ્વચ્છતા)</u>

**<u>દેશભરના કચરામુક્ત શહેરોના રેટિંગ જાહેર</u>**

- ✓ રેટિંગ સ્ટાર : 7, 5, 3 અને 1 સ્ટાર

**<u>કેટેગરી રાજ્ય અને શહેરો :</u>**

**<u>ફાઈવ સ્ટાર રેટિંગ :</u>**

- ✓ <u>ગુજરાત :</u> સુરત અને રાજકોટ    મધ્યપ્રદેશ : ઈન્દોર
- ✓ મહારાષ્ટ્ર : નવી મુંબઈ    કર્ણાટક : મૈસુર

**<u>થ્રી સ્ટાર રેટિંગ :</u>**

- ✓ ગુજરાત : અમદાવાદ અને ગાંધીનગર
- ✓ નવી દિલ્હી    ચંદીગઢ
- ✓ હરિયાણા : કરનાલ
- ✓ આંધ્રપ્રદેશ : તિરુપતિ, વિજયવાડા
- ✓ છત્તીસગઢ : ભીલાઈનગર

**<u>વન સ્ટાર રેટિંગ</u>**

- ✓ ગુજરાત : વડોદરા
- ✓ દિલ્હી : કેંટ અને રોહતક
- ✓ જાહેર કરનાર મંત્રાલય : કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રાલય
- ✓ મંત્રી : શ્રી હરદિપસિંહ પૂરી

<u>૫. ગિલગિટ-બાલ્ટિસ્તાન : ગુમાવેલું કાશ્મિર પરત લેવાના ભારતના પ્રયાસો શરૂ (સરહદી વિવાદ)</u>

**<u>સમગ્ર સ્થિતિ દર્શાવતો ખાસ નકશો :</u>**




## ૬. જન્મદિન વિશેષ : ૧૯ મે

### ભાવનગરના પ્રજાવત્સલ શાસક મહારાજા : કૃષ્ણકુમારસિંહ

**જન્મ : ૧૯ મે ૧૯૧૨     અવસાન : ૨ એપ્રિલ ૧૯૬૫**

- ✓ ગુજરાતનાં ઈતિહાસમાં જેમનું નામ આદરપાત્ર રીતે લેવામાં આવે છે તેવા ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહનો આજે જન્મદિવસ છે.
- ✓ ગોહિલ વંશના ભાવસિંહના આ જ્યેષ્ઠ પુત્રનો જન્મ ભાવનગરમાં થયો હતો.
- ✓ કુમાર કૃષ્ણકુમારે શિક્ષણ રાજકુમાર કોલેજ રાજકોટ અને ઇંગ્લેન્ડની હેરો સ્કૂલમાં લીધું હતું.
- ✓ 7 વર્ષની સગીર વયે ભાવનગરના શાસક બન્યા.
- ✓ પુખ્તવયે સ્વતંત્ર શાસક બન્યા પછી ઉદારવાદી અને પ્રજા વત્સલ શાસક તરીકેની છબી ઊભી કરી હતી.
- ✓ 1919 થી 1948 દરમિયાન કૃષિ સુધારા, ગ્રામ સુધારણા, વીજળીઘર, શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના, બંદરનું નિર્માણ, નવી મિલો અને કારખાનાઓની સ્થાપના, ભૂગર્ભ ગટરયોજનાઓ, રસ્તાઓનું નિર્માણ, ચિકિત્સાલયોની સ્થાપના વગેરે તેમના શાસનની સિદ્ધિઓ હતી.
- ✓ લોકશાહી સંસ્થાઓની શરૂઆત માટે પણ કૃષ્ણકુમારસિંહને યાદ કરાય છે.
- ✓ આઝાદી પછી નવા સૌરાષ્ટ્ર રાજ્યના તેઓ ઉપરાજ્ય પ્રમુખ બન્યા હતા.
- ✓ સૌરાષ્ટ્રના રજવાડાંઓને ભારત સંઘમાં જોડવામાં પણ તેમની ભૂમિકા હતી.
- ✓ 1948માં મદ્રાસના ગવર્નર બન્યા હતા, ગવર્નર તરીકે માત્ર 1 રૂપિયો પગાર લેતા.
- ✓ અનેક એવોર્ડોથી સન્માનિત, ભાવનગર યુનિ.સાથે જેમનું નામ જોડાયેલું છે તેવા કૃષ્ણકુમારનું 2 એપ્રિલ 1965ના રોજ અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૫-૨૦૨૦)

1. તાજેતરમાં પાડોશી દેશ નેપાળે ભારતના કયા વિસ્તારો તેના નવા રાજકીય નકશામાં સામેલ કરી વિવાદ સર્જ્યો હતો - **કાલાપાની, લિંપિયાધુરા, અને લિપુલેખ**
2. લિપુલેખ વિસ્તાર ક્યાં આવેલો છે - **ભારત, નેપાળ અને ચીનની સરહદ સાથે જોડાયેલ વચ્ચેનો વિસ્તાર**
3. ભારતે લિપુલેખ વિસ્તારમાં યાત્રીઓ અને સ્થાનિક વેપારીઓની સવલત માટે કેટલા કિ.મીનો રસ્તો બનાવ્યો - **૮૦**
4. ભારત અને નેપાળ વચ્ચે ૧૮૧૬માં કઈ મહત્વની સંધિ થઈ હતી - **સુગૌલી સંધિ**
5. સુગૌલી સંધિ કયા દેશ વચ્ચે અને શા માટે થઈ હતી – **ભારત-નેપાળ તથા પ્રદેશની સરહદ નક્કી કરવા**
6. મહાકાલી નદીના પશ્ચિમ વિસ્તાર ઉપર ભારતનો અને પૂર્વ વિસ્તાર ઉપર કયા દેશનો કબજો છે - **નેપાળ**
7. ભારત દ્વારા તા.૮ મે-૨૦૨૦ના રોજ નેપાળ સરહદે ક્યા માર્ગનું ઉદ્ઘાટન કર્યું હતું - **લિપુલેખ-ધારામૂલા**
8. તાજેતર મે-૨૦૨૦માં જાહેર થયેલા એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ જણાવો - **૭૪મો**
9. WEFનું વિસ્તૃત નામ જણાવો - **વર્લ્ડ ઈકોનોમી ફોરમ**
10. એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ કોના દ્વારા જાહેર કરવામાં આવે છે - **વર્લ્ડ ઈકોનોમી ફોરમ**
11. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી SCOનું શિખર સંમેલન જૂલાઈ-૨૦૨૦ ક્યા સ્થળે યોજાયું - **સેન્ટ પિટર્સબર્ગ (રશિયા)**
12. SCOનું વિસ્તૃત નામ જણાવો – **શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન**
13. શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનના સભ્ય દેશોના નામ જણાવો - **ભારત, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, ચીન, પાકિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાન**
14. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જાહેર થયેલા કચરામુક્ત શહેરોના રેટિંગમાં ફાઈવ સ્ટાર ધરાવનાર શહેરોના નામ જણાવો - **ગુજરાતના સુરત અને રાજકોટ, મધ્યપ્રદેશનું ઈન્દોર, મહારાષ્ટ્રનું નવી મુંબઈ, કર્ણાટકનું મૈસુર**
15. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જાહેર થયેલા કચરામુક્ત શહેરોના રેટિંગમાં થ્રી સ્ટાર ધરાવનાર શહેરોના નામ જણાવો - **ગુજરાતનું અમદાવાદ અને ગાંધીનગર, નવી દિલ્હી, ચંદીગઢ, હરિયાણાનું કરનાલ,**

**આંધ્રપ્રદેશનું તિરુપતિ અને વિજયવાડા તથા છત્તીસગઢનું ભીલાઈનગર**

16. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જાહેર થયેલા કચરામુક્ત શહેરોના રેટિંગમાં વન સ્ટાર ધરાવનાર શહેરોના નામ જણાવો - **ગુજરાતનું વડોદરા તથા દિલ્હીનું કેંટ અને રોહતક**
17. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કચરામુક્ત શહેરોને રેટિંગ કયા મંત્રાલય દ્વારા આપવામાં આવે છે - **કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રાલય**
18. વર્તમાન કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રીનું નામ જણાવો - **શ્રી હરદિપસિંહ પૂરી**
19. ભાવનગરના પ્રજાવત્સલ શાસક મહારાજા કૃષ્ણકુમારસિંહનો જન્મદિવસ જણાવો - **૧૯ મે ૧૯૧૨**
20. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહના નામ સાથે ગુજરાતની કઈ યુનિવર્સિટીનું નામ જોડાયેલું છે – **ભાવનગર યુનિવર્સિટી**
21. લોકશાહી સંસ્થાઓની શરૂઆત માટે ક્યા મહારાજાને યાદ યાદ કરાય છે - **મહારાજા કૃષ્ણકુમારસિંહ**
22. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહ આઝાદી પછી રાજ્યના ઉપરાજ્ય પ્રમુખ બન્યા હતા - **નવા સૌરાષ્ટ્ર**
23. મહારાજા કૃષ્ણકુમારસિંહ ક્યારે અને કયા રાજ્યના ગવર્નર બન્યા હતા અને ગવર્નર તરીકે માત્ર 1 રૂપિયો પગાર લેતા – **વર્ષ-1948માં મદ્રાસ**

**DATE : 20-05-2020**

## ૧.સુપર સાઈક્લોન: અમ્ફાન (કુદરતી આપત્તિ)

**અમ્ફાનનું કદ :**

- ✓ વોલ કલાઉડની પહોળાઈ : ૧૨૦ કિલોમીટર જેટલી
- ✓ સાઇકલોની આંખનો વ્યાસ : ૩૦ થી ૪૦ કિલોમીટર
- ✓ સાયકલોનનો પાછળનો હિસ્સો : ૧૨૦ કિલોમીટર
- ✓ પવનની ઝડપ : અંદાજે ૧૯૦ કિલોમીટર
- ✓ જમીન પર ટકરાયું: સુંદરવન પશ્ચિમ બંગાળ

**સુધારો : અમ્ફાનનો અર્થ- આકાશ**

**ખાસ :**

- ✓ અગાઉ ભૂલથી ‘અમ્ફાન’નો અર્થ ‘આર્કાઈવ્ઝ’ દર્શાવ્યો હતો, પણ તેનો અર્થ ‘આકાશ’ થાય છે.
- ✓ અમ્ફાન (AMPHAN) ઉચ્ચારણ UM-PUN
- ✓ મૂળ – થાઈ ભાષાનો શબ્દ

**અમ્ફાન એટલે શું ?**

- ✓ વર્લ્ડ મિટિરિયોલોજિકલ ડિપાર્ટમેન્ટ (વિશ્વ હવામાન સંસ્થા)એ વાવાઝોડાના નામ આપવા માટે વિવિધ દેશોને સતા આપી છે. પણ દરેક દેશે આપેલું નામ વારા પ્રમાણે વપરાતું રહે છે.
- ✓ ૨૦૦૪થી હિન્દ મહાસાગરના આઠ દેશોએ આપેલા નામો વારાફરતી ઉપયોગ.
- ✓ અમ્ફાન એ નામ થાઈલેન્ડે ૨૦૦૪માં આપ્યું હતું. તેનો ઉપયોગ અત્યારે કરવામાં આવ્યો છે.

## ૨. કોરોના જંગ : અમદાવાદ સિવિલમાં 'કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમ' શરૂ કરાયો (આરોગ્ય)

- ✓ **હેતુ:** કોરોનાના દર્દીઓના સ્વજનને હવે ફોનથી તમામ માહિતી અપાશે
- ✓ **સેવાઓ :** દર્દીના દાખલ થવાથી રજા આપવા સુધીની તમામ વિગતો તેના પરિવારજનોને મળી રહેશે
- ✓ શિક્ષણ વિભાગના ૪૦ કર્મચારીઓને કામગીરી સોપાઈ

## ૩. અભિયાન : 'હું પણ કોરોના વૉરીયર્સ' અથવા ‘હું પણ કોરોના યોદ્ધા’ - ગુજરાત સરકાર (જાગૃતિ)

**કોરોના સામે જનજાગૃતિ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ફેસબુક દ્વારા દ્વારા અભિયાન લોન્ચ કર્યું**

- ✓ 'હું પણ કોરોના વૉરીયર્સ' હેઝટેગ સાથે પોસ્ટ કરો

**સમયગાળો :** તારીખ- ૨૧મી મે થી ૨૭મી મે-૨૦૨૦ (સપ્તાહ)

**આ ત્રણ સંકલ્પ લેવા અપીલ**

1. વડીલો-બાળકો ઘરમાં જ રહે તેની તકેદારી રાખે.
2. માસ્ક પહેર્યા વગર કે કારણ વગર ઘર બહાર ન નીકળે.
3. ‘દો ગજ કી દૂરી’ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવે.

**અભિયાનની રૂપરેખા :**

- ✓ આ અભિયાન દરમિયાન રોજ જાણીતી વ્યક્તિઓ દ્વારા લોકોને જાગૃતિ માટે સંદેશો અપાશે અને ૨૨ મીએ દાદા દાદી કે વડીલો સાથે સેલ્ફી લઈને તે સોશિયલ મીડિયા ઉપર ‘હું પણ કોરોના વોરિયર્સ’ તરીકે પોસ્ટ કરીએ.

## ૪. કેન્દ્રીય કેબિનેટ : ભારત સરકાર (વહીવટ)

**મહત્વના નિર્ણયો**

**(૧) MSMEને રૂ. ૩ લાખ કરોડના ધિરાણ માટે NCGTC આપી શકાશે ગેરંટી**

- ✓ મોદી સરકારના રૂ. ૨૦ લાખ કરોડના આત્મનિર્ભર ભારત પેકેજને કેબિનેટની મંજૂરી
- ✓ એમએસએમઈને રૂ. ૩ લાખ કરોડનાં ધિરાણ માટે એનસીજીટીસી આપી શકશે ગેરંટી
- ✓ કેબિનેટે એમએસએમઈ સહિત ધિરાણ મેળવવામાં રસ ધરાવતા મુદ્રા એકમોને ધિરાણ પૂરું પાડવા માટે ઇમરજન્સી ક્રેડિટ ગેરંટી સ્કીમને મંજૂરી આપી હતી.
- ✓ આ યોજના હેઠળ નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ (એનસીજીટીસી) માટે એકમોને વધુ ધિરાણ પૂરું પાડવા માટે <u>૧૦૦ ટકા ગેરંટી પૂરી પાડવામાં</u> આવશે.
- ✓ આ હેતુ માટે ભારત સરકાર તરફથી વર્તમાન વર્ષ અને તે પછીની ત્રણ નાણાકીય વર્ષ માટે રૂપિયા ૪૧,૦૦૦ કરોડનું ભંડોળ પૂરું પાડવામાં આવશે.
- ✓ કેબિનેટે આ યોજનાની જાહેર થયાથી ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધી કે પછી જીઇસીએલ દ્વારા આ ધિરાણ ગેરંટી યોજના હેઠળ રૂપિયા ૩ લાખ કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવે તે બંનેમાં જે સમય વહેલો હોય ત્યાં સુધી આ નિયમ અમલી રાખવા નિર્ણય લીધો છે.
- ✓ આ ઋણ યોજનાની જાહેરાત વડાપ્રધાનના રૂપિયા ૨૦ લાખ કરોડથી વધુના વિશેષ આત્મનિર્ભર પેકેજ હેઠળ જ કરવામાં આવી
- ✓ એનસીજીટીસીની મદદથી લગભગ ૪૫ લાખ એમએસએમઈને અપાનારાં ધિરાણ પર ૧૦૦ ગેરંટી અપાઇ શકે તેમ છે.

**(૨) પ્રધાનમંત્રી વય વંદના યોજના ફરી શરૂ થશે**

- ✓ PM નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં કેન્દ્ર સરકારે વડીલો માટેની ખાસ પેન્શન યોજના ‘વડા પ્રધાન વય વંદના સ્કીમ' ફરી શરૂ કરવાનો નિર્ણય.

<u>યોજનાની જોગવાઈઓ :</u>

- ✓ <u>આ યોજનામાં જોડાવા માટેની અંતિમ મુદત માર્ચ-૨૦૨૩ સુધીની રહેશે.</u>
- ✓ એલઆઇસીને આધીન રાખવામાં આવેલી આ પેન્શન યોજનાનો લાભ ૬૦ વર્ષની ઉંમર પછી મળી શકે છે.
- ✓ આ યોજનાનો ભાગ બનવા વ્યક્તિએ રૂપિયા ૧.૫૦ લાખ રૂપિયાનું રોકાણ કરવાનું રહે છે .
- ✓ અગાઉ આ યોજના ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ બંધ થઇ હતી.

<u>૫. નિમણૂક : WHO (આરોગ્ય)</u>

**ભારતના કેન્દ્રીય આરોગ્યમંત્રી ડૉ. હર્ષવર્ધન WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે ત્રણ વર્ષ માટે નિયુક્ત**

- ✓ હર્ષવર્ધન વિશ્વ આરોગ્ય સંગઠનના ૩૪ સભ્યોના બનેલા એક્ઝિક્યુટિવ બોર્ડના આગામી અધ્યક્ષ બની રહેશે.
- ✓ ડૉ.હર્ષવર્ધન ૨૨ મેના રોજ પદભાર સંભાળશે.
- ✓ તેઓ જાપાનના ડૉ. હિરોકી નકાતાનીનું સ્થાન લેશે.
- ✓ ડૉ. હિરોકી હાલમાં ૩૪ સભ્યોના બનેલા વિશ્વ આરોગ્ય સંગઠનના કારોબારી બોર્ડનું અધ્યક્ષપદ સંભાળી રહ્યા છે.
- ✓ તા. ૧૯મી મે-૨૦૨૦ના રોજ ૧૯૪ દેશોની વિશ્વ આરોગ્ય સભાએ કારોબારી બોર્ડમાં ભારતના પ્રતિનિધિની વરણી અંગેની દરખાસ્ત પર હસ્તાક્ષર કર્યાં.
- ✓ વિશ્વ આરોગ્ય સંગઠનના દક્ષિણ-પૂર્વ એશિયા સમૂહે ગયા વર્ષે ભારતની ત્રણ વર્ષની મુદત માટે કારોબારી બોર્ડમાં વરણી કરવાનો સર્વસહમતીથી નિર્ણય લીધો હતો.
- ✓ ક્ષેત્રિય સમૂહોએ એક વર્ષ માટે કારોબારી અધ્યક્ષપદે ભારતના પ્રતિનિધિની વરણીનો પણ લીધો હતો.

**<u>WHOના કારોબારી બોર્ડ અંગે :</u>**

- ✓ બોર્ડ અધ્યક્ષપદ તે પૂર્ણકાલીન જવાબદારી નથી. કેન્દ્રીય આરોગ્ય પ્રધાને માત્ર કારોબારી બોર્ડનું અધ્યક્ષપદ સંભાળવાનું રહેશે.
- ✓ આ કાર્યકારી બોર્ડમાં આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલા ૩૪ સભ્યો હોય છે.
- ✓ <u>ત્રણ વર્ષની મુદત માટે સભ્ય દેશોના પ્રતિનિધિની બોર્ડમાં વરણી</u> થતી હોય છે.
- ✓ બોર્ડની બેઠક વર્ષમાં ઓછામાં ઓછા બે વાર મળતી હોય છે.
- ✓ સામાન્યપણે જાન્યુઆરીમાં બોર્ડની મુખ્ય બેઠક મળતી હોય છે.
- ✓ બીજી બેઠક મે મહિનામાં વિશ્વ આરોગ્ય મહાસભા મળે તે પછી તરત મળતી હોય.
- ✓ આરોગ્ય સભામાં લેવામાં આવેલા નિર્ણયો અને ઘડી કાઢવામાં આવતી નીતિનો અમલ બોર્ડ દ્વારા થતો હોય છે
- ✓ WHO : વિશ્વ આરોગ્ય સંગઠન
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**૬. તાઈવાન : પ્રમુખ પદે બીજી મુદ્દત માટે જંગી બહુમતીથી ત્સાઈ-ઇંગ વેની જીત (વૈશ્વિક રાજકારણ)**

- ✓ પુનઃ બીજીવાર તાઈવાનના પ્રમુખ પદે ત્સાઈ-ઇંગ વેની વરણી
- ✓ **૭. લૉકડાઉનના પરિણામે વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જનની સ્થિતિ (પર્યાવરણ)**
- ✓ **અહેવાલ :** નેચર ક્લાઈમેન્ટ જર્નલ

**અગત્યના તારણો :**

- ✓ લૉકડાઉનના કારણે વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જનના પ્રમાણમાં સરેરાશ ૧૭ ટકા સુધીનો ઘટાડો

**વિવિધ દેશોમાં એપ્રિલ-૨૦૨૦માં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો**

- ✓ USA : ૩૩ ટકા
- ✓ ચીન : ૨૫ ટકા
- ✓ યુરોપિયન દેશો : ૨૭ ટકા
- ✓ ભારત : ૨૬ ટકા

**દર વર્ષે કાર્બન ઉત્સર્જન આટલું ઘટે તો પૃથ્વીનું તાપમાન ૧.૮ ડિગ્રી ઓછુ થઈ શકે :**

- ✓ સ્ટડીમાં નોંધ કરવામાં આવી હતી કે જો મહામારી સિવાય પણ માનવજાત દર વર્ષે ૧૫ થી ૧૭ ટકા સરેરાશ કાર્બન ઉત્સર્જન ઓછું કરે તો પૃથ્વીનું સરેરાશ તાપમાન ૧.૮ ડિગ્રી ઘટાડી શકાય તેમ છે.
- ✓ આગામી દશકામાં (૨૦૫૦ થી ૨૦૭૦ સુધીમાં) પૃથ્વીનું તાપમાન સેરેરાશ ૧.૮ ડિગ્રી વધી જશે.
- ✓ અત્યારે જે તાપમાન છે એટલું જ તાપમાન જાળવી રાખવું હોય તો અત્યારથી માનવજાતે કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન આ વર્ષે ઘટ્યું એમ દર વર્ષે ઘટાડવું પડશે.

**૮. દિન વિશેષ : ૨૦ મે (૧) વિશ્વ મધમાખી દિવસ**

**થીમ-૨૦૨૦ :** મધમાખીઓને બચાવો (Save the Bees)

- ✓ સ્લોવેનિયામાં મધમાખી પાલક અને આધુનિક મધમાખી ઉછેરના પાયોનિયર એવા "એન્ટોન જેસના"નો આજના દિવસે તા.૨૦-૦૫-૧૭૩૪ના રોજ જન્મ થયો હતો.
- ✓ આ દિવસ મનાવવા માટેના સ્લોવેનીયા દ્વારા મુકવામાં આવેલા પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્રોના સભ્ય રાષ્ટ્રો દ્વારા ડિસેમ્બર ૨૦૧૭માં સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- ✓ સૌપ્રથમવાર તા.૨૦-૦૫-૨૦૧૮ના રોજ આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.

**(૨) દિન વિશેષ-૧૮ મે : વર્લ્ડ મ્યુઝિયમ ડે**

- ✓ ઉજવણી : યુનેસ્કો (UNO)
- ✓ થીમ-૨૦૨૦ : **"Museums for Equality: Diversity and Inclusion"**

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૫-૨૦૨૦)**

1. તાજેતરમાં પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં ફૂંકાયેલા "અમ્ફાન"વાવાઝોડાનો અર્થ જણાવો- **આકાશ**
2. "અમ્ફાન" મૂળ કઈ ભાષાનો શબ્દ છે - **થાઈ**
3. વર્ષ-2004થી હિંદ મહાસાગરમાં ઉદભવતા વાવાઝોડાના નામ કેટલા દેશો દ્વારા આપવામાં આવે છે - **08**
4. કોરોનાના દર્દીઓ માટે તેમના સ્વજનોને ફોન દ્વારા માહિતી આપવા માટે રાજ્યમાં સૌપ્રથમ વાર 'કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ' ક્યાં શરૂ કરાયો છે -**સિવિલ હોસ્પિટલ, અમદાવાદ**
5. ગુજરાતના મુખ્યમંત્રીએ કોરોના વાયરસ સામે જાગૃતિ માટે સોશિયલ મીડિયામાં એક સપ્તાહનું કયું અભિયાન લોન્ચ કર્યું - **"હું પણ કોરોના વોરિયર્સ"/"હું પણ કોરોના યોદ્ધા"**
6. "હું પણ કોરોના વોરિયર્સ" જાગૃતિ અભિયાનમાં કયા ત્રણ સંકલ્પ લેવા મુખ્યમંત્રીએ સામાન્ય જનતાને અપીલ કરી છે - **(૧) વડીલો-બાળકો ઘરમાં જ રહે તેની તકેદારી રાખે. (૨) માસ્ક પહેર્યા વગર કે કારણ વગર ઘર બહાર ન નીકળે. (3) 'દો ગજ કી દૂરી' સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવે**
7. "હું પણ કોરોના વોરિયર્સ" જાગૃતિ અભિયાનનો સમયગાળો જણાવો - **તારીખ 21મે થી 27 મે 2020**
8. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટના નિર્ણય મુજબ MSME એકમોને રૂપિયા 3 લાખ કરોડના ધિરાણની ગેરંટી કોણ આપી શકશે - **NCGTC**
9. NCGTCનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ**
10. તાજેતરના કેન્દ્રીય કેબિનેટના નિર્ણય મુજબ માર્ચ 2020માં બંધ કરેલી વડીલો માટેની કઈ યોજના ફરીથી શરૂ કરાશે - **પ્રધાનમંત્રી વય વંદના યોજના**
11. "પ્રધાનમંત્રી વય વંદના યોજના"માં જોડાવા માટેની અંતિમ મુદત જણાવો - **માર્ચ 2023**
12. "પ્રધાનમંત્રી વય વંદના યોજના" અંતર્ગત પેન્શન યોજનાનો લાભ કેટલા વર્ષની ઉંમર પછી મળે છે - **60 વર્ષ**
13. પ્રધાનમંત્રી વય વંદના યોજનામાં જોડાવા વ્યક્તિએ કેટલા રૂપિયાનું રોકાણ કરવાનું રહે છે - **રૂ. 1.50 લાખ**

14. તાજેતરમાં WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ પદે કયા ભારતીયની બહુમતીથી નિમણૂક કરાઈ - **કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન**
15. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન આગામી કેટલા વર્ષ સુધી WHOના કારોબારી અધ્યક્ષ રહેશે- **3 વર્ષ**
16. WHOના કારોબારી બોર્ડમાં કેટલા સભ્યો છે - **34**
17. WHOના કારોબારી બોર્ડના અધ્યક્ષ તરીકે ભારતના પ્રતિનિધિની વરણી માટે વિશ્વના કેટલા દેશોએ સમર્થન આપ્યું - **194**
18. ડૉ.હર્ષવર્ધન WHOમાં બોર્ડના કારોબારી અધ્યક્ષ તરીકે કોનું સ્થાન લેશે - **ડૉ. હિરોકી નકાતાની, જાપાન**
19. તાજેતરમાં તાઈવાનના પ્રમુખ પદે કોની બીજીવાર જીત થઈ છે - **ત્સાઈ- ઈંગ વે**
20. તાજેતરમાં "નેચર કલાઈમેટ ચેન્જ જર્નલ"માં પ્રસિદ્ધ થયેલા અહેવાલ મુજબ લૉકડાઉનના કારણે વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જનના પ્રમાણમાં કેટલા ટકાનો સરેરાશ ઘટાડો થયો છે - **17%**
21. લૉકડાઉનના કારણે એપ્રિલ 2020ની સ્થિતિએ અમેરિકા, ચીન, યુરોપિયન દેશો અને ભારતમાં કાર્બન ઉત્સર્જનમાં અનુક્રમે કેટલા ટકાનો ઘટાડો નોંધાયો છે - **33,25,27 અને 26**
22. વિશ્વના વૈજ્ઞાનિકોના મતે દર વર્ષે કાર્બન ઉત્સર્જનમાં આ પ્રકારે ઘટાડો થાય તો પૃથ્વીનું તાપમાન કેટલા ડિગ્રી ઓછું થઈ શકે - **1.8**
23. "વિશ્વ મધમાખી દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે -**20 મે**
24. વિશ્વ મધમાખી દિવસ-2020ની થીમ જણાવો - **મધમાખીઓને બચાવો**
25. વિશ્વ મધમાખી દિવસ સૌપ્રથમ યુનાઇટેડ નેશન્સ દ્વારા ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી થયો - **20.05.2018**
26. કોના જન્મદિવસની યાદમાં 20 મે વિશ્વ મધમાખી દિવસ તરીકે ઉજવવામાં આવે છે - **એન્ટોન જેસના (સ્લોવેનિયા)**
27. વિશ્વમાં મધમાખી પાલક અને આધુનિક મધમાખી ઉછેરના પાયોનીયર તરીકે કોણ ઓળખાય છે - **એન્ટોન જેસના( સ્લોવેનિયા)**
28. "વિશ્વ મ્યુઝિયમ દિવસ" ક્યારે ઉજવવામાં આવે છે – **18 મે**
29. "વિશ્વ મ્યુઝિયમ દિવસ"-2020ની થીમ જણાવો - **"Museums for Equality: Diversity and Inclusion"**

**DATE : 21-05-2020**

**૧. કેન્દ્ર સરકાર : દેશમાં ૩૩.૩૩ ટકા ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ કરવા માટે ભારત સરકારે મંજૂરી આપી – તા.૨૫મી મે-૨૦૨૦થી પ્રારંભ (ઉડ્ડયન)**

**નિયમો અને શરતો :**

- ✓ સાત કેટેગરી માટે રૂટ : ત્રણ મહિના (તા.૨૪-૦૮-૨૦૨૦) માટે ભાડા નક્કી
- ✓ ડોમેસ્ટિક એરલાઇન્સને વર્ષ ૨૦૨૦ના સમર શિડ્યુલ માટે સરકાર દ્વારા મંજૂરી અપાયેલ ફ્લાઇટના એક તૃતીયાંશ એટલે કે ૩૩.૩૩ ટકા ફ્લાઇટનું બે મેટ્રો શહેર અને મેટ્રો શહેરથી નોન-મેટ્રો શહેર વચ્ચે સંચાલન કરવાની પરવાનગી આપવામાં આવી છે.
- ✓ બે મેટ્રો શહેર વચ્ચે મંજૂર કરાયેલ સમર શિડ્યુલ ૨૦૨૦ની એક તૃતીયાંશ ક્ષમતાના ફ્લાઇટ ઓપરેશન હાથ ધરી શકાશે
- ✓ મેટ્રો શહેરથી નોન મેટ્રો શહેર માટે જ્યાં સપ્તાહમાં ૧૦૦ કરતાં વધુ ફ્લાઇટ છે તેમાં મંજૂર કરાયેલ સમર શિડ્યુલ ૨૦૨૦ની એક તૃતીયાંશ ક્ષમતાની ફ્લાઇટ મંજૂર કરાઈ છે.

**7 ફ્લાઈટના રૂટના આધારે ભાડુ :**

| ફ્લાઈટ | લઘુતમ | મહતમ |
|---|---|---|
| ૪૦ મિનિટ | રૂ.૨,૦૦૦ | રૂ.૬,૦૦૦ |
| ૪૦ થી ૬૦ મિનિટ | રૂ.૨,૫૦૦ | રૂ.૭,૫૦૦ |
| ૬૦ થી ૯૦ મિનિટ | રૂ.૩,૦૦૦ | રૂ.૯,૦૦૦ |
| ૯૦ થી ૧૨૦ મિનિટ | રૂ.૩,૫૦૦ | રૂ.૧૦,૦૦૦ |
| ૧૨૦ થી ૧૫૦ મિનિટ | રૂ.૪,૫૦૦ | રૂ.૧૩,૦૦૦ |
| ૧૫૦ થી ૧૮૦ મિનિટ | રૂ.૫,૫૦૦ | રૂ.૧૫,૭૦૦ |
| ૧૮૦ થી ૨૧૦ મિનિટ | રૂ.૬,૫૦૦ | રૂ.૧૮,૬૦૦ |

- ✓ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી – શ્રી હરદીપસિંહ પુરી

**૨. કોરોના મહામારી : નિર્ણય (આરોગ્ય)**

- ✓ ભારતમાં હવે દરેક મૃતકના દેહનો કોરોના ટેસ્ટ કરાશે– ICMR
- ✓ આઇસીએમઆરએ જણાવ્યું છે કે હવે દરેક મૃતકના દેહને શબગૃહમાં મોકલી આપતાં પહેલાં કોરોના ટેસ્ટ કરાશે.
- ✓ તેના નાકમાંથી સેમ્પલ લેવામાં આવશે.

✓ કોરોનાનો રિપોર્ટ મળ્યા બાદ જ જિલ્લા તંત્રને મૃતદેહ સોંપવામાં આવશે.

✓ આઇસીએમઆરની ગાઇડલાઇન પ્રમાણે સામાન્ય દર્દીઓના મોત બાદ પણ આ જ પ્રક્રિયા અપનાવવામાં આવશે.

## ૩. કોરોના વાયરસ (આરોગ્ય વિજ્ઞાન)

**હર્ડ ઈમ્યુનિટી શું છે ?**

✓ હર્ડ ઈમ્યુનિટી એટલે જ્યારે કોરોના જેવા ચેપી વાઈરસની મહામારી ફેલાયેલી હોય અને તેની રસી શોધાઈ જ ન હોય ત્યારે માત્ર સામાન્ય લોકોની વ્યક્તિગત રોગપ્રતિકારક શક્તિના બળે જ જંગ લડવાની રણનીતિ અપનાવાય.

✓ જેમ જેમ વધુ લોકો આ વાઈરસના સંક્રમણમાં આવે અને તેમની રોગપ્રતિકારક શક્તિના બળે શરીરમાં એન્ટીજન સર્જાય એટલે આપોઆપ આવી વ્યક્તિ ચેપની ચેઈનને તોડે અને આગળ વધતો અટકાવે.

✓ આમાં, જોખમ એ છે કે જેની રોગપ્રતિકારક શક્તિ ઓછી છે અથવા તો કો-મોર્બિડિટી છે કે વૃદ્ધાવસ્થા છે તેમને આ વાઈરસ ભરખી જાય તેનો ય ભય રહે.

✓ મૃત્યુઆંક વધવા પણ માંડે. પણ એક વખત સમગ્ર વસતિમાં તે ફેલાઈ જાય એટલે વાઈરસને નવો હોસ્ટ ન મળે અને સંક્રમણ રોકાય. ત્યાં સુધીમાં કદાચ તેની રસી પણ શોધાઈ જાય.

✓ આ હર્ડ ઈમ્યુનિટી આધારિત રણનીતિ ગણાય.

## ૪. દિન વિશેષ : ૨૧ મે  આતંકવાદ વિરોધી દિવસ

✓ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૨૯મી પૂણ્યતિથિ

**21 મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ કેમ મનાવવામાં આવે છે?**

✓ રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી દિવસની સત્તાવાર જાહેરાત 21 મે, 1991ના રોજ ભારતના સાતમાં વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા થયા બાદ કરવામાં આવી હતી.

✓ તેઓની હત્યા તમિલનાડુમાં એક અભિયાન દરમિયાન એક આતંકવાદી દ્વારા કરવામાં આવી હતી.

✓ ત્યારબાદ, વી.પી સિંહ સરકારે 21 મેને આતંકવાદી વિરોધી દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારથી આ દિવસ મનાવવામાં આવે છે.

✓ આ સાથે જ તમામ સરકારી કાર્યલય, સાર્વજનિક સંસ્થાઓમાં આતંકવાદ વિરોધી પ્રતિજ્ઞા લેવામાં આવે છે.

**હેતુ :**

✓ આતંકવાદ વિશે લોકોને માહિતગાર કરવા, લોકોની વેદના અને લોકોના જીવન પર થતી આતંકવાદની અસર વિશે જાગરૂકતા ફેલાવવા માટે દર વર્ષે 21 મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવે છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૫-૨૦૨૦)

1. કેન્દ્ર સરકારે દેશમાં કેટલા ટકા ડોમેસ્ટિક ફ્લાઈટ શરૂ કરવા માટે મંજૂરી આપી – **33.33**
2. કોરોના મહામારી સંદર્ભે લોકડાઉન બાદ દેશમાં 33.33 ટકા ડોમેસ્ટિક ફ્લાઈટને પુન: ક્યારથી શરૂ કરવામાં આવી હતી - **તા.૨૫મી મે-૨૦૨૦**
3. કેન્દ્ર સરકાર દ્વારા સાત ડોમેસ્ટિક ફ્લાઈટના આધારે લઘુતમ-મહત્તમ ભાડુ કેટલા માહિના માટે નક્કી કરાયું - **ત્રણ મહિના (તા.૨૪-૦૮-૨૦૨૦)**
4. કેન્દ્ર સરકાર દ્વારા સાત ડોમેસ્ટિક ફ્લાઈટના આધારે ૪૦ મિનિટની મુસાફરી માટે લઘુતમ-મહત્તમ ભાડુ કેટલું નક્કી કર્યું – **રૂ. ૨,૦૦૦ તથા રૂ. ૬,૦૦૦**
5. કેન્દ્ર સરકાર દ્વારા સાત ડોમેસ્ટિક ફ્લાઈટના આધારે ૧૮૦ થી ૨૧૦ મિનિટની મુસાફરી માટે લઘુતમ-મહત્તમ ભાડુ કેટલું નક્કી કર્યું – **રૂ. ૬,૫૦૦ તથા રૂ. ૧૮,૬૦૦**
6. કોની ગાઈડલાઈન અનુસાર ભારતમાં દરેક મૃતકના દેહનો કોરોના ટેસ્ટ કરાશે - **ICMR**
7. ચેપી વાઈરસની મહામારી ફેલાયેલી હોય અને તેની રસી શોધાઈ જ ન હોય ત્યારે માત્ર સામાન્ય લોકોની વ્યક્તિગત રોગપ્રતિકારક શક્તિના બળે જ જંગ લડવાની રણનીતિને શું કહેવામાં આવે છે - **હર્ડ ઈમ્યુનિટી**
8. આતંકવાદ વિરોધી દિવસ ક્યારે ઉજવવામાં આવે છે - **૨૧ મે**
9. પ્રત્યેક વર્ષ તા. ૨૧ મેના રોજ કોની યાદમાં આતંકવાદ વિરોધી દિવસ ઉજવવામાં આવે છે – **પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી**
10. આતંકવાદ વિરોધી દિવસ ઉજવવાનો હેતુ જણાવો - **આતંકવાદ વિશે લોકોને માહિતગાર કરવા, લોકોની વેદના અને લોકોના જીવન પર થતી આતંકવાદની અસર વિશે જાગરૂકતા ફેલાવવા**
11. તા. ૨૧મી મે-૨૦૨૦ના રોજ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની કેટલામી પૂણ્યતિથિ હતી – **૨૯મી પૂણ્યતિથિ**
12. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનું અવસાન ક્યારે થયુ હતું - **૨૧ મે ૧૯૯૧**

**૧. RBI : આર્થિક રાહતો**

**(૧) રેપોરેટ (RR) ૪૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો**

- ✓ તા. ૨૨ મે-૨૦૨૦ની સ્થિતિએ RR ૪ ટકા

**(૨) રિવર્સ રેપોરેટ (RRR) ૪૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો**

- ✓ તા.૨૨ મે-૨૦૨૦ની સ્થિતિએ RRR - ૩.૩૫ ટકા
- ✓ મોરેટોરિયમ : ગ્રાહકોને ટર્મ લોનના EMI ચૂકવવામાં વધુ ત્રણ મહિનાની રાહત

**(૩) મોરેટોરિયમ તા. ૧ જૂનથી ૩૧ ઓગષ્ટ ૨૦૨૦ સુધી લંબાવાયો**

- ✓ મોરેટોરિયમ : દેવા મોફૂફીની મુદ્દત અથવા તત્પુરતી બંધી-વિલંબ




**(૪) અન્ય રાહતો**

- ✓ કોર્પોરેટ લોનની મર્યાદા ૨૫ થી વધારીને ૩૦ ટકા કરાઇ
- ✓ નિકાસકારોનો ક્રેડિટ પિરિયડ ૧૫ મહિના કરાયો, એક્ઝિમ બેન્કને ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની ક્રેડિટ લાઇન
- ✓ રાજ્યો માટે વધારાના રૂપિયા ૧૩,૩૦૦ કરોડના ઉપાડની છૂટછાટ
- ✓ RBI ગવર્નર : શક્તિકાન્તા દાસ  મુખ્ય મથક : મુંબઈ

**૨. નિયુક્તિ : WHOના કારોબારી બોર્ડના ચેરમેન તરીકે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડૉ. હર્ષવર્ધને તા. ૨૨ મેના રોજ પદભાર સંભાળ્યો**

- ✓ WHOના દક્ષિણ પૂર્વ એશિયા ગ્રુપ દ્વારા ગયા વર્ષે સર્વસંમતિથી નિર્ણય કરાયો હતો કે ભારતને ત્રણ વર્ષના કાર્યકાળ માટે કાર્યકારી બોર્ડ માટે પસંદ કરાયા હતા.

**૩. અમ્ફાન : સુપરસાઈક્લોન (કુદરતિ આપત્તિ)**

- ✓ કેન્દ્ર સરકાર બંગાળને રૂ. ૧ હજાર કરોડ અને ઓડિશાને રૂ. ૫૦૦ કરોડની સહાય આપશે

**૪. દિન વિશેષ : ૨૨ મે**

**આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (બાયો ડાયવર્સિટી ડે)**

- ✓ વર્ષ-૨૦૧૧ થી વર્ષ-૨૦૨૦ સુધી ઉજવણી
- ✓ થીમ-૨૦૨૦ : “Our solutions are in nature”
- ✓ પ્રથમ તબક્કો : UN ડિકેડ ઓન બાયોડાયવર્સિટી ૨૦૧૧ થી ૨૦૨૦
- ✓ આગામી બીજો તબક્કો :
- ✓ વર્ષ : ૨૦૨૧ થી ૨૦૩૦ The UN ડીકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેનિબલ ડેવલપમેન્ટ એન્ડ ધ UN ડીકેડ ઓન ઈકો સિસ્ટમ રીસ્ટોરેશન
- ✓ વધુમાં UN બાયોડાયવર્સિટી સમિટનું આગામી સમયમાં આયોજન

**૫. જન્મ દિન વિશેષ : ૨૨ મે**

**ભારતીય નવજાગરણ : રાજા રામમોહનરાય**

**જન્મ – ૨૨ મે-૧૭૭૨ અવસાન – ૨૭ સપ્ટેમ્બર-૧૮૩૩**

- ✓ 9 વર્ષના બાળકના મોટાભાઈ જગમોહનનું અવસાન થયું ઘરમાં રોકકળની સાથે પરિવારજનો ભાભી અલકમંજરીને સોળે શણગાર સજાવી રહ્યા હતા.
- ✓ સતીમાતાની જયના પોકારો સાથે સૌ સ્મશાન ગયા અલકમંજરીને રીતસર ચિતા પર ચડાવી સતી કરી દીધી.
- ✓ બાળક વિચારે છે આ સ્વૈચ્છિક સતી નહિ હત્યા જ છે. અને આવી ક્રૂર, અમાનવીય પ્રથાને નાબૂદ કરવાનું મનમાં નક્કી કરી લીધું.
- ✓ “આ બાળક એટલે રાજા રામમોહનરાય અને આજે તેમનો જન્મદિવસ છે.
- ✓ તેમને રાજાનું બિરુદ મુઘલ બાદશાહ અકબર બીજાએ આપ્યું હતું.
- ✓ બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ગામે તેઓનો જન્મ થયો હતો.
- ✓ અરબી, ફારસી, સંસ્કૃત અને બંગાળીનો વિશદ અભ્યાસ કર્યો.
- ✓ બાળલગ્નો, બહુપત્નીત્વ, સતીપ્રથા, જાતિવાદ અને કર્મકાંડો વિરુદ્ધ વિચારો વ્યક્ત કર્યા.

✓ તેમના પ્રયત્નો અને ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેંટિકના માનવતાવાદી અભિગમથી 4 ડિસે.1829ના રોજ ઉચ્ચ વર્ણીય સ્ત્રીઓમાં પ્રચલિત સતીપ્રથા કાયદા દ્વારા નાબૂદ થઇ.

✓ ઇંગ્લેન્ડની રાણીને પત્ર લખી સંસ્કૃત અને ઉર્દૂને બદલે અંગ્રેજીમાં શિક્ષણ આપવાની વકીલાત કરી.

✓ ઇંગ્લેન્ડના બ્રિસ્ટલ ખાતે 26 સપ્ટે.1833ના રોજ આધુનિક ભારતના પિતા રાજા રામમોહનરાયનું અવસાન થયું ત્યારે તેમનો છેલ્લો શબ્દ ઓમ હતો.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૫-૨૦૨૦)

1. RBI દ્વારા ૨૨ મે-૨૦૨૦ના રોજ રેપોરેટ (RR)માં કેટલો ઘટાડો કર્યો - **૪૦ બેઝિસ પોઈન્ટ**
2. RBI દ્વારા ૨૨ મે-૨૦૨૦ના રોજ રેપોરેટ (RR)માં ૪૦ બેઝિસ પોઈન્ટ ઘટાડો કરવાની સાથે હાલ RR કેટલા ટકા છે - **૪ ટકા**
3. RBI દ્વારા ૨૨ મે-૨૦૨૦ના રોજ રિવર્સ રેપોરેટ (RRR)માં કેટલો ઘટાડો કરાયો - **૪૦ બેઝિસ પોઈન્ટ**
4. RBI દ્વારા ૨૨ મે-૨૦૨૦ના રોજ રિવર્સ રેપોરેટ (RRR)માં ૪૦ બેઝિસ પોઈન્ટના ઘટાડા સાથે હાલ RRR કેટલા ટકા છે - **૩.૩૫ ટકા**
5. RBI દ્વારા ૨૨ મે-૨૦૨૦ના રોજ ગ્રાહકોને ટર્મ લોનના EMI ચૂકવવામાં કેટલા સમયની રાહત અપાઈ – **ત્રણ મહિના (તા. ૧ જૂનથી ૩૧ ઓગષ્ટ)**
6. દેવા મોકૂફીની મુદ્દત અથવા તત્પુરતી બંધી-વિલંબને શું કહેવાય - **મોરેટોરિયમ**
7. RBI દ્વારા મે-૨૦૨૦માં કરેલી જાહેરાત અન્વયે કોર્પોરેટ લોનની મર્યાદા ૨૫ થી વધારીને કેટલા ટકા કરાઇ - **30**
8. RBI દ્વારા મે-૨૦૨૦માં કરેલી જાહેરાત અન્વયે નિકાસકારોનો ક્રેડિટ પિરિયડ કેટલા મહિના કરાયો – **૧૫**
9. RBI દ્વારા મે-૨૦૨૦માં કરેલી જાહેરાત અન્વયે કઈ બેન્કને ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની ક્રેડિટ લાઇન અપાશે - **એક્ઝિમ**
10. RBI દ્વારા મે-૨૦૨૦માં કરેલી જાહેરાત અન્વયે રાજ્યો માટે વધારાના કેટલા રૂપિયાની ઉપાડની છૂટછાટ અપાઈ – **રૂ. ૧૩,૩૦૦ કરોડ**
11. RBIના વર્તમાન ગવર્નરનું નામ જણાવો - **શક્તિકાન્તા દાસ**
12. WHOના કારોબારી બોર્ડના ચેરમેન તરીકે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડૉ. હર્ષવર્ધને પદભાર ક્યારે સંભાળ્યો – **તા. ૨૨ મે-૨૦૨૦**
13. WHOના કયા ગ્રુપ દ્વારા ગત વર્ષે ભારતને ત્રણ વર્ષના કાર્યકાળ માટે કાર્યકારી બોર્ડ માટે પસંદ કરવા સર્વસંમતિથી નિર્ણય કરાયો હતો - **દક્ષિણ પૂર્વ એશિયા ગ્રુપ**
14. અમ્ફાન સુપરસાઈક્લોનથી થયેલી તબાહી માટે કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળને કેટલા રૂપિયાની રાહત આપવાની જાહેરાત કરી - **રૂ. ૧ હજાર કરોડ**
15. અમ્ફાન સુપરસાઈક્લોનથી થયેલી તબાહી માટે કેન્દ્ર સરકારે ઓડિશાને કેટલા રૂપિયાની રાહત આપવાની જાહેરાત કરી - **રૂ. ૫૦૦ કરોડ**
16. આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (બાયો ડાયવર્સિટી ડે) ક્યારે ઉજવવામાં આવે છે – **૨૨ મે**
17. આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **"Our solutions are in nature"**
18. યુ.એન. દ્વારા ઉજવાયેલ"ડીકેડ ઑન બાયોડાઈવર્સિટી" નો સમયગાળો જણાવો- **વર્ષ 2011-2020**
19. જૈવ વૈવિધ્ય સંદર્ભે યુનાઇટેડ નેશન્સ દ્વારા આગામી વર્ષ-2021-2030 કયા વિષયને લઈને દશક ઉજવાશે- - **"ધ યુ.એન. ડીકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ એન્ડ ધ યુ.એન. ડીકેડ ઓન ઈકો સિસ્ટમ રીસ્ટોરેશન"**
20. ભારતીય નવજાગરણના પિતા રાજા રામમોહનરાયનો જન્મ દિવસ જણાવો - **૨૨ મે-૧૭૭૨**
21. ભારતીય નવજાગરણના પિતા રામમોહનરાયને રાજાનું બિરુદ કોણે આપ્યું - **મુઘલ બાદશાહ અકબર બીજાએ**
22. રાજા રામમોહનરાયનો જન્મ ક્યાં થયો હતો - **બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ગામે**

**DATE : 23-05-2020**

૧. RBI : મોરેટોરિયમ લેવા ઉપર ત્રણ વિકલ્પ મળી શકે (આર્થિક)

**મોરેટોરિયમ લેવા પર ત્રણ વિકલ્પ મળી શકે**

- ✓ જો મોરેટોરિયમને પસંદ કર્યું છે તો, બેન્ક તરફથી ત્રણ વિકલ્પ મળી શકે છે.
- ✓ <u>વિક્લ્પ-૧:</u> મોરેટોરિયમની મુદત પૂરી થયા પછી ભેગા થયેલા વ્યાજની એકસાથે ચુકવણી
- ✓ <u>વિકલ્પ-૨:</u> બાકી લોનમાં વ્યાજને જોડવામાં આવે તથા લોનની બાકી મુદતમાં હપ્તાની રકમ વધારી દેવામાં આવે.
- ✓ <u>વિકલ્પ-૩:</u> બાકી લોનમાં લાગુ પડેલા વ્યાજને જોડી દેવામાં આવે તથા હપ્તાની તે જ રકમ રાખીને લોનની મુદત વધારી દેવામાં આવે.
- ✓ મહત્તમ બેન્કોએ પહેલાથી જ કહી દીધુ છે કે, તેઓએ મોરેટોરિયમ પિરિયડ પછી છ મહિનાના વ્યાજની બાદમાં વસૂલાત કરશે.
- ✓ લોન લેનારા સામે બેવડી સમસ્યા છે. લોકડાઉનને કારણે આવકને અસર થઇ છે.
- ✓ બીજીતરફ મોરેટોરિયમનો લાભ લે છે તો, ઇએમઆઇની રકમ વધશે, ઇએમઆઇની સંખ્યા પહેલા કરતા વધી જશે.

<u>૨. GST : GST એક્ટમાં ખાસ સેસ લાદવાની જોગવાઈ (આર્થિક)</u>

- ✓ GST એક્ટમાં સ્પેશિયલ સેસ લાદવાની જોગવાઈ જીએસટી (કપેન્સેશન ટુ સ્ટેટસ) એક્ટ ૨૦૧૭માં અન્ય <u>કોઈપણ પ્રકારની ચીજવસ્તુઓ કે માલસામગ્રી પર ચીજવસ્તુની અંદાજિત કિંમતને આધારે એડવેલોરમ ૧૫ ટકા સુધી વધારાનો સેસ લાદવા</u>ની જોગવાઈ કરવામાં આવી છે.
- ✓ <u>કેરળ પહેલું એવું રાજ્ય છે કે તેણે ૧ ઓગસ્ટ ૨૦૧૯થી બે વર્ષ માટે અમલમાં આવે તેવી રીતે GST પર ૧ ટકાનો વધારાનો સેસ</u> લાદ્યો હતો.
- ✓ કેરળે ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા GST ધરાવતી ચીજો પર આવો સેસ અમલી બનાવ્યો હતો.
- ✓ વેપાર ઉદ્યોગો હાલનાં સંજોગોમાં કોઈપણ પ્રકારનો વધારાનો સેસ સહન કરવાની સ્થિતિમાં નથી.
- ✓ વેપાર ઉદ્યોગો કથળેલી હાલત પછી કર્મચારીઓ અને મજૂરોની છટણી કરી રહ્યા છે અને પગારમાં કાપ મૂકી રહ્યા છે.

<u>૩. વાંસદા નેશનલ પાર્ક(વન્યજીવ વિજ્ઞાન)</u>

**<u>છેલ્લાં ૫૦ વર્ષમાં પ્રથમવાર વાંસદા નેશનલ પાર્કમાં બે એશિયાટિક વાઈલ્ડ ડૉગ દેખાયા</u>**

**<u>નામ : ઢોલ</u>**

- ✓ વન વિભાગે ગોઠવેલા કેમેરામાં બે ઢોલ હોવાનું સમર્થન મળ્યું
- ✓ ઈન્ડિયન વાઈલ્ડ લાઈફ (પ્રોટેક્શન) એક્ટ-1972 શિડ્યૂલ-02 હેઠળના સંરક્ષિત પ્રાણીની યાદીમાં ઢોલનો સમાવેશ
- ✓ ઢોલ તો વાઘનો પણ શિકાર કરી જાય એટલું સક્ષમ
- ✓ ઢોલ તો વાઘનો પણ શિકાર કરી જાય એવું સક્ષમ છે તેની પૂંછડી ટૂંકી અને ગુચ્છાદાર હોય છે, તેના પગ પણ ટૂંકા હોય છે.
- ✓ ઢોર-ઢાંખરનો પણ શિકાર કરતું હોવાને કારણે તેને મારી નાંખવા માટે એમ કહેવાય છે કે ભૂતકાળમાં સરકારો જ એક ઢોલ પાછળ બે રૂપિયા આપતી હતી.
- ✓ એ ઉપરાંત જંગલમાંથી રસ્તા કાઢવામાં આવતા વાહનો સાથેના અકસ્માતમાં પણ તેના મોત થયા છે, એ તમામ પરિબળોને પગલે તેમની વસ્તી ઘટી છે.
- ✓ એશિયાટિક જંગલી કૂતરાની હાજરી હોવાનું ઝડપાયું છે.
- ✓ <u>છેલ્લે ૧૯૭૦માં વાંસદાના મહારાજા દિગ્વેન્દ્રસિંહજીએ એશિયાટિક વાઇલ્ડ ડોગને છેલ્લી વખત જોયાનો વિશ્વસનીય પુરાવો</u> છે. એ બાદ વાંસદા નિશનલ પાર્કમાં તેમની હાજરી જોવા મળી નથી.
- ✓ પચાસ વર્ષ બાદ પહેલી વખત એશિયાટિક વાઇલ્ડ ડોગ દેખાયા છે.

<u>૪. ઓપરેશન જુલિન : USનું અંતિમ પરીક્ષણ (સંરક્ષણ)</u>

**ઓપરેશન જુલિન :**

- ✓ અમેરિકાનું છેલ્લું પરીક્ષણ અમેરિકાએ છેલ્લા પરમાણુ પરીક્ષણો ઓપરેશન જુલિન નામ હેઠળ ૧૯૯૧-૯૨ દરમિયાન કર્યા હતા.
- ✓ એ વખતે કુલ સાત પરમાણુ પરીક્ષણ થયા હતા. એમાં સૌથી છેલ્લું પરીક્ષણ ૧૯૯૨ની ૨૩મી સપ્ટેમ્બરે થયું હતું.
- ✓ અમેરિકાના નેવાડા રાજ્યના રણ પ્રદેશમાં આવેલી ટેસ્ટિંગ સાઈટ ખાતે આ બોમ્બનું અન્ડરગ્રાઉન્ડ પરીક્ષણ થયું હતું.
- ✓ એ બોમ્બની ક્ષમતા ૨૦ કિલો ટનની હતી.
- ✓ રશિયાએ છેલ્લું પરીક્ષણ ઑક્ટોબર ૧૯૯૦માં, જ્યારે ચીને છેલ્લું પરીક્ષણ જુલાઈ ૧૯૯૬ માં કર્યું હતું.

<u>૫. રજમનામા : યુદ્ધની કથા (ઈતિહાસ)</u>

**<u>ઈ.સ. ૧૫૮૦માં મોગલ બાદશાહ અકબરે મહાભારતનો ફારસીમાં અનુવાદ કરાવ્યો</u>**

- ✓ ઈ.સ.૧૫૭૪માં ફતેપુર સિકરીમાં ખાસ અનુવાદ માટે રૂમ તૈયાર કરાયો હતો
- ✓ સંસ્કૃત શબ્દોને ફારસીમાં ઢાળવા ફારસી કવિતાનો પણ ઉપયોગ

**૬. સોલર મિનિમમ : (ઊર્જા)**

- ✓ **અર્થ:** સૂર્યનું તેજ ઘટી રહ્યું છે. સૂર્યની સપાટી પર ચાલતી ગતિવિધિમાં અસામાન્ય ઘટાડો નોંધાયો
- ✓ દેશમાં ભલે કાળઝાળ ગરમી પડી રહી હોય પરંતુ જીવનમાત્રને ઉર્જા આપતો સૂર્ય આજકાલ ઠંડો પડી રહ્યો છે જેને વૈજ્ઞાનિકો સોલર મિનિમમ તરીકે ઓળખાવે છે.
- ✓ જેમાં સૂર્યની સપાટી પર થતી પ્રક્રિયાઓ ઘટી જાય છે.

**૭. ICMR : માર્ગદર્શિકા જાહેર (આરોગ્ય)**

**મુખ્ય જોગવાઈ :**

- ✓ ડૉકટર્સ, નર્સ, પોલીસ કોરોનાથી બચવા હાઈડ્રોક્સિક્લોરોક્વિન (HCQ) દવાનો ઉપયોગ કરી શકશે.
- ✓ **તારણ:** ત્રણ પ્રકારના વ્યાપક સંશોધનાત્મક અભ્યાસ દ્વારા સાબિત થયુ કે આ દવા કોરોનાનો ચેપ અટકાવી શકે છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૫-૨૦૨૦)**

1. RBI દ્વારા જાહેર કરરાયેલા મોરેટોરિયમને પસંદ કરવાથી બેન્ક તરફથી કેટલા વિકલ્પ મળી શકે – **ત્રણ**
2. GST એક્ટ ૨૦૧૭માં અન્ય કોઈપણ પ્રકારની ચીજવસ્તુઓ કે માલસામગ્રી પર ચીજવસ્તુની અંદાજિત કિંમતને આધારે એડવેલોરમ કેટલા ટકા સુધી વધારાનો સેસ લાદવાની જોગવાઈ કરાઈ છે - **૧૫ ટકા**
3. દેશનું એવુ કયુ પ્રથમ રાજ્ય છે કે જેણે બે વર્ષ માટે અમલમાં આવે તેવી રીતે GST પર ૧ ટકાનો વધારાનો સેસ લાદ્યો હતો – **કેરળ**
4. કેરળે કઈ તારીખથી બે વર્ષ માટે અમલમાં આવે તેવી રીતે GST પર ૧ ટકાનો વધારાનો સેસ લાદ્યો હતો - **૧ ઓગસ્ટ ૨૦૧૯થી**
5. કેરળે કેટલા ટકા GST ધરાવતી ચીજો પર ૧ ટકાનો વધારાનો સેસ લાદ્યો હતો - **૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા**
6. છેલ્લાં ૫૦ વર્ષમાં પ્રથમવાર કયા સ્થળે બે એશિયાટિક વાઈલ્ડ ડૉગ દેખાયા - **વાંસદા નેશનલ પાર્ક**
7. વાંસદા નેશનલ પાર્કમાં છેલ્લાં ૫૦ વર્ષમાં પ્રથમવાર બે એશિયાટિક વાઈલ્ડ ડૉગ દેખાયા તેનું શું નામ છે - **ઢોલ**
8. કયા એક્ટના શિડ્યૂલ-02 હેઠળના સંરક્ષિત પ્રાણીની યાદીમાં ઢોલનો સમાવેશ થાય છે - **ઈન્ડિયન વાઈલ્ડ લાઈફ (પ્રોટેક્શન) એક્ટ-1972**
9. છેલ્લે વાંસદાના કયા મહારાજાએ એશિયાટિક વાઇલ્ડ ડોગને છેલ્લી વખત જોયાનો વિશ્વસનીય પુરાવો છે - **દિગ્વેન્દ્રસિંહજી**
10. કયા વર્ષમાં વાંસદાના મહારાજા દિગ્વેન્દ્રસિંહજી એ એશિયાટિક વાઇલ્ડ ડોગને છેલ્લી વખત જોયાનો વિશ્વસનીય પુરાવો છે – **વર્ષ-૧૯૭૦**
11. અમેરિકાના છેલ્લા પરમાણુ પરીક્ષણો કયા નામે ઓળખાય છે - **ઓપરેશન જુલિન**
12. અમેરિકાએ ઓપરેશન જુલિન નામ હેઠળ કયા વર્ષ દરમિયાન પરમાણુ પરીક્ષણો કર્યાં હતા- **વર્ષ ૧૯૯૧-૯૨**
13. અમેરિકાએ ઓપરેશન જુલિન નામ હેઠળ કુલ કેટલા પરમાણુ પરીક્ષણ કર્યાં હતા એમાં સૌથી છેલ્લું પરીક્ષણ ક્યારે કર્યું હતુ - **કુલ સાત તથા ૧૯૯૨ની ૨૩મી સપ્ટેમ્બર**
14. અમેરિકાએ કયા સ્થળે ઓપરેશન જુલિન હેઠળ કુલ સાત પરમાણુ પરીક્ષણ કર્યાં હતા - **અમેરિકાના નેવાડા રાજ્યના રણ પ્રદેશમાં આવેલી ટેસ્ટિંગ સાઈટ ખાતે**
15. રશિયાએ છેલ્લું પરમાણુ પરીક્ષણ ક્યારે કર્યું હતુ - **ઑક્ટોબર ૧૯૯૦**
16. ચીને છેલ્લું પરમાણુ પરીક્ષણ કયારે કર્યું હતું - **જુલાઈ ૧૯૯૬**
17. કયા બાદશાહે મહાભારતનો ફારસીમાં અનુવાદ કરાવ્યો હતો - **મોગલ બાદશાહ અકબર**
18. બાદશાહ અકબરે મહાભારતનો ફારસીમાં અનુવાદ કયારે કરાવ્યો હતો - **ઈ.સ. ૧૫૮૦**
19. ઈ.સ.૧૫૭૪માં કયા સ્થળે મહાભારતનો ફારસીમાં અનુવાદ માટે ખાસ રૂમ તૈયાર કરાયો હતો - **ફતેપુર સિકરી**
20. સૂર્યનું તેજ ઘટી રહ્યું છે, સૂર્યની સપાટી પર ચાલતી ગતિવિધિમાં અસામાન્ય ઘટાડો નોંધાયો તેને વૈજ્ઞાનિકો કઈ રીતે ઓળખાવે છે - **સોલર મિનિમમ**
21. મે-૨૦૨૦ની ICMRની નવી માર્ગદર્શિકા મુજબ ડૉકટર્સ, નર્સ, પોલીસ કોરોનાથી બચવા કઈ દવાનો ઉપયોગ કરી શકશે - **હાઈડ્રોક્સિક્લોરોક્વિન (HCQ)**

## ૧. ભારત-ચીન સરહદી વિવાદ (વૈશ્વિક સંબંધો)




**ભારતે મિરર ડિપ્લોયમેન્ટનો પ્રારંભ કર્યો**

- ✓ ચીને મોટા પ્રમાણમાં બોર્ડર ડિફેન્સ રેજિમેન્ટ (બીડીઆર) જવાનોને તહેનાત કરી દીધા છે. ભારતે પણ તેના વિરોધમાં મિરર ડિપ્લોયમેન્ટની રણનીતિ અપનાવી.
- ✓ ચીન દ્વારા જેટલા સૈનિકો તહેનાત કરવામાં આવશે તેટલા જ જવાનો ભારતના પણ સજ્જ કરવામાં આવશે.
- ✓ ચીનની જેમ જ ભારત પણ પોતાના બંકર અને રિસોર્સિઝ ઊભાં કરશે. ભારત હવે ચીનને તેની જ ભાષામાં જવાબ આપશે.
- ✓ સૂત્રોના મતે ચીન દ્વારા અહીંયા કુલ ૧૩૦૦ સૈનિકો તહેનાત કરવામાં આવ્યા છે. તે ઉપરાંત હોડીઓ અને હેલિકોપ્ટર્સ દ્વારા નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.
- ✓ ભારતે પણ તેના જવાબમાં પોતાના કેટલાક મિલિટરી યુનિટ ત્યાં તહેનાત કરાવ્યાં છે. તે ઉપરાંત ઘણી બટાલિયન્સ લદાખમાં મોકલી આપી છે .

## ૨. વડનગર : ઉત્ખનન (ઈતિહાસ)

**શોધ :**

- ✓ ત્રીજી-ચોથી સદીનો ૨ ચોરસ મીટરનો સાંકેતિક બૌદ્ધ સ્તૂપ મળી આવ્યો
- ✓ સમાધિ અવસ્થામાં 7મી-8મી સદીનું હાડપીંજર મળી આવ્યું.
- ✓ વડનગરમાં ધરબાયેલા ઈતિહાસને ઉજાગર કરવા વર્ષ ૨૦૦૫થી ભારત સરકાર દ્વારા ઉત્ખન્ન કામગીરી

## 3. કોરોના વાયરસ (આરોગ્ય)

**કોરોના વાઈરસ ક્યાંથી આવ્યો તેની તપાસ માટે ચીન વૈશ્વિક સ્તરે તૈયાર**

- ✓ કોરોના વાઇરસ મામલે દુનિયાભરમાં ટીકાનો સામનો કરી રહેલું ચીન છેવટે આ મહામારી ક્યાંથી આવી તેની તપાસ માટે રાજી થયું.
- ✓ ચીનના વિદેશમંત્રી વાંગ યીએ કહ્યું કે ચીન કોરોના વાઇરસ પેદા થવા અંગેની આંતરરાષ્ટ્રીય તપાસ માટે તૈયાર છે પણ આ તપાસ રાજકીય હસ્તક્ષેપથી મુક્ત હોવી જોઇએ.
- ✓ તેમણે ચીનની સંસદના વાર્ષિક સત્ર પ્રસંગે વાતચીતમાં કહ્યું કે ચીન વાઇરસનો સ્રોત જાણવા આં.રા. વિજ્ઞાની સમુદાય સાથે કામ કરવા તૈયાર છે.
- ✓ અમારું માનવું છે કે આ તપાસ પ્રોફેશનલ, નિષ્પક્ષ અને રચનાત્મક હોવી જોઇએ.
- ✓ રાજધાની : બેઈજિંગ

## ૪. મિશન સાગર : ભારતીય નૌસેના (વૈશ્વિક સંબંધો)

- ✓ મિશન સાગરના ભાગરૂપે ભારતીય નૌસેનાનું જહાજ કેસરી 23 મે 2020ના રોજ મોરેશિયસના લુઇસ બંદરે પહોંચ્યું હતું.
- ✓ ભારત સરકાર પોતાના મિત્ર રાષ્ટ્રોને કોવિડ-19 મહામારી સામે લડવા માટે મદદ પહોંચાડી રહી છે.
- ✓ આ કામગીરીના ભાગરૂપે ભારતીય નૌસેનાનું જહાજ કેસરી મોરેશિયસના લોકો માટે કોવિડ સંબંધિત આવશ્યક દવાઓનો જથ્થો અને આયુર્વેદિક દવાઓના વિશેષ જથ્થા સાથે લુઇસ બંદરે પહોંચ્યું હતું.

## ૫. દિન વિશેષ : કોમનવેલ્થ દિવસ

- ✓ કોમનવેલ્થ ડે : દર વર્ષે માર્ચનો બીજો સોમવાર
- ✓ વર્ષ-૨૦૨૦ થીમ: 'Delivering a Common Future'
- ✓ સભ્ય દેશોની સંખ્યા – ૫૪ (ભારત સહિત)
- ✓ કોમનવેલ્થ એ સાર્વભૌમ દેશોનું સ્વૈચ્છિક સંઘ છે જે એક સમયે બ્રિટિશ કાયદા અને સરકાર હેઠળ હતા.
- ✓ કોમનવેલ્થનું મુખ્ય મથક-લંડન (યુનાઇટેડ કિંગડમ) છે.
- ✓ કાર્યકારી ભાષા: અંગ્રેજી.

## ૬. જન્મ દિન વિશેષ : ૨૪ મે શહિદ કરતારસિંઘ સરાભા

**જન્મ – ૨૪ મે-૧૮૯૬ અવસાન – ૧૬ નવેમ્બર-૧૯૧૫**

- ✓ વિદેશી શાસન સામે દેશભરમાં આંદોલનો ચાલતાં જ હતાં, પરંતુ વિદેશોમાં રહીને પણ અનેક ભારતીય જુથોએ દેશને આઝાદ કરવા સક્રીય હતાં.
- ✓ એવું જ એક જુથ હતું ગદર પાર્ટી.
- ✓ 'ગદર' એટલે બળવો કે ક્રાંતિ.
- ✓ અમેરિકાની ધરતી પર સક્રીય એ પક્ષના અધ્યક્ષ હતા કરતાર સીંઘ સારાભા.

- ✓ પંજાબના લુધીયાણા પાસેના સરાભા ગામમાં 24 મે-1896ના દીવસે જન્મ થયો.
- ✓ શહીદ-એ-આઝમ ભગતસિંઘના એ આદર્શ અને પ્રેરણાસ્ત્રોત હતા.
- ✓ ભારતમાં સશસ્ત્ર અને હિંસક ક્રાંતિની યોજના સબબ અંગ્રેજ સરકારે 16 નવેમ્બર-1915ના રોજ એમને એમના સાથીઓ સાથે ફાંસીએ લટકાવી દીધા હતા. એ વખતે એ માત્ર 19 વર્ષના જ હતા.
- ✓ સરાભાએ અદાલત સમક્ષ પોતાનો 'અપરાધ' સ્વીકારતાં કહેલું કે, "હું ભારતમાં ક્રાંતિ લાવવાનો હિમાયતી અને સમર્થક છું.
- ✓ એ ઉદ્દેશને પાર પાડવા માટે જ અહીં આવ્યો છુ. હવે જો મને ફાંસી મળશે તો હું મારી જાતને ભાગ્યશાળી ગણીશ !"
- ✓ આજે એ અમર શહીદ સરદાર કરતાર સીંઘ સરાભાને એમના જન્મદીવસે ક્રાંતીકારી સલામ !

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪૦-૦૫-૨૦૨૦)</u>

1. મે-૨૦૨૦માં ચીન દ્વારા સરહદ પર સૈનિકોનો જમાવડો કરતા ભારતે કયો ડિપ્લોયમેન્ટનો પ્રારંભ કર્યો - **<u>મિરર</u>**
2. સંરક્ષણ સંદર્ભે BDRનું વિસ્તૃત નામ જણાવો - **<u>બોર્ડર ડિફેન્સ રેજિમેન્ટ</u>**
3. મે-૨૦૨૦માં ગુજરાતમાં કયા સ્થળે ઉત્ખનન સમયે સાંકેતિક બૌદ્ધ સ્તૂપ મળી આવ્યો – **<u>વડનગર</u>**
4. મે-૨૦૨૦માં વડનગરમાં ઉત્ખનન સમયે કઈ સદીના બે ચોરસ મીટરના સાંકેતિક બૌદ્ધ સ્તૂપ મળી આવ્યા - **<u>ત્રીજી-ચોથી સદી</u>**
5. મે-૨૦૨૦માં વડનગરમાં ઉત્ખનન સમયે સમાધિ અવસ્થામાં કઈ સદીનું હાડપીંજર મળી આવ્યું - **<u>7મી-8મી</u>**
6. વડનગરમાં કયા વર્ષથી ઉત્ખન્નની કામગીરી શરૂ છે – **<u>વર્ષ-૨૦૦૫</u>**
7. કોરોના વાઈરસ ક્યાંથી આવ્યો તેની વૈશ્વિક સ્તરે તપાસ કરાવવા માટે કયા દેશે તૈયારી બતાવી - **<u>ચીન</u>**
8. ચીનના વર્તમાન વિદેશમંત્રીનું નામ જણાવો- **<u>વાંગ યી</u>**
9. ચીનની રાજધાનીનું નામ જણાવો - **<u>બેઈજિંગ</u>**
10. કયા મિશનના ભાગરૂપે ભારતીય નૌસેનાનું જહાજ 23 મે 2020ના રોજ મોરેશિયસના લુઇસ બંદરે પહોંચ્યું - **<u>મિશન સાગર</u>**
11. મિશન સાગર અંતર્ગત ભારતીય નૌસેનાનું કયુ જહાજ 23 મે 2020ના રોજ મોરેશિયસના લુઇસ બંદરે પહોંચ્યું - **<u>કેસરી</u>**
12. મિશન સાગર અંતર્ગત ભારત સરકાર પોતાના મિત્ર રાષ્ટ્રોને કોની સામે લડવા માટે મદદ પહોંચાડી રહી છે - **<u>કોવિડ-19 મહામારી</u>**
13. કોમનવેલ્થ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **<u>માર્ચના બીજા સોમવારે</u>**
14. કોમનવેલ્થનું મુખ્ય મથક કયાં આવેલું છે - **<u>લંડન (યુનાઇટેડ કિંગડમ)</u>**
15. કોમનવેલ્થ વર્ષ-૨૦૨૦ થીમ જણાવો - **<u>'Delivering a Common Future'</u>**
16. કોમનવેલ્થ દેશોની સભ્ય સંખ્યા જણાવો – **<u>૫૪</u>**
17. શહિદ કરતારસિંઘ સરાભાનો જન્મ દિવસ જણાવો - **<u>૨૪ મે-૧૮૯૬</u>**
18. 'ગદર'નો અર્થ જણાવો - **<u>બળવો કે ક્રાંતિ</u>**
19. અમેરીકાની ધરતી પર ગદર પક્ષના અધ્યક્ષ કોણ હતા - **<u>કરતારસીંઘ સરાભા</u>**
20. શહિદ કરતારસિંઘ સરાભાનું જન્મ સ્થળ જણાવો - **<u>પંજાબના લુધીયાણા પાસેનું સરાભા ગામ</u>**
21. ભારતમાં સશસ્ત્ર અને હિંસક ક્રાંતિની યોજના બદલ અંગ્રેજ સરકારે કઈ તારીખે કરતારસિંઘ સરાભાને સાથીઓ સાથે ફાંસીએ લટકાવી દીધા હતા - **<u>16 નવેમ્બર-1915</u>**
22. શહિદ ક્રાંતિકારી કરતારસિંઘ સરાભાને અંગ્રેજ સરકારે ફાંસી આપી એ વખતે તેમની ઉંમર કેટલી હતી - **<u>19</u>**

## DATE : 25-05-2020

<u>૧. કોરોના વાયરસ : વિશ્વની સૌથી ઊંડી સોનાની ખાણ સંક્રમણને કારણે બંધ કરાઈ (ખાણ-ખનીજ)</u>

**<u>ખાણની વિશેષતા :</u>**

- ✓ **<u>નામ :</u>** પોનેંગ ગોલ્ડ માઈન્સ
- ✓ **<u>સ્થળ :</u>** જહોનિસબર્ગ (દક્ષિણ આફ્રિકા)
- ✓ **<u>કંપની :</u>** એંગ્લો ગોલ્ડ
- ✓ **<u>ઊંડાઈ :</u>** ૪ કિલોમીટર **<u>લંબાઈ :</u>** ૩૮૦ કિલોમીટર

<u>૨. મનરેગા: ગુજરાત સરકાર(રોજગારી)</u>

**<u>મનરેગામાં સૌથી વધુ દાહોદ જિલ્લામાં ૧,૦૬,૯૫૬ શ્રમિકોને રોજગારી</u>**




<u>અન્ય વિગત :</u>

- ✓ મનરેગામાં સૌથી વધુ દાહોદમાં ૧,૦૬,૯૫૬ શ્રમિકોને રોજગારી
- ✓ રાજ્યમાં કુલ ૬૦ લાખ ગરીબ અને જરૂરિયાતવાળા પરિવારોના ૩૮ લાખ લોકોને મનરેગાના જોબકાર્ડ અપાયા છે.જે પૈકી ૧૫ લાખ જોબકાર્ડ એક્ટિવ છે.
- ✓ છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ ૨૬ લાખ લોકોને મનરેગા હેઠળ રોજગારી અપાઈ છે
- ✓ <u>મનરેગા પ્રતિ દિન વેતન - રૂ. ૨૦૨</u>

### ૩. શ્રમિક કલ્યાણ : ઉત્તરપ્રદેશ (રોજગારી)

- ✓ **નિર્ણય:** અન્ય રાજ્યોએ ઉત્તરપ્રદેશના શ્રમિકોને કામ ઉપર રાખતા પહેલાં ત્યાંની સરકારની મંજૂરી લેવી પડશે
- ✓ <u>હેતુ :</u> ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા શ્રમિકોની સલામતિ માટે ‘માઈગ્રેશન પેનલ’ની રચના કરાશે
- ✓ **નામ:** ’શ્રમિક કામગાર કલ્યાણ આયોગ’ની રચના
- ✓ **લાભ:** રાજ્યના ૨૩ લાખ કરતા વધારે શ્રમિકોને લાભ થાય અને સુરક્ષા મળે તે માટે વિશેષ પેનલની રચના કરાશે.
- ✓ તેમની દેખરેખ હેઠળ જ શ્રમિકોને કામ મળે, વીમો મળે અને સુરક્ષા મળે તેવા આયોજનો કરાશે.

### ૪. નિર્ણય : WHO – HCQ ક્લિનિક ટ્રાયલ ઉપર WHO દ્વારા પ્રતિબંધ મૂકાયો (આરોગ્ય)

- ✓ HCQ: હાઈડ્રોક્સિક્લોરોક્વિન
- ✓ WHO : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન
- ✓ મુખ્યમથક : જીનીવા

### ૫. માંગા વાવાઝોડુ : પશ્ચિમ ઓસ્ટ્રેલિયા (કુદરતી આપત્તિ)

**<u>છેલ્લાં દાયકાનું સૌથી શક્તિશાળી વાવાઝોડુ</u>**

- ✓ ૧૦ મીટર ઊંચા મોજાં ઉછળ્યાં
- ✓ ૬૨ હજારથી વધુ મકાનોમાં અંધારપટ

### ૬. નૌતપા : વિજ્ઞાન અને ગરમી સાથે સંબંધ (હવામાન)

**<u>શું છે નૌતપા :</u>**

**<u>'નૌતપા' : વિજ્ઞાન અને ગરમી સાથે સંબંધ</u>**

- ✓ દર વર્ષે મે મહિનાના અંતમાં 'નૌતપા' લાગે છે.
- ✓ <u>હિન્દુ પંચાગ મુજબ વર્ષમાં એક વખત ૧૫ દિવસ માટે સૂર્ય રોહિણી નક્ષત્રમાં આવે છે.</u>
- ✓ <u>તેના શરૂઆતના નવ દિવસ દરમિયાન સૂર્ય અને પૃથ્વી વચ્ચે સૌથી ઓછું અંતર હોય છે.</u>
- ✓ તેથી તાપમાનમાં વધારો જોવા મળે છે અને આગ ઝરતી ગરમી પડે છે.
- ✓ આ વર્ષે નૌતપા ૨૫મી મેથી શરૂ થઈને ૮ જૂન સુધી ચાલશે.
- ✓ નૌતપાના વિજ્ઞાનને સમજીએ તો ભારતની વચોવચ કર્ક રેખા પસાર થાય છે.
- ✓ આઠ રાજ્યોને કાપતી આ લાઈન હવામાનની દૃષ્ટિએ ઘણી મહત્વની છે.
- ✓ મે-જૂનમાં સૂર્યના કિરણો આ રેખા પર સીધા પડે છે. સૂર્યના કિરણો સીધા પડવાથી ગરમી વધવી સ્વાભાવિક છે.
- ✓ નૌતપાની અસર હેઠળ આગામી દિવસોમાં તાપમાન ૪૮ ડિગ્રી સુધી ઊંચું જઈ શકે છે.

### ૭. અવસાન : ખેલકૂદ

### ભારતના લેજેન્ડરી હોકી ખેલાડી પદ્મશ્રી બલબીર સિંહનું ૯૫ વર્ષે નિધન- ચંદીગઢ (પંજાબ)

- ✓ જન્મ : ૧૦-૧૦-૧૯૨૪ અવસાન : ૨૫-૦૫-૨૦૨૦




**<u>સિદ્ધિઓ:</u>**

- ✓ ત્રણ વાર ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા
- ✓ ૬૧ મેચ, ૨૪૬ ગોલ

<u>વર્ષ : ૧૯૪૮</u>

- ✓ તેઓ ૧૯૪૮ના લંડન ઓલિમ્પિકમાં ગોલ્ડ જીતનારી ભારતીય ટીમમાં ખેલાડી તરીકે સામેલ હતા.

<u>વર્ષ:૧૯૫૨</u>

- ✓ ૧૯૫૨ની હેલસિંકી ઓલિમ્પિકમા ભારતે ગોલ્ડ જીત્યો ત્યારે તેઓ ટીમના ઉપકપ્તાન હતા

વર્ષ:૧૯૫૬

- ✓ ૧૯૫૬ની મેલબોર્ન ગેમ્સમાં તેમની કેપ્ટન્સીમાં ભારતે ગોલ્ડ જીત્યો હતો.
- ✓ ઈ.સ. ૧૯૫૨ના ઓલિમ્પિકમાં તેમણે નેધરલેન્ડ સામેની ફાઈનલમાં પાંચ ગોલ ફટકાર્યા હતા. ઓલિમ્પિકની ફાઈનલમાં સર્વાધિક ગોલ ફટકારવાનો રેકોર્ડ આજેય અકબંધ.
- ✓ ડેબ્યૂ મેચમાં ડબલ હેટ્રિકનો રેકોર્ડ યથાવત્
- ✓ બલબીરે ઓલિમ્પિક ડેબ્યુ 1948માં આર્જેન્ટિના વિરુદ્ધ કર્યું. તેમણે 6 ગોલ કર્યા. આ રેકોર્ડ હજુસુધી યથાવત્ છે.
- ✓ તેમણે 1952 હેલસિન્કી ઓલિમ્પિકમાં ફાઈનલમાં નેધરલેન્ડ વિરુદ્ધ 5 ગોલ કર્યા હતા. આ પણ વર્લ્ડ રેકોર્ડ છે.
- ✓ બલબીર 1975માં વર્લ્ડકપ ચેમ્પિયન ટીમના મેનેજર હતા.
- ✓ 2012 લંડન ઓલિમ્પિક દરમિયાન વિવિધ રમતોમાંથી પસંદ કરાયેલા 16 મહાન ખેલાડીઓમાં બલબીર સિંહ સામેલ હતા.
- ✓ 1957માં તેમને પદ્મશ્રીથી સન્માનિત કરાયા હતા.

**ઉપલબ્ધિઓ:**

- ✓ મેલબોર્ન ઓલિમ્પિક (1956)માં પોતાની કેપ્ટન્સીમાં ગોલ કરવા દીધા વગર ગોલ્ડ મેડલ અપાવ્યો.
- ✓ ભારતે 5 મેચોમાં 38 ગોલ કર્યા.
- ✓ હેલસિન્કી (1952) તથા મેલબોર્ન (1956) ઓલિમ્પિકમાં ફ્લેગ બિયરર રહ્યાં.
- ✓ ગોલ રેકોર્ડ ઈન્ટરનેશનલ કરિયરઃ 61 મેચ, 246 ગોલ
- ✓ ઓલિમ્પિકઃ 8 મેચ, 22 ગોલ
- ✓ વિશ્વ ઓલિમ્પિક કમિટીના આધુનિક આધુનિક ઓલિમ્પિક ઈતિહાસના ૧૬ મહાન ખેલાડીઓમાં સ્થાન
- ✓ **જાહેરાત:** મોહાલી સ્ટેડિયમ(પંજાબ)ને બલબીરસિંઘનું નામ આપવાની પંજાબ સરકારની જાહેરાત
- ✓ બાયોગ્રાફી : 'ધ ગોલ્ડન હેટ્રિક'

## ૮. જન્મ દિન વિશેષ : ૨૫ મે

### (૧) લોકપ્રિય સર્જક : હરકિશન મહેતા

જન્મ – ૨૫ મે-૧૯૨૮ અવસાન – ૩ એપ્રિલ-૧૯૯૮

- ✓ આજે રાસબિહારી બોઝ, મૂળશંકર ભટ્ટ, ક્રિકેટર રૂસી સુરતી, ઇતિહાસકાર મકરંદ મહેતા અને લોકપ્રિય નવલકથાકાર હરકિશન મહેતાનો જન્મદિવસ
- ✓ ઇતિહાસકાર એમ.એસ. કોમિશેરીયેટ અને સુનિલ દત્તની પુણ્યતિથિ.
- ✓ હરકિશન મહેતાનો જન્મ મહુવામાં થયો. મહેતાએ ઇન્ટર સુધીનો અભ્યાસ કર્યો હતો.
- ✓ ચિત્રલેખા સાપ્તાહિકના સામયિકના સંપાદક તરીકે અંદાજે ત્રણ દાયકા સુધી ખંતપૂર્વક કામ સામયિકને અત્યંત લોકપ્રિય બનાવ્યું.
- ✓ તેમની ધારાવાહિક નવલકથાઓ પણ તેમાં પ્રકટ થતી હતી.
- ✓ જડ ચેતન, જગા ડાકુના વેરના વળામણાં, અમીર અલી ઠગના પીળા રૂમાલની ગાંઠ, અજંપો, માણસ નામે ગુનેગાર, ભેદ ભરમ, દેવ દાનવ, અંત.. આરંભ, પાપ..પશ્વાતાપ, જોગ.. સંજોગ, સંભવ .. અસંભવ, તરસ્યો સંગ્રામ, વંશ.. વારસ, મુકિત.. બંધન, લય.. પ્રલય, વગેરે જેવી તેમની અનેક નવલકથાઓ ગુજરાતી વાંચકોમાં અત્યંત લોકપ્રિય બની હતી.
- ✓ તેમની નવલકથાઓનો અન્ય ભાષાઓમાં અનુવાદ થયા છે.
- ✓ આ લોકપ્રિય નવલકથા પરથી ઘણી ટેલિવિઝન સિરિયલો પણ બની છે.
- ✓ હરકિશન મહેતાએ સ્વીડન સોનાનું પિંજર શીર્ષકથી પ્રવાસ વર્ણન લખ્યું છે.
- ✓ 3 એપ્રિલ 1998ના રોજ તેમનું અવસાન થયું.

### (૨) ગુજરાતી સાહિત્યકાર : ધીરુબેન પટેલ

જન્મ – ૨૫ મે-૧૯૨૬

- ✓ ધીરુબેન ગોરધનભાઈ પટેલ (૨૫-૫-૧૯૨૬): નવલકથાકાર, નાટકકાર, વાર્તાકાર, અનુવાદક.
- ✓ જન્મ - વડોદરા
- ✓ શાળા શિક્ષણ સાન્તાક્રુઝની પોદાર હાઈસ્કૂલમાં. ઉચ્ચ શિક્ષણ એલ્ફિન્સ્ટન કૉલેજમાં.
- ✓ ૧૯૪૫માં અંગ્રેજી વિષય સાથે બી.એ. ૧૯૪૮માં એમ.એ. ૧૯૪૯થી મુંબઈની ભવન્સ કૉલેજમાં અને પછી ૧૯૬૩-૧૯૬૪માં દહિસરની કૉલેજમાં અંગ્રેજીનાં અધ્યાપક.
- ✓ થોડો વખત પ્રકાશનસંસ્થા 'આનંદ પ્રકાશન'નું સંચાલન.
- ✓ ૧૯૬૩-૧૯૬૪થી કલ્કિ પ્રકાશન શરૂ કર્યું. ૧૯૭૫ સુધી 'સુધા' સાપ્તાહિકનાં તંત્રી.
- ✓ ૧૯૮૦માં રણજિતરામ સુવર્ણચંદ્રક.
- ✓ ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રમુખ-૨૦૦૩

✓ ધીરુબેન પટેલ નોંધપાત્ર નવલકથાકાર – વાર્તાકાર છે.

✓ એમની પાસેથી 'વડવાનલ' જેવી દળદાર તો 'આંધળી ગલી', 'વાંસનો અંકુર' જેવી લઘુનવલો મળે છે.

✓ નવલકથામાં વિશિષ્ટ વસ્તુ, પાત્ર અને પરિવેશ વડે તેઓ મનોવૈજ્ઞાનિક અભિગમથી માનવમનની સંકુલતાને તાગે છે. તેમની વાર્તાઓમાં પણ પ્રવાહી ભાષા, નારીહૃદયની ગૂઢ લાગણીઓનું આલેખન તથા માનવમનના ઊંડાણોને તાગવાની મથામણ વિશેષતા બની આવે છે.

✓ આ ઉપરાંત હાસ્ય સાહિત્ય, નાટકો, રેડિયો નાટકો, બાળ સાહિત્યક્ષેત્રે પણ તેમણે મહત્વનું પ્રદાન કર્યું છે.

✓ <u>એમની આગંતુક નવલકથાને સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળેલું.</u>

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૫-૨૦૨૦)</u>

1. મે-૨૦૨૦માં કોરોના વાયરસના સંક્રમણને કારણે વિશ્વની કઈ સૌથી ઊંડી સોનાની ખાણ બંધ કરાઈ - **<u>પોનેંગ ગોલ્ડ માઈન્સ</u>**
2. મે-૨૦૨૦માં કોરોના વાયરસના સંક્રમણને કારણે વિશ્વની સૌથી ઊંડી સોનાની ખાણ પોનેંગ ગોલ્ડ માઈન્સ બંધ કરાઈ તે ક્યા સ્થળે આવેલી છે - **<u>જહોનિસબર્ગ (દક્ષિણ આફ્રિકા)</u>**
3. મે-૨૦૨૦માં કોરોના વાયરસના સંક્રમણને કારણે વિશ્વની સૌથી ઊંડી સોનાની ખાણ પોનેંગ ગોલ્ડ માઈન્સ બંધ કરાઈ હતી તે ખાણ કઈ કંપનીની છે - **<u>એંગ્લો ગોલ્ડ</u>**
4. મે-૨૦૨૦માં કોરોના વાયરસના સંક્રમણને કારણે જહોનિસબર્ગ (દક્ષિણ આફ્રિકા) સ્થિત વિશ્વની સૌથી ઊંડી સોનાની ખાણ પોનેંગ ગોલ્ડ માઈન્સ બંધ કરાઈ તે ખાણની ઊંડાઈ અને લંબાઈ જણાવો – **<u>અનુક્રમે ૪ કિલોમીટર તથા ૩૮૦ કિલોમીટર</u>**
5. કોરોના વાયરસની મહામારી વચ્ચે ગુજરાતમાં ૨૫મી મે-૨૦૨૦ની સ્થિતિએ મનરેગામાં સૌથી વધુ કયા જિલ્લામાં શ્રમિકોને રોજગારી અપાઈ - **<u>દાહોદ</u>**
6. કોરોના વાયરસની મહામારી વચ્ચે ગુજરાતમાં મનરેગામાં સૌથી વધુ દાહોદ જિલ્લામાં કેટલા શ્રમિકોને રોજગારી અપાઈ - **<u>૧,૦૬,૯૫૬</u>**
7. ગુજરાત રાજ્યમાં કુલ કેટલા ગરીબ અને જરૂરિયાતવાળા પરિવારોના ૩૮ લાખ લોકોને મનરેગાના જોબકાર્ડ અપાયા છે - **<u>૬૦ લાખ</u>**
8. ગુજરાત રાજ્યમાં કુલ ૬૦ લાખ ગરીબ અને જરૂરિયાતવાળા પરિવારોના ૩૮ લાખ લોકોને મનરેગાના જોબકાર્ડ અપાયા તે પૈકી મે-૨૦૨૦ની સ્થિતિએ કેટલા જોબકાર્ડ એક્ટિવ છે - **<u>૧૫ લાખ</u>**
9. ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ કેટલા લોકોને મનરેગા હેઠળ રોજગારી અપાઈ છે - **<u>૨૬ લાખ</u>**
10. મનરેગા યોજના અંતર્ગત શ્રમિકોને પ્રતિ દિન કેટલું વેતન આપવામાં આવે છે – **<u>રૂ. ૨૦૨</u>**
11. મે-૨૦૨૦ કોરોના વાયરસ મહામારીના પગલે કયા રાજ્યોના શ્રમિકોને કામ ઉપર રાખતા પહેલાં ત્યાંની સરકારની મંજૂરી લેવી પડશે તેવો નિર્ણય લેવાયો – **<u>ઉત્તરપ્રદેશ</u>**
12. કોરોના વાયરસ મહામારીના પગલે ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા શ્રમિકોની સલામતિ માટે કઈ પેનલની રચના કરવાનો નિર્ણય લીધો - **<u>'માઈગ્રેશન પેનલ'</u>**
13. કોરોના વાયરસ મહામારીના પગલે ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા શ્રમિકોની સલામતિ માટે 'માઈગ્રેશન પેનલ'ની રચના કરવાનો નિર્ણય લીધો તે આયોગનું નામ જણાવો - **<u>'શ્રમિક કામગાર કલ્યાણ આયોગ'</u>**
14. મે-૨૦૨૦માં HCQ ક્લિનિક ટ્રાયલ ઉપર કોના દ્વારા પ્રતિબંધ મૂકાયો - **<u>WHO</u>**
15. દવાના સંદર્ભે HCQનું વિસ્તૃત નામ જણાવો - **<u>હાઈડ્રોક્સિક્લોરોક્વિન</u>**
16. WHOનું મુખ્યમથક કયાં આવેલુ છે - **<u>જીનીવા</u>**
17. મે-૨૦૨૦માં છેલ્લાં દાયકાનું સૌથી શક્તિશાળી માંગા વાવાઝોડુ ક્યાં ફૂંકાયુ - **<u>પશ્ચિમ ઓસ્ટ્રેલિયા</u>**
18. દર વર્ષે કયા મહિનાના અંતમાં 'નૌતપા' લાગે છે - **<u>મે</u>**
19. હિન્દુ પંચાગ મુજબ વર્ષમાં એક વખત ૧૫ દિવસ માટે સૂર્ય કયા નક્ષત્રમાં આવે છે તેના શરૂઆતના નવ દિવસ દરમિયાન સૂર્ય અને પૃથ્વી વચ્ચે સૌથી ઓછું અંતર હોય છે - **<u>રોહિણી</u>**
20. મે-૨૦૨૦માં ભારતના કયા લેજેન્ડરી હોકી ખેલાડીનું ૯૫ વર્ષે નિધન થયુ - **<u>બલબીર સિંઘ</u>**
21. લેજેન્ડરી હોકી ખેલાડી સ્વ. બલબીર સિંઘનો જન્મ દિવસ જણાવો - **<u>૧૦-૧૦-૧૯૨૪</u>**
22. બલબીર સિંઘ સતત કેટલી હોકી ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય હોકી ટીમના સદસ્ય હતા - **<u>ત્રણ</u>**

23. પૂર્વ ભારતીય હોકી ખેલાડી બલબીર સિંઘની આગેવાનીમાં ભારતીય હોકી ટીમે કયા વર્ષમાં ગોલ્ડ જીત્યો હતો – **૧૯૫૬ (મેલબોર્ન ગેમ્સ)**
24. ભારતીય હોકી ખેલાડી બલબીર સિંઘે વર્ષ ૧૯૫૨ની ઓલિમ્પિકમાં કઈ ટીમની સામે ફાઈનલમાં કેટલા ગોલ ફટકાર્યા હતા - **નેધરલેન્ડ તથા પાંચ ગોલ**
25. હોકી ઓલિમ્પિકની ફાઈનલમાં સર્વાધિક ગોલ ફટકારનાર ખેલાડીનું નામ જણાવો – **બલબીર સિંઘ (પાંચ)**
26. હોકી ઓલિમ્પિક ડેબ્યૂ મેચમાં ડબલ હેટ્રિકનો રેકોર્ડ કયા ખેલાડીના નામે છે – **બલબીર સિંઘ (છ)**
27. વર્ષ-1975માં ભારતીય હોકી વર્લ્ડકપ ચેમ્પિયન ટીમના મેનેજર કોણ હતા - **બલબીર સિંઘ**
28. કયા ઓલિમ્પિક દરમિયાન વિવિધ રમતોમાંથી પસંદ કરાયેલા 16 મહાન ખેલાડીઓમાં બલબીર સિંહનો સમાવેશ કરાયો હતો - **2012 લંડન ઓલિમ્પિક**
29. ભારત સરકાર દ્વારા કયા વર્ષમાં હોકી ખેલાડી બલબીરસિંઘને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરાયા હતા - **વર્ષ 1957**
30. પૂર્વ ભારતીય હોકી ખેલાડી બલબીરસિંઘે ઈન્ટરનેશનલ કરિયર દરમિયાન કેટલા મેચમાં કેટલા ગોલ ફટકાર્યા હતા - **61 મેચ, 246 ગોલ**
31. પૂર્વ ભારતીય હોકી ખેલાડી બલબીરસિંઘે કેટલા ઓલિમ્પિક મેચમાં કેટલા ગોલ ફટકાર્યા હતા - **8 મેચ, 22 ગોલ**
32. કયા સ્ટેડિયમને હોકી ખેલાડી બલબીરસિંઘનું નામ અપાશે - **મોહાલી**
33. પૂર્વ ભારતીય હોકી ખેલાડી બલબીરસિંઘની બાયોગ્રાફીનું નામ જણાવો - **'ધ ગોલ્ડન હેટ્રિક'**
34. ગુજરાતી સાહિત્યના લોકપ્રિય સર્જક હરકિશન મહેતાનો જન્મ દિવસ જણાવો – **૨૫ મે-૧૯૨૮**
35. ગુજરાતી સાહિત્યના લોકપ્રિય સર્જક હરકિશન મહેતાએ કયા સાપ્તાહિકના સામયિકના સંપાદક તરીકે અંદાજે ત્રણ દાયકા સુધી ખંતપૂર્વક કામ કરી તે સમાયિકને અત્યંત લોકપ્રિય બનાવ્યું - **ચિત્રલેખા**
36. ગુજરાતી સાહિત્યના લોકપ્રિય સાહિત્યકાર-પત્રકાર હરકિશન મહેતાએ કયા શીર્ષક હેઠળ પ્રવાસ વર્ણન લખ્યું છે - **સ્વીડન સોનાનું પિંજર**
37. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલનો જન્મ દિવસ જણાવો – **૨૫ મે-૧૯૨૬**
38. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલે વર્ષ ૧૯૬૩-૧૯૬૪માં કયુ પ્રકાશન શરૂ કર્યું - **કલ્કિ** ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલે વર્ષ ૧૯૭૫ સુધી કયા સાપ્તાહિકનાં તંત્રી રહ્યાં - **'સુધા'**
39. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલને ક્યા વર્ષમાં રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો – **વર્ષ ૧૯૮૦**
40. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલને તેમની કઈ નવલકથા માટે સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યુ હતુ - **આગંતુક**
41. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલ કયા વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા – **વર્ષ ૨૦૦૩**
42. ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા ધીરુબેન પટેલની જાણીતી નવલકથા-લઘુનવલોના નામ જણાવો – **'આગંતુક', 'વડવાનલ' 'આંધળી ગલી', 'વાંસનો અંકુર'**

DATE : 26-05-2020

**૧.ચુરુ શહેર-રાજસ્થાન : ૫૦ ડીગ્રી તાપમાન સાથે વિશ્વનું સૌથી ગરમ શહેર (વાતાવરણ)**

- ✓ વિશ્વના TOP-૧૫ સૌથી ગરમ શહેરોની યાદીમાં ભારતના ૧૦ શહેરોનો સમાવેશ
- ✓ અગાઉ તા. ૧૯ મે-૨૦૧૬ના રોજ ચુરુમાં સૌથી વધું ૫૦.૨ ડીગ્રી તાપમાન નોંધાયું હતુ.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**૨. સંશોધન : જૂનાગઢના ખેડૂતો દ્વારા શુગર ફ્રી 'ટોમી એટકિન્સ' નામની કેરીની નવી જાત વિકસાવાઈ (કૃષિ સંશોધન)**

**વિશેષતાઓ :**

- ✓ આ કેરીનો રંગ પર્પલ-જાંબલી હોય છે જ્યારે સામાન્ય કેરીનો રંગ પીળો-કેસરી હોય છે.
- ✓ કિલોદીઠ રૂ.૩૦૦નો ભાવ.

- ✓ એસિડિક ટેસ્ટ, અન્ય કેરીની તુલનાએ ૭૫ ટકા ઓછી શુગર.
- ✓ આ કેરીનો પલ્પ આછા પીળા રંગનો છે.

**અન્ય વિગત :**

- ✓ જૂનાગઢમાં 'ટોમી એટકિન્સ'નામની કેરીની નવી જાત વિકસાવવામાં આવી છે. જે ખાવાથી 'શુગર' વધતી જતી નથી જેના લીધે ડાયાબિટીસના દર્દીઓ પણ કેરીની મજા માણી શકશે.
- ✓ અમેરિકાના ફ્લોરિડામાં પાકતી અને વિશ્વના અન્ય દેશોમાં પ્રખ્યાત 'ટોમી એટકિન્સ' નામની નવી કેરીની વેરાઈટી લગભગ પાંચ વર્ષની જહેમત પછી વિકસાવવામાં સફળતા મળી છે.
- ✓ સામાન્ય કેરીની તુલનાએ 'ટોમી એટકિન્સ' કેરીમાં ૭૫ ટકા ઓછી શુગર હોય છે.
- ✓ જૂનાગઢ તેમજ ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં પણ કેરીની નવી વેરાઈટી ડેવલપ કરવા પ્રયાસો ૨૦૧૦થી હાથ ધરાઈ રહ્યા હતા.
- ✓ જૂનાગઢના માળિયા તાલુકાના એક ખેડૂતે જણાવ્યું કે, મારા મિત્રની સાથે ૨૦૧૫માં કેરીની નવી વેરાઈટી વિકસાવવાનો પ્રારંભ કર્યો હતો અને 'ટોમી એટકિન્સ'ની કલમ ઊછેરી હતી અને હવે પાંચ વર્ષે નવા આંબા પર કેરી આવી છે.
- ✓ આ નવા આંબાનું વૃક્ષ ૭ વર્ષનું થયા પછી દર વર્ષે આબાદીઠ ૧૫ કિલો કેરીનો પાક ઊતરે છે.
- ✓ ગયા વર્ષથી આ કેરીનો પાક ઊતરવાનું શરૂ થયું છે અને તેમાં શુગરનું પ્રમાણ ખૂબ ઓછું હોવાને લીધે ડાયાબિટીસના દર્દીઓમાં વધુ ડિમાન્ડ જોવા મળે છે.

## 3. અવસાન : ચૂંદડીવાળા માતાજી

**છેલ્લા ૭૬ વર્ષથી અન્ન-જળનો ત્યાગ કરનાર ચુંદડીવાળા માતાજીનું અવસાન-બ્રહ્મલીન**

- ✓ તબીબી વિજ્ઞાન માટે રહસ્ય – અનેક પરિક્ષણ કરાયા
- ✓ મૂળ નામ – પ્રહલાદભાઈ જાની
- ✓ વતન – ચરાડા(ગાંધીનગર)
- ✓ અવસાન – ચરાડા ખાતે
- ✓ માં અંબાના અનન્ય ભક્ત
- ✓ તા. ૨૮ મેના રોજ ગબ્બર અંબાજી ખાતે તેમના આશ્રમમાં સમાધિ

## ૪. ICMR : નવી ગાઈડલાઈન – HCQ દવાની કોઈ આડઅસર નથી (આરોગ્ય)

**આ દવાનો ઉપયોગ કોરોનાથી બચવાના માધ્યમ તરીકે કરી શકાય**

- ✓ આઈસીએમઆરના ડાયરેક્ટર જનરલ બલરામ ભાર્ગવે જણાવ્યું કે, અમને તો દવાના પરીક્ષણમાં કોઈ સાઈડ ઈફેક્ટ જણાઈ નથી.
- ✓ સામાન્ય તંદ્રા, વોમિટિંગની ફરિયાદો આવી છે પણ મોટી કોઈ આડ અસર જણાઈ નથી.
- ✓ કોરોનાથી બચવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે તેમાં કોઈ વાંધો નથી.
- ✓ દવાને ભૂખ્યા પેટે ન લેવી જોઈએ. કંઈ ખાધા પછી તેનું સેવન કરવું જોઈએ.
- ✓ તેમણે વધુમાં જણાવ્યું કે, દેશમાં કોરોનાના કેસ એક લાખના આંકને વટાવી ગયા છે તે ચિંતાજનક છે.
- ✓ દેશમાં ગત એક મહિનામાં ૬૦૦ લેબ શરૂ કરવામાં આવી છે.
- ✓ ભારતમાં હાલમાં વિવિધ દવાઓ અને રસીઓનું પરીક્ષણ ચાલી રહ્યું છે. જ્યાં સુધી આપણી પાસે નક્કર દવા કે રસી નહીં આવે ત્યાં સુધી હાઇડ્રોક્સિક્લોરોક્વિન ઉપર આધાર રાખવો પડશે.
- ✓ ખાસ : WHO દ્વારા આ દવાના ઉપયોગ પર પ્રતિબંધ.

## ૫. વૈશ્વિક સન્માન : UN સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ (સંરક્ષણ)

ભારતીય આર્મીમાં ઓફિસર તરીકે ફરજ બજાવતા મહિલા શાંતિદૂત મેજર સુમન ગાવનીનું સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર ઍવૉર્ડ દ્વારા સન્માન કરાશે.

- ✓ કોઈ ભારતીય શાંતિ રક્ષકનું યુએન દ્વારા સન્માન કરાતું હોય તેવી આ પહેલી ઘટના છે.
- ✓ **પ્રદાન :** મેજર સુમન યુએન મિશન હેઠળ દક્ષિણ સુદાનમાં તહેનાત હતા જ્યાં થોડા સમય પહેલાં જ તેમણે તેમનું મિશન પૂર્ણ કર્યું હતું.
- ✓ તેમની સાથે બ્રાઝિલની સૈન્ય કમાન્ડર કર્લા મોન્ટેઇરો દ કાસ્ત્રો અરાઉઝોનું પણ સન્માન કરાશે.
- ✓ બ્રાઝિલનાં શાંતિદૂતને સતત બીજા વર્ષે આ પ્રકારે સન્માનિત કરાઈ રહ્યા છે.
- ✓ અરાઉઝો સંયુક્ત રાષ્ટ્રનાં સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિકમાં મિશન પર હતા.

- ✓ બંને મહિલા આર્મી અધિકારીને ૨૯ મી મેના રોજ ઓનલાઈન કાર્યક્રમ હેઠળ એવોર્ડ આપવામાં આવશે.

## ૬. જન્મ દિન વિશેષ : ૨૬ મે

### ભાષાવિજ્ઞાની : હરિવલ્લભ ભાયાણી

**જન્મ : ૨૬-૦૫-૧૯૧૭ અવસાન : ૧૧-૧૧-૨૦૦૦**

- ✓ આજે અંબુભાઈ પુરાણી, રાષ્ટ્રીય સ્વયસેવક સંઘના પ્રચારક એચ.વી. શેષાદ્રી, સાહિત્યકાર પુસ્કીન, ભીલ સેવક ડાહ્યાભાઈ નાયક ઉદ્યોગપતિ ચીનુભાઈ બેરોનેટ અને હરિવલ્લભ ભાયાણીનો જન્મદિવસ છે.
- ✓ મહુવામાં જન્મેલા હરિવલ્લભ ભાયાણીના માતાપિતાનું તેમની એક વર્ષની ઉંમરે જ અવસાન થતાં ઉછેર દાદીએ કર્યો હતો.
- ✓ દળના દલી પોતાને ઉછેરનાર દાદીને વૃદ્ધાવસ્થામાં તકલીફ ન પડે તે માટે ભાયાણી સાહેબે વિદેશ ભણવા જવાની તક પણ નકારી હતી.
- ✓ 1941માં મુંબઈ યુનિ.થી સંસ્કૃત અને માગધી વિષયો સાથે અનુસ્નાતક અને 1951માં પીએચડી કર્યું.
- ✓ ભારતીય વિદ્યા ભવન, ગુજરાત યુનિ. અને એલ.ડી. ઇન્ડોલોજીમાં અધ્યાપન કર્યું.
- ✓ ભાયાણી સાહેબના સ્વાધ્યાય અને સંશોધનનું ઉત્તમ પ્રતિબિંબ વ્યુત્પત્તિ વિચાર, અનુસંધાન, અનુશીલનો, વાગવ્યાપાર, શોધ અને સ્વાધ્યાય, કાવ્યમાં શબ્દ, કાવ્યનું સંવેદન, ગુજરાતી ભાષાના ઇતિહાસની કેટલીક સમસ્યાઓ, ગુજરાતી ભાષાનું ઐતિહસિક વ્યાકરણ, લોકસાહિત્ય સંપાદન અને સંશોધનો જેવાં વિવેચન, ભાષા શાસ્ત્ર, અપભ્રંશ અને સંપાદન ગ્રંથોમાં જોવા મળે છે.

**પુરસ્કાર :**

- ✓ રણજિતરામ સુવર્ણચંદ્રક - ૧૯૬૩
- ✓ સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર- ૧૯૮૧
- ✓ નર્મદ સુવર્ણચંદ્રક, સાહિત્ય ગૌરવ પુરસ્કાર વગેરેથી પુરસ્કૃત થાય છે
- ✓ તેઓએ અંગ્રેજીમાં પણ પુસ્તકો લખ્યાં છે.
- ✓ હરિવલ્લભ ભાયાણીનું 11 નવેમ્બર 2000ના રોજ અવસાન થયું હતું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૫-૨૦૨૦)

1. તા. ૨૬મી મે-૨૦૨૦ના રોજ સૌથી વધુ તાપમાન સાથે કયુ શહેર વિશ્વનું સૌથી ગરમ શહેર બન્યુ - **ચુરુ (રાજસ્થાન)**
2. તા. ૨૬મી મે-૨૦૨૦ના રોજ રાજસ્થાનનું ચુરુ શહેર કેટલા તાપમાન સાથે વિશ્વનું સૌથી ગરમ શહેર બન્યુ - **૫૦ ડીગ્રી**
3. તા. ૧૯ મે-૨૦૧૬ના રોજ રાજસ્થાનના ચુરુ શહેરમાં સૌથી વધું કેટલા ડીગ્રી તાપમાન નોંધાયું હતુ - **૫૦.૨**
4. તાજેતરમાં જૂનાગઢના ખેડુતો દ્વારા શુગર ફ્રી કેરીની કઈ નવી જાત વિકસાવવામાં આવી- **'ટોમી એટકિન્સ'**
5. જૂનાગઢના ખેડુતો દ્વારા શુગર ફ્રી 'ટોમી એટકિન્સ' નામની કેરીની નવી જાત વિકસાવાઈ તેનો પ્રતિ કિલો ભાવ જણાવો - **રૂ. ૩૦૦**
6. 'ટોમી એટકિન્સ' નામની કેરીનો એસિડિક ટેસ્ટ, અન્ય કેરીની તુલનાએ કેટલા ટકા ઓછી શુગર હોય છે-**૭૫ ટકા**
7. જૂનાગઢ તેમજ ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં પણ 'ટોમી એટકિન્સ' કેરીની નવી વેરાઈટી ડેવલપ કરવા ક્યા વર્ષથી પ્રયાસો હાથ ધરાયા હતા – **વર્ષ ૨૦૧૦**
8. ચુંદડીવાળા માતાજીનું મૂળનામ જણાવો - **પ્રહલાદભાઈ જાની**
9. છેલ્લા ૭૬ વર્ષથી અન્ન-જળનો ત્યાગ કરનાર કયા માતાજીનું અવસાન-બ્રહ્મલીન થયા – **ચુંદડીવાળા માતાજી**
10. ચુંદડીવાળા માતાજીનું વતન જણાવો – **ચરાડા (ગાંધીનગર)**
11. ICMRની નવી ગાઈડલાઈન અનુસાર કઈ દવાની કોઈ આડઅસર થતી નથી - **HCQ**
12. ભારતીય આર્મીમાં મહિલા ઓફિસર તરીકે ફરજ બજાવતા કયા મહિલા શાંતિદૂતનું સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ દ્વારા સન્માન કરાશે - **મેજર સુમન ગાવની**
13. મેજર સુમન ગાવનીનું સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ દ્વારા સન્માન કરાશે, કોઈ ભારતીય શાંતિ રક્ષકનું યુએન દ્વારા સન્માન કરાતું હોય તેવી આ કેટલામી ઘટના છે - **પહેલી**
14. UN દ્વારા ભારતીય આર્મીમાં મહિલા ઓફિસર મેજર સુમન ગાવની ઉપરાંત અન્ય કયા દેશની સૈન્ય કમાન્ડરનું સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડથી સન્માન કરાશે - **બ્રાઝિલની સૈન્ય કમાન્ડર કર્લા મોન્ટેઇરો દ કાસ્ત્રો અરાઉઝો**

15. બ્રાઝિલનાં શાંતિદૂતને સતત કેટલામાં વર્ષે સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવૉર્ડ દ્વારા સન્માનિત કરાશે - **બીજા**

16. ભારતીય આર્મીમાં મહિલા ઓફિસર મેજર સુમન ગાવની યુએન મિશન હેઠળ કઈ જગ્યાએ તહેનાત હતા જ્યાં થોડા સમય પહેલાં જ તેમણે તેમનું મિશન પૂર્ણ કર્યું હતું - **દક્ષિણ સુદાન**

17. જાણીતા ગુજરાતી ભાષાવિજ્ઞાની હરિવલ્લભ ભાયાણીનો જન્મ દિવસ જણાવો – **તા.૨૬-૦૫-૧૯૧૭**

18. ભાષાવિજ્ઞાની હરિવલ્લભ ભાયાણીનો જન્મ કયાં થયો હતો – **મહુવા**

19. ભાષાવિજ્ઞાની હરિવલ્લભ ભાયાણીને ક્યા વર્ષમાં રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો – **વર્ષ ૧૯૬૩**

20. દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા ક્યા વર્ષે ભાષાવિજ્ઞાની હરિવલ્લભ ભાયાણીને સાહિત્ય અકાદમી એવોર્ડથી સન્માનિત કરાયા હતા – **વર્ષ ૧૯૮૧**

## DATE : 27-05-2020

### ૧. સરહદી વિવાદ : ભારત-નેપાળ (વિદેશ નીતિ)

- ✓ **નિર્ણય** : ભારતની આકરી પ્રતિક્રિયા પછી નેપાળની પીછેહઠ : નકશા માટેનો બંધારણીય સુધારો સ્થગિત રખાયો
- ✓ ભારત અને નેપાળ વચ્ચે સરહદી વિવાદ વકરી રહ્યો છે. તે દરમિયાન નેપાળની સંસદમાં તા. ૨૮મી મે-૨૦૨૦ના રોજ દેશના નકશામાં ફેરફાર કરવા બંધારણીય સુધારો પસાર થવાનો હતો.
- ✓ ભારતની આકરી પ્રતિકિયા પછી નેપાળે પીછેહઠ કરવી પડી છે અને સંસદમાં આ મુદે કોઇ ચર્ચા ના થઈ, એટલું જ નહીં પણ ગૃહના એજન્ડામાંથી જ આ મુદ્દો બહાર થઇ ગયો હતો.
- ✓ બંધારણીય સુધારો પસાર કરવા માટે બે તૃતીયાંશ બહુમતીની આવશ્યકતા હોય છે.
- ✓ નેપાળના સામ્યવાદી પક્ષ પાસે સંસદમાં બે તૃતીયાંશ બહુમતી તો છે. પરંતુ બંધારણીય સુધારા માટે નીચલા ગૃહનું પણ સમર્થન જોઇએ. પરંતુ ત્યાં તે પક્ષ માત્ર ૧૦ બેઠક ધરાવે છે .

**સમગ્ર વિવાદ શુ હતો :**

- ✓ નેપાળ સરકારે ૧૮ મે-૨૦૨૦ના રોજ ભારતના કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા વિસ્તારોને પોતાની હદમાં દર્શાવતા નવો નકશો જારી કર્યો હતો. પરંતુ તે નવા નકશાને બંધારણીય માન્યતા નથી મળતી ત્યાં સુધી તે નકશો કાયદેસરનો ના માની શકાય.
- ✓ મુખ્ય શાસક પક્ષ: જનતા સમાજવાદી પક્ષ
- ✓ વિરોધ પક્ષ : મધેશી આધારિત પક્ષ
- ✓ નેપાળ વડાપ્રધાન : કે.પી. શર્મા ઓલી
- ✓ નેપાળ રાજધાની : કાંઠમાડુ

### ૨. સુવિધા : ગુજરાત સરકાર (જળ વ્યવસ્થાપન)

**ગામડાના લોકોને પીવાના પાણીની ફરિયાદ માટે ટોલ ફ્રી હેલ્પલાઈન '૧૯૧૬'**

**કઈ કઈ સુવિધા ઉપલબ્ધ :**

- ✓ પીવાના પાણીને સંબંધિત ફરિયાદ જેવી કે હેન્ડપંપ રિપેરિંગ , મિની પાઇપ યોજનાનું રિપેરિંગ અને વ્યક્તિગત કે જૂથ પાણી પુરવઠા યોજના અંગેની લોકો આ હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી શકશે .
- ✓ **આયોજક** : ગુજરાત પાણી પુરવઠા બોર્ડ (ગુજરાત સરકાર)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

### ૩. માઉન્ટ એવરેસ્ટ : ચીન દ્વારા નવેસરથી માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ માપવાની કામગીરી પૂર્ણ (વૈશ્વિક ભૂગોળ)

- ✓ **દાવો** : નવી ઊંચાઈ ૮૮૪૪.૪૩ મીટર
- ✓ અગાઉ નેપાળ દ્વારા માપવામાં આવેલી માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ-૮૮૪૮.૧૩ મીટર
- ✓ ચીનના આઠ સભ્યોની સરવે ટીમ દ્વારા કાર્ય પૂર્ણ કરાયું
- ✓ માઉન્ટ એવરેસ્ટ વિશ્વનો સૌથી ઊંચો પર્વત

### ૪. ભારતીય વાયુદળ : સ્કવૉડ્રન-૧૮ પુન: સક્રીય (સંરક્ષણ)

- ✓ **સિદ્ધિ**: સ્વદેશી ફાઈટર વિમાન 'તેજસ માર્ક-૧'ને સ્કવૉડ્રન-૧૮માં સામેલ કરી પુન:સક્રીય કરાઈ
- ✓ વર્ષ:૧૯૬૫માં રચાયેલી સ્કવૉડ્રન-૧૮ની ચાલુ વર્ષે એપ્રિલ-૨૦૨૦માં પુન:રચના કરાઈ હતી.

**અન્ય વિગતો :**

- ✓ <u>વાયુ સેનાધ્યક્ષ એર ચીફ માર્શલ આર કે એસ ભદૌરિયાએ તા.૨૮મી મે-૨૦૨૦ના રોજ વાયુસેનાની સ્કવૉડ્રન નંબર ૧૮ને કોઈમ્બતુર પાસે આવેલા સુલુર એરબેઝ ખાતે ઓપરેશનલાઈઝ એટલે કે સક્રિય કરી</u> હતી.
- ✓ સ્કવૉડ્રન ઓપરેશનલ કરવાની વિધિ વખતે ભારતમાં બનેલું ફાઈટર વિમાન 'તેજસ માર્ક-૧' પણ તેમાં શામેલ કરવામાં આવ્યું હતું.
- ✓ વાયુ સેનાધ્યક્ષે આ કામગીરી પહેલા સિંગલ સિટર વિમાન <u>લાઈટ કોમ્બેક્ટ એરક્રાફ્ટ તેજસ</u>ની ટૂંકી ઉડાન (શોર્ટી) પણ ભરી હતી.
- ✓ <u>સ્વદેશી વિમાન તેજસ હોય એવી આ બીજી સ્કવૉડ્રન બની છે. આ પહેલા સ્કવૉડ્રન ૪૫માં પણ એલસીએ તેજસનો સમાવેશ કરવામાં આવ્યો હતો.</u>

**<u>સ્કવૉડ્રન વિશે :</u>**

- ✓ સ્કવૉડ્રન ૧૮ની રચના છેક ૧૯૬૫માં થઈ હતી. ત્યારે તેમાં બ્રિટિશ બનાવટના નેટ વિમાનો શામેલ કરાયા હતા.
- ✓ <u>૧૯૭૧ના યુદ્ધ વખતે આ સ્કવૉડ્રને નિર્ણાયક રોલ ભજવ્યો હતો</u>. એટલું જ નહીં એ વખતે સ્કવૉડ્રનના ફ્લાઈંગ ઓફિસર <u>નિર્મલ જિસ સેંખોંને અસાધારણ કામગીરી બદલ મરણોપરાંત ભારતનું સર્વોચ્ચ મલિટિરી સન્માન પરમવીર ચક્ર</u> પણ એનાયત થયું હતું.
- ✓ એપ્રિલ ૨૦૧૬માં વિખેરાયા પછી આ સ્કવૉડ્રનની ૨૦૨૦ના એપ્રિલ માસમાં પુનઃરચના કરવામાં આવી હતી. એ પછી આજે તેને સક્રિય કરી દેવાઈ હતી.

**<u>તેજસ વિશે :</u>**

- ✓ સ્વદેશી યુદ્ધ વિમાન તેજસ નામકરણ કરનાર – પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી
- ✓ આ વિમાન ચોથી પેઢીનું એટલે કે અત્યારે જગતમાં વપરાતા મોટા ભાગના વિમાનો જેટલું જ આધુનિક છે.
- ✓ એટલું જ નહીં નામ પ્રમાણે લાઈટ એટલે કે વજનમાં હળવું છે અને કદમાં નાનું છે, જેથી આકાશમાં ઉડયા પછી એ વધારે સજ્જતાપૂર્વક કામગીરી કરી શકે છે.
- ✓ <u>માર્ક-૧નો અર્થ એવો થાય કે તેજસના શરૂઆતી વર્ઝન કરતાં આ વર્ઝન વધારે એડવાન્સ છે</u>, તેમાં કમ્યુનિકેશન ટેકનોલોજી, શસ્ત્ર-સરંજામ, હવામાં જ બળતણ ભરવાની સુવિધા વગેરેનો સમાવેશ થાય છે.

**<u>નિકાસની સંભાવના :</u>**

- ✓ મલેશિયા સહિતના ઘણા દેશો ભારતના આ વિમાનો ખરીદવામાં શરૂઆતથી જ રસ દેખાડી ચૂક્યા છે.
- ✓ <u>તેજસ બનાવનાર કંપની : હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (ભારત સરકાર)</u>
- ✓ ભારતીય વાયુસેનાના અધ્યક્ષ : એર ચીફ માર્શલ આર.કે.એસ. ભદૌરિયા

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૫-૨૦૨૦)</u>

1. તાજેતરમાં ભારતની સખત પ્રતિક્રિયા બાદ કયા પાડોશી દેશ દ્વારા તેના વિવાદિત નકશા માટે બંધારણીય સુધારો સ્થગિત કરાયો - **<u>નેપાળ</u>**
2. તાજેતરમાં નેપાળ દ્વારા ભારતના કયા ત્રણ પ્રદેશો તેના નવા નકશામાં દર્શાવવામાં આવતા વિવાદ સર્જાયો હતો - **<u>કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા</u>**
3. વર્તમાનમાં પાડોશી દેશ નેપાળના મુખ્ય રાજકીય પક્ષનું નામ જણાવો - **<u>જનતા સમાજવાદી પક્ષ</u>**
4. નેપાળના વર્તમાન વડાપ્રધાનનું નામ જણાવો - **<u>કે.પી. શર્મા ઓલી</u>**
5. ગુજરાતનાં ગામડાંઓમાં પીવાના પાણીના પ્રશ્નોની ફરિયાદ અને તેના ઉકેલ માટે ગુજરાત સરકાર દ્વારા કયો ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર શરૂ કરાયો છે- **<u>1916</u>**
6. મે 2020માં કયા દેશ દ્વારા વિશ્વના સૌથી ઊંચા પર્વત "માઉન્ટ એવરેસ્ટ"ની ઊંચાઇ માપવામાં આવી- **<u>ચીન</u>**
7. મે 2020માં ચીન દ્વારા વિશ્વના સૌથી ઊંચા પર્વત "માઉન્ટ એવરેસ્ટ"ની ઊંચાઇ માપવામાં આવી છે તેની ઊંચાઈ જણાવો - **<u>8844.43 મીટર</u>**
8. અગાઉ નેપાળ દ્વારા માપવામાં આવેલી માઉન્ટ એવરેસ્ટની ઊંચાઇ કેટલી છે - **<u>8848.13 મીટર</u>**
9. તાજેતર મે 2020માં ભારતીય વાયુદળ દ્વારા સ્વદેશી 'તેજસ માર્ક-1'ફાઈટર વિમાનને કઈ સ્કવૉડ્રનમાં સામેલ કરાયું - **<u>સ્કવૉડ્રન-18</u>**
10. તાજેતર મે 2020માં ભારતીય વાયુદળ દ્વારા સ્વદેશી 'તેજસ માર્ક -1'ફાઈટર વિમાનને સ્કવૉડ્રન-18માં કયા એરબેઝ ઉપરથી સામેલ કરાયું - **<u>સુલુર એરબેઝ, કોઈમ્બતુર</u>**
11. ભારતીય વાયુદળ દ્વારા સ્વદેશી 'તેજસ માર્ક -1' ફાઈટર વિમાનને સૌપ્રથમ કઈ સ્કવૉડ્રનમાં સામેલ કરાયું- **<u>સ્કવૉડ્રન - 45</u>**

12. વર્ષ 1965માં રચાયેલી સ્કવૉડ્રન-18ને ભારતીય વાયુદળ દ્વારા પુન: ક્યારે સક્રિય કરાઈ- **એપ્રિલ-2020**
13. LCA તેજસ કઈ ભારતીય કંપની દ્વારા તૈયાર કરાયું છે - **હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ**
14. તાજેતર મે 2020માં ભારતીય વાયુદળ દ્વારા સ્વદેશી 'તેજસ' ફાઈટર વિમાનને સ્કવૉડ્રન-18માં કોના દ્વારા ઉડ્ડયન કરીને સામેલ કરાયું- **એર ચીફ માર્શલ આર. કે. એસ. ભદૌરીયા**
15. ભારતીય વાયુદળના વર્તમાન વડાનું નામ જણાવો- **એર ચીફ માર્શલ આર. કે. એસ.ભદૌરીયા**
16. LCA 'તેજસ' નામ કયા વડાપ્રધાન દ્વારા અપાયું હતું- **પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપેઈ**
17. તેજસના શરૂઆતી વર્ઝન કરતાં વર્તમાન વર્ઝન વધારે એડવાન્સ છે તેને કયા નામે ઓળખાય છે - **તેજસ માર્ક-૧**
18. LCAનું વિસ્તૃત નામ જણાવો – **લાઈટ કોમ્બેક્ટ એરક્રાફ્ટ**

**DATE : 28-05-2020**

## ૧. વન સન, વન વર્લ્ડ વન ગ્રિડ યોજના-પ્રોજેક્ટ OSOWOG : ભારત સરકાર (સૌર ઊર્જા)

**હેતુ :**

✓ ઊર્જા ક્ષેત્રે વૈશ્વિક ભૂમિકામાં આગળ વધવા માટે વૈશ્વિક ઈલેક્ટ્રિક સિટી બનાવવાના હેતુથી ભારત સરકાર વન સન, વન વર્લ્ડ વન ગ્રિડ (OSOWOG) પ્રોજેક્ટ હાથ ધર્યો

**OSOWOG (ઓસોવોગ) વિશે :**

✓ લોંગ ટર્મ વિઝન યોજનાને વાસ્તવિકરૂપ આપવા, રોડમેપ તૈયાર કરવા અને સંસ્થાગત ફ્રેમવર્ક તૈયાર કરવા માટે સલાહકારો પાસેથી પણ સૂચનો મગાવાયા.

✓ આ પ્રોજેક્ટને પેરિસ ક્લાઇમેટ કરારમાંથી અમેરિકાનું ખસી જવું અને ચીનના વન બેલ્ટ વન રોડ પહેલના જવાબ તરીકે જોવાઈ રહ્યો છે.

✓ ચીનના વન બેલ્ટ વન રોડ પ્રોજેક્ટમાં એશિયા, આફ્રિકા અને યુરોપમાં રેલવે, બંદર અને પાવર ગ્રિડ જેવા માળખાકીય પ્રોજેક્ટોમાં કરોડો ડોલરનું રોકાણ થવાનું છે.

**સોલર ગ્રિડના બે ઝોનમાં કયા કયા દેશો હશે**

✓ પૂર્વ ઝોન - મ્યાનમાર, વિયેતનામ, થાઇલેન્ડ, અને કંબોડિયા જેવા દેશો.

✓ પશ્ચિમ ઝોન - મધ્યપૂર્વ અને આફ્રિકાના દેશો.

**આઇએસએમાં ભારત સહિત ૬૭ દેશોનો સમાવેશ**

✓ ભારતની ગ્લોબલ ગ્રિડ યોજનાથી સહસંસ્થાપિત ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (આઇએસએ)ને પણ લાભ થશે.

✓ આ પ્રોજેક્ટને ક્લાઇમેટ ચેન્જ સામે ભારતના હુકમનો એક્કો ગણાય છે અને તેને વિદેશ નીતિનું એક શસ્ત્ર તરીકે જોવામાં આવે છે.

✓ ISAનું વડુમથક : ગુરૂગ્રામ-હરિયાણા

## ✓ ૨. ચીન : ચીનની સંસદમાં હોંગકોંગમાં સિક્યુરિટી લૉ અમલી બનાવતું બિલ પસાર (વૈશ્વિક બાબતો)

**બિલની જોગવાઈ શું છે :**

✓ આ બિલમાં રાષ્ટ્રદ્રોહ, અલગતાવાદ માટે ઉશ્કેરણી, રાજ્ય કે દેશની સત્તા છીનવી લેવાની કામગીરી, આતંકવાદ અને રાષ્ટ્રીય સુરક્ષા જોખમાવે તેવા કાર્યો કે ષડ્યંત્ર રચવા માટે સજાની જોગવાઈ કરવામાં આવી છે.

✓ હોંગકોંગની સરકારને વચ્ચે રાખ્યા વિના ચીનનાં સત્તાવાળાઓ સીધી રીતે આ કાયદાનો અમલ કરી શકશે.

✓ ચીનની સંસદમાં હોંગકોંગમાં સિક્યુરિટી લૉને અમલી બનાવતા બિલને બહુમતીથી પસાર કરવામાં આવ્યું હતું.

✓ જો કે બિલનાં ટીકાકારોએ બિલને હોંગકોંગની સ્વતંત્રતા અને સ્વાયત્તતા છીનવી લેનારું ગણાવ્યું હતું.

✓ નેશનલ પીપલ્સ કોંગ્રેસનાં ૨,૮૭૮ સભ્યોમાંથી મોટાભાગનાં લોકોએ બિલની તરફેણમાં મત આપ્યા હતા. ફક્ત એક વ્યકિતએ જ વિરોધ કર્યો હતો અને ૬ ગેરહાજર રહ્યા હતા.

✓ સિક્યુરિટી કાયદાનો અંતિમ મુસદ્દો જૂનથી ઘડાવાનું શરૂ થશે અને સપ્ટેમ્બર સુધીમાં તેને મંજૂર કરીને અમલ કરાશે તેવું જાણવા મળે છે.

**વૈશ્વિક પ્રતિભાવો :**

✓ હોંગકોંગમાં લોકો ભારે વિરોધ સાથે રસ્તા પર ઊતરી આવ્યા હતા. હજારો લોકો શહેરમાં મોલ ખાતે એકઠા થયા હતા.

✓ દેખાવકારોએ ચીનનાં નેશનલ એન્થમ અને સિક્યુરિટી બિલનો સૂત્રો પોકારીને વિરોધ કર્યો હતો.

✓ કેટલાક લોકોએ હાથમાં જુદા જુદા સૂત્રો સાથે આઝાદીની માગણી કરી હતી.

- ✓ દેખાવકારોને અંકુશમાં લેવા પોલીસને બળ પ્રયોગ કરવો પડ્યો હતો.
- ✓ પોલીસે ૩૬૦થી વધુ લોકોની ધરપકડ કરી હતી. દેખાવકારો સામે પોલીસે કડક પગલાં લીધા હતા .
- ✓ અમેરિકા, બ્રિટન અને યુરોપના દેશો સહિત અનેક દેશોએ ચીનના આ પગલાંનો ભારે વિરોધ કર્યો છે.
- ✓ હોંગકોંગમાં રોકાણ કરનારાઓએ પણ તેની આકરી ટીકા કરી છે .
- ✓ યુએસ પ્રમુખ ટ્રમ્પ સહિત વિશ્વનાં કેટલાક નેતાઓએ હોંગકોંગની સ્વતંત્રતા પર તરાપ મારતા આ બિલનો ભારે વિરોધ કર્યો હતો જેને ફગાવીને અમેરિકા સાથેની તંગદિલી વચ્ચે બિલને પાસ કરવામાં આવ્યું હતું.
- ✓ મુખ્ય રાજકીય પક્ષ : નેશનલ પીપલ્સ કોંગ્રેસ (NPC)
- ✓ પ્રમુખ : શી જિનપિંગ

<u>૩. કોરોના મહામારી : વર્લ્ડ બેંક - વૈશ્વિક ગરીબી અંગે વર્લ્ડ બેંકનો અહેવાલ (રોજગારી)</u>

- ✓ વિશ્વનું સૌથી લાંબી મુદતનું લોકડાઉન ૪.૯ કરોડ લોકોને અત્યંત ગરીબીમાં ધકેલી દેશે

**<u>વૈશ્વિક અસરો :</u>**

<u>વિશ્વ :</u>

- ✓ મહામારીની આર્થિક અસરને કારણે મહામારી પહેલાં <u>જે લોકો પ્રતિદિન ૧.૯૦ ડોલરની આવકમાં જીવનનિર્વાહ કરી રહ્યા હતા તેવા વિશ્વભરના ૪.૯ કરોડ લોકો અંત્યંત ગરીબી</u>માં ફંગોળાઈ જશે.

<u>ભારત :</u>

- ✓ ભારતમાં પણ ૧.૨ કરોડ નાગરિકો હાંસિયામાં ધકેલાઈને અત્યંત ગરીબ બની રહેશે. સીએમઆઇઇના અંદાજો મુજબ માત્ર ગયા મહિને એપ્રિલમાં જ ભારતમાં ૧૨.૨ કરોડ લોકો નોકરી છોડવા મજબૂર બન્યા હતા.
- ✓ દૈનિક રોજી રળતો સમુદાય અને નાના ધંધામાં રોજગારી મેળવતો સમુદાય તેનો સૌથી મોટો શિકાર બન્યો હતો.
- ✓ તેમાં ફેરિયા, બાંધકામ ઉદ્યોગમાં કામ કરતા લોકોનો પણ તેમાં સમાવેશ થાય છે.

<u>૪. કોરોના મહામારી : યુનિસેફ (બાળ વિકાસ)</u>

**<u>અહેવાલ</u>** : <u>વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં વધુ ૮.૬ કરોડ બાળકો ગરીબીમાં હોમાશે</u>

- ✓ યુનિસેફ અને માનવતાવાદી સંગઠન સેવ ધ ચાઇલ્ડ દ્વારા હાથ ધરાવામાં આવેલા અભ્યાસના તારણમાં જણાવ્યા મુજબ કોવિડ-૧૯ની પડેલી આર્થિક અસરોને કારણે વર્ષ ૨૦૨૦ના અંતભાગ સુધીમાં ૮.૬ કરોડ વધુ બાળકો ગરીબીના ખપ્પરમાં હોમાશે.
- ✓ અત્યંત ગરીબીનો સામનો કરી રહેલા પરિવારોની સંખ્યા વધવા સાથે તે પરિવારોના બાળકોની સંખ્યા પણ વધીને કુલ ૬૭.૨ કરોડ થઈ જશે .

<u>૫. આધાર-ફ્રી ઇન્સ્ટન્ટ પાન કાર્ડ સુવિધા લોંચ :કેન્દ્ર સરકાર (આર્થિક સુવિધા)</u>

- ✓ કેન્દ્રના નાણાં પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા તા.૨૮મી મે-૨૦૨૦ના રોજ આધાર કાર્ડ આધારિત ઈન્સ્ટન્ટ પાનકાર્ડ સુવિધા લૉન્ચ.
- ✓ આધાર કાર્ડ આધારિત e-KYCનો ઉપયોગ કરીને ફક્ત ૧૦ મિનિટમાં કોઈપણ ચાર્જ ચૂકવ્યા વિના મફતમાં પાન કાર્ડ મેળવી શકાશે.
- ✓ તમામ પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN) ધરાવતા અરજદારો કે જેઓ માન્ય આધાર કાર્ડ ધરાવતા હોય અને તેમનો મોબાઈલ નંબર UIDAIનાં ડેટાબેઝ સાથે રજિસ્ટર્ડ કરેલો હોય તેવા તમામ લોકો આ સુવિધાનો લાભ મેળવી શકે છે.
- ✓ આવકવેરા વિભાગ દ્વારા રિયલ ટાઈમ બેસિસનાં ધોરણે પેપરલેસ રીતે ઈલેક્ટ્રોનિક પાન કાર્ડ એટલે કે e-PAN કાર્ડ અરજદારોને વિનામૂલ્ય આપવામાં આવશે.

**<u>ઈન્સ્ટન્ટ પાનકાર્ડ માટે અરજી કરવાની પ્રોસેસ</u>**

- ✓ ઈન્સ્ટન્ટ પાનકાર્ડ માટે આવકવેરા વિભાગની ઈ-ફાઈલિંગ વેબસાઈટ ઉપર જઈને કરદાતાએ તેમનો આધાર નંબર મોકલી આપવાનો રહેશે તેમજ આધાર રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર આપવામાં આવેલો OTP મોકલી આપવાનો રહેશે.
- ✓ પ્રોસેસ પૂરી થયા પછી ૧૫ આંકડાનો એકનોલેજમેન્ટ નંબર જનરેટ કરવાનો રહેશે.
- ✓ આવો નંબર એલોટ કરવામાં આવ્યા પછી પોર્ટલમાંથી તરત જ e-PAN કાર્ડ ડાઉનલોડ કરવાનું રહેશે.
- ✓ અરજદારને ઈ-મેઈલ આઈડી પર પણ ઈ-પાન કાર્ડ મોકલી આપવામાં આવશે.

<u>૬. કોરોના મહામારી : નિર્ણય (આરોગ્ય)</u>

- ✓ ગુજરાતમાં ખાનગી હોસ્પિટલમાં ૫૦ ટકા પથારીઓ કોરોનાના દરદીઓ માટે અનામત રાખવા આરોગ્ય વિભાગનો આદેશ

- ✓ એપેડેમિક ડીસીઝ એક્ટ હેઠળ મળેલી સત્તાની રૂએ રાજ્યના આરોગ્ય વિભાગના અધિક નિયામક દ્વારા ખાનગી હોસ્પિટલો માટે આદેશ બહાર પાડવામાં આવ્યો છે.
- ✓ જે મુજબ રાજ્યમાં આવેલી તમામ ખાનગી હોસ્પિટલો , નર્સીંગ હોમ કે જે 20 કે તેથી વધુ બેડની સુવિધા ધરાવતી હોય તેમને કુલ બેડના 50 ટકા બેડ કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલા દરે સારવાર માટે ઉપલબ્ધ કરાવવાના રહેશે.
- ✓ સુપ્રીમકોર્ટના નિર્દેશને પગલે રાજ્ય સરકારે ખાનગી હોસ્પિટલો માટે આ આદેશ જારી કર્યો છે .

## ૭. ભારતમાં FDI (વિદેશી રોકાણ)

**વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતમાં FDI ૧૩ ટકા વધીને રેકોર્ડ ૪૯.૯૮ અબજ ડોલર**

- ✓ ગત વર્ષની સ્થિતિ : ભારતમાં એપ્રિલથી માર્ચ ૨૦૧૮-૧૯માં FDI ૪૪.૩૬ અબજ ડોલર થયુ હતુ

વર્ષ ૨૦૧૯-૨૦માં સૌથી વધુ FDI

- ✓ દેશ : સિંગાપોર
- ✓ રોકાણ : ૧૪.૬૭ અબજ ડોલર

**ભારતમાં સેક્ટર મુજબ રોકાણની વિગતો :**

- ✓ સેકટર-ક્ષેત્રો પ્રમાણે ફોરેન રોકાણમાં વર્ષ ૨૦૧૯-૨૦માં સર્વિસિઝમાં ૭.૮૫ અબજ ડોલર, કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેરમાં ૭.૬૭ અબજ ડોલર, ટેલીકોમ્યુનિકેશન્સમાં ૪.૪૪ અબજ ડોલર, ટ્રેડીંગમાં ૪.૫૭ અબજ ડોલર, ઓટોમોબાઈલમાં ૨.૮૨ અબજ ડોલર, કન્ટ્રકશનમાં ૨ અબજ ડોલર અને કેમિકલ્સમાં એક અબજ ડોલરનું રોકાણ થયું

**આંકડા આપનાર વિભાગ :**

- ✓ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)

**અન્ય દેશોમાં FDIની વિગતો :**

- ✓ આ એફડીઆઈ રોકાણમાં સૌથી વધુ રોકાણ સિંગાપુરથી ૧૪.૬૭ અબજ ડોલરનું થયું.
- ✓ મોરિશિયસથી ૮.૨૪ અબજ ડોલર, કેયમેન આયલેન્ડથી ૩.૭ અબજ ડોલર, જાપાનથી ૩.૨૨ અબજ ડોલર અને ફ્રાંસથી ૧.૮૯ અબજ ડોલર થયું છે.

## ૮.ભારત-ચીન વચ્ચે તુલના (વિદેશ નીતિ)

**વસતી ક્ષેત્રફળ અને બિઝનેસમાં બંને દેશો વચ્ચેનો તફાવત :**

**ક્ષેત્રફળ :**

- ✓ ચીન પાસે ૯૬ લાખ વર્ગ કિલોમીટરની જમીન છે.
- ✓ ભારત પાસે ૩૩ લાખ વર્ગ કિલોમીટરનો વિસ્તાર છે, પરંતુ ભૌગોલિક રીતે ભારત વધુ સમૃદ્ધ છે. ભારતની જમીન વધુ ફળદ્રુપ છે.

**વસતિ :**

- ✓ ચીનની વસતિ ૧૪૩ કરોડ છે.
- ✓ ભારતની વસતિ અંદાજે ૧૩૭ કરોડ છે.

**બિઝનેસમાં બંને દેશ વચ્ચે તફાવત :**

- ✓ ભારતની જીડીપી ૨૨૫૬ અબજ ડોલર છે.
- ✓ ચીનની જીડીપી ૧૧,૨૧૮ અબજ ડોલર છે.
- ✓ માથા દીઠ જીડીપી ભારતમાં ૬૬૧૬ ડોલર ચીનમાં ૧૫,૩૯૯ ડોલર છે.
- ✓ ભારતમાં સરેરાશ માથાદીઠ વાર્ષિક આવક ૧૭૪૩ ડોલર છે.
- ✓ ચીનમાં ૮૮૦૬ ડોલર છે.
- ✓ ચીનનો વેપાર ૨૦૧૮માં ૫૨ અબજ ડોલર હતો.
- ✓ ભારતનો વેપાર ૨૪.૭૦ અબજ ડોલર હતો.

## ૯. ASIનો અહેવાલ : વિયેતનામમાં હેરિટેજ સાઈટ ચામ મંદિર સંકુલમાંથી નવમી સદીનું શિવલિંગ મળી આવ્યું (ઈતિહાસ-પ્રાચીન સ્થાપત્ય)

- ✓ વિયેતનામના ચામ મંદિરના જિણોદ્ધારનું કામ કરતાં ભારતના આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા-એએસઆઈને નવમી સદીનું શિવલિંગ મળી આવ્યું છે.
- ✓ એએસઆઈની ચાર સભ્યોની ટીમ માય સોન ખાતે જિર્ણોદ્ધાર અને જાળવણીની ચોથી સિઝનમાં વ્યસ્ત છે.
- ✓ આ વર્ષે તેઓ જાન્યુઆરીથી જુન સુધી કામ કરશે.
- ✓ એએસઆઇ દ્વારા આ મંદિર સંકુલમાં બે અલગ અલગ જૂથોમાં કામ કરીને મંદિરોનો જિર્ણોદ્ધાર કર્યો છે. ટીમ હવે ત્રીજા ગ્રુપ મંદિર પર કામ કરી રહ્યા છે.
- ✓ આ બાબત બંને દેશો વચ્ચે સભ્યતાનો સંપર્ક દર્શાવે છે. ભારતના વિકાસનું આ એક સાંસ્કૃતીક ઉદાહરણ છે.
- ✓ ચામ મંદિર સંકુલ એ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટનો હિસ્સો.
- ✓ વિયેટનામના કુઆંગ નામ પ્રાંતમાં માયસોન ખાતે તે આવેલું છે.

- ✓ ઐતિહાસિક મહત્વ: નવમી સદીમાં રાજા ઇન્દરવર્મન બીજાએ આ મંદિરો બનાવ્યા હતા.
- ✓ આ જ વિસ્તારમાં ડાંગડોંગ બૌદ્ધ મઠ પણ આવેલો છે.
- ✓ અગાઉ માયસોન મંદિર સંકુલમાંથી છ અન્ય શિવલિંગો મળી આવ્યા હતા પણ આ મોનોલિથિક શિવલિંગ પર કોતરણી હોવાથી તેનું મહત્વ વધારે છે .

૧૦. જન્મ દિન વિશેષ : ૨૮ મે

ક્રાંતિવીર : વી.ડી. સાવરકર

જન્મ – ૨૮ મે-૧૮૮૩ અવસાન – ૨૬મી ફેબ્રુઆરી-૧૯૬૬

જન્મ સ્થળ:ભગુર, જિલ્લો- નાસિક (મહારાષ્ટ્ર)

- ✓ આજે ક્રાંતિકારી વિનાયક દામોદર સાવરકર, અભિનેતા અને રાજનેતા એન. ટી. રામારાવનો જન્મદિવસ છે.
- ✓ સાવરકરની શૈક્ષણિક કારકિર્દી ઘણી તેજસ્વી હતી.
- ✓ સાવરકર શરૂમાં લોકમાન્ય ટિળક અને તેમના કેસરી પત્રથી પ્રભાવિત હતા.
- ✓ મહારાષ્ટ્રમાં ચાફેકર બંધુઓની ફાંસી વખતે બાળ સાવરકરે ઉપવાસ કર્યો હતો.
- ✓ 1906માં કાયદાનો અભ્યાસ કરવા ગયા.
- ✓ અભિનવ ભારત નામની સંસ્થાની સ્થાપના કરી વિદેશોમાં ભારતની આઝાદી માટે જાગૃતિ લાવવાના પ્રયાસો બદલ સાવરકરની ધરપકડ કરવામાં આવી.
- ✓ ઇંગ્લેન્ડથી ભારત લાવતા હતા ત્યારે મોરિયા નામના જહાજમાંથી છલાંગ લગાવી દરિયામાં કૂદી પડ્યા, ફરી પકડાયા અને કાલાપાનીની સજા માટે અંદમાન નિકોબારની સેલ્યુલર જેલમાં મોકલાયા.
- ✓ જેલમાં કોલસાથી દીવાલો પર કવિતાઓ લખતા, સાવરકરે ગોમાન્તક નામથી મહાકાવ્ય, હિંદુ પદ પાદશાહી, મેરા આજન્મ કારાવાસ જેવા પુસ્તકો પણ લખ્યા છે.
- ✓ 20 મે 1937ના રોજ અંદમાનથી સાવરકરની મુક્તિ થયા પછી હિન્દુ મહાસભાના પ્રમુખ બન્યા.
- ✓ “સ્વતંત્રતા અમારું ધ્યેય છે, આઝાદી અમારો રાષ્ટ્રધર્મ છે અને ગુલામીમાંથી મુક્તિ અમારો મોક્ષ છે” એ જીવન મંત્ર બનાવનારા સાવરકરનું 26 ફેબ્રુઆરી 1966ના રોજ અવસાન થયું.

✓ અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૫-૨૦૨૦)

1. વૈશ્વિક ક્ષેત્રે સૌર ઊર્જામાં પોતાની ભૂમિકા નિશ્ચિત કરવા માટે ભારત સરકાર કઈ યોજના- પ્રોજેક્ટ લોન્ચ કરવા જઇ રહી છે- **OSOWOG**
2. OSOWOGનું વિસ્તૃત નામ જણાવો- **વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ**
3. ભારત હવે વૈશ્વિક ભૂમિકામાં આગળ વધવા "વૈશ્વિક ઇલેક્ટ્રિક સિટી"બનાવવાના હેતુથી કઈ યોજના લોન્ચ કરવા જઈ રહ્યું છે- **OSOWOG**
4. OSOWOG પ્રોજેક્ટ ચીનની કઈ યોજના સામે ભારતનો પડકારના રૂપમાં જોવામાં આવે છે- **વન બેલ્ટ, વન રોડ**
5. ભારત અને ફ્રાન્સની સહયોગથી કાર્યરત ISAમાં હાલ કેટલા દેશો જોડાયા છે- **67**
6. ISAનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ**
7. OSOWOG પ્રોજેક્ટમાં પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં કયા કયા દેશોનો સમાવેશ થાય છે - **પૂર્વ ઝોન- મ્યાનમાર, વિયેતનામ, થાઇલેંડ અને કમ્બોડિયા જેવા દેશો, પશ્ચિમ ઝોન- મધ્ય પૂર્વ અને આફ્રિકન દેશો**
8. તાજેતરમાં ચીનની સંસદમાં કયા દેશમાં સિક્યુરિટી લૉ અમલી બનાવતું બિલ બહુમતીથી પસાર કરાયું- **હોંગકોંગ**
9. વર્તમાનમાં ચીનનો મુખ્ય શાસક પક્ષ જણાવો- **નેશનલ પીપલ્સ કોંગ્રેસ**
10. મે 2020ના વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ કોરોનાના કારણે વિશ્વનું સૌથી લાંબી મુદતનું લૉકડાઉન વિશ્વના કેટલા લોકોને અત્યંત ગરીબીમાં ધકેલી દેશે - **4.9 કરોડ**
11. -મે 2020ના વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ કોરોનાના કારણે વિશ્વનું સૌથી લાંબી મુદતનું લૉકડાઉન ભારતના કેટલા લોકોને અત્યંત ગરીબીમાં ધકેલી દેશે-**1.2 કરોડ**
12. મે 2020ના વર્લ્ડ બેન્કના અહેવાલ મુજબ વર્તમાનમાં પ્રતિદિન કેટલા ડોલરની આવકમાં જીવન નિર્વાહ કરી રહેલા લોકો કોરોનાના કારણે અત્યંત ગરીબીમાં ધકેલાઈ જશે- **1.90 $**
13. યુનિસેફના મે 2020ના અહેવાલ મુજબ કોરોના મહામારીના કારણે વિશ્વમાં કેટલા બાળકો વર્ષ 2020ના અંત સુધીમાં ગરીબીમાં હોમાશે - **8.6 કરોડથી વધુ**
14. મે 2020માં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને ત્વરિત પાન કાર્ડ મેળવવા માટેની કઈ યોજના લોન્ચ કરી

- **આધાર- ફ્રી ઇન્સ્ટન્ટ પાનકાર્ડ(e-PAN કાર્ડ)/ ઇલેક્ટ્રોનિક પાનકાર્ડ**

15. ગુજરાતમાં ખાનગી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે કેટલા ટકા પથારીઓ અનામત રાખવામાં આવશે- **50%**
16. વર્ષ 2019-20મા ભારતમાં એફડીઆઇમાં કેટલા ટકાનો વધારો થયો - **13%**
17. વર્ષ 2019-20ની સ્થિતિએ ભારતમાં કેટલી રકમનું એફડીઆઇ- સીધું વિદેશી રોકાણ થયું - **49.98 અબજ ડોલર**
18. વર્ષ 2018-19ની સ્થિતિએ ભારતમાં કેટલી રકમનું એફડીઆઇ- સીધું વિદેશી રોકાણ થયું હતું - **44.36 અબજ ડોલર**
19. વર્ષ 2019-20માં સૌથી વધુ વિદેશી રોકાણ મેળવનાર દેશ અને રોકાણ જણાવો - **સિંગાપોર અને 14.67 અબજ ડોલર**
20. વર્ષ 2019-20માં ભારતમાં સૌથી વધુ વિદેશી રોકાણ કયા ક્ષેત્રમાં, કેટલું આવ્યું - **સર્વિસિઝ અને 7.85 અબજ ડોલર**
21. ભારત અને ચીનનું જમીન વિસ્તારનું ક્ષેત્રફળ જણાવો- **ભારત-33 લાખ વર્ગ કિલોમીટર અને ચીન-96 લાખ વર્ગ કિલોમીટર**
22. તાજેતરમાં ASI દ્વારા કયા દેશમાં જીર્ણોદ્ધાર દ્વારા નવમી સદીનું શિવલિંગ મળી આવ્યું છે - **વિયેતનામ**
23. તાજેતરમાં વિયેતનામમાં કયા મંદિર સંકુલમાંથી નવમી સદીનું શિવલિંગ મળી આવ્યું છે - **ચામ મંદિર**
24. નવમી સદીમાં વિયેતનામમાં ચામ મંદિર કયા રાજાએ બંધાવ્યું હતું - **રાજા ઇન્દરવર્મન બીજો**
25. ચામ મંદિરને યુનેસ્કો દ્વારા કયો દરજ્જો અપાયો છે - **વર્લ્ડ હેરિટેજ સાઈટ**
26. ચામ મંદિર એ વિયેતનામમાં કયાં અને કયા પ્રાંતમાં આવેલું છે - **માયસોન અને કુઆંગ પ્રાંત**
27. ASIનું વિસ્તૃત નામ જણાવો - **આર્કિયોલોજિકલ સરવે ઓફ ઇન્ડિયા**
28. ક્રાંતિવીર વીર સાવરકરનો જન્મદિવસ જણાવો - **28 મે 1883**
29. વીર સાવરકરનું જન્મ સ્થળ જણાવો- **ભગુર, મહારાષ્ટ્ર**
30. સજાએ કાલાપાની દરમિયાન આંદામાનની જેલમાં વીર સાવરકર દ્વારા લખાયેલ પુસ્તકો નામ જણાવો- **ગોમાન્તક મહાકાવ્ય, હિંદુ પદ પાદશાહી, મેરા આજન્મ કારાવાસ**
31. ક્રાંતિવીર વીર સાવરકરનું આખું નામ જણાવો- **વિનાયક દામોદર સાવરકર**
32. વીર સાવરકરનું અવસાન ક્યારે થયું હતું - **26 ફેબ્રુઆરી 1966**

**DATE : 29-05-2020**

---

## ૧.નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ - NSO : ભારત સરકાર (આર્થિક)

**NSO દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ના ભારતના આર્થિક વિકાસના આંકડા જાહેર**

**આંકડાકીય માહિતી :**

✓ વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતનો જીડીપી ગ્રોથ રેટ ૪.૨ ટકા નોંધાયો છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી ઓછો

✓ જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૦ સુધીના અંતિમ ત્રિમાસિક ગાળામાં જીડીપી વૃદ્ધિદર ૩.૧ ટકા

**ચોથા ત્રિમાસિકમાં બદતર દેખાવ :**

| | |
|---|---|
| ૫.૯૨ ટકા | કૃષિ સેક્ટર |
| ૨.૨ ટકા | કેન્સ્ટ્રક્શન સેક્ટર |
| ૧.૪ ટકા | મેન્યુફેક્ચરિંગ સેક્ટર |
| ૨.૬ ટકા | હોસ્પિટાલિટી સેક્ટર |

**કયા સેક્ટરમાં કેટલો ઘટાડો :**

| | |
|---|---|
| ૧૫.૫ ટકા | કોલ સેક્ટર |
| ૮૬ ટકા | સિમેન્ટ સેક્ટર |
| ૮૩.૯ ટકા | સ્ટીલ સેક્ટર |
| ૪.૫ ટકા | ફર્ટિલાઇઝર સેક્ટર |
| ૬.૪ ટકા | ફ્રૂડ ઓઇલ સેક્ટર |
| ૧૯.૯ ટકા | નેચરલ ગેસ |
| ૨૨.૮ ટકા | વીજળી સેક્ટર |

**વર્ષ ૨૦૧૯-૨૦નું આર્થિક ચિત્ર :**

| | |
|---|---|
| ૫.૨ ટકા | એપ્રિલ-જૂન ૨૦૧૯ |
| ૪.૪ ટકા | જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૧૯ |
| ૪.૧ ટકા | ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૯ |

| ૪.૨ ટકા | જાન્યુઆરી-માર્ચ ૨૦૨૦ |
|---|---|

**લોકડાઉન બાદ દેશના સર્વિસ સેક્ટરને સૌથી મોટી અસર**

- ✓ ભારતના જીડીપીમાં પંચાવન ટકાનો હિસ્સો ધરાવતા સર્વિસ સેક્ટરને ૨૫ માર્ચ પછી દેશમાં લદાયેલા લોકડાઉનના કારણે સૌથી મોટી અસર પડી છે.
- ✓ ૨૦૧૯-૨૦ના છેલ્લા ત્રિમાસિકમાં ટ્રેડ, હોટેલ અને ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં વૃદ્ધિદર ૨.૬ ટકા વધ્યો હતો. ફાઇનાન્શિયલ સર્વિસિઝમાં ૨.૪ ટકાનો વધારો નોંધાયો હતો.

**દેશવ્યાપી લોકડાઉનના પગલે એપ્રિલ ૨૦૨૦માં દેશના ૮ કોર સેક્ટરના આઉટપુટમાં ૩૮ ટકાનો તોતિંગ ઘટાડો**

- ✓ લોકડાઉનના કારણે દેશના અર્થતંત્ર પર ગંભીર અસર પડી હોવાનું પ્રતિબિંબ પાડતાં મહત્ત્વના કોર સેક્ટરના આઉટપુટમાં એપ્રિલ ૨૦૨૦માં ૩૮ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો હતો. અર્થતંત્રના મહત્ત્વના એવા ૮ સેક્ટરના આઉટપુટમાં માર્ચ મહિનામાં ૯ ટકા સુધી ઘટાડો થયો હતો.
- ✓ એપ્રિલ મહિનામાં સંપૂર્ણ લોકડાઉન હોવાના કારણે દેશમાં કોઈ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ થઈ શકી નહોતી જેની કોર સેક્ટર પર ગંભીર અસર થઈ છે.

**પ્રતિ વ્યક્તિ આવક 6.1 ટકા વધી 1.4 લાખ રૂપિયા થઈ**

- ✓ 2011-12ના સ્થિર મૂલ્યો પર 2019-20માં જીડીપીનો આકાર 145.66 લાખ કરોડ રૂપિયા થવાનો અનુમાન છે.
- ✓ આ એક વર્ષ પહેલાં 139.81 લાખ કરોડ રૂપિયા હતું.
- ✓ વર્તમાન મૂલ્યો પર તે 203.40 લાખ કરોડ રૂપિયા છે.
- ✓ જ્યારે સ્થિર મૂલ્યની દૃષ્ટિએ 2869 રૂપિયા ( 3.12 % ) વધી 94,954 રૂપિયા રહી છે.

**વિગતવાર વિવરણ**

- ✓ આંકડાકીય મંત્રાલયે જણાવ્યું હતું કે, ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષમાં ભારતના જીડીપીનો ગ્રોથરેટ ૪.૨ ટકા ઉપર રહ્યો હતો.
- ✓ આમ ગ્રોથરેટ ૧૧ વર્ષના તળિયે પહોંચી ગયો છે.
- ✓ ૨૦૧૮-૧૯માં ભારતના જીડીપીનો ગ્રોથરેટ ૬.૧ ટકા રહ્યો હતો
- ✓ આમ એક વર્ષમાં દેશના અર્થતંત્રના વૃદ્ધિદરમાં ૧.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.
- ✓ ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષના છેલ્લા અને ચોથા જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રિમાસિકમાં જીડીપીનો વૃદ્ધિદર ૩.૧ ટકા રહ્યો હતો જે છેલ્લા બે વર્ષનો સૌથી ધીમો વૃદ્ધિદર હતો.
- ✓ આ પહેલાં ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષના ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના ત્રીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથરેટ ૪.૧ ટકા (સુધારેલો), બીજા અને પહેલા ત્રિમાસિકમાં અનુક્રમે ૪.૪ અને ૫.૨ ટકા નોંધાયો હતો.
- ✓ જાન્યુઆરીથી માર્ચ સુધીના ચોથા ત્રિમાસિકમાં ગ્રોથરેટમાં મોટો ઘટાડો નોંધાતાં આખા વર્ષનો ગ્રોથરેટ તળિયે બેઠો હતો. ગ્રોસ વેલ્યૂ એડેડ (જીવીએ)ના આધારે દેશના અર્થતંત્રે ૨૦૧૯-૨૦ના ચોથા ત્રિમાસિકમાં ૩ ટકા અને ત્રીજા ત્રિમાસિકમાં ૪.૫ ટકાના દરે વિકાસ કર્યો હતો.
- ✓ ચોથા ત્રિમાસિકમાં સરકારની ટેક્સની આવકમાં પણ મોટો ઘટાડો નોંધાતાં આખા વર્ષનો જીવીએ ૩.૯ ટકા પર રહ્યો હતો. ચોથા ત્રિમાસિકમાં એકમાત્ર કૃષિ સેક્ટરમાં બમ્પર રવી પાકના કારણે ૫.૯ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી.
- ✓ ભારતમાં કોરોના મહામારીના પ્રસાર માટે ૨૫મી માર્ચથી લોકડાઉનનો અમલ શરૂ કરાતાં છેલ્લા ત્રિમાસિકમાં માર્ચના ૭ દિવસ આર્થિક પ્રવૃત્તિઓ થંભી ગઈ હતી પરંતુ મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, માર્ચ મહિનામાં લદાયેલા લોકડાઉનના કારણે જીડીપી ગ્રોથરેટ પર મોટી અસર થઈ છે. જોકે લોકડાઉનની ખરેખરી અસર તો વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં વધુ દેખાશે.
- ✓ **NSO :આંકડાકીય મંત્રાલય, ભારત સરકાર**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**૨. ગુજરાતમાં વર્ષ-૨૦૧૯-૨૦માં FDIની સ્થિતિ : ગુજરાત સરકાર(વિદેશી રોકાણ)**

**ગુજરાતમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ઔદ્યોગિક ક્ષેત્રે ૪૨,૯૭૬ કરોડનું જંગી વિદેશી રોકાણ આવ્યું**

- ✓ રોકાણના ઈરાદાઓ મેળવવામાં પણ ૫૧ ટકા IEM ગુજરાતમાં

**વિગત :**

- ✓ ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનેશનલ ટ્રેડ દ્વારા દેશના રાજ્યોએ મેળવેલા એફડીઆઇના લેટેસ્ટ આંકડા જાહેર કર્યા છે, આ એફડીઆઇ, રાજ્યમાં ૨૦૧૮-૧૯ના વર્ષમાં આવેલા રૂ.૧૨,૬૧૮ કરોડના એફડીઆઇની તુલનામાં ત્રણ ગણું હતું.




- ✓ દેશમાં એફડીઆઇનો વિકાસ દર ૧૪ ટકા વધ્યો હતો, જેની સામે ગુજરાતનો વૃદ્ધિ દર ઘણો વધુ રહ્યો છે.
- ✓ વર્ષ ૨૦૧૯-૨૦માં એફડીઆઈ મેળવવામાં કર્ણાટકનો ક્રમ બીજો રહ્યો હતો, પરંતુ એનાં કરતાંય ગુજરાતમાં એફડીઆઇ ૮ ગણું વધ્યું હતું.
- ✓ કુલ એફડીઆઇમાંથી ૩૪ ટકા રોકાણ ભાજપશાસિત કર્ણાટકમાં અને દિલ્હીમાં ૧૧ ટકા આવ્યું હતું.
- ✓ મહારાષ્ટ્રમાં એફડીઆઇ ઘટીને ૩ ટકા માઇનસ (નેગેટિવ) અને તામિલનાડુમાં ૮ ટકા માઇનસ (નેગેટિવ) આવ્યું છે.

<u>IEM :</u>

- ✓ ગુજરાતે ઇન્ડસ્ટ્રિયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ આઇઇએમ યાને રોકાણના ઇરાદાપત્રો કરવામાં દેશના કુલ આઇઈએમમાંથી ૫૧ ટકા ઇરાદાપત્રો મેળવી સિદ્ધિ હાંસલ કરી

**<u>અગાઉથી આયોજન :</u>**

- ✓ ગુજરાતમાં એપ્રિલ-૧૯થી ૩૦મી સપ્ટેમ્બર ૧૯ના ૬ મહિનામાં જ ૨૬૨ વિદેશી કંપનીઓએ કારોબાર શરૂ કરી દીધો હોવાનો દાવો કરતાં ઉદ્યોગ વિભાગના અગ્રસચિવે જણાવ્યું કે, ઓટોમોબાઇલ, હેવી ઇન્ડસ્ટ્રીઝ, કેમિકલ્સ એન્ડ પેટ્રો કેમિકલ્સ, ફાર્મા તેમજ સર્વિસ સેક્ટરમાં વધુ રોકાણો પ્રેરિત કરવા માટે એક હાઈપાવર કમિટીની રચના પણ કરાઈ છે.
- ✓ **<u>અહેવાલ :</u>** ઉદ્યોગ વિભાગ ગુજરાત સરકાર
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૩. અવસાન : રાજકારણ</u>

**<u>છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી અજીત જોગીનું ૭૪ વર્ષે નિધન</u>**




- ✓ વતન : ગૌરેલા
- ✓ કલેક્ટરની નોકરી છોડીને રાજકારણમાં આવ્યા હતા
- ✓ શરૂઆત કોંગ્રેસ પક્ષથી કરી
- ✓ હાલમાં છત્તીસગઢ જનતા કોંગ્રેસના વડા હતાં (નવો પક્ષ)
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## <u>૪.સોનમ વાંગચૂક: શિક્ષણવિદ-ઈનોવેટર (આત્મનિર્ભર ભારત)</u>


- ✓ **<u>ઝુંબેશ:</u>** ચીનને પાઠ ભણાવવા ‘બાયકોટ મેડ ઈન ચાઈના’નો પ્રારંભ
- ✓ આપણે સૌએ સ્વદેશી અપનાવીને ચીનની આર્થિક કમર તોડીએ તો ભારત માટે પણ વરદાન સાબિત થશે

**<u>ઝુંબેશના મહત્વના પાસાંઓ :</u>**

- ✓ ચીનને પાઠ ભણાવવા શિક્ષણવિદ અને ઈનોવેટર સોનમ વાંગચુકે ‘મેડ ઇન ચાઇના' વસ્તુઓનો બહિષ્કાર કરીને ચીનની આર્થિક સ્થિતિ નબળી પાડવા ઝુંબેશ હાથ ધરી છે.
- ✓ ચીનની વસ્તુઓનો એટલા મોટા પાયે બોયકોટ કરવો જોઇએ કે તેનું અર્થતંત્ર પડી ભાંગે અને ત્યાંની જનતા ગુસ્સામાં સત્તાપલટો કરી નાખે.
- ✓ આ ઝુંબેશ ભારત માટે પણ વરદાન સાબિત થશે.

**સોનમનો પરિચય**

**એવોર્ડ : ગ્લોબલ એવોર્ડ ઓફ સસ્ટેઈનેબલ આર્કિટેકટર**



- **જન્મ :** તા. ૦૧-૦૯-૧૯૬૬
- **સ્થળ :** યુલેટોક્પો (ULETOKPO)
- **સંસ્થા :** સ્ટૂડન્ટ્સ એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ મૂવમેન્ટ ઓફ લદ્દાખ
- **શિક્ષણ :** NIT-શ્રીનગર (વર્ષ-૧૯૮૭)
- ખાસ : થ્રિ-ઈડિયટ્સ ફિલ્મમાં સોનમની ભૂમિકા આમિર ખાને ભજવી હતી.
- વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**૫. અવસાન : વિખ્યાત જયોતિષ બેજાન દારૂવાલાનું ૯૦ વર્ષે અમદાવાદ ખાતે અવસાન**



- જન્મ : તા. ૧૧-૦૭-૧૯૩૧
- મુંબઈ, પારસી પરિવાર

**સચોટ આગાહી :**

- સંજય ગાંધીનું આકસ્મિક અવસાન થશે.
- ઇન્દિરા ગાંધીની હત્યા કરાશે.
- અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન બનશે.
- ગુજરાતમાં વિનાશક ભૂકંપ આવશે.
- કારગીલ યુદ્ધ
- ૨૦૦૪માં યુપીએનો વિજય થશે અને મનમોહન સિંહ વડાપ્રધાન બનશે.
- ૨૦૧૪માં નરેન્દ્ર મોદી પ્રચંડ વિજય સાથે વડાપ્રધાન બનશે.
- સેન્સેક્સ ૩૯ હજાર વટાવશે.
- વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**૬. અવસાન : ફિલ્મ ગીત સર્જક – ગીતકાર શ્રી યોગેશ ગૌરનું ૭૭ વર્ષે મુંબઈ ખાતે નિધન**

**Yogesh Gaur**




Yogesh Gaur

| | |
|---|---|
| **Born** | March 19, 1943<br>Lucknow, India |
| **Died** | May 29, 2020<br>(aged 77)<br>Vasai, Mumbai, India |

- જન્મ : લખનઉ
- વર્ષ : ૧૯૪૩

**પ્રચલીત ગીત :**

- જિંદગી કૈસી હૈ પહેલી,
- રિમઝિમ ગિરે સાવન
- આયે તુમ યાદ મુજે
- રજનીગંધા ફૂલ તુમ્હારે.
- વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૭. એવોર્ડ : ભારતીય સેનાના મેજર સુમન ગવાનીને UN મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત કરાયા (મહિલા સન્માન)






- ✓ પ્રથમ ભારતીય મહિલા અધિકારી
- ✓ UNના મહામંત્રી એન્ટોનિયો ગુટરેસ દ્વારા સન્માન અપાયું.
- ✓ શ્રી સુમન – UN મિલિટરી મિશન હેઠળ દક્ષિણ સુદાનમાં તહેનાત હતા.



- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૮. WHO : વિદ્યાર્થીઓમાં વ્યસન મુક્તિ (આરોગ્ય)

નવીન પહેલ : ઇનોવેટિવ ટૂલ કીટ લોન્ચ

**ટૂલ કીટ વિશે :**

- ✓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કિશોરોને તમાકુના વ્યસનથી બચાવવા માટે તા. ૨૯મી મે-૨૦૨૦ના રોજ નવા ઈનોવેટિવ ટૂલકિટ લૉન્ચ કરી હતી.
- ✓ તેને 13 થી 17 વર્ષના સ્કૂલના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે.
- ✓ તેમાં પાંચ મિનિટનો વીડિયો, 10 મિનિટની ક્વિઝ વગેરે સામેલ છે.
- ✓ આ ટૂલકિટમાં સંદેશ અપાયો છે કે, કેવી રીતે આવા ઉત્પાદનો વેચતી કંપનીઓ છેતરપિંડી કરે છે.

## ૯. નાણાકીય ખાદ્ય : ભારતમાં વર્ષ ૨૦૧૯-૨૦માં નાણાકીય ખાધ વધીને જીડીપીના ૪.૬ ટકા (આર્થિક વિકાસ)

**વિગત :**

- ✓ આવક નબળી રહેતા નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં દેશની નાણાકીય ખાધ વધીને જીડીપીના ૪.૬ ટકા થઇ છે.
- ✓ નાણાકીય ખાધ સરકારની આવક અને ખર્ચ વચ્ચેનો તફાવત છે.
- ✓ કન્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (સીજીએ)ના આંકડા અનુસાર ૨૦૧૯-૨૦માં નાણાકીય ખાધ જીડીપીના ૪.૫૯ ટકા છે.
- ✓ જ્યારે આવક ખાધ ૩.૨૭ ટકા છે .
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

## ૧૦. દિન વિશેષ : તારીખ ૨૯મે

**એવરેસ્ટ આરોહણ દિવસ**

તા.૨૯મી મે-૧૯૫૩



- ✓ **મહત્વ:** ભારતના શેરપા તેનસિંગે સૌપ્રથમ વિશ્વના સૌથી ઉંચા પર્વત હિમાલયના સર્વોચ્ચ શિખરે પહોંચીને ત્રિરંગો ફરકાવ્યો હતો.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

............જય હિન્દ............

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૫-૨૦૨૦)

1. વિશ્વમાં "એવરેસ્ટ આરોહણ" તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે - **29 મે, 1953**
2. કયા ભારતીય પર્વતારોહક દ્વારા સૌપ્રથમ એવરેસ્ટ આરોહણ કરીને વિશ્વના સૌથી ઉંચા શિખર ઉપર તિરંગો ફરકાવ્યો હતો- **શેરપા તેનસિંગ**
3. મે 2020ની સ્થિતિએ કેન્દ્ર સરકારની કઈ સંસ્થા દ્વારા ભારતના વર્ષે 2019-20ના આર્થિક વિકાસના આંકડા જાહેર કરવામાં આવ્યા - **NSO**
4. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિદર કેટલા ટકા નોંધાયો છે, જે છેલ્લા 11 વર્ષમાં સૌથી ઓછો છે - **4.2%**
5. NSO મુજબ વર્ષ 2018-19માં ભારતનો GDP વૃદ્ધિદર કેટલા ટકા નોંધાયો હતો- **6.1 %**
6. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતમાં જાન્યુઆરીથી માર્ચે 2020નો છેલ્લા ત્રિમાસિક ગાળામાં GDP વૃદ્ધિદર કેટલા ટકા રહ્યો - **3.1 %**
7. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતમાં જાન્યુઆરીથી માર્ચે 2020નો છેલ્લા ત્રિમાસિક ગાળામાં સૌથી વધુ કૃષિમાં વૃદ્ધિદર કેટલા ટકા રહ્યો - **5.9 %**
8. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતમાં જાન્યુઆરીથી માર્ચે 2020નો છેલ્લા ત્રિમાસિક ગાળામાં બાંધકામ, મેન્યુફેક્ચરિંગ અને હોસ્પિટલ ક્ષેત્રે વૃદ્ધિદર કેટલા ટકા રહ્યો - **અનુક્રમે 2.2%, 1.4% અને 2.6%**
9. NSO મુજબ વર્ષ 2019-20માં ભારતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ત્રિમાસિક ગાળામાં GDP વૃદ્ધિદર કેટલા ટકા રહ્યો હતો - **અનુક્રમે 5.2 %, 4.4 % અને 4.1 %**
10. ભારતમાં પ્રતિ વ્યક્તિ આવક કેટલા ટકા વધીને કેટલી થઈ **- 6.1 % અને રૂ.1.4 લાખ**
11. NSOનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ**
12. ગુજરાતમાં વર્ષ 2019-20માં ઔદ્યોગિક ક્ષેત્રે કેટલા કરોડનું જંગી વિદેશી રોકાણ આવ્યું છે- **રૂ. 42,976 કરોડ**
13. રોકાણના સૌથી વધુ ઈરાદા પત્રો મેળવવામાં પણ ગુજરાતે સમગ્ર દેશમાં કેટલા ટકા IEM મેળવવાની સિદ્ધિ પ્રાપ્તિ કરી છે - **51%**
14. IEM એટલે શું -**ઇન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ**
15. તાજેતરમાં છત્તીસગઢના કયા પ્રથમ મુખ્યમંત્રીનું 74 વર્ષે અવસાન થયું- **અજિત જોગી**
16. છતીસગઢ રાજ્યની રચના કયા વર્ષે, કયા વડાપ્રધાનશ્રીના સમયગાળામાં કરવામાં આવી હતી - **વર્ષ 2000 અને શ્રી અટલ બિહારી બાજપેઈ**
17. ભારત અને ચીનની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખીને " બોયકોટ મેડ ઈન ચાઇના" ઝુંબેશનો પ્રારંભ કોના દ્વારા કરવામાં આવ્યો છે - **શિક્ષણવિદ અને ઈનોવેટર શ્રી સોનમ વાંગચૂક- લદાખ**
18. શિક્ષણવિદ અને ઈનોવેટર શ્રી સોનમ વાંગચૂકના જીવન ઉપરથી બોલિવૂડમાં કઈ એક ફિલ્મ બની હતી- **3 idiots**
19. તાજેતરમાં ભારતના કયા વિખ્યાત જ્યોતિષશાસ્ત્રીનું 90 વર્ષે અમદાવાદ ખાતે અવસાન થયું - **બેજાન દારૂવાલા**
20. શ્રી બેજાન દારૂવાલાનો જન્મ કયાં અને કયા પરિવારમાં થયો હતો - **મુંબઈ અને પારસી પરિવાર**
21. હિન્દી ફિલ્મોના "જિંદગી કેસી હે પહેલી" અને "રિમઝિમ ગિરે સાવન" જેવા પ્રચલિત ગીતોના કયા રચયિતાનું તાજેતરમાં મુંબઈ ખાતે અવસાન થયું - **શ્રી યોગેશ ગૌર**
22. હિન્દી ફિલ્મોના ગીતકાર શ્રી યોગેશ ગૌરનો જન્મ ક્યાં થયો હતો - **લખનૌ ઉત્તર પ્રદેશ**
23. "UN મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધી યર" એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય મહિલા મેજર - **શ્રી સુમન ગવાની**
24. વિશ્વભરના 13 થી 17 વર્ષના વિદ્યાર્થીઓ- કિશોરોને તમાકુના વ્યસનથી બચાવવા તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 'ઇનોવેટિવ ટૂલકિટ' લોન્ચ કરવામાં આવી છે - **WHO**
25. ભારતમાં વર્ષે 2019-20માં નાણાકીય ખાધ વધીને જીડીપીના કેટલા ટકા થઈ છે - **4.6%**
26. CAGના અહેવાલ મુજબ ભારતમાં વર્ષે 2019-20માં આવક ખાધ જીડીપીના કેટલા ટકા છે - **3.27 %**

DATE : 30-05-2020

૧. કેન્દ્ર સરકાર : કોરોના મહામારી સામે કેન્દ્રની નવી માર્ગદર્શિકા જાહેર (આરોગ્ય)

**અનલોક 1.0 : દેશને ત્રણ તબક્કામાં ખુલ્લો મુકવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય**

**કુલ ત્રણ તબક્કા**

**અનલૉક ફેઝ 1.0 તા. ૮મી જુનથી**

- ✓ જાહેર જનતા માટે ધાર્મિક સ્થળો અને પૂજા અર્ચનાના સ્થળો ખુલ્લાં મુકાશે
- ✓ હોટેલ, રેસ્ટોરન્ટ અને અન્ય હોસ્પિટાલિટી સેવાઓ
- ✓ શોપિંગ મોલ

**અનલૉક ફેઝ 2.0 (જુલાઇમાં નિર્ણય)**

- ✓ શાળા-કોલેજ, શૈક્ષણિક, તાલીમી અને કોચિંગ સંસ્થાઓ
- ✓ (રાજ્યો સાથે ચર્ચા કર્યા પછી)

**અનલૉક ફેઝ 3.0 (સ્થિતિની સમીક્ષા બાદ)**

- ✓ આંતરરાષ્ટ્રીય પેસેન્જર ફ્લાઇટ, મેટ્રો રેલ
- ✓ સિનેમા હોલ, જિમ, સ્વિમિંગ પૂલ, એન્ટરટેઇનમેન્ટ પાર્ક, થિયેટર, બાર, ઓડિટોરિયમ, એસેમ્બ્લી હોલ
- ✓ સામાજિક, રાજકીય, સ્પોર્ટ્સ, મનોરંજન, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ધાર્મિક સમારોહ અને કાર્યક્રમો.

**અનલૉક 1.0 માર્ગદર્શિકા**

1. **અનલોક ૧.૦ : જાહેર સ્થળોએ ૬ ફૂટનું સોશિયલ ડિસ્ટન્સિંગ ફરજિયાત**

- ✓ જિલ્લા સત્તાવાળા દ્વારા કન્ટેનમેન્ટ ઝોન નક્કી કરાશે
- ✓ જિલ્લા સત્તાવાળાઓને કન્ટેનમેન્ટ ઝોનની સીમાઓ નક્કી કરવાનો અધિકાર
- ✓ કન્ટેનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક સુવિધાઓને જ પરવાનગી અપાશે
- ✓ કન્ટેનમેન્ટ ઝોનમાંથી કોઇને બહાર જવા કે ઝોનમાં પ્રવેશવાની પરવાનગી અપાશે નહીં
- ✓ ફક્ત મેડિકલ ઇમર્જન્સી અને જીવનજરૂરી વસ્તુઓના પૂરવઠા અને સેવાઓને જ પરવાનગી
- ✓ કન્ટેનમેન્ટ ઝોનમાં વ્યાપક કોન્ટેક્ટ ટ્રેસિંગ, ઘેરઘેર સર્વેલન્સ અને ક્લિનિકલ વિઝિટ કરાશે
- ✓ નવા કેસ આવે ત્યાં બફર ઝોન નક્કી કરવાનો રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અધિકાર
- ✓ બફર ઝોનમાં જિલ્લા સત્તાવાળાઓ દ્વારા નિયંત્રણો નક્કી કરાશે

2. **રાજ્યની અંદર – આંતરરાજ્ય માલ પરિવહન તથા પ્રવાસીઓને મુક્તિ**

- ✓ રાજ્યની અંદર અને આંતરરાજ્ય માલસામાનના પરિવહન પર કોઇ પ્રતિબંધ નહીં
- ✓ રાજ્યની અંદર અને આંતરરાજ્ય પ્રવાસ પર કોઇ પ્રકારના નિયંત્રણ નહીં
- ✓ તે માટે અલગ પરવાનગી અથવા તો ઇ-પરમિટની જરૂર નહીં રહે
- ✓ જાહેર આરોગ્ય જોખમાતું હોય તો રાજ્ય સમીક્ષા કરીને નિયંત્રણો લાદી શકે છે
- ✓ પ્રવાસી ટ્રેન, શ્રમિક સ્પેશિયલ ટ્રેનને મુક્તિ
- ✓ વિદેશમાં ફસાયેલા ભારતીયો, ચોક્કસ વ્યક્તિઓના વિદેશપ્રવાસ, વિદેશની નાગરિકોના વિમાની પ્રવાસને મુક્તિ
- ✓ કોઇપણ રાજ્ય પાડોશી દેશો સાથેના માલસામાનના પરિવહનને અટકાવશે નહીં

3. **કોવિડ-૧૯ના નિયંત્રણ માટે દેશવ્યાપી માર્ગદર્શિકા**

- ✓ જાહેર સ્થળો, કામના સ્થળો અને મુસાઉરી દરમિયાન ફેસ માસ્ક ફરજિયાત
- ✓ જાહેર સ્થળોએ ૬ ફૂટનું સોશિયલ ડિસ્ટન્સિંગ ફરજિયાત
- ✓ મોટા જાહેર મેળાવડા પરનો પ્રતિબંધ જારી રહેશે
- ✓ લગ્ન સમારોહમાં ૫૦થી વધુ અને અંતિમ ક્રિયામાં ૨૦થી વધુ વ્યક્તિને પરવાનગી નહીં
- ✓ જાહેરમાં થૂંકનાર સામે સજાત્મક કાર્યવાહી, રાજ્યો કાયદા પ્રમાણે સજા અને દંડ નક્કી કરે
- ✓ જાહેર સ્થળે શરાબ, પાન, ગુટખા, તમાકુ વગેરેનું સેવન પ્રતિબંધિત
- ✓ બને ત્યાં સુધી વર્ક ફ્રોમ હોમની પ્રેક્ટિસ જારી રાખવી, કચેરીઓમાં કામના મર્યાદીત કલાકો

**લોકડાઉન 5.0**

- ✓ દેશના તમામ કન્ટેનમેન્ટ ઝોનમાં તારીખ ૩૦મી જૂન 2020 સુધી લોકડાઉન 5.0 અમલી
- ✓ રાત્રી કર્ફ્યુ હવે રાતના ૯.૦૦ કલાકથી સવારના ૫.૦૦ કલાક સુધી જ અમલમાં
- ✓ જાહેરાત : કેન્દ્રીય ગૃહ મંત્રાલય

**૨. WHO : WHO સાથે તમામ સંબંધો તોડવાની USAની જાહેરાત (વૈશ્વિક બાબતો)**

- ✓ USA હવે WHOને મળનારું ફંડ અન્ય વૈશ્વિક સાર્વજનિક આરોગ્ય સંસ્થાઓને આપશે
- ✓ અમેરિકા દ્વારા વાર્ષિક રૂ. ૩૩૭૫ કરોડનું ફંડ WHOને આપવામાં આવે છે.

- ✓ અમરિકા દ્વારા કોરોનાની સારવાર માટે રૂ. ૯ હજાર કરોડ અપાયા.

**WHO સાથે સંબંધો તોડી નાખવાના કારણો :**

- ✓ WHO એ ચીનનાં દબાણને વશ થઈને કોરોના ફેલાવવાની વિશ્વને મોડી જાણ કરી.
- ✓ WHO મહામારીને રોકવા મહત્વનાં અને અસરકારક પગલાં લેવામાં નિષ્ફળ ગયું.
- ✓ WHOએ અમેરિકાએ સુચવેલાં સમયસર સુધારા કર્યા નહીં.
- ✓ કોરોના મહામારી અંગે ચીન સાથે મિલીભગતનાં આક્ષેપો
- ✓ કોરોના વાઈરસને વુહાનમાંથી વિશ્વમાં ફેલાવવામાં આવ્યો તેને માટે ચીન સાથે ટેન્શન.
- ✓ WHO ચીનનાં પ્રભાવમાંથી મુક્ત થાય તો જ તેની સાથે સંબંધો રાખવા ટ્રમ્પની તૈયારી.

**WHO સાથે સંબંધો તોડવાનો અમેરિકાનો નિર્ણય ખતરનાક પુરવાર થશે : નિષ્ણાતોનો મત :**

- ✓ કોરોના સામેની વિશ્વની લડાઈ ધીમી પડશે અને વધુ મુશ્કેલ બનશે.
- ✓ અનેક માસૂમ બાળકોનું આરોગ્ય જોખમાશે.
- ✓ વિશ્વનાં અનેક દેશોમાં પોલિયોનું જોખમ વધશે.
- ✓ મેલેરિયાથી થતા મોતમાં વધારો થશે.
- ✓ કોરોના સહિત અનેક જીવનરક્ષક વેક્સિન બનાવવામાં વિલંબ થશે.

## ૩. 'ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ -૨૦૨૦" (વન પર્યાવરણ)

- ✓ સંયુક્ત રાષ્ટ્રસંઘ'ની પેટા સંસ્થા ' ફૂડ એન્ડ એગ્રિકલ્ચર નાઈઝેશન (ફાઓ) દ્વારા વિશ્વના જંગલો અંગે અહેવાલ રજૂ કરાયો

**અહેવાલના મુખ્ય તારણો :**

**(૧) વિશ્વમાં કુલ જંગલ વિસ્તાર : ૪.૦૬ અબજ હેક્ટર**

**(૨) આયોજન : વર્ષ ૨030 સુધીમાં વિશ્વનો વન વિસ્તાર 3 ટકા સુધી વધારવાનું UNનું આયોજન**

- ✓ રિપોર્ટ પ્રમાણે ૧૯૯૦થી આજ સુધીના ૩૦ વર્ષમાં ધરતીના પટમાંથી કુલ ૧૭.૮ લાખ ચોરસ કિલોમીટર જંગલો સાફ કરી દેવાયા
- ✓ આફ્રિકા ખંડના દેશ લિબિયા જેટલો આ વિસ્તાર થયો.
- ✓ બીજી તરફ સારી વાત એ છે કે જંગલો કપાવાના દર જરા ધીમો પડ્યો છે.
- ✓ ૧૯૯૦ થી ૨૦૦૦ દરમિયાન વર્ષે સરેરાશ ૭૮ હજાર ચોરસ કિલોમીટર જંગલો સાફ થતાં હતા.
- ✓ ૨૦૦૦ થી ૨૦૧૦ વચ્ચે એ પ્રમાણ ઘટીને પર હજાર ચોરસ કિલોમીટર અને
- ✓ ૨૦૧૦ થી ૨૦૨૦ વચ્ચે ઘટીને ૪૭ હજાર ચોરસ કિલોમીટર થયું છે. એટલે કે વર્ષે સરેરાશ એટલા જંગલો કપાય છે.
- ✓ જંગલો કપાય છે, સામે ઉગાડાય છે માટે કુલ જંગલ વિસ્તારની સ્થિતિમાં થોડો સુધારો જોવા મળ્યો હતો.
- ✓ આખા જગતમાં કુલ જંગલો ૪.૦૬ અબજ હેક્ટર છે. આખા વિશ્વની વસ્તી વચ્ચે વહેંચી દેવામાં આવે તો પ્રત્યેક વ્યક્તિના ફાળે સરેરાશ ૫૦૦૦ ચોરસ મિટરનું જંગલ આવે.
- ✓ ૨030 સુધીમાં વિશ્વનો વન વિસ્તાર 3 ટકા સુધી વધારવાનું રાષ્ટ્રસંઘનું આયોજન
- ✓ વિશ્વના કુલ જંગલ પૈકી અડધાથી વધારે જંગલો પાંચ દેશો રશિયન ફેડરેશન (રશિયા અને આસપાસના દેશો), બ્રાઝિલ, કેનેડા, અમેરિકા અને ચીનમાં જ આવેલા છે.
- ✓ જગતના જંગલો પૈકી સૌથી વધુ ૨૦.૧ ટકા રશિયન ફેડરેશન પાસે છે એ પછી બ્રાઝિલ પાસે ૧૨.૨ ટકા, કેનેડા પાસે ૮.૫ ટકા, અમેરિકા પાસે ૭.૬ ટકા, ચીન પાસે ૫.૪ ટકા, ઑસ્ટ્રેલિયા પાસે ૩.૩ ટકા, કોંગો પાસે ૩.૧ ટકા, ઈન્ડોનેશિયા પાસે ૨.૩ ટકા, પેરુ પાસે ૧.૮ ટકા, ભારત પાસે ૧.૮ ટકા અને બાકીના જગત પાસે ૩૩.૯ ટકા જંગલો આવેલા છે.
- ✓ જંગલો કપાવાનું મોટું કારણ ખેતી માટે ખુલ્લી કરાઈ રહેલી જમીન છે.
- ✓ જગતના જંગલોમાં લગભગ ૧૦ કરોડ પ્રજાતિના સજીવો રહે છે. જંગલને એ સજીવો જ ધમધમતું રાખે છે.
- ✓ આખા જગતના જંગલોમાં ૬૦,૦૮૨ પ્રકારના વૃક્ષો ઉગે છે. એમાંથી વળી ૪૫ ટકા વૃક્ષો તો માત્ર દસ ટ્રી-ફેમિલીના જ છે.
- ✓ વૃક્ષોની આ પ્રજાતિઓ પૈકી ૨૦,૩૩૪ પ્રકારના વૃક્ષોનો સમાવેશ એવા લિસ્ટમાં કરવામાં આવ્યો છે, જેના પર નષ્ટ થવાનો ખતરો છે.
- ✓ સૌથી વધુ ૯૨૨૩ પ્રજાતિના વૃક્ષો એકલા બ્રાઝિલમાં જોવા મળે છે એ પછી કોલંબિયામાં ૬૦૨૧, ઈન્ડોનેશિયામાં ૫૬૨૩, મલેશિયામાં ૫૪૩૮, વેનેઝુએલામાં ૪૮૭૯, ચીનમાં ૪૬૮૦, પેરુમાં ૪૬૧૨, ઈક્વેડોરમાં ૩૭૫૦,

મેક્સિકોમાં ૩૫૧૪ અને માડાગાસ્કરમાં ૩૨૯૭ પ્રજાતિના વૃક્ષો જોવા મળે છે.

- ✓ વિશ્વમાં કુલ ૨૮ હજાર પ્રકારના છોડ-વેલા એવા છે, જેનો આયુર્વેદિક ઉપયોગ નોંધાયો છે.
- ✓ કોરોના હોય કે બીજી કોઈ પણ બિમારી તેની સારવાર આયુર્વેદમાં શોધ્યા વગર જગતને ચાલતું નથી.
- ✓ જગતમાં ૮.૬ કરોડ લોકોને સીધા જંગલને કારણે કામ-ધંધો મળે છે. આ માટે ગ્રીન જોબ શબ્દ વપરાય છે.
- ✓ બીજા ૮૮ કરોડ લોકો એવા છે, જે જલાઉ લાકડા લેવા જંગલમાં જાય છે.
- ✓ અલબત્ત, આખા જગતની વસ્તી છેવટે વન પર આધારીત છે, વન વગર કોઈને ચાલી શકતું નથી.
- ✓ આખા જગતના જંગલ વિસ્તારમાંથી ૧૮ ટકા વિસ્તાર (૭૦ લાખ ચોરસ કિલોમીટર) જંગલો નેશનલ પાર્ક, સેન્ચુરી એમ વિવિધ રીતે આરક્ષીત કરાયેલા છે.
- ✓ વિવિધ જંગલમાં ૧૭ પ્રજાતિના એવા મોટા સજીવો નોંધાયા છે, જે મનુષ્યો પર હુમલો કરી મારી નાખે છે. બીજી તરફ ઝેરી જનાવર કરડવાથી વર્ષે એકાદ લાખ મોત નોંધાય છે .

## ૪. કેન્દ્રની વર્તમાન NDA સરકારનું બીજી ટર્મનું ૩૦મી મે-૨૦૨૦ના રોજ એક વર્ષ પૂર્ણ (વહીવટ)

### મોદી સરકાર 2.0

- ✓ છેલ્લાં એક વર્ષની કેન્દ્ર સરકારની સિદ્ધિઓ

**પ્રધાનમંત્રી મોદીના પત્રના મુખ્ય અંશો**

- ✓ તલાક અને નાગરિકતા કાયદામાં બચવા માટે જાહેર કરાયેલા દિશા નિર્દેશોનું પાલન કરવાની જરૂર છે.
- ✓ આપણા એક હાથમાં કર્મ અને કર્તવ્ય છે, તો બીજા હાથમાં સફળતા નિશ્ચિત છે.
- ✓ વડાપ્રધાન મોદીએ લખ્યું છે કે કોરોના પછી અર્થતંત્રને ફરીથી પાટા પર લાવવા દુનિયા સામે સૌથી મોટો પડકાર બની ગયો છે.
- ✓ ભારતમાં આર્થિક ક્ષેત્રમાં દુનિયાને આશ્ચર્યચકિત અને પ્રેરિત કરવાનું સામર્થ્ય છે, પરંતુ તેના માટે પહેલા દેશને આત્મનિર્ભર બનાવવું પડશે.
- ✓ વડાપ્રધાને આશા વ્યક્ત કરી કે ૨૦ લાખ કરોડ રૂપિયાના આત્મનિર્ભર પેકેજના આધારે ભારત આયાત પર નિર્ભરતા ઓછી કરીને આત્મનિર્ભર બનવામાં સફળ થશે.




- ✓ વડાપ્રધાને છેલ્લા એક વર્ષમાં સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે કલમ ૩૭૦, રામ મંદિર, ટ્રીપલ તલાક અને નાગરિકતા કાયદામાં સંશોધન લાંબા સમય સુધી યાદ રખાશે.
- ✓ તેનાથી ભારતની વિકાસ યાત્રાને નવી ગતિ મળી છે.
- ✓ દેશના ત્રણેય સૈન્યો વચ્ચે સમન્વય વધારવા માટે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના પદની રચના અને ૨૦૨૨માં મિશન ગગનયાનની તૈયારીઓને તેમણે સરકારની સિદ્ધિઓ ગણાવી હતી.
- ✓ છેલ્લા એક વર્ષમાં સરકારે પીએમ કિસાન ભંડોળ મારફત ૯.૫ કરોડ ખેડૂતોને ૭૨,૦૦૦ કરોડ રૂપિયાની મદદ કરી છે. સાથે જ ખેડૂતો, ખેત મજૂરો, નાના દુકાનદારો અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનારા મજૂરો માટે ત્રણ હજાર રૂપિયાનું પેન્શન સુનિશ્ચિત કરવાનું કામ કર્યું છે.
- ✓ ૫૦ કરોડ પશુઓના રસીકરણ અને ૧૫ કરોડ ગ્રામીણ ઘરોમાં નળથી શુદ્ધ પાણી પહોંચાડવાનું કામ પણ ચાલુ છે.
- ✓ પહેલી વખત દેશમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરનારાની સંખ્યા શહેરોની સરખામણીમાં ગામોમાં ૧૦ ટકા વધુ થઈ ગઈ છે.
- ✓ આ જ ક્રમમાં વડાપ્રધાને તેમના છેલ્લા કાર્યકાળમાં થયેલી સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક, વન રેન્ક વન પેન્શન અને જીએસટી જેવા નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## ૫. દિન વિશેષ : હલ્દી ઘાટીનું યુદ્ધ

**તા. ૩૦મી મે-૧૫૭૬**

- ✓ આ દિવસે અકબરના પુત્ર સલીમ અને મહારાણા પ્રતાપ વચ્ચે ભીષણ યુદ્ધ થયું.
- ✓ ચેતક ઘોડાએ રાણાનો અદ્ભૂત બચાવ કર્યો.
- ✓ આજે પણ હલ્દીઘાટીમાં ચેતકનું સ્મારક પ્રેરણા આપે છે.

✓ સાથે સાથે મહારાણા પ્રતાપની શૌર્યગાથાની યાદ પણ અપાવે છે

**૬. જન્મ દિન વિશેષ : ૩૦ મે**

**સાહિત્યનો નવોન્મેષ : સુરેશ જોશી**

**જન્મ – ૩૦ મે-૧૯૨૧ અવસાન – ૬ ઓગસ્ટ-૧૯૮૬**

✓ વિવેચક, નિબંધકાર, નવલકથાકાર, વાર્તાકાર અને અનુવાદક સુરેશ હરિપ્રસાદ જોશીનો આજે જન્મદિવસ છે.

✓ બારડોલી તાલુકાના વાલોડ ગામે જન્મેલા સુરેશ જોષીએ શરૂઆતનું શિક્ષણ વાલોડ, સોનગઢ અને નવસારીમાં મેળવ્યું હતું.

✓ 1943માં એલ્ફિન્સ્ટન કૉલેજ મુંબઈથી સ્નાતક અને 1945માં અનુસ્નાતક થયા.

✓ કરાચીની ડી. જે. સિંધ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા

✓ 1947માં વલ્લભ વિદ્યાનગર અને 1951 થી એમ. એસ. યુનિ. વડોદરામાં અધ્યાપક બન્યા, ત્યાંથી 1981માં નિવૃત્ત થયા.

✓ ઉપજાતિ, પ્રત્યંચા, ઇતરા, તથાપિ, કિંચિત્, ગુજરાતી કવિતાનો આસ્વાદ, કાવ્ય ચર્ચા, છિન્નપત્ર, વિદૂલા, કથાચક્ર, ઇદમ્ સર્વમ, અમેરિકી સાહિત્યનો અનુવાદ જેવાં કવિતા, લઘુનવલ, વિવેચન, સંપાદન અને અનુવાદના પુસ્તકો કર્યા.

✓ સર્જનાત્મક ઉપરાંત ફાલ્ગુની, વાણી, મનીષા, ક્ષિતિજ, ઊહાપોહ અને એતદ્ જેવાં સામયિકોના સંપાદન દ્વારા પણ તેમની આધુનિકતાનો ઉન્મેષ દેખાયો હતો.

**સુરેશ જોષીને મળેલા એવોર્ડ્સ :**

✓ નર્મદ સુવર્ણચંદ્રક – ૧૯૭૧

✓ ૧૯૮૩માં મળેલા સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કારની એમના દ્વારા અસ્વીકૃતિ.

✓ રણજિતરામ સુવર્ણચંદ્રક

✓ ગુજરાતી સાહિત્યસર્જન અને વિવેચનમાં સીમાસ્તંભ સમા સુરેશ જોષીનું 6 ઓગસ્ટ 1986ના રોજ નડિયાદમાં અવસાન થયું.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૫-૨૦૨૦)**

1. દેશમાં કોરોના મહામારીના કારણે અમલી લૉકડાઉનમાંથી દેશને તબક્કાવાર બહાર લાવવા કેન્દ્ર સરકાર દ્વારા કયા નવા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે- **અનલૉક 1.0**
2. કોરોના મહામારીના કારણે અમલી લૉકડાઉનમાંથી દેશને કેટલા તબક્કામાં બહાર લાવવા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જાહેરાત કરાઈ છે - **અનલૉક 1.0,અનલૉક 2.0 અને અનલૉક 3.0**
3. દેશના તમામ કન્ટેનમેન્ટ ઝોનમાં આગામી ક્યાં સુધી લૉકડાઉન 5.0 અમલમાં રહેશે- **30 જૂન 2020**
4. તાજેતર મે 2020માં અમેરિકા દ્વારા કઈ સંસ્થા સાથે આર્થિક સંબંધો તોડવાની જાહેરાત કરવામાં આવી છે- **WHO**
5. અમેરિકા દ્વારા વાર્ષિક કેટલા કરોડ રૂપિયાની અંદાજે સહાય WHOને આરોગ્યલક્ષી સુવિધા માટે આપવામાં આવે છે- **રૂ.3375 કરોડ**
6. ભારતમાં હલ્દીઘાટીનું યુદ્ધ ક્યારે થયું હતું - **30/05/1576**
7. ભારતમાં રાજસ્થાન પ્રદેશમાં હલ્દીઘાટીનું યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું- **મહારાણા પ્રતાપ અને અકબરના પુત્ર સલીમ વચ્ચે**
8. કેન્દ્રની એનડીએ સરકારે તાજેતરમાં કઈ તારીખે તેની બીજી ટર્મ-મુદતનું એક વર્ષ પૂર્ણ કર્યું - **30/05/2020**
9. વિશ્વમાં વન- જંગલોની વૈશ્વિક સ્થિતિ અંગે તાજેતરમાં યુનાઇટેડ નેશન્સની કઈ સંસ્થા દ્વારા 2020નો રિપોર્ટ રજૂ કર્યો- **FAO**
10. વિશ્વમાં વન-જંગલોની વૈશ્વિક સ્થિતિ અંગે તાજેતરમાં યુનાઇટેડ નેશન્સની પેટા સંસ્થા FAO દ્વારા 2020નો રિપોર્ટ કયા નામથી રજૂ કરાયો - **"ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"**
11. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020" અહેવાલ મુજબ સમગ્ર વિશ્વમાં હાલમાં કુલ કેટલા વિસ્તારમાં જંગલો આવેલા છે- **4.06 અબજ હેકટર**
12. "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ UN દ્વારા આગામી કયા વર્ષ સુધીમાં કેટલા ટકા વનનો વિસ્તાર કરવાનું આયોજન છે **- 2030 અને 3%**
13. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વર્ષ 1990થી એટલે કે છેલ્લા 30 વર્ષ દરમિયાન પૃથ્વી ઉપરથી કેટલા વિસ્તારમાં જંગલો ઓછા થયા છે- **17.8 લાખ ચોરસ કિલોમીટર**
14. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વના કુલ જંગલો પૈકી 50 ટકાથી વધારે જંગલો કયા પાંચ દેશોમાં આવેલા છે- **રશિયન ફેડરેશન, બ્રાઝિલ, કેનેડા, અમેરિકા અને ચીન**

15. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વના જંગલો પૈકી સૌથી વધુ 20.1% જંગલો કયા દેશ પાસે છે - **રશિયન ફેડરેશન એટલે રશિયા અને આસપાસના દેશો**
16. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020" અહેવાલ મુજબ ભારત પાસે કેટલા ટકા જંગલો છે- 1.8%
17. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વમાં જંગલો કાપવાનું મુખ્ય કારણ શું છે - **ખેતી માટે જમીન ખુલ્લી કરવી**
18. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ સમગ્ર વિશ્વમાં અંદાજે કેટલા પ્રકારના વૃક્ષો ઉગે છે -60,082
19. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ સમગ્ર વિશ્વમાં આ પ્રકારના છોડ અને વેલાનો આયુર્વેદિક દવા માટે ઉપયોગ કરવામાં આવે છે- 28 હજાર
20. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વમાં કેટલા લોકોને જંગલને કારણે સીધી રોજગારી મળે છે- 8.6 કરોડ
21. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વમાં લોકોને જંગલને કારણે સીધી રોજગારી-ધંધો મળે છે તેના માટે કયો શબ્દ વપરાય છે- **'ગ્રીન જોબ'**
22. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020" અહેવાલ મુજબ વિશ્વમાં જંગલ વિસ્તારમાંથી કેટલા ટકા વિસ્તારમાં જંગલો, નેશનલ પાર્ક અને સેન્ચ્યુરી એમ વિવિધ રીતે આરક્ષિત કરાયેલો છે - **18 %(70 લાખ ચોરસ કિલોમીટર)**
23. FAOના "ધ સ્ટેટ્સ ઑફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ-2020"અહેવાલ મુજબ વિશ્વના જંગલોમાં અંદાજે કેટલા કરોડ પ્રજાતિના સજીવો રહે છે - **10 કરોડ**
24. FAOનું વિસ્તૃત નામ જણાવો - **ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશન**
25. FAOનું વડું મથક ક્યાં આવેલું છે - **રોમ, ઇટાલી**
26. FAOનો સ્થાપના દિવસ જણાવો- **16/05/1945**
27. તા.૩૦મી મે-૨૦૨૦થી કયા આધુનિક ગુજરાતી સાહિત્યકારની જન્મ શતાબ્દિ મહોત્સવનો પ્રારંભ થયો - **સુરેશ જોશી**
28. ગુજરાતી આધુનિક ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોશીનો જન્મદિવસ જણાવો – **૩૦ મે ૧૯૨૧**
29. ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોશીને નર્મદ સુવર્ણ ચંદ્રક કયા વર્ષમાં મળ્યો હતો – **૧૯૭૧**
30. ગુજરાતી સાહિત્યકાર સુરેશ જોશીએ તેમને વર્ષ-૧૯૮૩માં મળેલા ક્યા પ્રતિષ્ઠિત એવોર્ડનો અસ્વિકાર કર્યો હતો- **દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર**

**DATE : 31-05-2020**

## ૧.SpaceX – NASA (અવકાશ વિજ્ઞાન)

✓ <u>સિદ્ધી:</u> અમેરિકાની અવકાશ એજન્સી NASA અને એલન મસ્કની સ્પેશએક્સ કંપનીએ ઈતિહાસ રચ્યો : વિશ્વનું પ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ISS – સ્પેશ સ્ટેશન ઉપર સફળતાપૂર્વક પહોંચ્યું

**ફેક્ટ ફાઈલ**

✓ <u>અવકાશ યાનનું નામ</u> : ક્રુ ડ્રેગન

✓ <u>ક્યાંથી લોન્ચ કરાયું :</u> કેનેડી સ્પેશ સેન્ટર, ફ્લોરિડા (USA)

**ખાનગી કંપની, માલિક અને દેશ**

✓ કંપની : સ્પેશ એક્સ   માલિક : એલન મસ્ક

✓ દેશ : USA

✓ NASAનો સ્પેસ એક્સ સાથે ૨.૬ અબજ ડોલરનો કરાર

**પ્રથમ અવકાશ યાત્રી :**

૧. રોબર્ટ બેનકેન

૨. ડગ્લાસ હર્લે

✓ **કેટલા દિવસ ISS પર રોકાણ:** ૧૧૦ દિવસ

✓ તા. ૩૧મી મે-૨૦૨૦ના રોજ અમેરિકાના ઇસ્ટન ટાઇમ મુજબ સવારે ૧૦:૧૬ કલાકે <u>નાસાના બે અંતરિક્ષ યાત્રી રોબર્ટ બેનકેન અને ડગ્લાસ હર્લે</u> સાથે યાન ડ્રેગન આંતરરાષ્ટ્રીય અવકાશ મથક ખાતે સફળતાપૂર્વક પહોંચ્યું હતું.

✓ અવકાશયાત્રીઓએ કોઇ ખાનગી રોકેટ દ્વારા અવકાશયાત્રા કરી હોય એવી આ પહેલી ઘટના હતી.

✓ બંને અવકાશયાત્રી ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) ખાતે ૧૧૦ દિવસ રહી રિસર્ચ વર્ક કરશે.

✓ યાનના લોન્ચિંગ પ્રસંગે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાજર રહ્યાં હતા.

**બંને અવકાશયાત્રી ISS પર શું કરશે?**

- ✓ બંને અવકાશયાત્રી અગાઉ નક્કી કર્યા મુજબ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) ખાતે ૧૧૦ દિવસ રહેશે અને ત્યાં રિસર્ચ વર્ક કરશે.
- ✓ સ્પેસ એક્સની કેપ્સ્યૂલ ડ્રેગન અવકાશમાં ૨૧૦ દિવસ રહી શકશે તે પછી તેને રિપેરિંગ માટે પૃથ્વી પર પાછી લાવવી પડશે.
- ✓ બંને અવકાશયાત્રી સ્પેસક્રાફ્ટમાં કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે.
- ✓ રોબર્ટ બેનકેન અગાઉ બે વખત ૨૦૦૮ અને ૨૦૧૦માં સ્પેસ સ્ટેશન જઈ ચૂક્યા છે અને ત્રણ વખત સ્પેસવૉક કર્યું છે.
- ✓ ડગ્લાસ હર્લે સ્પેસક્રાફ્ટ કમાન્ડર છે. તેઓ ૨૦૦૯ અને ૨૦૧૧માં સ્પેસ સ્ટેશન જઈ ચૂક્યા છે.

**બંને અવકાશયાત્રીઓની સાથે એક રમકડાનું ડાયનોસોર મોકલાયું**

- ✓ આ ડાયનોસોરને કેપ્સ્યૂલમાં ગ્રેવિટી માપવા માટે મોકલાયું છે જે બંને અવકાશયાત્રીનું મનોબળ પણ વધારતું રહેશે.

**નવા યુગમાં નવો સ્પેસસૂટ**

- ✓ અમેરિકાની અવકાશયાત્રાના નવા યુગના મંડાણ થયા હતા, ત્યારે નાસાના બંને અવકાશયાત્રીઓના સ્પેસસૂટ પણ નવા હતા.
- ✓ એ માટે એલન મસ્કે ચાર વર્ષ સુધી મહેનત કરી હતી.
- ✓ કોસ્ચ્યૂમ ડિઝાઇનર જોસ ફર્નાન્ડિઝની સાથે રહીને એલન મસ્કે આ નવો સ્પેસસૂટ તૈયાર કરાવ્યો હતો.
- ✓ જોસ ફર્નાન્ડિઝ તો હોલિવૂડની સુપરહીટ ફિલ્મો ધ એવેન્જર્સ અને એક્સ મેન માટે કામ કરી ચૂક્યા છે.
- ✓ આ સ્પેસસૂટની ખાસિયત એ છે કે એ કસ્ટમ મેઇડ છે એટલે કે અવકાશયાત્રી માટે વિશેષ તૈયાર કરેલો છે.
- ✓ ખરેખર તો આ સુટ પ્રેશરસૂટ હોય છે, જે વેક્યુમમાં અવકાશયાત્રીઓને જીવિત રાખે છે. ડિપ્રેશરાઇઝેશનમાં રક્ષણ આપે છે.
- ✓ નાસાના મતે આ સ્પેસસૂટમાં જાંઘ પર એક લાઇફ સપોર્ટ સિસ્ટમ છે, જેમાં હવા અને પાવરનું જોડાણ છે.
- ✓ હેલ્મેટ થ્રી ડી પ્રિન્ટ ટેકનોલોજીથી બનાવાઇ છે. તેમાં ઇન્ટિગ્રેટેડ વાલ્વ છે, વાઇઝર રિટ્રેક્ટેશનને લોકિંગ મિકેનિઝમ છે. હેલ્મેટની અંદર જ માઇક્રોફોન અને સ્પીકર પણ છે.

**સ્પેસએક્સ સાથે ભારતીય કનેકશન**

- ✓ સ્પેસએક્સની કેપ્સ્યૂલ ડ્રેગનનાં સફળ ઉડ્ડયન સાથે ભારતીય બાલાચંદર રામમૂર્તિનું નામ જોડાયેલું છે. તેઓ ૯ વર્ષથી સ્પેસએક્સમાં કામ કરી રહ્યા છે.
- ✓ તેઓ સ્પેસએક્સનાં ક્રુ ઓપરેશન એન્ડ રિસોર્સ એન્જિનિયર છે.
- ✓ કેનેડી સ્પેસ સેન્ટર ખાતેનાં લૉન્ચ પેડમાં ફાયરિંગ રૂમ નં.૪માં ચીફ એન્જિનિયર છે.
- ✓ મૂળ તેઓ ચેન્નાઈનાં છે અને અન્ના યુનિ.માંથી એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવેલી છે.

**ફાલ્કન-૦૯ રોકેટની વિશેષતા :**

- ✓ ફાલ્કન-૯ સ્પેસએક્સ કંપનીનું ડિઝાઈન કરેલું વારંવાર વાપરી શકાય તેવું બે સ્ટેજવાળુ રોકેટ છે. તેનું પ્રથમ સ્ટેજ વારંવાર વાપરી શકાય છે.
- ✓ રોકેટ બનાવવા માટે મર્લિન ફેમિલીનું રોકેટ વાપરવામાં આવ્યું છે જે સ્પેસ એક્સના ફાલ્કન-૧ થી માંડી ફાલ્કન-૯ સુધીના રોકેટમાં વાપરવામાં આવે છે. તેમાં બળતણ તરીકે રોકેટ કેરોસીન RP-1 અને પ્રવાહી ઓક્સિજન વાપરવામાં આવે છે. આ ઓક્સિજનને વારંવાર વાપરી શકાય તેવું Reusable બનાવાયું છે.
- ✓ રોકેટનું માળખું એલ્યુમિનીયમ અને મિથીયમના મિશ્ર ધાતુનું છે.
- ✓ ફાલ્કન-૯ રોકેટ પ્રથમ સ્ટેજમાં ૮૬૧૮૩ કિલોગ્રામનો ધક્કો એટલે થ્રસ્ટ પેદા કરે છે.
- ✓ ફાલ્કન-૯ રોકેટનો ઉપયોગ લો અર્થ ઓરબિટમાં ઉપગ્રહ તરતો મુકવા, આંતરરાષ્ટ્રીય અંતરીક્ષ મથક ઉપર માલસામાન કે અંતરીક્ષ યાત્રીને મોકલવા થઈ શકે છે.
- ✓ આ રોકેટનું નામ સ્ટારવોર સ્પેસશિપ મેલિનેયીમ ફાલ્કન ઉપરથી રાખવામાં આવ્યું છે.
- ✓ તેના પ્રથમ સ્ટેજમાં ૯ મર્લિન D રોકેટ એન્જિન બેસાડેલા છે.
- ✓ ફેલ્કન-૯ રોકેટ લો અર્થ ઓરબિટમાં ૨૨,૮૦૦ જીએસ્ટેશનરી સ્ટ્રાસ્પર ઓરબિટમાં ૮,૩૦૦ કિલોગ્રામ પેલોડ ઉંચકી શકે છે.

- ✓ ફાલ્કન-૯ રોકેટ દ્વારા ઈન્ટેલ સેટ અને ટેલસ્ટાર જેવા ઉપગ્રહ અંતરિક્ષમાં ગોઠવવામાં આવ્યા છે.
- ✓ ડિસેમ્બર ૨૦૧૦ થી ફાલ્કન રોકેટનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.
- ✓ ફાલ્કન ફેમિલીના રોકેટ છેલ્લા દશ વર્ષમાં ૮૮ વાર લોન્ચ કરવામાં આવ્યા છે. જેમાંથી ૮૬ ટકા મિશન સફળ રહ્યા છે. સફળતાનો આંક ૯૮ ટકા જેટલો છે.
- ✓ ફાલ્કન-૯ રોકેટની છેલ્લી પ્રકાશિત કિંમત ૬૨ મિલિયન ડોલર છે.
- ✓ નાસા સાથેના ડ્રેગન કાર્ગો મિશન માટે સંપૂર્ણ મિશનની કોસ્ટ ૧૩૩ મિલિયન ડોલર રાખવામાં આવી છે.
- ✓ ફાલ્કન-૯ રોકેટના બન્ને સ્ટેજમાં એક જ પ્રકારનું બળતણ વાપરવામાં આવે છે.

**<u>ક્રુ ડ્રેગન કેપ્સ્યૂલ વિશે :</u>**

- ✓ ડ્રેગન-૨ અમેરિકન એરાસ્પેસ કંપની-સ્પેસ એકસનું વારંવાર વાપરી શકાય તેવું સ્પેસ ક્રાફ્ટ છે. જેને ફાલ્કન-૯ રોકટના મથાળે ગોઠવીને અંતરિક્ષમાં મોકલવામાં આવ્યું.
- ✓ આ સ્પેશક્રાફ્ટમાં મહત્તમ ૭ અંતરીક્ષ યાત્રી સફર કરી શકે છે.
- ✓ માલસામાન મોકલવા માટે વપરાતા ડ્રેગન-૨ને કાર્ગો ડ્રેગન તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ ડ્રેગન-ક્રુનો ઉપયોગ ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન પર અંતરીક્ષ યાત્રીને પહોંચાડવામાં આવ્યો છે.
- ✓ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સાથે ક્રુ ડ્રેગન ૨૧૦ દિવસ સુધી જોડાણ કરી રહી શકે તેમ છે.
- ✓ શરૂઆતમાં આ સ્પેસ ક્રાફ્ટ ડ્રેગન રાઈડર તરીકે ઓળખાતું હતું.
- ✓ મિશન પૂર્ણ થાય અથવા કટોકટીના સમયે આ સ્પેશક્રાફ્ટ મહાસાગરમાં ચોક્કસ સ્થળે ઉત્તરાણ કરી શકે છે.
- ✓ ડ્રેગન-૨નો આંશિક ભાગ વારંવાર વાપરી શકાય તેવો છે.
- ✓ આ સ્પેસક્રાફ્ટમાં ૩ સ્ક્રીવાળી કંટ્રોલ પેનલ છે.
- ✓ સ્પેશક્રાફટનું નિયંત્રણ ટચ સ્કીન વડે થાય છે. જુના જમાનામાં વપરાતા જોય સ્ટીક, બટન અને નોલને કંટ્રોલ પેનલ પરથી દૂર કરવામાં આવે છે.
- ✓ ડ્રેગન-૨ની ચાર દિશામાં ૮ એન્જિન બેસાડેલા છે જે ૮ ટનનો થ્રસ્ટ પેદા કરી શકે છે.
- ✓ ડ્રેગન-૨ના બાંધકામમાં નિકલ, લોહતત્વ, કાર્બન અને એલ્યુમિનિયમની મિશ્ર ધાતુનો ઉપયોગ કરવામાં આવે છે.
- ✓ તેની નળાકાર ટેન્ટ ટિટાનીયમ ધાતુ ઉપર કાર્બન કોમ્પોઝીટનું લેયર ધરાવે છે.
- ✓ ડ્રેગન-૨ના અત્યાર સુધી ૪ લોન્ચીંગ થયા છે, જે સફળ રહ્યા છે.
- ✓ ઓગસ્ટ ૨૦૨૦માં નાસા ફરી વાર ૪ અંતરિક્ષ યાત્રી સાથે ડ્રેગન-૨નું લોન્ચીંગ કરવાનું આયોજન કરી રહ્યું છે.
- ✓ નાસા બોઈન્ગ કંપનીની સ્ટાઈ લાઈનર કેપ્સલમાં અંતરિક્ષ યાત્રી મોકલવા માટે ૯૦ મિલીયન ડોલર ચુકવશે.
- ✓ રશિયામાં સોયુઝ સ્પેશ ક્રાફ્ટ માટે દરેક સીટ દીઠ ૮૦ મિલીયન ડોલર ચુકવે છે. જ્યારે ક્રુ-ડ્રેગન ૧ સીટ માટે ૫૫ મિલિયન ડોલરનો ખર્ચ નાસા આપશે.

**<u>સ્પેશ એક્સના સ્થાપક એલન મસ્ક (ઈલોન મસ્ક) એલન મસ્ક કોણ છે?</u>**

- ✓ દક્ષિણ આફ્રિકામાં જન્મેલો મસ્કે તેનું ભાગ્ય સિલિકોન વેલીમાં ટેકનોલોજીની દુનિયામાં અજમાવ્યું હતું.
- ✓ તે ઇલેક્ટ્રિક કાર અને બેટરી બનાવતી કંપની ટેસ્લા ઇન્કોર્પોરેશનના ચીફ એક્ઝિક્યુટીવ છે.
- ✓ ૨૦૦૨માં તેણે સ્પેસ એમ્પ્લોરેશન ટેકનોલોજીસ તરીકે જાણીતી સ્પેસ એક્સ નામની કંપની કેલિફોર્નિયાના હોથર્ન ખાતે શરૂ કરી હતી.
- ✓ સ્પેસ એકસની સામે એરોસ્પેસ સેક્ટરની જાણીતી કંપની બોઇંગે પણ પોતાની લોન્ચિંગ સિસ્ટમ વિકસાવી હતી. સ્પેસ એકસ સામેની પ્રતિસ્પર્ધામાં તે જો કે પાછળ છે.
- ✓ આવતા વર્ષે પહેલી વખત તેનું CST ૧૦૦ સ્ટારલાઇન વ્હીકલ લોન્ચ કરી શકે છે.

<u>સ્પેસએકસના સ્થાપક ઇલોન મસ્કનો આઈકયુ ૧૫૫ છે</u>

- ✓ ઇલોન મસ્ક બહુ જાણીતા નહોતા થયા ત્યારના સમયગાળામાં તેમણે બે-ત્રણ વાર એપ્ટિટયૂટ ટેસ્ટસ કરાવ્યા હતા.
- ✓ આ ટેસ્ટસના આધારે ગણત્રી કરતા તેમનો IQ લેવલ ખાસ્સો ૧૫૫ આવ્યો હતો.
- ✓ જટિલ ટેકનિકલ ઇન્ફર્મેશન વિષેના વૈવિધ્યસભર અને અત્યંત જટિલ પુસ્તકો વાંચીને પછી આ માહિતીનો સચોટ વ્યવહારૂ ઉપયોગ કરવામાં ઇલોન મસ્કની બૌદ્ધિક ક્ષમતાનો જોટો જડે તેમ નથી.
- ✓ કેટલાક લોકો ઇલોન મસ્કને ૨૧મી સદીના આલ્બર્ટ આઇન્સ્ટાઇન કહે છે.

- ✓ આલ્બર્ટ આઇન્સ્ટાઇનનો I.Q. ૧૬૦ હતો. એપલના પૂર્વ C.E.O. સ્ટીવ જોબ્સ અને માઇક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટસનો I.Q. પણ આઇન્સ્ટાઇન જેટલો જ ૧૬૦ છે પણ આનાથીય આશ્ચર્યની મજેદાર વાત એ છે કે ઇલેન્ડની ચેશાયર ડાઉન્ટીની માત્ર ૧૨ વર્ષની એક કિશોરીનો I.Q. ટેસ્ટ આઇન્સ્ટાઇનથી ય આગળ વધીને ૧૬૨ છે. આમ આ કિશોરી I.Q. ટેસ્ટમાં ટોપર છે, જેના ૯૯.૯૯૮ પર્સન્ટાઇલ છે.
- ✓ ૧૪૦ની ઉપરનો સ્કોર હાઇ I.Q. કહેવાય છે અને જેમનો સ્કોર ૧૬૦ ઉપર હોય તેમની ગણના 'જિનિયસ' તરીકે થાય છે.

**સ્પેશએક્સ કંપની વિશે :**

- ✓ વિશ્વની સૌથી આધુનિક રોકેટ્સ અને સ્પેસ ક્રાફ્ટસની ડિઝાઇન, ઉત્પાદન અને તેના લોચિંગના મુખ્યત્વે હેતુ સાથે ઇલોન મસ્કે આજથી ૧૮ વર્ષ પહેલા વર્ષ ૨૦૦૨માં સ્પેસએક્સ (સ્પેસ એક્સપ્લોરેશન ટેકનોલોજિસ કોર્પોરેશન) નામની કંપનીની સ્થાપના કરી હતી.
- ✓ મસ્કની સ્પેસએક્સ કંપનીનું મૂલ્ય આજની તારીખે તેમની અન્ય કંપની ટેસ્લા કરતાંય વધી ગયું છે.
- ✓ છેલ્લા થોડા સપ્તાહ દરમિયાન સ્પેસએક્સે ૬૦ જેટલા સ્ટારલિન્ક સેટેલાઇટ્સ (ઉપગ્રહો) અવકાશી ભ્રમણકક્ષામાં તરતા મુક્યા છે.
- ✓ ગયા વર્ષે જ સ્પેસએક્સ કંપનીએ ૧ અબજ ડોલર જેટલું જંગી ભંડોળ ઊભુ કર્યુ હતું
- ✓ સ્પેસએક્સ કંપનીનું આજનું મૂલ્ય ૩૩.૩ અબજ ડોલર છે.
- ✓ માર્ચ ૨૦૧૮ સુધીમાં ઇલોન મસ્કની સ્પેસએક્સ કંપનીને લગભગ ૧૦૦ જેટલા અવકાશયાન કે ઉપગ્રહો અવકાશી ભ્રમણકક્ષામાં તરતા મુકવાના કોન્ટ્રાકટ મળ્યા હતા અને આ કોન્ટ્રાકટમાંથી કંપનીને ખાસ્સી ૧૨ અબજ ડોલરની આવક થઇ હતી.
- ✓ સ્પેસ એક્સને માત્ર ખાનગી ઔદ્યોગિક કંપનીઓ જ નહીં પરંતુ ખુદ અમેરિકન સરકારની અવકાશ સંશોધન સંસ્થા નાસા પણ કોન્ટ્રાકટ આપે છે.
- ✓ આજે નાસા કરતા મસ્કની સ્પેસએક્સ આગળ નીકળી ગઈ છે, ખાસ કરીને ફરી ફરી ઉપયોગમાં લઇ શકાય એવા રોકેટ્સ બનાવવામાં સ્પેસએક્સ નંબર વન કંપની બની ગઈ છે.
- ✓ નાસા જે રોકેટ બનાવે છે તે એકવાર ઉપયોગમાં લીધા પછી ફરી તેનો ઉપયોગ થઇ શકતો નથી.

## ૨. 'મન કી બાત' : ૬૫મી આવૃત્તિ તા.૩૧મી મે-૨૦૨૦

- ✓ સમયગાળો : માસનો અંતિમ રવિવાર
- ✓ સૌપ્રથમ પ્રારંભ : ૩જી ઓકટોબર-૨૦૧૪

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'મન કી બાત'ના મહત્વના અંશો :**

- ✓ ૬ ફૂટનું અંતર જાળવવું અને માસ્ક પહેરવા જનતાને અપીલ
- ✓ કેન્દ્રએ તમામ ગામ અને શહેરોમાં રોજગારી, લઘુ ઉદ્યોગોની સંભાવનાઓ ખૂલી મુકી છે. આપણા ગામ, શહેરો, જિલ્લા, રાજ્યો આત્મનિર્ભર બની રહ્યાં છે.
- ✓ શ્રમિકોનું સ્કીલ મેપિંગ કરીને સ્ટાર્ટઅપ શરૂ કરવા આયોજન કરાયું છે. માઈગ્રેશન પંચ રચવા તૈયારીઓ ચાલી રહી છે.
- ✓ આત્મનિર્ભર ભારત અભિયાન એક દાયકામાં દેશને નવી ઊંચાઈઓ પર લઈ જશે.
- ✓ આયુષ્યમાન ભારત યોજનામાં ૧ કરોડથી વધુને લાભ.
- ✓ બંગાળ અને ઓડિશાના લોકોએ હમણા અમ્ફાન વાવાઝોડાનો હિંમતથી સામનો કર્યો છે.
- ✓ ભારત સરકાર અને રાજ્ય સરકારો તીડનાં ટોળાનો સામનો કરવા ખેડૂતોને તમામ મદદ કરી રહ્યા છે.
- ✓ ૫મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસ છે ત્યારે **આ વર્ષની થીમ - બાયો ડાઈવર્સિટી એટલે કે જૈવ વિવિધતા છે.**

## ૩. ભારત-નેપાળ સરહદી વિવાદ (વિદેશ નીતિ)

- ✓ નેપાળે ભારતના વિસ્તારો કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખને પોતાના ગણાવતા નક્શાને અને રાષ્ટ્રીય પ્રતિકમાં મંજૂરી માટેનો બંધારણીય ખરડો સંસદમાં રજૂ કર્યો.

**શું છે વિવાદ :**

- ✓ નેપાળે કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખના ૩૭૦ ચોરસ કિમી વિસ્તાર પર દાવો કર્યો છે. આ વિસ્તારો હાલ ભારતના રાજકીય નકશામાં સામેલ છે.
- ✓ તિબેટ, નેપાળ અને ભારતના ત્રિભેટે આવેલા વિસ્તારો પર દાવો કરતા નેપાળ કહે છે કે બ્રિટિશ શાસનકાળમાં

ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે થયેલી સંધિ અંતર્ગત આ વિસ્તારો નેપાળના છે.

- ✓ કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખ ભારત માટે ચીન સાથે ૧૯૬૨માં યુદ્ધ થયા પછી અત્યંત મહત્વના વ્યૂહાત્મક વિસ્તારો છે.
- ✓ ભારતે ૮ મેના રોજ માનસરોવર પહોંચવા માટે લિપુલેખ પાસને જોડતી નવી સડકનું ઉદ્ઘાટન કર્યા પછી વિવાદ સર્જાયો હતો.
- ✓ ભારતનો દાવો છે નવી સડક ભારતીય વિસ્તારમાં જ તૈયાર કરવામાં આવી છે.

## ૪. દિન વિશેષ : ૩૧ મે    વિશ્વ તમાકુ નિષેધ દિવસ

- ✓ **થીમ 2020:** <u>યુવાનોને ઉદ્યોગના ગેરમાર્ગેથી બચાવવા અને તેમને તમાકુ અને નિકોટિનના ઉપયોગ કરવાથી અટકાવવા' (Protecting youth from industry manipulation and preventing them from tobacco and nicotine use)</u>

**ઈતિહાસ :**

- ✓ પહેલીવાર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા વર્ષ 1987માં વિશ્વ તમાકુ નિષેધ દિવસ મનાવવામાં આવ્યો હતો.
- ✓ તમાકુના સેવનથી થતી બીમારીઓને કારણે મૃત્યુદરમાં અણધાર્યો વધારો નોંધાતા વર્ષ 1987માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)એ તેને એક મહામારી જાહેર કરી દીધી હતી.

**31મે ના રોજ 'વર્લ્ડ નો ટોબેકો ડે' મનાવવાનું નક્કી કરવામાં આવ્યું**

- ✓ પ્રથમવાર 7 એપ્રિલ 1988ના દિવસે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પોતાની સ્થાપનાની વર્ષગાંઠ પર વિશ્વ તમાકુ નિષેધ દિવસ મનાવવામાં આવ્યો હતો.
- ✓ આ દિવસ મનાવવા માટે તારીખ નક્કી કરવામાં આવી અને દર વર્ષે 31મે ના રોજ 'વર્લ્ડ નો ટોબેકો ડે' મનાવવામાં આવે છે.

**વિશ્વના લોકો પર તમાકુથી આરોગ્ય પર થતી અસરો**

- ✓ ભારતમાં હેરોઈન, દારૂ અને સિગારેટ વિશે ચિંતા થતી રહે છે પરંતુ ચ્યૂઇંગ ટોબેકો સૌથી ખતરનાક છે.
- ✓ જીભ, ગલોફા અને ગળાના કેન્સરના દર વર્ષે ૮૫૦૦૦ નવા કેસમાંથી ૯૦%નું મૂળ તમાકુ હોય છે.
- ✓ ભારતમાં ૧૫ વર્ષથી વધુ વયની ૭ કરોડ મહિલાઓ તમાકુનું સેવન કરે છે તેવું ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વેક્ષણમાં બહાર આવ્યું છે.
- ✓ દેશમાં ૨૦% લોકો કોઈ ને કોઈ પ્રકારના તમાકુના વ્યસની છે જેમાં ૩૩% પુરુષો અને ૧૮% મહિલા છે.
- ✓ વિશ્વમાં સ્મોકલેસ તમાકુ એટલે કે ચાવવાની તમાકુથી દર વર્ષે અઢી લાખ લોકોનાં મૃત્યુ થાય છે, જેમાં ત્રણ ચતુર્થાંશ ભારતમાં છે.
- ✓ તમાકુ અનેક બીમારીઓ નોતરે છે, શ્વાસનળી, ફેફસાં, હૃદય, મગજ માટે ઘાતક આ વ્યસનથી ૮૫% મૃત્યુ દક્ષિણ-પૂર્વ એશિયામાં નોંધાય છે, જેમાં એકલા ભારતમાં ૭૪% મૃત્યુ થાય છે.

**તમાકુ ઉત્પાદનમાં ભારત :**

- ✓ તમાકુના ઉપયોગમાં ચીન અને ભારત લગોલગ છે, ફરક એટલો છે કે ચીનમાં ૩૦ કરોડ લોકો સિગારેટના બંધાણી છે, જ્યારે ભારતમાં ૭૦% લોકો ચ્યૂઇંગ તમાકુ ખાય છે.
- ✓ ભારત તમાકુના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા ક્રમે છે.
- ✓ દેશમાં ૧૫ રાજ્યોમાં ૪.૫ લાખ હેક્ટર જમીનમાં તમાકુનું ઉત્પાદન થાય છે.
- ✓ દેશમાં આંધ્રપ્રદેશમાં ૪૫%    કર્ણાટકમાં ૨૬%
- ✓ ગુજરાતમાં ૧૪%    ઉત્તરપ્રદેશમાં ૫%
- ✓ તમિલનાડુ-બિહારમાં ૨-૨%
- ✓ પશ્ચિમ બંગાળમાં ૧% તમાકુ પાકે છે.

**ખેતી અને આર્થિક હિસ્સો :**

- ✓ તમાકુનું ઉત્પાદન ઘટાડી ખેડૂતોને બીજા પાકો તરફ વાળવા સરકારે ક્રોપ ડાઈવર્સિફિકેશન પ્રોગ્રામ બનાવ્યો છે.
- ✓ જેના કારણે બે વર્ષમાં ૧૫ રાજ્યોમાં ૪.૫ લાખ હેક્ટરમાં તમાકુના બદલે બીજા પાક ઊગવા માંડયા છે. તમાકુના પાક તરફથી ખેડૂતોને બીજા પાકો તરફ વાળવા બહુ મુશ્કેલ છે બંજર જમીનમાં પણ તમાકુ બહુ આસાનીથી ઊગે છે.
- ✓ ચીન અને બ્રાઝિલ પછી ભારત એવો દેશ છે જે વિશ્વના તમાકુ ઉત્પાદનમાં ૯% હિસ્સો ધરાવે છે. ભારતમાં બીડી, હુક્કા, ચીરૂટ, ચાવવા સહિતના ભાતભાતના ફોર્મેટમાં તમાકુ વપરાય છે.
- ✓ બીડી ઉદ્યોગનું કદ ગંજાવર છે. ૪૪ લાખ લોકો માટે એ રોજગારી પણ છે.

- ✓ દેશમાં વિદેશ વ્યાપાર વિનિમયમાં તમાકુનું મૂલ્ય રૂ.૪૪૦૦ કરોડ છે.
- ✓ દેશના કૃષિ નિકાસમાં ૪% હિસ્સો તમાકુનો છે. તમાકુની બનાવટો પરથી મળતી ટેક્સની આવક ૧૪૦૦૦ કરોડ છે.
- ✓ તમાકુની નિકાસમાં ભારત બ્રાઝિલ પછી બીજા ક્રમે છે. છેલ્લાં પાંચ વર્ષમાં આ નિકાસમાં જુદીજુદી શ્રેણીમાં ૭૬થી ૨૦૯%નો વધારો થયો છે.
- ✓ તમાકુના ફ્લ્યૂ, ક્યોરડ વર્જિનિયાની ભારતમાંથી યુરોપ, જર્મની, રશિયા, કોરિયા, આફ્રિકા સહિતના દેશોમાં નિકાસ થાય છે. આંધ્રમાં સેન્ટ્રલ ટોબેકો રિસર્ચ ઈન્સ્ટિટયૂટના અહેવાલ મુજબ ૨૦૧૫-૧૬માં ભારતીય અર્થતંત્રમાં તમાકુનું પ્રદાન ૨૩,૩૧૮ કરોડ અને નિકાસમૂલ્ય ૬૦૫૮ કરોડનું હતું.

## ૫. જન્મ દિન વિશેષ : ૩૧ મે દેવી : અહલ્યાબાઈ હોલકર

**જન્મ – ૩૧ મે-૧૭૨૫ અવસાન – ૧૭૯૫**

- ✓ માળવા પ્રાન્તના ઈન્દોર રાજ્યના રાણી અહલ્યાબાઈ હોલકર, ભૂતપૂર્વ ક્રિકેટર પંકજ રોય અને સાહિત્યકાર ભગવતીકુમાર શર્માનો આજે જન્મદિવસ તથા લોકપ્રિય ગઝલકાર શયદા, ક્રિકેટર સુભાષ ગુપ્તની પુણ્યતિથિ.
- ✓ અહલ્યાબાઈનો જન્મ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના છઉંડી (ચાઉંડી) ગામે થયો હતો.
- ✓ પિતાએ અહલ્યા જમાનાથી અલગ પડી પુત્રીને ભણાવી હતી.
- ✓ મરાઠા સેનાપતિ મલ્હારરાવ હોલકરે અહલ્યાબાઈને મંદિરમાં કામ કરતા જોયા તેમના ચરિત્રને જોઈ પુત્ર ખંડેરાવ સાથે તેમનાં લગ્ન કરાવ્યા.
- ✓ 1754માં કુંભેરના યુદ્ધમાં પતિ અને તરત સસરાનું અવસાન થતા માળવા રાજ્યના શાસક બન્યાં.
- ✓ તેમની મુખ્ય શક્તિ સેનાપતિ તુકોજીરાવ હોલકર હતા.
- ✓ અહલ્યાબાઈ પોતાની કુનેહથી રાજ્યને દુશ્મનોના હુમલાઓથી બચાવ્યું.
- ✓ બહાદુર યોદ્ધા અને કુશળ તિરંદાજ અહલ્યાબાઈ સેનાનું નેતૃત્વ કરતાં હતાં તો મંદિરો, ધર્મશાળાઓ, રસ્તાઓ, ઘાટ, કુવાઓ, પરબો અને અન્નક્ષેત્રો જેવી પ્રજા કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે ઉદાર હાથે સખાવતો પણ કરી હતી.
- ✓ નાનકડાં કસબા ઈન્દોરને રાજધાની તરીકે વિકસાવ્યું.
- ✓ ઉત્કૃષ્ટ વિચારો અને નૈતિક મૂલ્યોના આચરણને કારણે તેમને ‘દેવી'નો દરજ્જો મળ્યો હતો.
- ✓ 13 ઓગસ્ટ 1795ના રોજ તેમનું અવસાન થયું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૧-૦૫-૨૦૨૦)

1. તાજેતરમાં વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન કોના દ્વારા સફળતાપૂર્વક લોન્ચ કરાયું- **નાસા અને સ્પેસ એક્સ**
2. તાજેતરમાં વિશ્વનું કયું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન અમેરિકાની ભૂમિ ઉપરથી સફળતાપૂર્વક લોન્ચ કરાયું- **ક્રુ ડ્રેગન**
3. તાજેતરમાં વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન અમેરિકાની ભૂમિ ઉપર કયા લોન્ચિંગ પેડ ઉપરથી સફળતાપૂર્વક છોડાયું- **કેનેડી સ્પેસ સ્ટેશન, ફ્લોરિડા**
4. તાજેતરમાં વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન કઈ તારીખે લોન્ચ કરાયું- **31/05/2020**
5. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન કઈ કંપની દ્વારા તૈયાર કરાયું છે - **SpaceX**
6. SpaceX કંપનીના સીઈઓ-માલિકનું નામ જણાવો - **એલન મસ્ક**
7. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગનમાં પ્રથમ કયા બે અવકાશયાત્રીઓ જોડાયા છે - **1. રોબર્ટ બેનકેન 2. ડગ્લાસ હર્લે**
8. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન સફળતાપૂર્વક ક્યાં પહોંચ્યુ હતું - **ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન(ISS)**
9. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન કયા રોકેટ દ્વારા છોડવામાં આવ્યું - **ફાલ્કન-09**
10. તાજેતરમાં છોડાયેલા વિશ્વના સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગનમાં અવકાશયાત્રીઓની સાથે કયા એક નાના રમકડાને પણ લઈ જવામાં આવ્યું છે - **ડાયનાસોર**
11. તાજેતરમાં છોડાયેલું વિશ્વનું સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગન અંદાજે કેટલા દિવસ ISS ઉપર રોકાશે - **110**

12. તાજેતરમાં છોડાયેલા વિશ્વના સૌપ્રથમ ખાનગી સમાનવ અંતરિક્ષ યાન ક્રુ ડ્રેગનમાં અવકાશયાત્રીઓની સાથે એક નાના ડાયનાસોરના રમકડાને પણ લઈ જવામાં આવ્યું છે તે શા માટે મોકલ્યું છે - **કેપ્સ્યુલમાં ગ્રેવિટી માપવા**
13. અમેરિકાની સ્પેસ એક્સ કંપની સાથે ભારતીયનું નામ જોડાયેલું છે - **મૂળ ચેન્નાઇના વતની બાલચંદ્ર રામમૂર્તિ**
14. SpaceX કંપનીના સીઈઓ- માલિક એલન મસ્કનું મૂળ વતન જણાવો - **દક્ષિણ આફ્રિકા**
15. SpaceX કંપનીનું વિસ્તૃત નામ જણાવો - **સ્પેસ એક્સ્પ્લોરેશન ટેક્નોલોજીસ કોર્પોરેશન(સ્થાપના-2002)**
16. SpaceX કંપનીના સીઈઓ-માલિક એલન મસ્કનો IQ લેવલ કેટલો છે – **૧૫૫**
17. આલ્બર્ટ આઇન્સ્ટાઇન, એપલના પૂર્વ C.E.O. સ્ટીવ જોબ્સ અને માઇક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટસનો I.Q. કેટલો છે – **૧૬૦**
18. જેમનો I.Q. ૧૬૦ ઉપર હોય તેમની ગણના કેવા વ્યક્તિ તરીકે થાય છે – **જિનિયસ વ્યક્તિ**
19. તા.૩૧મી મે-૨૦૨૦ને રવિવારના રોજ પ્રધાનમંત્રી મોદીના ‘મન કી બાત’ કાર્યક્રમની કેટલામી આવૃતિ યોજાઈ - **૬૫મી આવૃત્તિ**
20. પ્રધાનમંત્રી મોદીનો ‘મન કી બાત’ કાર્યક્રમનો સૌપ્રથમ પ્રારંભ જણાવો - **૩જી ઓક્ટોબર-૨૦૧૪**
21. ૫મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસની આ વર્ષની થીમ જણાવો - **બાયો ડાઈવર્સિટી એટલે કે જૈવ વિવિધતા**
22. તાજેતર મે-૨૦૨૦માં નેપાળે ભારતના સંદર્ભે કયો બંધારણીય ખરડો સંસદમાં રજૂ કર્યો – **ભારતના કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખ વિસ્તારને પોતાના ગણાવતા નક્શાને અને રાષ્ટ્રીય પ્રતિકમાં મંજૂરી માટેનો ખરડો**
23. વિશ્વ તમાકુ નિષેધ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **તા. ૩૧ મે**
24. વિશ્વ તમાકુ નિષેધ દિવસ-૨૦૨૦ની થીમ જણાવો - **યુવાનોને ઉદ્યોગના ગેરમાર્ગેથી બચાવવા અને તેમને તમાકુ અને નિકોટિનના ઉપયોગ કરવાથી અટકાવવા' (Protecting youth from industry manipulation and preventing them from tobacco and nicotine use)**
25. સૌપ્રથમવાર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા કયા વર્ષે વિશ્વ તમાકુ નિષેધ દિવસ મનાવવામાં આવ્યો હતો - **1987**
26. **વિશ્વમાં સ્મોકલેસ તમાકુ એટલે કે ચાવવાની તમાકુથી દર વર્ષે કેટલા લોકોનાં મૃત્યુ થાય છે, જેમાં ત્રણ ચતુર્થાંશ ભારતમાં છે** - **અઢી લાખ**
27. વિશ્વમાં તમાકુના ઉત્પાદનમાં ભારતનો ક્રમ જણાવો – **બીજો**
28. ભારતમાં સૌથી વધુ તમાકુ ક્યા રાજ્યમાં પાકે છે – **આંધ્રપ્રદેશ ૪૫ ટકા**
29. દેશમાં થતી કુલ તમાકુમાંથી ગુજરાતમાં કેટલા ટકા તમાકુ પાકે છે – **૧૪ ટકા**
30. તમાકુનું ઉત્પાદન ઘટાડી ખેડૂતોને બીજા પાકો તરફ વાળવા સરકારે કયો પ્રોગ્રામ બનાવ્યો છે - **ક્રોપ ડાઈવર્સિફિકેશન**
31. દેશના કૃષિ નિકાસમાં કેટલા ટકા હિસ્સો તમાકુનો છે - **૪%**
32. દેશમાં તમાકુની બનાવટો પરથી મળતી ટેક્સની આવક કેટલી છે - **૧૪૦૦૦ કરોડ**
33. વિશ્વમાં તમાકુની સૌથી વધુ નિકાસ કરનાર પ્રથમ અને બીજા નંબરનો દેશ જણાવો – **પ્રથમ બ્રાઝિલ અને બીજો ભારત**
34. માળવા પ્રાન્તના ઈન્દોર રાજ્યના રાણી અહલ્યાબાઈ હોલકર, ભૂતપૂર્વ ક્રિકેટર પંકજ રોય અને સાહિત્યકાર ભગવતીકુમાર શર્માનો જન્મ દિવસ જણાવો– **૩૧મી મે**
35. માળવા પ્રાન્તના ઈન્દોર રાજ્યના રાણી અહલ્યાબાઈ હોલકરનું જન્મસ્થળ જણાવો-**મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના છઉંડી (ચાઉંડી) ગામ**
36. કયા વર્ષમાં કુંભેરના યુદ્ધમાં પતિ અને તરત સસરાનું અવસાન થતા રાણી અહલ્યાબાઈ હોલકર માળવા રાજ્યના શાસક બન્યાં - **1754**